AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
હજ્જ 2025 પેકેજ રૂા.5,85,000 (તમામ ટેક્ષ સાથે) દિવસ ૩૮ થી ૪૦ બુકીંગ ચાલુ છે
રજ્જબ - શાબાન ઉમરાહ દિવસ-૨૪ રૂા. ૧,૧૦,૦૦૦
રમઝાન ઉમરાહ દિ.૩૨ રૂા.૨,૦૦,૦૦૦
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૫૧૯૧૫ - ૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
હજ્જ ઉમરાહ (20 વર્ષના અનુભવી)
રમઝાન 40 દિવસ 1,35,000/-
8 જાન્યુ. 25 દિવસ 85,000/-
હજ્જ બુકિંગ 5,50,000/- 38થી 40 દિવસ (તમામ ટેક્સ સાથે)
ફ્લાઈટ-અમદાવાદથી અમદાવાદ
મૌલાના સાજીદ (સિદ્ધપુર) +91 9638929480
ઐયુબભાઈ (અમદાવાદ) +91 9825442205
જાલીવાલી મસ્જિદની સામે, અમદાવાદ

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૩૬ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

### વડાપ્રધાન મોદીએ સંસદમાં બંધારણની ૭૫મી વર્ષગાંઠ અંગે વિશેષ ચર્ચાનો જવાબ આપતાં કોંગ્રેસને આડેહાથ લીધી

# ભારત લોકશાહીની જનની, બંધારણ આપણી એકતાનો પાયો : PM મોદી

## આપણા લોકશાહી મૂલ્યો વિશ્વ માટે પ્રેરણા સમાન, ભારતે પોતાના લોકશાહી ભવિષ્ય વિશે તમામ આશંકાઓને ફગાવી દીધી છે : મોદી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૪
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં બંધારણની ૭૫ની વર્ષગાંઠ પ્રસંગે ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યું હતું કે, બંધારણ આપણી એકતાનો પાયો છે. વર્ષ ૧૯૪૯માં બંધારણને અપનાવવાને ઐતિહાસિક ગણાવતાં તેમણે આપણા લોકશાહી મૂલ્યોને વિશ્વ માટે પ્રેરણા ગણાવ્યા હતા. આ સાથે જ તેમણે દેશને ૨૦૪૭ સુધી વિકસિત દેશ બનાવી દેવાનું પણ કહ્યું હતું. મોદીએ કહ્યું કે, ભારતે સ્વતંત્રતા પછી પોતાના લોકશાહી ભવિષ્ય વિશે તમામ આશંકાઓને ફગાવી દીધી છે અને કહ્યું કે, આનું બંધારણ આજે તેને આ તબક્કે લઈ આવ્યું છે. તેમણે બંધારણના ઘડવૈયાઓને શ્રદ્ધાંજલિ આપી હતી અને નાગરિકોને તેના અનુરૂપ જીવન જીવવની ભાવના જગાડવા માટે પ્રેરિત કર્યા છે. ડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ અને ગાંધી પરિવાર પર પ્રહાર કરવા માટે ઈમરજન્સીનો સમયગાળો યાદ કરતા કહ્યું કે પાર્ટીએ દેશને ''જેલહાઉસ'' બનાવીને લોકશાહીનું ગળું દબાવી દીધું હતું. બંધારણ અપનાવવાની ૭૫મી વર્ષગાંઠ પર વિશેષ ચર્ચામાં ભાગ લેતા પીએમ મોદીએ કહ્યું કે



### કોંગ્રેસ ધર્મ આધારિત અનામતનો વાયદો કરીને શરમજનક રમત રમી રહી છે : લોકસભામાં વડાપ્રધાન મોદી

### ઈમરજન્સી દરમિયાન ઈન્દિરા ગાંધીએ દેશને જેલહાઉસ બનાવી દીધો હતો અને લોકશાહીનું ગળું દબાવી દીધું હતું

કોંગ્રેસ કટોકટીના કલંકને ક્યારેય મિટાવી શકશે નહીં જેણે બે વર્ષના સમયગાળા દરમિયાન વિવિધ નાગરિક સ્વતંત્રતાઓ પર કાપ મૂક્યો હતો. વિરોધ પક્ષના જોરદાર સૂત્રોચ્ચાર વચ્ચે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ''બંધારણ જ્યારે ૨૫ વર્ષ પૂરા કરી રહ્યું હતું ત્યારે તેને ફાડી નાખવામાં આવ્યું હતું. ૧૯૭૫માં કટોકટી લાદવામાં આવી હતી, તમામ બંધારણીય અધિકારો છીનવાઈ ગયા હતા અને દેશને જેલમાં ફેરવી દેવામાં આવ્યો હતો. નાગરિકોના તમામ અધિકારો છીનવાઈ ગયા હતા અને તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મીડિયા કોંગ્રેસ આ કલંકને ક્યારેય સાફ કરી શકશે નહીં.'' મોદીએ કહ્યું કે, બંધારણના ઘડતરમાં મહિલા શક્તિનો મોટો ફાળો છે. કેટલાક દેશોએ મહિલાઓને મોડા મતનો અધિકાર આપ્યો પરંતુ ભારતના બંધારણે મહિલાઓને પ્રથમ અધિકાર આપ્યો છે. વિપક્ષના નેતા રાહુલ ગાંધીને ટાંકતા પીએમ મોદીએ કહ્યું કે ''એક પરિવારે'' બંધારણ પર હુમલો કર્યો હતો. તેમણે ભૂતપૂર્વ વડપ્રધાન જવાહરલાલ નેહરૂ પર પણ નિશાન સાધતા કહ્યું કે કોંગ્રેસના નેતાએ મુખ્યમંત્રીઓને લખ્યું છે કે જો બંધારણ આડે આવે તો તેને બદલવું જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે, ''બંધારણ બદલવામાં જવાહરલાલ નેહરૂ દ્વારા વાવેલા બીજને ઈન્દિરા ગાંધીએ આગળ વધાર્યા હતા. લોહીનો સ્વાદ ચાખ્યા પછી ઈન્દિરા ગાંધીએ બંધારણનો દુરૂપયોગ કરીને ઈમરજન્સી લાદી દીધી હતી. ઈન્દિરા ગાંધીએ ન્યાયતંત્રને કબજે કરવા બંધારણીય સુધારા દ્વારા અદાલતોની પાંખો કાપી નાખી હતી.'' વડાપ્રધાને કોંગ્રેસ પર પોતાના કાર્યકાળ દરમિયાન ૬૦ વર્ષમાં ૭૫ વખત બંધારણમાં ફેરફાર કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું, ''કોંગ્રેસના એક પરિવારે બંધારણ પર હુમલો કરવામાં કોઈ કસર છોડી ન હતી. કોંગ્રેસ એટલી લોહિયાળ હતી કે તે બંધારણના આત્માને લોહી વહેતું રાખ્યું હતું. તેમણે કહ્યું છ દાયકામાં ૭૫ વખત બંધારણ બદલવામાં આવ્યું હતું.'' આ ટીપ્પણીને કોંગ્રેસના નિવેદનના વિરોધાભાસ તરીકે જોવામાં આવે છે કે ભાજપ બંધારણીય સંસ્થાઓને કચડી રહ્યો છે અને બંધારણમાં ધરખમ ફેરફારો કરશે. કૉંગ્રેસના લોકસભા પ્રચારના આગળ અને કેન્દ્રમાં બંધારણની ચર્ચા હતી જે ભાજપને પોતાની રીતે બહુમતી મેળવતા અટકાવવામાં મદદ કરી હતી.

CELEBRATING EXCELLENCE 34 years GT

Regd. Ministry of Minority Affairs Haj Divison
અલ-નિમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ IATA SINCE : 2007
હજ્જ-૨૦૨૫ — દિવસ ૩૮ થી ૪૦ —
DELUXE PACKAGE ₹6,50,000/- + TCS Extra
SEMI DELUXE PACKAGE ₹6,00,000/- + TCS Extra
અમદાવાદ થી અમદાવાદ
9537847917, 8320992700

દસ્તગીર ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ DASTAGEER TOURS & TRAVELS
હજ્જ ૨૦૨૫ પેકેજ રૂા. ૫,૯૦,૦૦૦/- દિવસ ૩૮ થી ૪૦ બુકીંગ ચાલુ છે.
જાન્યુઆરી ઉમરાહ ૮૫,૦૦૦ ૨૦ દિવસ
રજ્જબ શાબાન ૯૫,૦૦૦ ૨૫ દિવસ
એડ્રેસ : સૈયદવાડા, જે.પી. ચોક પાસે, ખાનપુર, અમદાવાદ.
મો : ૭૯૯૦૪ ૮૦૧૧૩, ૯૭૨૫૩ ૧૦૯૮૧

વેચવાના છે ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ
ચાંગોદર બાવળા રોડ ૩૫૦, ૫૫૦ વાર અને ૫૦૦૦ વાર હાઈવેથી ૩૦૦ મિટર
ખેડા-ધોળકા રોડ ૧૦૦૦ થી ૪૪૦૦ વાર ૩૫ લાખથી શરૂ
વેચવાના છે ભાડાની આવક સાથેના શેડ - ચાંગોદર
SAMIR CORPORATION : 93777 66742

અલ-લબ્બૈક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ડિલક્ષ ઉમરાહ પેકેજ
ફક્ત રૂા. 90,000/-
દિવસ ૧૫/૧૬ રવા.તા.૧૦-૧-૨૦૨૫ ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદથી અમદાવાદ
હોટલ સુવિધા મક્કા શરીફમાં ૪૦૦ મીટર મદીના શરીફમાં ૪૦૦ મીટર
હાફેઝ સોહેબ +91-8487868187 +91-7698388487
૨૦ ગ્રાઉન્ટ ફ્લોર રિવરવોક આઈપીમીશન સ્કૂલ સામે પેટ્રોલપંપ પાસે રાયખડ ચાર રસ્તા અમદાવાદ, ૩૮૦૦૦૧

## PUBLIC LEGAL NOTICE

This is the legal notice to Inform you about The Honorable District Court Ahmedabad order dated 10/12/2024 in **TRADMARK SUIT NO.01/2023.** Sajari and Khusi (KAKA PHARMASI AHMEDABAD) violates Intellectual property rights of Rajkhushbu hair oil. The Honorable District Court Ahmedabad gave interim relief in above suit. It is inform you that if you have any products of this company which violated court order immediately return it otherwise legal actions will be taken on you. After honorable court order continue to sell above company products which violated Rajkhushbu hair oil property rights and court order are punishable offences under criminal laws and contempt of court. It is notable that if you continues breached order F.I.R. will be launched against you. This is legal notice to you and gave 1 day time to you. This is legal notice to you inform about The Honorable District Court Ahmedabad order on dated 10/12/2024.

**(N. R. Talat Advocate Gujarat HIghcourt )**

## કાયદાકીય જાહેર નોટીસ

આથી ગુજરાતની સર્વે જાહેર જનતા અને વેપારી મિત્રોને જણાવવામાં આવે છે કે, નામદાર જિલ્લા અદાલત અમદાવાદ દ્વારા ટ્રેડમાર્ક શુટ નં.૧ ઓફ ૨૦૨૩ ઈમરાનશા બાબુશા જુણેજા વિરૂદ્ધ જિતેશકુમાર સી.ઈ.ઓ. ઓફ કાકા ફાર્મસીના કેસમાં તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ વચગાળાના મનાઈ હુકમ વડે રાજખુશ્બુ હેર ઓઈલના બૌધિક અધિકારોનું હનન કરતી ખુશી/સંજરી જેવી કાકા ફાર્મસીની પ્રોડક્ટના વિરોધમાં નામદાર જિલ્લા અદાલતે વચગાળાના મનાઈ હુકમ આપેલ છે. છેલ્લા ઘણા સમયથી રાજખુશ્બુ હેર ઓઈલના બૌધિક અધિકારોનું હનન કાકા ફાર્મસીની પ્રોડક્ટ દ્વારા કરવામાં આવતું હતું, જે અન્વયે નામદાર જિલ્લા અદાલત અમદાવાદે તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ રાજખુશ્બુ હેર ઓઈલના પક્ષમાં વચગાળાનો હુકમ આપેલ છે. જેથી સર્વેને જાણ કરવામાં આવે છે કે, હવે પછી ચુકાદામાં આપેલ પ્રોડક્ટ્સનું કોઈપણ પ્રકારનું ઉત્પાદન, વેચાણ કે સંગ્રહ કરવો તે નામદાર કોર્ટની અવમાનના, કાયદાથી વિરૂદ્ધ અને ગેર કાયદેસર છે, આમ કરતુ જો કોઈ જણાશે તો તેના વિરુધ્ધ કંપનીનો અધિકૃત વ્યક્તિ દ્વારા **F.I.R** નોંધાવવામાં આવશે અને નામદાર કોર્ટની અવમાનનાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. રાજખુશ્બુ હેર ઓઈલનું ટ્રેડમાર્ક, કોપીરાઈટ્સ, પેટેન્ટનો ઉપયોગ ગેરકાયદેસર અને ફોજદારી ગુનો છે, જેથી તમામ વેપારીઓને આ જાહેર કાયદાકીય નોટીસ વડે જાણ કરવામાં આવે છે.

**(એન. આર. તલાટ એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ)**



## અદાણી ગ્રુપે કોલંબો બંદરના પ્રોજેક્ટ માટે અમેરિકાથી ફંડ ઊઘરાવવાનું માંડી વાળ્યું

વિવાદમાં ઘેરાયેલી અદાણી કંપનીએ તેના કોલંબો બંદરના પ્રોજેક્ટ માટે અમેરિકાના ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન પાસેથી ફંડ લેવાનું માંડી વાળ્યું છે અને લોન માટેની અરજી પાછી ખેંચી લીધી છે એમ કંપનીએ જાહેર કર્યું છે.

## બંગાળ સરકારે 'બિનભારતીય' જાહેર કરી નોકરીમાંથી દૂર કરેલા હિન્દુ વસાહતીને સુપ્રીમ કોર્ટે CAAના આધારે નાગરિકતા પ્રદાન કરી

પૂર્વ પાકિસ્તાનથી હિજરત કરી ૧૯૬૯માં બંગાળ આવેલા વાસુદેવ દત્તા રાજ્ય સરકારમાં આરોગ્ય વિભાગમાં કામ કરતા હતા. એમને ગુપ્ત રિપોર્ટના આધારે નોકરીમાંથી દૂર કર્યા હતા. રાજ્ય સરકારે ગેરકાયદે વસાહતી ગણાયેલી વસાહતીને ભારતીય નાગરિકતા પ્રદાન કરવા સુપ્રીમ કોર્ટે હુકમ કર્યો છે. વિવાદાસ્પદ સીએએના આધારે સુપ્રીમે નિર્ણય કર્યો છે.

## મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખપદની જવાબદારીથી પોતાને મુક્ત કરવા નાના પટોલેની ખડગેને વિનંતી

જાણકાર સૂત્રો જણાવે છે કે મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલેએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પત્ર પાઠવ્યો છે અને પોતાને પ્રદેશ પ્રમુખપદની જવાબદારીથી મુક્ત કરવા ખડગેને અનુરોધ કર્યો છે. તાજેતરમાં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને અત્યાર સુધીનો સૌથી ખરાબ પરાજય મળ્યો છે.

## ભાજપના નેતા રેખા શર્મા હરિયાણાથી રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાઈ આવ્યાં

હરિયાણામાં ખાલી પડેલી રાજ્યસભાની એક બેઠકની ચૂંટણી થતાં ભાજપના નેતા અને રાષ્ટ્રીય મહિલા પંચનાં પૂર્વ અધ્યક્ષ રેખા શર્મા રાજ્યસભામાં બિનહરીફ ચૂંટાઈ આવ્યાં છે. એમની સામે વિરોધ પક્ષોએ કોઈ ઉમેદવાર ઊભો રાખ્યો નહોતો.

## દિલ્હીની છ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળતાં દહેશત, સપ્તાહમાં બીજી ઘટના

શુક્રવારે દિલ્હીની એક સાથે છ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં દહેશત પ્રસરી ગઈ હતી અને બાળકોને શાળાએથી લાવવા વાલીઓમાં ગભરાટભરી દોડધામ મચી ગઈ હતી. સપ્તાહમાં આ બીજી ધમકી મળી છે. પોલીસે તપાસ બાદ જાહેર કર્યું છે કે આ ધમકીના કોલ પોકળ દાવા અને મશ્કરી સમાન હતા.

## મુંબઈ : કુર્લા બસ હોનારતની તપાસ ચાલે છે ત્યાં બેસ્ટની બસના ડ્રાઈવર દારૂ ખરીદતા અને ફરજ પર દારૂ ઢીંચતા હોવાનો વીડિયો વાયરલ

મુંબઈના કુર્લાના બેસ્ટ બસના ચાલકે છ લોકોને કચડી નાખ્યા તે ઘટનાની તપાસ ચાલે છે ત્યાં બેસ્ટના ડ્રાઈવરો દારૂ ખરીદતી અને ફરજ પર જ દારૂ ઢીંચતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. આથી પીધેલા ચાલકોને લીધે મુસાફરોની સુરક્ષા વિષે મુંબઈમાં ચિંતા જાગી છે.

## કોલકાતા પુસ્તક મેળો : બાંગ્લાદેશની અંધાધૂંધીને કારણે બંગાળી પુસ્તક પ્રકાશકોને મોટી સમસ્યા

બાંગ્લાદેશની સામાજિક અશાંતિ અને અરાજકતાની કોલકાતાના બંગાળ પુસ્તક પ્રકાશકો અને બંને તરફના બંગાળી લેખકો પર ઘણી જ પ્રતિકૂળ અસરો પડી રહી છે. પુસ્તક પ્રકાશકો કહે છે કે સરહદની બંને તરફ પુસ્તકોના વેચાણને ફટકો પડ્યો છે. કોલકાતા ઈન્ટરનેશનલ પુસ્તક મેળામાં આ વખતે બાંગ્લાદેશી પુસ્તક પેવેલિયન નથી. બાંગ્લાદેશી શીર્ષકના વાચકોમાં ૪૦ ટકા ઘટાડો થયાનું વિક્રેતાઓ કહે છે.

## 'થોડે પૈસે સાઈકિયાટ્રીસ્ટ પર ખર્ચ કર દેતે' : બેંગ્લોરની તકનિકી યુવાન અતુલ સુભાષ અંગે મોડેલ ચારૂ શર્માના સંવેદનાવિહીન વિધાનોથી ભારે રોષ : ટીવી ડિબેટમાં આવું બોલતાં લોકોમાં ગુસ્સો

પત્ની-સાસરિયાના ત્રાસથી આપઘાત કરનાર અતુલ સુભાષ અંગે મોડર્ન ચારૂલ શર્માના વિધાનોએ ઈન્ટરનેટ પર ભારે રોષભરી પ્રતિક્રિયાને જન્મ આપ્યો છે. એક ટીવી ડિબેટમાં ચારૂલ શર્માએ અતુલ વિષે કહ્યું કે, 'થોડે પૈસે સાઈકિયાટ્રિસ્ટ પે ખર્ચ કર દેતે.' મોડેલના સંવેદના વગરના વાક્યથી હોબાળો મચી જવા પામ્યો છે.

## એક માતાને તેના બાળકને મળવા દેવાનો ઈન્કાર કરવો એ ક્રૂરતા અને સતામણી છે : મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ હાઈકોર્ટે એવી ટકોર કરી છે કે માતાને તેના બાળક સાથે મળવા દેવાનો ઈન્કાર કરવો એ આઈપીસી કલમ મુજબ 'ક્રૂરતા' અને સતામણી ગણાય. જાલનાના એક મહિલાના સાસરિયા સામેની એફઆઈઆર રદ કરવાનું હાઈકોર્ટે નકારી કાઢી કહ્યું કે, ચાર વર્ષના બાળકને તેની માતાથી દૂર રાખવું એ માનસિક હેરાનગતિ અને ક્રૂરતા છે.

## 'ગોલ્ડ હૈ હાથ મેં' : મુંબઈના કુર્લા બસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલી મહિલાના હાથની સોનાની બંગડીઓ ચોરી લેતો તસ્કર

મુંબઈના કુર્લા વિસ્તારના 'વેસ્ટ'ની બસની અડફેટે મૃત્યુ પામેલી એક મહિલાના હાથની સોનાની બંગડીઓ ચોરી જતો એક શખ્સ વીડિયોમાં દેખાતાં મુંબઈમાં ભારે રોષ ફેલાયો છે. એ શખ્સ વીડિયોમાં એવું બોલતો સંભળાયો હતો કે 'હાથ મેં ગોલ્ડ હૈ.'

## મથુરા-કૈસરગંજ હાઈવે પર માર્ગ અકસ્માતમાં ૭ મોત, અનેક ઘાયલ

મથુરા-કૈસરગંજ હાઈવે પર હાથરસ નજીક એક ટ્રક અને કુરિયર કન્ટેનર ધડાકાભેર અથડાઈ પડતા ત્રણ મહિલાઓ, એક બાળક સહિત ૭નાં મૃત્યુ થયાનું પોલીસે જાહેર કર્યું હતું. બીજા સંખ્યાબંધ ઘાયલ થયા હતા.

## કાનપુરના ACP મોહસિનખાન વિરૂદ્ધ બળાત્કારના આરોપસર FIR દાખલ, DGP ઓફિસમાં બદલી, તપાસ માટે 'સીટ'ની રચના

કાનપુર આઈઆઈટીના સંશોધક અને પીએચડી થયેલા એસીપી મોહસિનખાન વિરૂદ્ધ પોલીસે બળાત્કારના આરોપસર એફઆઈઆર દાખલ કરી છે. પોલીસ બેડામાં ચર્ચા જાગી છે. આઈઆઈટીમાં જ પીએચડી કરતી એક વિદ્યાર્થિનીએ લગ્નની લાલચ આપી એસીપી ખાને જાતીય શોષણ કર્યાની ફરિયાદ કરી છે. હાલ ખાનની ડીજીપી કચેરીમાં બદલી કરાઈ છે અને કેસની તપાસ માટે 'સીટ'ની રચના કરવામાં આવી છે.

## AI કંપની ઓપન AIના કારનામા ઉઘાડા કરનાર કંપનીના પૂર્વ કર્મચારી સુચિર બાલાજી સાન ફ્રાન્સિસ્કો ખાતે તેના એપાર્ટમેન્ટમાંથી મૃત હાલતમાં મળી આવ્યો : સત્તાવાળાઓ કહે છે, કશું ખોટું થયું હોવાના પુરાવા નથી મળ્યા

અમેરિકાની ઓપન એઆઈ નામની મહાકાય એઆઈ કંપનીના પૂર્વ કર્મચારી ૨૬ વર્ષીય ભારતીય યુવાન સુચિર બાલાજી સાન ફ્રાન્સિસ્કો ખાતે તેમના એપાર્ટમેન્ટમાંથી મૃત હાલતમાં મળી આવ્યો હતો. સત્તાવાળાઓ કહે છે કે કશું ખોટું થયાના કોઈ પુરાવા હાલ મળ્યા નથી. તપાસ ચાલુ છે. એઆઈ કંપનીના અનેક કારનામા સુચિરે ખુલ્લા પાડ્યા હતા એ જાણીતી વાત છે.

## ભાજપ સાંસદ તેજસ્વી સૂર્યાના કોંગ્રેસ પર સખત પ્રહારો, રાજકીય હિત ખાતર કચ્છાથીવુ ટાપુ શ્રીલંકાને આપી દીધો હોવાનો કોંગ્રેસ પર આરોપ

ભાજપના સાંસદ તેજસ્વી સૂર્યાએ બંધારણ પર સંસદમાં આવી ચર્ચામાં બોલતા કોંગ્રેસ પર ભારે પ્રહારો કર્યા હતા અને એવો આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે ૧૯૪૭માં રાજકીય હિતો ખાતર કચ્છાથીવુ ટાપુ શ્રીલંકાને આપી દીધો હતો. એવું જાણવા મળ્યું છે કે યુપીએ સરકાર સિયાચીન પાકિસ્તાનને આપી દેવા માંગતી હતી.

## અરૂણાચલ પ્રદેશમાં સ્કૂલની પાણીની ટાંકી ધરાશાયી થઈ જતાં ત્રણ વિદ્યાર્થીઓનાં મોત, ૩ને ઈજા

અરૂણાચલ પ્રદેશમાં આદર્શ ગામ નાહરલગુનની સેન્ટ એલ્ફોન્ઝા શાળાની પાણીની ટાંકી ધસી પડતાં ત્રણ વિદ્યાર્થીઓના મૃત્યુ થયા હતા અને બીજા ત્રણ ઘાયલ થયા હતા તેમ પોલીસે જણાવ્યું હતું. પોલીસે શાળાના માલિક, આચાર્ય અને ચાર કર્મચારીઓની અટકાયત કરી હતી.

## બિહારમાં ૧૦ ફોજદારી કેસમાં સંડોવાયેલો અપરાધી STF સાથેના એન્કાઉન્ટરમાં ઠાર, એક પોલીસ કર્મી ઘાયલ

બેન્કમાં ધાડ સહિતના ૧૦ ફોજદારી કેસમાં સંડોવાયેલા એક અપરાધી આકાશ યાદવ ઉર્ફે અજય રાય પોલીસની એસટીએફ ટીમ સાથેના એન્કાઉન્ટરમાં ઠાર કરાયો હતો તેમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. એક પોલીસ કર્મીને પણ સામસામા ગોળીબારમાં ઈજા થઈ હતી.

## ૯૭ વર્ષીય ભાજપ નેતા લાલ કૃષ્ણ અડવાણીની તબિયત બગડતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

(એજન્સી) તા.૧૪

ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની તબિયત ફરી એક વખત લથડી છે. તેમને શનિવારે (૧૪મી ડિસેમ્બર) દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ તેમની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. આ દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાએ અપોલો હોસ્પિટલમાં દાખલ લાલકૃષ્ણ અડવાણીના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી. તેણે એપોલો હોસ્પિટલના ડૉક્ટર સાથે ફોન પર વાત પણ કરી છે. લાલકૃષ્ણ અડવાણીને એક મહિના પહેલા ૨૬મી જૂન રાત્રે વાગ્યે તેમને દિલ્હી એમ્સના યુરોલૉજી વિભાગમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ડૉ. અમલેશ શેઠની દેખરેખ હેઠળ તેની સારવાર કરવામાં આવી હતી અને બીજા દિવસે રજા આપવામાં આવી હતી. ભાજપના વરિષ્ઠ લાલકૃષ્ણ અડવાણી છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી ઝઝુમી રહ્યા છે. આ જ કારણ છે કે આ દિવસોમાં તેઓ પોતાના ઘરે જ રહે છે અને કોઈ પણ જાહેર કાર્યક્રમમાં હાજરી આપતા નથી. એલ. કે. અડવાણીને આ વર્ષે દેશના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી પણ નવાજવામાં આવ્યા હતા. પરંતુ સ્વાસ્થ્યના કારણોસર તેઓ રાષ્ટ્રપતિ ભવન ખાતેના કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. તેમને તેમના નિવાસસ્થાને જ ભારત રત્ન આપવામાં આવ્યો હતો.

## કોમવાદી તણાવ વચ્ચે સંભલમાં ૪૬ વર્ષથી બંધ શિવ મંદિરના દરવાજા ફરી ખોલાયા

### શાહી જામા મસ્જિદના સર્વે પછી હિંસા તથા મુસ્લિમ યુવાનોનાં મોત પછી હજુ સતત કોમવાદી શાંતિ અને વિખવાદ વધી રહ્યા છે ત્યારે મંદિર ખોલવામાં આવ્યું

(એજન્સી) લખનૌ, તા.૧૪

ઉત્તરપ્રદેશમાં છેલ્લા લાંબા સમયથી કોમવાદી તણાવ અને વિખવાદનો ભોગ બની રહેલા સંભલ શહેરમાં શનિવારે કોમી તંગદિલીને વધુ વેગ આપતી એક ઘટના બની છે અને ૪૬ વર્ષથી બંધ રહેલા શિવ મંદિરના દરવાજા શનિવારે ખોલવામાં આવ્યા હતા. છેલ્લા લગભગ ૪૬ વર્ષથી જે મંદિર બંધ હતું તેને શોધી કાઢવામાં આવ્યું અને દરવાજા ખોલવામાં આવ્યા હતા ત્યારે સિનિયર પોલીસ અધિકારીઓ અને પ્રશાસનના અન્ય વહીવટી અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. જિલ્લા મેજિસ્ટ્રેટ ડોક્ટર રાજેન્દ્ર પેન્સિયા દ્વારા દબાણ વિરોધી ઝુંબેશ ચલાવવામાં આવી રહી હતી ત્યારે આ મંદિર મળી આવ્યું હતું, જે ખગુસરાઈ લતામાં આવેલું છે. દબાણ વિરોધી કાર્યવાહી દરમિયાન આ મંદિર જોવામાં આવ્યું હતું અને શિવ તથા હનુમાનજીની મૂર્તિઓ પણ ત્યાંથી મળી આવી હતી અને મંદિરમાં એક બોરવેલ પણ છે જે ઘણા વર્ષોથી બંધ હાલતમાં હોવાથી એકદમ ખરાબ હાલતમાં દેખાયો હતો તેમ શહેરના સર્કલ ઓફિસર અનુજ કુમાર ચૌધરીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે કેટલાક હિન્દુ પરિવારો અહીંથી હિજરત કરી ગયા પછી ૧૯૭૮થી આ મંદિરનું કોઈ ધ્યાન રાખવાવાળું નહોતું અને ભૂલી જવાયું હતું. જાણવા મળ્યા મુજબ પોલીસ અધિકારીઓએ અને અન્ય પોલીસે મંદિરની સાફ-સફાઈ કરી હતી અને ઘંટ પણ વગાડ્યો હતો અને દાયકાઓ પછી અહીં મંદિરનો ઘંટારવ થયો હતો. એસડીએમ વંદના મિશ્રાએ જણાવ્યું હતું કે અહીં સફાઈ કરાવી દેવામાં આવી છે અને મંદિર માટે વીજળીની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે અને સુરક્ષાના કારણોસર અહીં સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવી રહ્યા છે. પોલીસ પણ અહીં ફરજ પર મૂકવામાં આવશે. હિન્દુ સંગઠનોએ જિલ્લા પ્રશાસનની કામગીરીની પસંદ કરી હતી અને કહ્યું હતું કે સ્થાનિક તંત્ર દ્વારા હિન્દુઓ પ્રત્યે સન્માન વ્યક્ત કરવામાં આવ્યું છે. એવા સમયે જ્યારે આ શહેરમાં કોમવાદી અશાંતિ અને નફરતના વાતાવરણમાં વધારો થઈ રહ્યો છે તેવા સમયે આ મંદિરના દરવાજા ખોલવામાં આવ્યા છે.

### મહારાષ્ટ્ર સરકારના કેબિનેટ વિસ્તરણ અંગે ચર્ચા થઈ

## ફડણવીસ અને એકનાથ શિંદે અને અજિત પવાર વચ્ચે બેઠક યોજાઈ

મુંબઈ, તા. ૧૪

મહારાષ્ટ્ર વિધાનસભાના શિયાળુ સત્રની શરૂઆતના એક દિવસ પહેલા ૧૫ ડિસેમ્બરના રોજ નાગપુરમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. આ સ્થિતિમાં શુક્રવારે રાત્રે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને અજિત પવાર વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેબિનેટ વિસ્તરણ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મહાયુતિના સૂત્રોના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્ર સરકારના કેબિનેટ વિસ્તરણમાં લગભગ ૩૫ થી ૪૦ ધારાસભ્યોને મંત્રી પદની શપથ લેવડાવીને કેબિનેટમાં સ્થાન આપવામાં આવી શકે છે. જેમાં ભાજપના ૧૮-૨૦ મંત્રીઓ, શિવસેના શિંદે જૂથના ૧૦-૧૨ અને NCP અજીત જૂથના ૮-૧૦ મંત્રીઓ શપથ લેશે. જો મંત્રાલયોની વાત કરીએ તો ભાજપ ગૃહ વિભાગ, કાયદો અને ન્યાય, ગૃહ વિકાસ, ઉર્જા, સિંચાઈ, ગ્રામીણ વિકાસ, પ્રવાસન, મહેસૂલ, કૌશલ્ય વિકાસ, સામાન્ય વહીવટ, આદિજાતિ વિભાગને પોતાની પાસે રાખવા માંગે છે. જ્યારે શિવસેના શિંદે જૂથને શહેરી વિકાસ, આબકારી, સામાજિક ન્યાય, પર્યાવરણ, ખાણકામ, પાણી પુરવઠો, ઉદ્યોગ, આરોગ્ય, શિક્ષણ, PWD વિભાગો મળી શકે છે. જ્યારે NCP અજીત જૂથને નાણાં અને આયોજન, ખાદ્ય અને પુરવઠા, FDA, કૃષિ, મહિલા અને બાળ વિકાસ, રમતગમત અને યુવા કલ્યાણ, રાહત અને પુનર્વસન વિભાગો મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ ગૃહ વિભાગ પોતાની પાસે રાખી શકે છે. જ્યારે એકનાથ શિંદેને શહેરી વિકાસ વિભાગ આપવામાં આવી શકે છે. અજિત પવાર નાણા વિભાગની માંગણી કરી રહ્યા છે, પરંતુ દેવેન્દ્ર ફડણવીસ ગૃહની સાથે સાથે નાણાં વિભાગ પણ પોતાની પાસે રાખવા માંગે છે. આ અંગે અજિત પવાર સાથે ચર્ચા કરવામાં આવી હતી. અને તેના બદલામાં ભાજપ અજિત પવારને ઉર્જા અથવા આવાસ વિભાગ આપી શકે છે. તો કેટલાક વિભાગોની અદલા-બદલી થઈ શકે છે. આ સાથે ભાજપ શહેરી વિકાસ મંત્રાલયને પોતાની પાસે રાખવા માંગે છે. અને મહેસૂલ અને PWD શિવસેનાને આપવા માંગે છે. જો કે હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ સિવાય ભાજપે વિધાનસભા અધ્યક્ષનું પદ તો પોતાની પાસે રાખ્યું છે, પરંતુ વિધાન પરિષદના ચેરમેનનું પદ પણ તે પોતાની પાસે રાખવા ઈચ્છે છે. આ સાથે અજિત પવારને વિધાનસભાના ઉપાધ્યક્ષનું પદ અને શિવસેનાને વિધાન પરિષદના ડેપ્યુટી ચેમેનનું પદ મળશે. ચંદ્રકાંત પાટીલ, ગિરીશ મહાજન, સુધીર મુનગંટીવાર, ચંદ્રશેખર બાવનકુલે, રવીન્દ્ર ચવ્હાણ, મંગલ પ્રભાત લોઢા, રાધાકૃષ્ણ વિખે પાટીલ, શિવેન્દ્ર રાજે ભોસલે, અતુલ સાવે, પંકજા મુંડે, માધુરી મિસાલ, દેવયાની ફરાંડે, સંજય કુટે, આશિષ શેલાર, ગણેશ નાઈક મંત્રી પદના શપથ લઈ શકે છે.

ઉદય સામંત, શંભુરાજ દેસાઈ, દાદા ભૂસે, ગુલાબરાવ પાટીલ, સંજય શિરસાટ, ભરત ગોગાવલે, પ્રતાપ સરનાઈક, આશિષ જયસ્વાલ, રાજેશ ખિરસાગર, અર્જુન ખોટકર મંત્રી તરીકે શપથ લઈ શકે છે. યોગેશ કદમ, વિજય શિવતારે અને રાજેન્દ્ર યદ્રાવરકર અથવા પ્રકાશ આબિતકર રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લઈ શકે છે.

અતિજ પવાર, સંજય બન્સોડે, છગન ભુજબળ, મકરંદ પાટીલ, અદિતિ તટકરે, નરહરિ જીરવલ, અનિલ પાટીલ, ધનંજય મુંડે મંત્રી પદના શપથ લઈ શકે છે. જ્યારે સના મલિક, ઈન્દ્રનીલ નાઈક રાજ્ય મંત્રી તરીકે શપથ લઈ શકે છે. મહારાષ્ટ્રમાં મંત્રીમંડળમાં મુખ્યમંત્રી સહિત વધુમાં વધુ ૪૩ સભ્યો હોઈ શકે છે. ૨૦ નવેમ્બરે યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો ૨૩ નવેમ્બરના રોજ જાહેર થયા હતા. મહાયુતિને ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦ બેઠકો મળી છે. ભાજપે ૧૩૨ બેઠકો, શિંદેની શિવસેનાએ ૫૭ બેઠકો અને અજિત પવારની NCPએ ૪૧ બેઠકો જીતી છે.

## જો જીડીપી દરો સુધરે નહીં તો ૨૦૫૦ સુધીમાં ૨૦ રાષ્ટ્રો ગરીબીમાં ફસાઈ શકે છે : વિશ્વ બેંક

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

વિશ્વ બેંકે જણાવ્યું હતું કે, નીચી આવક તરીકે વર્ગીકૃત કરાયેલા ૨૬ દેશોમાંથી માત્ર છ જ ૨૦૫૦ સુધીમાં મધ્યમ આવકના દરજ્જા સુધી પહોંચવાનો અંદાજ છે. જો તેમના વિકાસ દરમાં સતત સુધારો નહીં થાય તો ઓછી આવક ધરાવતી અર્થવ્યવસ્થાઓના પ્રદર્શનને આવરી લેતા જાન્યુઆરી ૨૦૨૫માં જાહેર થનાર વૈશ્વિક આર્થિક સંભાવના અહેવાલના વિશ્વ બેંક દ્વારા પ્રકાશિત વિભાગમાં આ તારણો આવે છે.

એક નિવેદનમાં, બેંકે કહ્યું કે વિશ્વના ૨૬ સૌથી ગરીબ દેશો મધ્યમ આવકની સ્થિતિમાં જશે કે કેમ તે સંદર્ભમાં આગામી ૨૫ વર્ષ નિર્ણાયક હોઈ શકે છે.

આ દેશોમાં એવા દેશોનો સમાવેશ થાય છે જ્યાં ૪૦%થી વધુ વસ્તી દરરોજ ૨.૧૫ ડોલર કરતા ઓછા ખર્ચે ટકી રહેવા માટે સંઘર્ષ કરે છે, નિવેદનમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, આ દેશો અત્યંત ગરીબીને સમાપ્ત કરવાના વૈશ્વિક પ્રયાસોના કેન્દ્રબિંદુની રચના કરે છે. નિવેદનમાં જણાવાયું છે કે,પરંતુ આ દેશોમાં વધતા સંઘર્ષો, વારંવારની આર્થિક કટોકટી અને સતત નબળા વિકાસને કારણે પ્રગતિ અટકી ગઈ છે. છેલ્લાં ૨૫ વર્ષોમાં થયેલી પ્રગતિએ મોટાભાગે આ દેશોને બાયપાસ કર્યા છે, નિવેદનમાં નોંધ્યું છે કે, વિશ્વ બેંકે ૨૧મી સદીની શરૂઆતમાં ૬૩ દેશોને ઓછી આવકવાળા તરીકે વર્ગીકૃત કર્યા હતા.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ભારત, ઈન્ડોનેશિયા અને બાંગ્લાદેશ સહિત ૩૯ દેશો મધ્યમ-આવક દેશોની હરોળમાં જોડાયા છે, જ્યારે સીરિયા અને દક્ષિણ સુદાન ૨૦૧૦ના દાયકામાં ઓછી આવકવાળા દેશોની હરોળમાં જોડાયા હતા, અને ઉમેર્યું હતું કે, આ દેશો સ્થિર છે. છેલ્લાં ૧૫ વર્ષોમાં તેમની માથાદીઠ જીડીપી વાર્ષિક ૦.૧% કરતા ઓછાં દરે વધી રહી છે.

## ગુવાહાટીમાં મહિલાના ગેંગરેપનો વીડિયો ફરતો થતાં આઠની ધરપકડ, એક આરોપી ફરાર

ગુવાહાટીમાં એક મહિલા પર ગેંગરેપનો વીડિયો ઘટના બની તે જ વિસ્તારમાં ફરતો હોવાનું ધ્યાનમાં આવતા પોલીસે આઠ આરોપીઓને દબોચી લીધા હતા. એક ફરાર થઈ ગયો છે. આરોપીઓ ૧૮થી ૨૬ વર્ષની વયના છે. પોલીસ પુરાવા એકત્ર કરી રહી છે.

## ટૂંકા ગાળાના માર્શલ લો બદલ દક્ષિણ કોરિયાની સંસદમાં રાષ્ટ્રપ્રમુખ યૂન સુકના ઈમ્પીચમેન્ટ માટે મતદાન

થોડા સમય માટે માર્શલ લો જાહેર કરવા બદલ દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપ્રમુખ યૂન સુકનું સંસદમાં ઈમ્પીચમેન્ટ કરવા મતદાન થયું હતું અને એ ઠપકા પ્રસ્તાવ ૨૦૪ વિ. ૮૫ મતથી કોરિયાની સંસદમાં પસાર થઈ ગયો હતો. હવે એમને પદભ્રષ્ટ કરવા કે સત્તાઓ પરત આપવી તેનો નિર્ણય બંધારણીય કોર્ટ કરશે.

## સંભલમાં લાઉડ સ્પીકર પર અવાજના પ્રદૂષણનો આરોપ મૂકીને મસ્જિદના ઈમામને રૂપિયા બે લાખનો દંડ, જામીન પર છોડાયા

### વહીવટી તંત્રના અધિકારીઓના જણાવ્યા અનુસાર કોટ ગરવી વિસ્તારમાં આવેલી અનારવાલી મસ્જિદમાં આ ઘટના બની

(એજન્સી) સંભલ, તા.૧૪

ઉત્તરપ્રદેશના સંભલ શહેરમાં મોગલકાળની શાહી જામા મસ્જિદના સર્વે દરમિયાન હિંસા અને મુસ્લિમ યુવાનોના મોત થયાની ઘટનાના થોડા દિવસો બાદ જ અહીં ફરી એક મસ્જિદના ઈમામને લાઉડ સ્પીકર પર ઊંચો અવાજ રાખીને અવાજનું પ્રદૂષણ કરવાનો આરોપ મૂકી રૂપિયા બે લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને એમને જામીન આપવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યાં મુજબ કોટ ગરવી વિસ્તારમાં આવેલી અનારવાલી મસ્જિદમાં આ ઘટના બની હતી. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ વંદના મિશ્રાએ એવું કહ્યું હતું કે લાઉડ સ્પીકરનો અવાજ ખૂબ જ વધારે ઊંચો રાખવામાં આવ્યો હતો તેના કારણે કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. મસ્જિદના ૨૩ વર્ષના ઈમામ તહેઝીબને બે લાખનો દંડ કરવામાં આવ્યો હતો અને અગમચેતીના પગલાં રૂપે એમને જામીન આપવામાં આવ્યા હતા.

ઉપરાંત વંદના મિશ્રાએ ઈમામને આગામી ૬ મહિના સુધી આ પ્રકારના વર્તનથી દૂર રહેવાની ચેતવણી પણ આપી હતી. સંભલ શહેરની જામા મસ્જિદના સર્વેની હિંસાની પીડા હજુ ઓછી થઈ નથી ત્યાં આ નવી ઘટનાઓ બની રહી છે અને રમખાણોમાં જેમનું નામ એફઆઈઆરમાં દાખલ કરવામાં આવ્યું છે એ સમાજવાદી પાર્ટીના સંસદ જીઆઉર રહેમાનના પિતા મમલુક ઉર રહેમાને જણાવ્યું હતું કે ૨૪મી નવેમ્બરની હિંસાખોરી અને પોલીસના અત્યાચારો પછી પણ હજુ પણ પોલીસના અત્યાચારો ચાલુ રહ્યા છે અને સ્થાનિક નાગરિકોની ધરપકડો કરવામાં આવી રહી છે ત્યાં સુધી ધરપકડો બંધ કરવામાં નહીં આવે ત્યાં સુધી વાતાવરણમાં સુધારો થશે નહીં.

શુક્રવારે કોંગ્રેસના વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધીએ પણ લોકસભામાં એમના પહેલા જ ભાષણમાં સંભલ શહેરની હિંસાનો ઉલ્લેખ કર્યો હતો. મમલુક રહેમાને સુપ્રીમ કોર્ટના મસ્જિદોના સર્વે અને ધર્મસ્થાનોના સર્વે તથા ડિમોલિશન અટકાવવા માટે આપેલા આદેશને આવકાર આપ્યો હતો. તેમણે અહીં શાહી જામા મસ્જિદમાં જ જુમ્માની નમાઝ અદા કરી હતી.

## ડોનાલ્ડ ટ્રમ્પનું યુનાઈટેડ સ્ટેટ્સમાં ડે-લાઈટ સેવિંગ ટાઈમ નાબૂદ કરવાનું વચન

### યુ.એસ.માં ડે-લાઈટ સેવિંગ ટાઈમ માર્ચના બીજા રવિવારે શરૂ થાય છે અને નવેમ્બરના પ્રથમ રવિવારે સમાપ્ત થાય છે

(એજન્સી) તા.૧૪

ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેમની રિપબ્લિકન પાર્ટી યુનાઈટેડ સ્ટેટ્સ (યુએસ)માં ડેલાઈટ સેવિંગ ટાઈમને દૂર કરવા માટે 'તેના શ્રેષ્ઠ પ્રયાસોનો ઉપયોગ કરશે' કારણ કે તે રાષ્ટ્ર માટે અસુવિધાજનક અને ખર્ચાળ છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં, ડેલાઈટ સેવિંગ ટાઈમ માર્ચના બીજા રવિવારે શરૂ થાય છે અને નવેમ્બરના પ્રથમ રવિવારે સમાપ્ત થાય છે. સમય બદલાવ સ્થાનિક સમય મુજબ સવારે ૨:૦૦ વાગ્યે થાય છે. તેમની સોશિયલ મીડિયા સાઈટ ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું, 'રિપબ્લિકન પાર્ટી ડેલાઈટ સેવિંગ ટાઈમને દૂર કરવા માટે તેના શ્રેષ્ઠ પ્રયાસોનો ઉપયોગ કરશે, જે એક નાનો પરંતુ મજબૂત મતવિસ્તાર ધરાવે છે, પરંતુ ન જોઈએ ! ડેલાઈટ સેવિંગ ટાઈમ અસુવિધાજનક છે, અને આપણા રાષ્ટ્ર માટે ખૂબ ખર્ચાળ છે.' રિપબ્લિકન પાર્ટી જાન્યુઆરીમાં યુએસ કોંગ્રેસના બે ચેમ્બર-હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ પર નિયંત્રણ મેળવશે. ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ અમેરિકાના ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે શપથ લેશે. સેનેટર માર્કો રૂબિયો, જેમને ટ્રમ્પે તેમના રાજ્ય સચિવ તરીકે નામાંકિત કર્યા છે, તેઓ ડેલાઈટ સેવિંગ્સ નાબૂદ કરવાના મજબૂત હિમાયતી રહ્યા છે. તેમણે આ માટે સનશાઈન પ્રોટેક્શન એક્ટ નામનું બિલ રજૂ કર્યું હતું. રૂબીઓએ અગાઉ કહ્યું હતું કે, 'અમે આગળ વધી રહ્યા છીએ' પરંતુ ક્યારેય 'પાછળ ન પડવું' જોઈએ. મારો સનશાઈન પ્રોટેક્શન એક્ટ અમારી ઘડિયાળોને આગળ અને પાછળ બદલવાની આ મૂર્ખ પ્રથાને સમાપ્ત કરશે,' રૂબીઓએ ૧૫ માર્ચ ૨૦૨૨ના રોજ સેનેટ ફ્લોર પર જણાવ્યું હતું કે, 'જો ગૃહ દ્વારા પસાર કરવામાં આવે અને રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા કાયદામાં હસ્તાક્ષર કરવામાં આવે, તો સનશાઈન પ્રોટેક્શન એક્ટ તે રાજ્યોને લાગુ થશે જે હાલમાં DSTમાં ભાગ લે છે, જે મોટાભાગના રાજ્યો વર્ષના આઠ મહિના માટે પાળે છે,' તેમણે ઉમેર્યું, 'રાજ્યો અને પ્રદેશો કે જેઓ હાલમાં વર્ષભર પ્રમાણભૂત સમય પર રહે છે તે ચાલુ રહેશે. ઘણા અભ્યાસો દર્શાવે છે કે DSTને કાયમી બનાવવાથી અર્થતંત્ર અને દેશને ફાયદો થઈ શકે છે,'.

## મસ્ક-ઓપનએઆઈ યુદ્ધ : ચેટજીપીટી નિર્માતાનો બિન-નફાકારક માળખા માટે સહ-સ્થાપકના 'પ્રેમ' પર વળતો પ્રહાર

**ઓપનએઆઈની સહ-સ્થાપના કરનાર મસ્ક, ઓપનએઆઈના અંતમાં નફા માટેના મોડલ તરફ જવાની ખૂબ ટીકા કરે છે અને માર્ચમાં, યુએસ ફેડરલ કોર્ટમાં દાવો દાખલ કરીને એઆઈ સ્ટાર્ટઅપે બિન-નફાકારક તરીકે તેના સ્થાપક મિશનનો ભંગ કર્યો હોવાનો દાવો કર્યો હતો**

(એજન્સી) તા.૧૪

સેમ ઓલ્ટમેનની આગેવાની હેઠળના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રિસર્ચ સ્ટાર્ટઅપ અને ChatGPT નિર્માતા ઓપનએઆઈએ એલોન મસ્કની તેની સામે કાનૂની કાર્યવાહીનો જવાબ આપ્યો હતો, અને તેના પર ૨૦૧૭માં કંપનીનું નફા માટેનું સંસ્કરણ બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. ઓપનએઆઈની સહ-સ્થાપના કરનાર મસ્ક, ઓપનએઆઈના અંતમાં નફા માટેના મોડલ તરફ જવાની ખૂબ ટીકા કરી હતી અને માર્ચમાં, યુએસ ફેડરલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો કે એઆઈ સ્ટાર્ટઅપે નફા માટેનું માળખું અપનાવીને બિન-નફાકારક તરીકે તેના સ્થાપક મિશનનો ભંગ કર્યો હતો. ઓપનએઆઈ દ્વારા બ્લોગ પોસ્ટે મસ્કની દલીલનો વિરોધ કર્યો હતો જેમાં જણાવાયું હતું કે તેમણે સ્ટાર્ટઅપ માટે નફા માટેનું માળખું પ્રસ્તાવિત કર્યું હતું પરંતુ જ્યારે તેમણે સંપૂર્ણ નિયંત્રણ મેળવ્યું ન હતું ત્યારે તેઓ ચાલ્યા ગયા હતા. ઓપનએઆઈની બ્લોગ પોસ્ટમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું કે મસ્ક શરૂઆતમાં નફા માટેના મોડલને ટેકો આપતા હતા પરંતુ બાદમાં કંપનીના બિન-નફાકારક તરફ વળવાનો વિરોધ કર્યો હતો. તેમાં આરોપ છે કે મસ્કની તેમની સામે તાજેતરની કાનૂની કાર્યવાહી તેની AI કંપની, xAI સાથે સ્પર્ધા દ્વારા પ્રેરિત છે, જે ૨૦૨૩ માં શરૂ કરવામાં આવી હતી. ઓપનએઆઈના નોનપ્રોફિટ મોડલ સાથે મસ્કની ચિંતા ૨૦૧૫ની છે અને ૨૦૧૮માં તેણે ટેસ્લા સાથે ઓપનએઆઈને મર્જ કરવાની દરખાસ્ત કરી હતી. જો કે, મતભેદો પછી, મસ્કએ OpenAIના બોર્ડમાંથી રાજીનામું આપ્યું. OpenAIએ પછીથી ૨૦૧૯ માં 'કેપ્ડ-પ્રોફિટ' મોડલ પર સંક્રમણ કર્યું અને હવે તે સંપૂર્ણ રીતે નફાકારક જાહેર લાભ નિગમ બનવા તરફ કામ કરી રહ્યું છે. ઓપનએઆઈ બ્લોગ પોસ્ટને ટાંકીને, યુએસ ઓનલાઈન ન્યૂઝ પ્લેટફોર્મ મની રિપોર્ટે અહેવાલ આપ્યો છે કે મસ્કએ OpenAI CEO સેમ ઓલ્ટમેનને નવેમ્બર ૨૦૧૫ના ઈમેઈલમાં લખ્યું હતું કે બ્લૉગ પોસ્ટમાં શેર કરેલા સ્ક્રીનશૉટ્સ મુજબ, OpenAIનું 'સ્ટ્રક્ચર શ્રેષ્ઠ લાગતું નથી,'. તેમણે ઉમેર્યું હતું કે 'બિનનફાકારક પાસેથી પગાર મેળવવાથી પ્રોત્સાહનોના સંરેખણમાં ગડબડ થાય છે' અને તે 'સમાંતર બિનનફાકારક સાથે પ્રમાણભૂત ઝ કોર્પોરેશન હોવું વધુ સારૂ છે.' મની રિપોર્ટે OpenAI બ્લોગને ટાંકીને જણાવ્યું હતું કે, બોર્ડના પૂર્વ સભ્ય શિવોન ઝિલિસ સાથેની ટેક્સ્ટ વાતચીતમાં, ઓપનએઆઈના સહ-સ્થાપક ગ્રેગ બ્રોકમેને લખ્યું હતું કે મસ્ક સાથેની તેમની વાતચીત 'સંરચના વિશે વાતમાં ફેરવાઈ ગઈ' અને મસ્કએ કહ્યું કે બિન-લાભકારી એ અગાઉ યોગ્ય વાત હોઈ શકે છે પણ અત્યારે કદાચ ન પણ બને' મસ્કએ ૨૦૨૩માં ઓપનએઆઈ અને માઈક્રોસોફ્ટ પર સ્પર્ધા વિરોધી પ્રથાઓનો આરોપ લગાવીને દાવો દાખલ કર્યો હતો. તેમની કાનૂની ટીમ એવી દલીલ કરે છે કે ઓપનએઆઈનું માળખું, માઈક્રોસોફ્ટ સાથેના તેના સંબંધો સહિત xAI જેવા સ્પર્ધકોને નુકસાન પહોંચાડે છે. ઓપનએઆઈનું મૂલ્યાંકન $૧૫૭ બિલિયન સુધી વધી ગયું છે, મોટે ભાગે ChatGPTની સફળતાને કારણે, અને તે મસ્કની xAI અને અન્ય ટેક જાયન્ટ્સ તરફથી વધતી સ્પર્ધાનો સામનો કરી રહી છે. મસ્ક અને ઓપનએઆઈ વચ્ચેની કાનૂની લડાઈ સતત વધી રહી છે, જેમાં મસ્ક ઓપનએઆઈને માઈક્રોસોફ્ટ સાથેની તેની ભાગીદારી દ્વારા શેર કરવામાં આવેલી સંવેદનશીલ માહિતી જેનો તેઓ દાવો કરે છે તેનો લાભ લેતા અટકાવવા માંગે છે.

### ચર્ચા માટે JPCમાં મોકલવાની તૈયારી

## સોમવારે સંસદમાં 'વન નેશન-વન ઈલેક્શન' બિલ રજૂ કરશે સરકાર

નવી દિલ્હી, તા.૧૪

કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સોમવારે લોકસભામાં વન નેશન વન ઈલેક્શન બિલ રજૂ કરશે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, આ બિલને ચર્ચા માટે JPC પાસે મોકલવામાં આવશે. લાંબી ચર્ચા અને સર્વસંમતિ માટે સરકાર આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (JPC) પાસે મોકલશે. JPC તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને આ પ્રસ્તાવ પર સામૂહિક સર્વસંમતિની જરૂરિયાત પર ભાર મૂકશે. દેશમાં હાલમાં અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયે ચૂંટણી યોજાય છે. કાયદો બન્યા બાદ દેશમાં એક સાથે ચૂંટણી કરાવવાની તૈયારી છે. જો કે, સરકારના આ પગલાનો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવી ઘણી I.N.D.I.A. બ્લોકની પાર્ટીઓએ વિરોધ કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે આનાથી કેન્દ્રમાં સત્તારુઢ પાર્ટીને ફાયદો થશે. નીતિશ કુમારની JDU અને ચિરાગ પાસવાન જેવા પ્રમુખ NDA સહયોગીઓએ એક સાથે ચૂંટણી યોજવાનું સમર્થન કર્યું છે. 'વન નેશન વન ઈલેક્શન'ને વારંવાર ચૂંટણીઓ સાથે જોડાયેલી ખર્ચ અને વિક્ષેપોને ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ સુધારા તરીકે જોવામાં આવી રહ્યું છે. વન નેશન વન ઈલેક્શન પર વિચારણા માટે બનેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ જણાવ્યું કે, આ પ્રસ્તાવને લઈને ૩૨ રાજકીય પાર્ટીઓએ સમર્થન આપ્યું છે, જ્યારે ૧૫ પાર્ટીઓએ તેનો વિરોધ કર્યો છે. આ ઉચ્ચ સ્તરીય સમિતિની અધ્યક્ષતા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કરી હતી. રામનાથ કોવિંદે ઓક્ટોબરમાં ૭મા લાલ બહાદુર શાસ્ત્રી સ્મૃતિ વ્યાખ્યાન દરમિયાન કહ્યું હતું કે, વિરોધ કરનારી ૧૫ પાર્ટીઓમાંથી કેટલીક પાર્ટીઓએ 'વન નેશન વન ઈલેક્શન'ના વિચારનું સમર્થન કર્યું હતું.

### ખેડૂતોની દિલ્હી કૂચ ફરી શરૂ થતાં જ શંભુ બોર્ડર પર હરિયાણા પોલીસે અટકાવ્યા

# 'અમારા અવાજને કચડવામાં ન આવે' : પોલીસ સાથે તંગદિલી વચ્ચે શંભુ સરહદે 'દિલ્હી ચલો' કૂચ અટકાવાતાં કિસાનો બોલ્યા

(એજન્સી) ચંદીગઢ, તા. ૧૪

હરિયાણાની પોલીસે શનિવારે શંભુ સરહદ પર દિલ્હી કૂચ કરી રહેલા પ્રદર્શનકારી ખેડૂતોના જૂથને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને પાણીનો મારો ચલાવ્યો હતો. જેમાં ૧૦ જેટલા પ્રદર્શનકારી ઘાયલ થયા હતા. અધિકારીઓએ કહ્યું કે, કેટલાક ઘાયલ ખેડૂતોને વિરોધ સ્થળ પર તૈનાત એમ્બ્યુલન્સમાં નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. પંજાબ-હરિયાણા સરહદ પર શંભુ વિરોધ સ્થળથી શનિવારે બપોરે ૧૨ વાગ્યા પછી દિલ્હી તરફ પગપાળા કૂચ ફરી શરૂ કરનારા ૧૦૧



## હરિયાણા-પંજાબ બોર્ડર પર કિસાનોના વિરોધને વિખેરવા વોટરકેનન-ટિયરગેસનો ઉપયોગ, ૧૦ ઘાયલ

ખેડૂતોના 'જાથા' (જૂથ) હરિયાણા સુરક્ષા કર્મચારીઓ દ્વારા લગાવવામાં આવેલા બેરિકેડ સુધી પહોંચ્યા પછી આ કાર્યવાહી કરવામાં આવી હતી. ખેડુતો પાક માટે લઘુત્તમ ટેકાના ભાવની કાનૂની ગેરંટી સહિત વિવિધ માંગણીઓ માટે કેન્દ્ર પર દબાણ કરી રહ્યા છે. આ પહેલા અંબાલાના ડેપ્યુટી કમિશનર પાર્થ ગુપ્તા અને અંબાલાના પોલીસ અધિક્ષક એસ.એસ. ભોરિયાએ કેટલાક વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે અડધા કલાકથી વધુ સમય સુધી વાતચીત કરી હતી અને તેમને રાષ્ટ્રીય રાજધાની તરફ જવા માટે દિલ્હીથી પરવાનગી મેળવવા માટે મનાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ખેડૂતો દિલ્હી જવા પર અડગ રહ્યા અને સુરક્ષા કર્મચારીઓને ખસી જવા વિનંતી કરી હતી. થોડા મીટર ચાલ્યા પછી તરત જ અર્ધલશ્કરી દળો સહિત હરિયાણા પોલીસ દ્વારા કિસાનોને અટકાવાયા હતા.

બેરિકેડિંગ પર ખેડૂત નેતાએ અધિકારીઓ સાથે દલીલ કરી હતી કે, ''અમે શાંતિપૂર્ણ રીતે આગળ વધવા માંગીએ છીએ. અમારા અવાજને આ રીતે દબાવવો જોઈએ નહીં. દેશની અડધાથી વધુ વસ્તી ખેતી સાથે જોડાયેલી છે, તેમનો અવાજ દબાવી શકાય નહીં.'' કિસાન નેતાએ કહ્યું ''અમે શાંતિપૂર્ણ રીતે પગપાળા કૂચ કરી રહ્યા છીએ તેથી અમને આગળ વધવાની મંજૂરી આપવી જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે સરકારે ખેડૂતો અને મજૂરોની સમસ્યાઓ સાંભળવી જોઈએ. અમે શાંતિપૂર્ણ રીતે દિલ્હી જવા માંગીએ છીએ.'' અંબાલાના પોલીસ અધિક્ષક એસ.એસ. ભોરિયાએ ખેડૂતોને કહ્યું કે જો તેઓ દિલ્હીમાં વિરોધ કરવાનો ઈરાદો ધરાવતા હોય તો તેઓએ સંબંધિત અધિકારીઓ પાસેથી પરવાનગી લેવી જોઈએ. ભોરિયાએ તેમને જણાવ્યું હતું કે, ૨૪ જુલાઈના સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ શંભુ સરહદ પર તમે જે જગ્યાએ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છો ત્યાં યથાસ્થિતિ જાળવવા માટે નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. પ્રદર્શન કરી રહેલા ખેડૂતોને પાછા હટવાની અપીલ કરતા ભોરિયાએ સર્વોચ્ચ અદાલતનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેમના દ્વારા રચિત ઉચ્ચ સમિતિ વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે વાત કરશે અને કોર્ટને ભલામણો કરશે. તેમણે કહ્યું કે, ''ખેડૂતોએ હિંસક ન થવું જોઈએ અને શાંતિપૂર્ણ આંદોલન કરવું જોઈએ. જસ્ટિસ સૂર્યકાંત અને ઉજ્જલ ભુયાનની બેન્ચે શુક્રવારે કહ્યું હતું કે, તેમણે વિરોધનો ગાંધીવાદી માર્ગ અપનાવવો જોઈએ કારણ કે તેમની ફરિયાદો પર વિચારણા ચાલી રહી છે.

# ''વન નેશન, વન ઈલેક્શન'' પર ચર્ચાની માગણી કરતી નેશનલ કોન્ફરન્સ; ઉતાવળિયા અમલ અને મંજૂરી સામે ચેતવણી

### જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાએ ખરડા વિશેના વર્તમાન અભિગમની ટીકા કરી હતી અને કહ્યું હતું કે હજુ તો એ કેબિનેટની દરખાસ્ત જ ગણાય, સંસદમાં ખરડો મૂકવામાં આવ્યો નથી

(એજન્સી) શ્રીનગર, તા.૧૪

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાહ અને એમની પાર્ટી નેશનલ કોન્ફરન્સ છે ''વન નેશન, વન ઈલેક્શન''ની તૈયારીઓ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી અને આ વિષય પર પારદર્શક ખુલ્લી ચર્ચા યોજવા માટેની માગણી કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આ દરખાસ્ત ઉપર ખુલ્લી અને પારદર્શક ચર્ચા કરવી જ જોઈએ. જે રીતે કલમ ૩૭૦ રદ કરવામાં આવી ત્યારે એ પ્રક્રિયાની આસપાસ જે પ્રકારે વિવાદો ઊભા થયા હતા તેનું પુનરાવર્તન થવું ન જોઈએ. તેમણે એક તરફી નિર્ણય લઈને મહત્ત્વના મુદ્દાઓને અમલી બનાવવા સામે ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે આવી રીતે પ્રક્રિયાથી લોકશાહીની સમગ્ર પ્રક્રિયાને ઘસારો પહોંચે છે. તેમણે સાથે ચૂંટણી અંગેના ખરડા વિશેના સરકારના અભિપ્રાયની ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ હજી માત્ર કેબિનેટમાં મંજૂર થયેલી દરખાસ્ત છે અને સંસદમાં ખરડો મૂકાયો નથી. આ ખરડાના હાલ કલમ ૩૭૦ને લગતા ખરડા જેવા થવા જોઈએ નહીં કેમકે ૩૭૦ની કલમ રદ કરવાનો ખરડો કોઈ પણ ચર્ચા વિના માત્ર પ્રતીક ચર્ચાનો ડોળ કરીને એક યા બે કલાકમાં જ સંસદમાં પસાર કરાવી દેવામાં આવ્યો હતો.

અબ્દુલ્લાની પાર્ટીના સભ્ય મિયા અલ્તાફે પણ ઉતાવળ બતાવવા બદલ સરકારને ટીકા કરી હતી અને કહ્યું હતું કે યોગ્ય અને જરૂરી ચર્ચા વિના ખરડો પસાર કરાવવાની ઉતાવળ કરવામાં આવી છે. આ પગલું દેશના સમગ્ર લોકશાહી માળખાને અસર કરતું પગલું છે એટલે આવી બાબતો પર ખૂબ જ વ્યાપક અને



સઘન ચર્ચા વિચારણા થવી જોઈએ અને ઉતાવળે કેબિનેટ મારફત આવા ખરડા પસાર કરાય નહીં. એકદમ સઘન અને ઊંડી ચર્ચા સંસદમાં બંને ગૃહોમાં થવી જોઈએ જેથી કરીને તેની અસરોનો અભ્યાસ કરી શકાય. અમે આ બિલ પર સંસદમાં ચર્ચા થાય તેવી માગણી કરીએ છીએ. ખરડાના વિરોધીઓ અને ટીકાકારોની દલીલ એવી છે કે એક સાથે લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ કરવાની આ દરખાસ્ત અને પહેલ ભારતના સમવાય માળખાને ખોરવી નાખશે અને સત્તાનું કેન્દ્રીકરણ થઈ જશે પરિણામે લોકશાહી શાસન વ્યવસ્થા અત્યંત નબળી પડી જશે. ભાજપની દલીલ એવી છે કે એક સાથે ચૂંટણીઓ કરવાથી જંગી ખર્ચમાં ઘણો બધો ઘટાડો થઈ શકશે અને વહીવટી અસરકારકતામાં પણ ઘણો સુધારો થશે.

# પોતાનો બિઝનેસ શરૂ કરવા માટે માતા પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા ઉછીના લીધા હતા, વિરાટ કોહલીને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

ભારતીય લગ્નો પરંપરાગત પોશાકની સુંદરતા વિના અધૂરા છે અને એક નામ જે તરત જ મગજમાં આવે તે છે માન્યવર. આ આઈકોનિક બ્રાન્ડ પાછળના સ્વપ્નદ્રષ્ટા રવિ મોદી છે. રવિ મોદીની ઉદ્યોગસાહસિક યાત્રા ૨૦૦૨માં શરૂ થઈ હતી જ્યારે તેમણે કોલકાતામાં વેદાંત ફેશન્સની સ્થાપના કરી હતી, જે હવે ઉત્સવ અને વંશીય વસ્ત્રોનો પર્યાય છે. તેમની માતા પાસેથી ઉછીના લીધેલા ૧૦,૦૦૦ રૂપિયાથી શરૂ કરીને તેણે લગ્નની ફેશનમાં ઘરનું નામ બનવા માટેનો પાયો નાખ્યો. વર્ષોથી, વેદાંત ફેશન્સે મોહે, મંથન, મેબાઝ અને ત્વામેવ જેવી અન્ય લોકપ્રિય બ્રાન્ડ્સનો સમાવેશ કરવા માટે વિસ્તરણ કર્યું, ભારતીય વસ્ત્ર ઉદ્યોગમાં તેની હાજરી મજબૂત કરી. વ્યાપાર જગતમાં મોદીના પ્રથમ પગલાં તેમના પિતાના કપડાની દુકાનમાં કામ કરતા કિશોર વયે હતા. માત્ર ૧૩ વર્ષની ઉંમરે તે મૂલ્યવાન અનુભવ મેળવી રહ્યા હતા જેણે આખરે તેમના ભવિષ્યને આકાર



આપ્યો. તેમણે માન્યવરને લૉન્ચ કર્યું ત્યાં સુધીમાં તેમની પાસે સ્પષ્ટ દૃષ્ટિ હતી, પરંપરાગત ભારતીય ફેશનમાં ક્રાંતિ લાવવાની. તેમની બ્રાન્ડે મોટા શહેરોમાં ઝડપથી ટ્રેક્શન મેળવ્યું અને બાકીના, જેમ તેઓ કહે છે, ઈતિહાસ છે. આજે, માન્યવરએ લગ્ન અને ઉત્સવના વસ્ત્રો માટે એક મુખ્ય પસંદગી છે, જે પુરૂષોના કુર્તા, શેરવાની અને જેકેટની ઉત્કૃષ્ટ શ્રેણી તેમજ મહિલાઓના લહેંગા, સાડીઓ અને ડ્રેસ માટે પ્રખ્યાત છે. વિરાટ કોહલી, અનુષ્કા શર્મા, રણવીર સિંહ, આલિયા ભટ્ટ અને કાર્તિક આર્યન જેવા સેલિબ્રિટી એન્ડોર્સમેન્ટ દ્વારા બ્રાન્ડની અપીલને વિસ્તૃત કરવામાં આવી છે, જે તેને શૈલી અને પરંપરાનું પ્રતીક બનાવે છે. ૨૪૮ ભારતીય શહેરો અને ૧૬ આંતરરાષ્ટ્રીય સ્થળોમાં ૬૬૨ સ્ટોર્સના નેટવર્ક સાથે વેદાંત ફેશન્સે નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે. કંપની ૨૦૨૨માં જાહેર થઈ, તેના IPO તેની સફળતાની વાર્તામાં નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. આ સિદ્ધિએ રવિ મોદીને ભારતના સૌથી ધનિક વ્યક્તિઓની હરોળમાં સામેલ કર્યા. એપ્રિલ ૨૦૨૩ સુધીમાં તેમની નેટવર્થ ૩ અબજ ડોલર (૨૮,૦૦૦ કરોડ રૂપિયા) સુધી પહોંચી ગઈ, જેણે ફોર્બ્સની ભારતના સૌથી ધનિકોની યાદીમાં ૬૪મું સ્થાન મેળવ્યું અને વૈશ્વિક સ્તરે ૧,૨૩૮મું સ્થાન મેળવ્યું. વેદાંત ફેશન્સ પોતે હવે ૩૨,૦૦૦ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવે છે, જે મોદીના દૃષ્ટિકોણ અને અવિરત પરિશ્રમનો પુરાવો છે. નમ્ર શરૂઆતથી લઈને ભારતીય લગ્નની ફેશનને પુનઃવ્યાખ્યાયિત કરનાર વારસો બનાવવા સુધી, રવિ મોદીની યાત્રા દરેક જગ્યાએ ઉદ્યોગસાહસિકોને પ્રેરણા આપતી રહે છે.

### લોકસભામાં બંધારણ અંગે રાહુલ ગાંધીના ભાજપ સરકાર પર આકરા પ્રહાર

# યુપીમાં બંધારણ નહીં મનુસ્મૃતિનો અમલ કરવામાં આવી રહ્યો છે : રાહુલ ગાંધી

**શું તમે તમારા નેતા સાવરકરના શબ્દોને સમર્થન આપો છો જેમણે મનુસ્મૃતિને કાયદો બનાવવાની હિમાયત કરી હતી અને બંધારણની ટીકા કરી હતી ? : લોકસભામાં રાહુલ ગાંધી**

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૪

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર કટાક્ષ કરતા કહ્યું કે બંધારણના રક્ષણની વાત કરીને શાસક પક્ષ સાવરકરની મજાક ઉડાવી રહ્યો છે, દુર્વ્યવહાર કરી રહ્યો છે અને બદનામ કરી રહ્યો છે. રાહુલે આક્ષેપ કર્યો હતો કે યુપીમાં ભાજપ બંધારણ નહીં પણ મનુસ્મૃતિનો અમલ કરી રહ્યો છે. ભાજપ માટે બંધારણ નહીં પણ મનુસ્મૃતિ સર્વોપરી છે. હાથરસમાં ૧૯





વધુ પસંદ કરે છે.

રાહુલ ગાંધીએ સાવરકરના લખાણોનો ઉલ્લેખ કર્યો હતો અને આરોપ લગાવ્યો કે હિન્દુત્વ વિચારકના મતે બંધારણમાં ''ભારતીય જેવું કંઈ નથી'' અને મનુસ્મૃતિને દેશનો કાયદો બનાવવાની હિમાયત કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે 'બંધારણના ૭૫ વર્ષની

અન્યાયી વર્તન કરવાનો આરોપ પણ લગાવ્યો, જોકે સ્પીકર ઓમ બિરલાએ દરમિયાનગીરી કરી અને વિપક્ષ નેતાને ચર્ચાના વિષય બંધારણ પર બોલવા વિનંતી કરી હતી. વિપક્ષ નેતાએ હાથરસની તેમની તાજેતરની મુલાકાતને પણ યાદ કરી જ્યાં તેઓ ૨૦૨૦માં ગેંગરેપ પીડિતાના પરિવારના સભ્યોને મળ્યા હતા. તેમણે કેન્દ્ર પર વિરોધ કરી રહેલા ખેડૂતો

## વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સાવરકરના લખાણોનો ઉલ્લેખ કરતાં આરોપ લગાવ્યો કે હિન્દુત્વ વિચારકના મતે બંધારણમાં ''ભારતીય જેવું કંઈ નથી'' અને મનુસ્મૃતિને દેશનો કાયદો બનાવવાની હિમાયત કરી હતી

વર્ષની દીકરીના બળાત્કારી સમાજમાં છૂટા ફરી રહ્યા છે. રેપ કરનારા છૂટા ફરે અને પીડિત પરિવાર ઘરમાં ભરાયેલો રહે એવું ક્યાંય બંધારણમાં લખ્યું છે ? આવું તમારા બંધારણ મનુસ્મૃતિમાં લખ્યું છે. રાહુલ ગાંધીએ સાવરકરના લખાણોનો ઉલ્લેખ કરતાં આરોપ લગાવ્યો કે હિન્દુત્વ વિચારકના મતે બંધારણમાં ''ભારતીય જેવું કંઈ નથી'' અને મનુસ્મૃતિને દેશનો કાયદો બનાવવાની હિમાયત કરી હતી. તેમણે સાવરકરને ટાંકીને કહ્યું, ''ભારતના બંધારણ વિશે સૌથી ખરાબ વાત એ છે કે તેમાં કંઈ પણ ભારતીય જેવું નથી. મનુસ્મૃતિ એ ગ્રંથ છે જે આપણા હિન્દુ રાષ્ટ્ર માટે વેદ પછી સૌથી વધુ પૂજનીય છે... આ પુસ્તકે સદીઓથી આપણા રાષ્ટ્રની આધ્યાત્મિક અને દૈવી યાત્રાને સંહિતાબદ્ધ કરી છે.'' ભાજપ અને આરએસએસના વિચારક તરીકે મનાતા સાવરકર અંગે બંધારણની ૭૫મી વર્ષગાંઠની ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના નેતાએ કહ્યું કે સાવરકરે કહેતાં કે બંધારણમાં કંઈ ભારતીય નથી અને તેઓ તેના કરતાં હિન્દુ ધાર્મિક ગ્રંથ 'મનુસ્મૃતિ'ને ગૌરવપૂર્ણ યાત્રા' પર ચર્ચા દરમિયાન ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રની ટીકા કરતાં બંધારણ પર વિનાયક દામોદર સાવરકરના વિચારો અંગે સરકારના વલણ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. વિપક્ષના જોરદાર હોબાળા વચ્ચે રાહુલ ગાંધીએ ભાજપને પ્રશ્ન કર્યો કે, ''શું તમે તમારા નેતાના શબ્દોનું સમર્થન કરો છો? કારણ કે જ્યારે તમે સંસદમાં બંધારણના રક્ષણની વાત કરો છો, ત્યારે તમે સાવરકરની મજાક ઉડાવો છો.'' તેમણે ભારતીય બંધારણને ''ભારત માતાનો દસ્તાવેજ'' ગણાવ્યો જે બી.આર. આંબેડકર, મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરૂ જેવા વ્યક્તિઓ અને શિવથી કબીર સુધીની પ્રાચીન પરંપરાઓથી પ્રેરિત છે. તેમણે આની તુલના ભાજપ દ્વારા બંધારણીય મૂલ્યોની કથિત અવગણના સાથે કરીર હતી. ગાંધીએ મહાભારત સાથે સમાનતા દર્શાવતાં ભાજપની તુલના દ્રોણાચાર્ય સાથે કરી અને પક્ષ પર ભારતના યુવાનોને ''મૂર્ખ'' બનાવવાનો આરોપ લગાવ્યો હતો જે રીતે દ્રોણાચાર્યે એકલવ્યનો અંગૂઠો માંગ્યો હતો. તેમણે કેન્દ્ર પર વિરોધ કરી રહેલા ખેડૂતો સાથે અન્યાયી વર્તન કરવાનો આરોપ લગાવ્યો અને હાથરસ બળાત્કાર પીડિતાના પરિવારની દુર્દશા પર પ્રકાશ પાડ્યો જેમને તેઓ તાજેતરમાં મળ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે જ્યારે પરિવાર ઘરમાં કેદ રહે છે ત્યારે આરોપીઓ મુક્ત ફરે છે. તેમણે કહ્યું કે, ''આ તમારી મનુસ્મૃતિ કહે છે તે હોઈ શકે છે; બંધારણ શું કહે છે તે નહીં.'' સાથે જ તેમણે ઉમેર્યું કે ઈન્ડિયા બ્લોક ''જો સરકાર નહીં કરે તો પરિવારને સ્થળાંતર કરાવશે.'' રાહુલ ગાંધીએ જાતિ વસ્તી ગણતરી કરવા અને ૫૦ ટકા અનામત મર્યાદા ''તોડવા'' માટે ઈન્ડિયા બ્લોકની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે નિષ્કર્ષ કાઢ્યો કે, ''ભારતમાં નાણાકીય આર્થિક સમાનતા સમાપ્ત થઈ ગઈ છે અને તેથી જ અમારૂં આગળનું પગલું જાતિગત વસ્તી ગણતરી હશે. અમે બતાવીશું કે તમે મજૂરો અને ખેડૂતોને કેવી રીતે મૂર્ખ બનાવ્યા છે. તેથી જ અમે વચન મુજબ જાતિગત વસ્તી ગણતરી કરીશું. અને તે પછી, એક નવું શાસન આવશે. અમે ૫૦ ટકા અનામતની દિવાલ તોડી નાખીશું. તમે જે કરવા માંગો છો તે કરો.''

# લોકસભામાં રાહુલ ગાંધીની બંધારણ અંગે ચર્ચાના મુખ્ય અંશો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૪

- ''જ્યારે આપણે આ બંધારણ જોઈએ છીએ ત્યારે આપણને લોકોની આ યાદી યાદ આવે છે એક જ વિચારના જૂના જુદા જુદા પ્રકારો છે અને આપણી સામે એવા લોકો ઉભા છે જે ખૂબ જ અલગ દાર્શનિક પરંપરાનું પાલન કરે છે. હું મારા ભાષણની શરૂઆત ભાજપના નહીં પરંતુ આરએસએસના વિચારોના આધુનિક અર્થઘટનના સર્વોચ્ચ નેતાના ભારતના બંધારણ વિશેના શબ્દો અને તેઓ કેવી રીતે વિચારે છે કે ભારત ચલાવવું જોઈએ તે ટાંકીને કરવા માંગુ છું. મનુસ્મૃતિ અનુસાર 'ભારતના બંધારણ વિશે સૌથી ખરાબ વાત એ છે કે તેમાં કંઈ ભારતીય નથી. મનુસ્મૃતિ એ ગ્રંથ છે જે આપણા હિન્દુ રાષ્ટ્ર માટે વેદ પછી સૌથી વધુ પૂજનીય છે અને જેમાંથી આપણા પ્રાચીન કાળથી આપણી સંસ્કૃતિ, રીતરિવાજો, વિચાર અને વ્યવહારનો આધાર બન્યો છે. આ પુસ્તક સદીઓથી આપણા રાષ્ટ્રની આધ્યાત્મિક અને દૈવી પ્રગતિને સંહિતાબદ્ધ કરે છે. આજે, મનુસ્મૃતિ કાયદો છે' આ સાવરકરના શબ્દો છે. તેમણે પોતાના લેખનમાં સ્પષ્ટપણે કહ્યું છે કે ''આપણા બંધારણમાં કંઈ ભારતીય જેવું નથી.''
- ''હું શાસક પક્ષ પૂછવા માંગુ છું કે શું તમે તમારા નેતાના શબ્દો પર અડગ છો? શું તમે તમારા નેતાના શબ્દોને સમર્થન આપો છો? કારણ કે જ્યારે તમે સંસદમાં બંધારણના રક્ષણ વિશે બોલો છો ત્યારે તમે સાવરકરની મજાક ઉડાવો છો તમે સાવરકરને ગાળો આપો છો, તમે સાવરકરને બદનામ કરો છો.''
- ''બંધારણ આધુનિક ભારતનો દસ્તાવેજ છે પરંતુ તે પ્રાચીન ભારત, તેના વિચારો વિના ક્યારેય લખી શકાય નહીં''
- ''જ્યારે આપણે બંધારણ ખોલીએ છીએ ત્યારે આપણે આંબેડકર, મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરૂના વિચારો સાંભળી શકીએ છીએ''
- "જ્યારે ભાજપ બંધારણના રક્ષણની વાત કરે છે ત્યારે તમે સાવરકરની મજાક કરી રહ્યા છો''
- ''આ અભયમુદ્રા છે. આત્મવિશ્વાસ, શક્તિ અને નિર્ભયતા કૌશલ્ય અને અંગૂઠા દ્વારા આવે છે. આ લોકો આની વિરૂદ્ધ છે. જે રીતે દ્રોણાચાર્યે એકલવ્યનો અંગૂઠો કાપી નાખ્યો હતો તે રીતે તમે સમગ્ર રાષ્ટ્રનો અંગૂઠો કાપવામાં વ્યસ્ત છો. જ્યારે તમે ધારાવીને અદાણીને સોંપો છો ત્યારે તમે ઉદ્યોગસાહસિકો, નાના અને મધ્યમ વ્યવસાયોનો અંગૂઠો કાપી નાખો છો. જ્યારે તમે ભારતના બંદરો, એરપોર્ટ અને સંરક્ષણ ઉદ્યોગને અદાણીને સોંપો છો ત્યારે તમે ભારતના તમામ વાજબી વ્યવસાયોના અંગૂઠા કાપી નાખો છો જે પ્રામાણિકપણે કામ કરે છે.''
- ''જ્યારે તમે અગ્નિવીરનો અમલ કર્યો ત્યારે તમે યુવાનોનો અંગૂઠો કાપી નાખ્યો. જ્યારે તમારી પાસે પેપર લીક થયા ત્યારે તમારી પાસે ૭૦ પેપર લીક થયા તે સમયે તમે ભારતના યુવાનોનો અંગૂઠો કાપી નાખ્યો. આજે તમે દિલ્હીની બહાર ખેડૂતો પર ટીયર ગેસના શેલ છોડ્યા, તમે ખેડૂતો પર લાઠીચાર્જ કર્યો. ખેડૂતો તમારી પાસેથી એમએસપી માંગે છે. તેઓ યોગ્ય ભાવ માંગે છે. પરંતુ તમે અદાણી, અંબાણીને નફો અપાવવાની સુવિધા આપો છો અને ખેડૂતોનો અંગૂઠો કાપી નાખો છો. અમે અભયમુદ્રાને બચાવીએ છીએ, અમે ''ડરો મત'' કહીએ છીએ. તમે કહો છો 'હમ આપ કા અંગુઠા કાટ દેંગે' આ જ ફરક છે.''

# UPSC પરીક્ષામાં અત્યાર સુધીના સૌથી વધુ માર્ક્સ મેળવનાર IAS અધિકારીનો સ્કોર ૧૧૨૬ હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

ઘણાં ભારતીયો માટે, UPSC પરીક્ષા દ્વારા IAS અધિકારી બનવું એ જીવનભરનું સ્વપ્ન હોય છે. ઘણીવાર ભારતની સૌથી મુશ્કેલ પરીક્ષાઓ પૈકીની એક તરીકે વર્ણવવામાં આવે છે, તેના માટે તેના ઉમેદવારો તરફથી સખત મહેનત અને નિશ્ચયની માંગ હોય છે. દર વર્ષે, લાખો આશાવાદી ઉમેદવારો UPSC પરીક્ષા આપવાનો પ્રયાસ કરે છે, પરંતુ માત્ર એક અમુક જ તે પાસ કરવામાં સફળ થાય છે. ઘણા ઉમેદવારો તૈયારી માટે વર્ષો સમર્પિત કરે છે, ઘણીવાર તેમના ધ્યેયને પ્રાપ્ત કરવા માટે અનેકવિધ પ્રયાસો કરે છે. એક પ્રેરણાદાયી ઉદાહરણ તેલંગાણાના રહેવાસી અનુદીપ દુરીશેટ્ટી છે, જેણે ૨૦૧૭માં UPSC ટોપર તરીકે ઉભરતા પહેલા ત્રણ અસફળ પ્રયાસો કર્યા હતા.



૨૦૧૭ની પરીક્ષામાં, અનુદીપે અખિલ ભારતીય ક્રમાંક ૧ સાથે ટોચનું સ્થાન મેળવ્યું, ૨૦૨૫માંથી ૧૧૨૬ માર્ક્સ મેળવીને UPSC પરીક્ષામાં અત્યાર સુધીના સૌથી વધુ માર્ક્સ મેળવનાર બની ગયો. અનુદીપ તેલંગાણાના જગત્યાલ જિલ્લાના મેટપલ્લીનો વતની છે. તેણે શ્રી સૂર્યોદય હાઈસ્કૂલમાંથી પ્રારંભિક શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો અને શ્રી ચૈતન્ય જુનિયર કોલેજમાંથી સ્નાતક કર્યુ. ત્યારબાદ તે રાજસ્થાનના BITS પિલાનીમાં જોડાયો અને ૨૦૧૧માં ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્સ્ટ્રુમેન્ટેશનમાં બી.ટેક ડિગ્રી મેળવી. કોલેજ પછી અનુદીપ ગૂગલમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે નોકરી કરી. તેની પાસે કોઈ ઔપચારિક UPSC કોચિંગ નહતું તેણે આ પરીક્ષા ફક્ત સ્વ-અભ્યાસ અને ઓનલાઈન સંસાધનોની મદદ દ્વારા જ પાસ કરી છે. અનુદીપના પિતા ડી. મનોહર છે, જેઓ તેલંગાણા નોર્ધન પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીમાં આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર તરીકે કામ કરે છે અને તેની માતા, જ્યોતિ, ગૃહિણી છે. તેના ક્યારેય હિંમત નહીં હારવાના વલણે તેને સફળતા પ્રાપ્ત કરવામાં ખૂબ મદદ કરી.

ગ્યાસુદ્દીન શેખ દ્વારા રાહુલ ગાંધી તથા ઈન્ડિયા ગઠબંધનને રજૂઆત

# મોબલિંચિંગ અને ભડકાઉ ભાષણ અંગે લોકસભામાં અવાજ ઉઠાવવાની હાકલ

## સુપ્રીમ કોર્ટ દ્વારા તહેસીન પુનાવાલા જજમેન્ટમાં આપેલ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરાવવા સંસદમાં રજૂઆત કરવા માંગ

અમદાવાદ, તા.૧૪

અમદાવાદ મોબલીન્ચિંગ અને ભડકાઉ ભાષણ અંગે રાહુલ ગાંધી અને ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્ત્વમાં લોકસભામાં અવાજ ઉઠાવવામાં આવે તેવી પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા માંગ કરવામાં આવી છે. તેમજ મોબલીન્ચિંગ તથા ભડકાઉ ભાષણ વિશે સુપ્રીમ કોર્ટ દ્વારા તહેસીન પુનાવાલા જજમેન્ટમાં આપેલ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરાવવા સંસદમાં રજૂઆત કરવામાં આવે તેવી ગ્યાસુદ્દીન શેખે અપીલ કરી છે.

પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જણાવ્યું હતું કે, સંસદના વર્તમાન સત્રમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે ઈન્ડીયા ગંઠબંધનના તમામ નેતાઓએ બેબાક રીતે દલિત, આદિવાસી, ગરીબ, ખેડૂત, યુવા અને અલ્પસંખ્યકોના અવાજને બુલંદ કરવા બદલ ગઠબંધનના તમામ નેતાઓ પ્રશંસાપાત્ર છે.વર્તમાન સમયમાં સુપ્રિમ કોર્ટે વર્શીપ એક્ટ ૧૯૯૧ વિશે પોતાનો ચૂકાદો સંભળાવ્યો તેમજ બુલડોઝર વિશે ગાઈડલાઈન જાહેર કરીને દેશને સાંપ્રદાયિક આગમાં ધકેલનારી તાકાતોને જડબાતોડ જવાબ આપ્યો. હવે વર્તમાન સંસદ સત્રના બાકી રહેલા પાંચ દિવસોમાં દેશમાં કાનૂનનુ રાજ પુનઃ સ્થાપિત કરી શાંતિ સદભાવનાનું વાતાવરણ જાળવી રાખવા બંને ગૃહમાં સેક્યુલર પાર્ટીના તમામ સાંસદોએ સંયુક્ત રૂપે સુપ્રીમ કોર્ટ દ્વારા તહેસીન પુનાવાલા જજમેન્ટમાં આપેલ ગાઈડ લાઈનને લાગુ કરાવવા માટે અવાજ ઉઠાવવો જોઈએ તેવી અમારી વિનમ્ર વિનંતી છે.

૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે સીધી લાઈન ખેંચીને સચોટ રીતે કહ્યું હતું કે, ભડકાઉ ભાષણ અને મોબલીન્ચિંગ વિશે પોલીસે સ્વતઃ સંજ્ઞાન લઈને કેસ દાખલ કરવો જોઈએ. દરેક જિલ્લા અને તાલુકામાં મોબલીન્ચિંગ અને ભડકાઉ ભાષણની ઘટનાની તપાસ માટે એક નોડલ અધિકારીની નિમણુંક કરવી જોઈએ તેમજ આ પ્રકારના તમામ કેસોની તપાસ ડીવાયએસપી-સમકક્ષ અધિકારી દ્વારા જ થવી જોઈએ.દુઃખ સાથે કહેવું પડે છે કે સુપ્રિમ કોર્ટની સ્પષ્ટ ગાઈડલાઈન છતાં અત્યાર સુધી ન તો કોઈ નોડલ ઓફિસરની નિમણુંક કરાઈ છે કે ન તો પોલીસે પોતે સ્વતઃ સંજ્ઞાન લઈને કોઈ કાર્યવાહી કરી છે. ગ્યાસુદ્દીન શેખે વધુમાં જણાવ્યું કે, હદ તો ત્યારે થાય છે જયારે ભડકાઉ ભાષણ આપનારા વિરૂદ્ધ FIR નોંધવામાં આવી છે છતાં બહુમતી કિસ્સાઓમાં આજ દિન સુધી આરોપીની ધરપકડ કરવામાં આવી નથી. મોબલીન્ચિંગનું જઘન્ય કૃત્ય કરનારા અપરાધીઓ વિરૂદ્ધ FIR નોંધાઈ છે છતાં એફઆઈઆરમાં મોબલીચીગ સહિત અન્ય સખ્ત કાનૂની ધારાઓ લગાવવામાં આવી નથી. મોબલીન્ચિંગ અને ભડકાઉ ભાષણ બાબતે ઈન્ડિયા ગઠબંધનના તમામ સાંસદોએ એક સૂરમાં સુપ્રિમ કોર્ટના ૨૦૧૮ તહેસીન પૂનાવાલા જજમેન્ટમાં આપવામાં આવેલ ગાઈડલાઈનની થઈ રહેલ અવમાનના બંધ કરવા તેમજ સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરાવવા તથા (UAPA) જેવી સખ્ત કાનૂની ધારાઓનો સમાવેશ કરવા માંગણી કરવી જોઈએ.અત્રે ઉલ્લેખનીય છે કે સંસદીય સત્ર પહેલા ટ્વિટ અને ઈમેલ દ્વારા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત ઈન્ડિયા ગઠબંધનના શીર્ષ નેતાઓને સંવૈધાનિક અને સામાજિક ન્યાય તેમજ બિનસાંપ્રદાયિક ઢબે કાનૂનનું રાજ પુનઃ સ્થાપિત કરવા બાબતે સંસદમાં અવાજ ઉઠાવવા ગ્યાસુદ્દીન શેખે નમ્ર વિનંતી કરી હતી.તદઉપરાંત દિલ્લી ખાતે રૂબરૂ મુલાકાત દરમ્યાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અને રાજયસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૂર્વ વિદેશ મંત્રી-સુપ્રિમ કોર્ટના સિનીયર એડવોકેટ સલમાન ખુરશીદ, પૂર્વ કેબીનેટ મંત્રી સાંસદ તારીક અનવર, રાજય સભાના સીનીયર સાંસદ તથા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઓફિસ ઈન્ચાર્જ સૈયદ નાસીર હુસેન, રાષ્ટ્રીય કોંગ્રેસ અલ્પસંખ્યક મોરચાના ચેરમેન અને સાસંદ ઈમરાન પ્રતાપગઢીને વર્તમાન સંસદ સત્રમાં ૨૦૧૪થી દેશમાં ચાલી રહેલ સાંપ્રદાયિક રાજનિતી વિરૂદ્ધ અવાજ બુલંદ કરી દેશમાં કાનૂનનું રાજ પુનઃ સ્થાપિત કરાવવા તેમજ વર્શીપ એક્ટ ૧૯૯૧ તથા મોબલીચીગ અને ભડકાઉ ભાષણ બાબતે વર્તમાન સમયે સુપ્રિમ કોર્ટમાં ચાલી રહેલ સુનાવણી દરમ્યાન ઓનરરી સેવા દ્વારા ડો. અભિષેક મનુસીઘવી તેમજ સલમાન ખુરશીદને સુપ્રિમ કોર્ટમાં હાજર રહે તેવી વિનંતી કરી તેમનો કાનૂની પક્ષ રાખવા નમ્ર વિનંતી કરી હતી.તા. ૧૨-૧૨-૨૦૨૪ના રોજ કોંગ્રેસ પક્ષના તમામ નેતાઓ સહિત સીનીયર એડવોકેટ ડો. અભિષેક મનુસીંઘવી અને સલમાન ખુરશીદ એ વર્શીપ એક્ટની સુનાવણી સમયે સુપ્રિમ કોર્ટમાં ઓનરરી હાજર રહી સંસદ દ્વારા નિર્મિત વર્શીપ એક્ટ ૧૯૯૧નો ચુસ્તપણે અમલ કરાવવા સુપ્રિમ કોર્ટમાં પોતાનો પક્ષ રજૂ કર્યો તે બદલ ગ્યાસુદ્દીન શેખે તેઓનો આભાર વ્યક્ત કર્યો છે.

જિગ્નેશ મેવાણીના ગુજરાત સરકાર પર આકરા પ્રહાર

# મુખ્યમંત્રી કચેરીમાં જ કામદારોનું શોષણ થતું હોય તો રાજ્યમાં બીજી જગ્યાઓ પર શું પરિસ્થિતિ હોઈ શકે ?

## CMOમાં લિફ્ટમેન તરીકે ફરજ બજાવતા કર્મચારીને નિશ્ચિત લઘુતમ વેતનમાંથી દર મહિને રૂા.૨૫૦૦ ઓછો પગાર મળે છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૪

મુખ્યમંત્રી કચેરીમાં જ કામદારોનું શોષણ થતું હોય તો રાજ્યમાં બીજી જગ્યાઓ પર શું પરિસ્થિતિ હોઈ શકે તે સમજી શકાય તેમ છે તેવો આક્ષેપ કોંગ્રેસ નેતા જિજ્ઞેશ મેવાણીએ કર્યો છે. આ સાથે જિગ્નેશ મેવાણી દ્વારા સમગ્ર રાજ્યમાં લઘુત્તમ વેતન ધારા મુજબ કર્મચારીઓના પગાર ભથ્થાંનો અમલ કરવાની માગ કરવામાં આવી છે. કોંગ્રેસના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, અમારા વિધાનસભા વડગામના રોડ રસ્તાના અને મુક્તેશ્વર યોજનાને લગતા કેટલાક પ્રશ્નોની રજૂઆત માટે મુખ્યમંત્રી ઓફિસની મુલાકાત લીધી હતી. આ સમયે મારા ધ્યાનમાં આવ્યું હતું કે લિફ્ટમેન તરીકે ફરજ બજાવતા કર્મચારીને રૂ. ૧૦,૦૦૦ જેટલો પગાર આપવામાં આવે છે. જોકે, રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત કરવામાં આવેલા લઘુત્તમ વેતન પ્રમાણે લિફ્ટમેનનો પગાર રૂ. ૧૨,૫૦૦ જેટલો હોવો જોઈએ. એટલે કે મોંઘવારીના આ સમયમાં પણ લિફ્ટમેન જેવા એકદમ સાધારણ કર્મચારીને લઘુત્તમ વેતનથી ઓછો પગાર આપવામાં આવે છે. વધારે ગંભીર બાબત એ છે કે મુખ્યમંત્રી કચેરીમાં કામ કરતા કર્મચારીની જો આ સ્થિતિ હોય કે જ્યાં કર્મચારીઓને નિયત વેતન કરતાં રૂ. ૨,૫૦૦ જેટલો ઓછો પગાર ચૂકવવામાં આવતો હોય તો રાજ્યમાં અન્ય જગ્યાઓની શું સ્થિતિ હશે તે સમજી શકાય તેમ છે. જિગ્નેશ મેવાણીએ એવો પણ સવાલ ઉઠાવ્યો હતો કે, રાજ્ય સરકારે લઘુત્તમ વેતન રૂ. ૧૨,૫૦૦ નિશ્ચિત કર્યું હોય તો લિફ્ટમેનને દર મહિને જે રૂ. ૨,૫૦૦ ઓછો પગાર મળે છે તેની કોઈના દ્વારા ઊચાપત કરવામાં આવે છે કે કેમ તેની તપાસ થવી જોઈએ. ખાનગી કંપનીઓ અને ફેક્ટરીના માલિકો દ્વારા લઘુત્તમ વેતન ચૂકવવામાં ના આવતું હોય તો તેનો અમલ કરાવવાની જવાબદારી રાજ્ય સરકારની છે. આવા સમયે CMOમાં જ કર્મચારીનું થતું શોષણ દીવા તળે અંધારા સમાન છે. તેમણે ઉમેર્યું કે, કર્મચારીઓને સન્માનની નજરથી જોવાને બદલે, એમના શ્રમની કદર કરવાને બદલે એમનું શોષણ થાય છે, જે અત્યંત દુઃખદ અને સમગ્ર ગુજરાત માટે શરમજનક છે. આપણા દેશની સર્વોચ્ચ અદાલતે અનેક ચૂકાદાઓમાં લઘુત્તમ વેતન નહિ ચૂકવવાને માનવ અધિકારનું ગંભીર હનન ગણાવ્યું છે. જિગ્નેશ મેવાણીએ દાવો કર્યો કે, માત્ર CMO જ નહીં, સમગ્ર ગુજરાતમાં સર્કિટ હાઉસમાં, મામલતદાર, પ્રાંત અધિકારી, કલેકટર કચેરી સહિતની અન્ય કચેરીઓમાં પણ કર્મચારીઓને લઘુત્તમ વેતન ચૂકવવામાં આવતું નથી. વધુમાં રાજ્યમાં કર્મચારીઓને પગાર સ્લીપ આપવામાં આવતી નથી કે પી.એફ.નો પણ લાભ આપવામાં આવતો નથી. ખુદ રાજ્ય સરકાર પોતાના કર્મચારીઓનું અમાનવીય શોષણ કરે છે. રાજ્યમાં કામદાર વર્ગ મોટાભાગે દલિત આદિવાસી ઓબીસી સમાજમાંથી આવે છે ત્યારે ફિક્સ પગાર, આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ પ્રથાને કારણે સમગ્ર ગુજરાતમાં કર્મચારીઓ ખૂબ જ નારાજ છે.

# રાજયમાં યોજાયેલી લોક અદાલતોમાં પ્રિ-લીટીગેશન કેસોમાં રૂા. ૯૦.૨૯ કરોડના એવોર્ડ થયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

૨૦૨૪ના વર્ષની છેલ્લી રાષ્ટ્રીય લોકઅદાલતનું ગુજરાત સહિત દેશભરમાં આજે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવાની દાવા, મોટર અકસ્માત, ચેક રિટર્ન, રાજયમાં આજે યોજાયેલી લોક અદાલતોમાં પ્રિ-લીટીગેશન કેસોમં રૂા.૯૦.૨૯ કરોડના એવોર્ડ થયા હતા. તો, ઈ-ચલણના કુલ ૨,૮૫,૮૩૭ કેસો પૂર્ણ થયેથી તે પેટે રૂા.૧૭.૧૫ કરોડની રકમ વસૂલી શકાઇ હતી. આ સિવાય રાજયની અદાલતોમાં પેન્ડીંગ દાંપત્યજીવનને લગતી ૩૩૦૪ તકરારોનો પણ લોક અદાલતના માધ્યમથી નિકાલ કરાયો હતો. તો, દસ વર્ષ જૂના ૧૨૯૬ કેસોમાં પણ સુખદ નીવેડો આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અને કાનૂની સેવા સત્તામંડળના મુખ્ય સંરક્ષક સુનિતા અગ્રવાલ તેમ જ જસ્ટિસ બીરેન વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયમાં કોર્ટોમાં વિવિધ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આજની રાષ્ટ્રીય લોક અદાલતમાં સમગ્ર રાજયમાં સૌથી વધુ કેસોનો નિકાલ ઘી કાંટા સ્થિત ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ ખાતે નોંધાયો હતો. ઘી કાંટા ફોજદારી કોર્ટ ખાતે આજે કાનૂની સેવા સમિતિના ચેરમેન અને ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ એ.એન.વોરા, ગુજરાત રાજય કાનૂની સેવા સમિતિના સચિવ એ.પી.ગોસ્વામી સહિતના આગેવાનોની હાજરીમાં યોજાયેલી લોક અદાલતમાં કુલ રૂ.૩.૫૩ અબજથી વધુ રકમના રૂ. ૧,૩૩,૯૯૪ કેસનો નિકાલ કરાયો હતો. ઘી કાંટા ચીફ જ્યુડીશયલ મેજિસ્ટ્રેટ કોર્ટો દ્વારા ફોજદારી સમાધાનને લાયક કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના(ચેક રિટર્નના) કેસો, લગ્ન વિખવાદના તેમ જ ભરણપોષણ અંગેના કેસો સહિત કુલ ૩૫,૩૪૯ કેસો પૈકી ૩૧,૧૧૪ કેસોનો નિકાલ કરીને રૂ.૩,૫૩,૩૩,૭૧,૨૯૬ કરોડની રકમના કેસોમાં સમાધાન થયા છે. આ ઉપરાંત ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન અંગે ટ્રાફિક વિભાગ દ્વારા આપવામાં આવેલા ઈ-ચલણના ૧,૦૨,૮૮૦ કેસો પૈકી ૧,૦૨,૩૮૩ ઈ-ચલણ અને ૪૯૭ બેંકોના પ્રિલીટીગેશના કેસોમાં રૂ.૯,૮૪,૯૮,૪૧૭ ની રકમના કેસોનો નિકાલ કરાયો છે. લોક અદાલતના ઈતિહાસમાં સૌપ્રથમવાર સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં યોજાયેલી લોક અદાલતનું ઉદ્ઘાટન મહિલા કોર્ટ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

પૂર્વ વિસ્તારમાં વધુ એક હત્યાના બનાવને લઈ કાયદો-વ્યવસ્થા સામે ઉઠતા સવાલ

# અમદાવાદના પૂર્વ વિસ્તારમાં જાહેરમાં નજીવી બાબતે વેપારી પર છરીથી હુમલો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૪

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. નજીવી બાબતે એક વેપારી પર અસામાજિક તત્વોએ હુમલો કર્યો હતો. વેપારીને પગમાં છરી મારી હોવા છતાં સારવાર દરમ્યાન વેપારીનું મોત નિપજતા સમગ્ર મામલો હત્યામાં પરિવર્તિત થયો હતો. જોકે પોલીસે હત્યાના ગણતરીના કલાકોમાં આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદમાં રામોલ વિસ્તારમાં ઈલેક્ટ્રિકનું છૂટક કામ કરતા રાજેશ રાઠોડ તેના મિત્ર ભરત મારં સાથે કામ પરથી પરત ફરી

### ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં લઈ જતાં મૃત જાહેર કરાયો

રહ્યા હતા તે દરમ્યાન આર.કે.એસ્ટેટ પાસેથી પસાર થયા હતા ત્યારે અક્ષય ઉર્ફે ભૂરિયો ત્યાં હાથમાં છરી લઈને જાહેર રસ્તા પર ઉભો હતો અને ત્યાંથી નીકળતા લોકોને ધમકાવતો હતો. બંને મિત્રોનો અવર જવરનો દરરોજ નો રસ્તો હોવાથી તે અક્ષત ઉર્ફે ભૂરિયાને ઓળખતા હતા. રાજેશભાઈ અને ભરતભાઈ ત્યાંથી પસાર થતા હતા ત્યારે આરોપી અક્ષય તેના તરફ દોડીને આવી રહ્યો હતો જેથી તાત્કાલિક એક્ટિવાની બ્રેક મારી હતી. જેનાથી ઉશ્કેરાઈ જઈને આરોપી અક્ષય ઉર્ફે ભૂરિયો બંનેની પાછળ દોડ્યો હતો. જોકે ભરતભાઈ એક દુકાન તરફ દોડી ગયા હતા જ્યારે રાજેશભાઈ દોડી નહીં શકતા આરોપી અક્ષયે તેને પગના ભાગે છરીનો ઘા માર્યો હતો અને નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત રાજેશભાઈને હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટના બાદ પોલીસે ભરતભાઈની ફરિયાદને આધારે અક્ષય ઉર્ફે ભૂરિયાની ધરપકડ કરી છે. પોલીસની તપાસમાં સામે આવ્યું છે કે આરોપી અક્ષય ગુનાહિત માનસિકતા ધરાવે છે અને તે અગાઉ અનેક ગુનાઓને અંજામ આપી ચૂક્યો છે. આરોપી અક્ષય અગાઉ ત્રણ વખત પાસાની સજા પણ કાપી ચૂક્યો છે. આરોપી અક્ષય જાહેરમાં છરી વડે લોકોને ડરાવી પોતાની ધાક જમાવતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે એક તરફ પોલીસ કોમ્બિંગના દાવાઓ કરી રહી છે ત્યારે આવા તત્વો પર જાણેકે હજી પણ સ્થાનિક પોલીસનો કોઈ ખોફ નથી તેમ જાહેરમાં લોકોને ડરાવી લુખ્ખાગીરી કરતા હોય તેવી ઘટનાઓ સામે આવી રહી છે. જેને લઈને પોલીસ કાર્યવાહી સામે સવાલો ઉઠવા પામ્યા છે.

તંત્ર દ્વારા કચરામાંથી પણ ભ્રષ્ટાચાર કરાયો હોવાનો વિપક્ષના નેતાનો આક્ષેપ

# પીરાણા ખાતે મુકાયેલ ટ્રોમિંગ મશીનમાં કચરો પ્રોસેસ કરવાના નામે મોટો ભ્રષ્ટાચાર : વિપક્ષ

## ચાર વર્ષમાં કચરો પ્રોસેસ કરવા પાછળ કુલ ૧૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ કરવા છતાં કચરાનો ડુંગર યથાવત

અમદાવાદ,તા.૧૪

પીરાણા ખાતે મુકાયેલ ટ્રોમિંગ મશીનમાં કચરો પ્રોસેસ કરવાના નામે મોટો ભ્રષ્ટાચાર કરાયો હોવાનો આક્ષેપ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણ દ્વારા કરવામાં આવ્યો છે. શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે કચરામાંથી મીથાઈન ગેસ નીકળે છે જેથી એર પોલ્યુશન થાય છે તથા જમીનની નીચે પાણીમાં પણ પોલ્યુશન ફેલાય છે. તે બાબતે હાઈકોર્ટ સમક્ષ અસંખ્ય પી.આઈ.એલ. થતા હાઈકોર્ટ દ્વારા તે કચરાના ડુંગરને દુર કરવા બાબતે કાર્યવાહી કરવાની મ્યુ. કોર્પો.ને આદેશ આપેલ જેના અનુસંધાને હાલમાં મ્યુનિ. કોર્પો. દ્વારા ૩૦૦ TPD અને ૧૦૦૦ TPD ક્ષમતા વાળા ટ્રોમિંગ મશીનો દ્વારા કચરો પ્રોસેસ કરવા મશીન મુકવામાં આવેલ છે ટ્રોમીંગ મશીનમાં કચરો પ્રોસેસ કરવાના નામે મોટો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે, ઓકટોબર ૨૦૨૨થી જુન-૨૦૨૩ એટલે કે નવ માસના સમયગાળા દરમ્યાન રૂા.૧૫.૭૪ કરોડ જેટલી માતબર રકમ ચૂકવવામાં આવેલ છે જેમાં ૧૦૦૦ TPD ક્ષમતા વાળા ટ્રોમિંગ મશીનો પાછળ રૂા.૫.૦૧ કરોડ અને ૩૦૦ TPD ક્ષમતાવાળા ટ્રોમિંગ મશીનો પાછળ ૧૦.૭૩ કરોડ મળી કુલ ૧૫.૭૪ કરોડ ચૂકવી દેવાયેલ છે. આમ સમગ્ર બાબત જોતા મ્યુ.કોર્પો. દ્વારા પીરાણા ડમ્પીંગ સાઈટ ઉપર ટ્રોમિંગ મશીનો સને ૨૦૧૯થી ચલાવવામાં આવે છે. જેથી એક વર્ષ ટ્રોમિંગ મશીનો ચલાવવા પાછળ રૂા.૨૫.૦૦ કરોડથી વધુની રકમ ચુકવાય છે એટલે સને ૨૦૧૯થી સને ૨૦૨૪ સુધી એમાં કોવિડનું એક વર્ષ બાદ કરતા એટલે કે ચાર વર્ષમાં કચરો પ્રોસેસ કરવા પાછળ કુલ ૧૦૦.૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ કરવામાં આવે છે હાલ તે તમામ મશીનો માત્ર દેખાવ ખાતર ચાલી રહ્યા છે પરંતુ કચરો પ્રોસેસ થતો નથી જેથી માત્ર કોન્ટ્રાકટરોને ફાયદો કરાવવા માટે મશીનો ચલાવી રહ્યા હોય તેમ જણાય છે જેને કારણે કચરાનો ડુંગર યથાવત જ રહેવા પામે છે અને તેનો નિકાલ થતો નથી. હાઈકોર્ટ દ્વારા અગાઉ મ્યુનિ. કમિ. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને કલેકટરને લીગલ નોટિસ આપી હતી તેમ છતાં આ બાબતે કોઈ ગંભીર કાર્યવાહી કરવામાં આવી નથી નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા મ્યુનિ. કોર્પો.ને પીરાણા ડમ્પીંગ સાઈટ ખાતે કચરાના ઢગલાંને એક વર્ષમાં દુર કરવાનો આદેશ કરેલ છે પરંતુ ભ્રષ્ટાચારમાં ગળાડુબ તંત્ર તથા ભાજપના સત્તાધીશો ટ્રોમિંગ મશીનો દેખાવ ખાતર મુકી કચરામાંથી પણ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે જે ખુબ જ શરમજનક બાબત છે. ટ્રોમિંગ મશીનો બાબતે થયેલ ભ્રષ્ટાચાર મામલે તાકીદે વિજિલન્સ તપાસ કરી કસુરવાર અધિકારીઓ તથા કોન્ટ્રાકટરો સામે કડક પગલાં ભરી કચરાના ડુંગરનો નિકાલ કરવા નક્કર અને પરિણામલક્ષી કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષની માગણી છે.

કરિયાવરને લઈને સાસરિયા પક્ષના લોકો હેવાન બની જતાં હોવાના બનાવો જારી

# દહેજની ભૂખી સાસુને પુત્રવધુની હત્યા કરવા બદલ આજીવન કેદની સજા

## કઈ રીતે સાસુએ હત્યા કરી આકસ્મિક મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો તેનો પર્દાફાશ કરાયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

કરિયાવરને લઈને ઘણા પરિવારો વેરવિખેર થયા હોવાની અનેક ઘટનાઓ આવી છે જેમાં કરિયાવરને લઈને સાસરિયા પક્ષના લોકો હેવાન બની જતાં હોવાના પણ બનાવો બનવા હોય છે. ત્યારે આવી ઘટનાને લઈને સાસરિયાઓ હત્યા જેવા પગલાં ભરતા પણ નથી અચકાતા, આવા જ એક કરિયાવરને લઈને એક દીકરીનો ભોગ લેવાયો હતો. સાસુએ પુત્રવધુની હત્યા કરીને તેને આકસ્મિતક મોતમાં ખાપાવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ કેસની તપાસ કરનાર DYSP સાણંદ નિલમ ગોસ્વામીએ કઈ રીતે સાસુએ હત્યા કરી આકસ્મિતક મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો તેનો પર્દાફાશ કર્યો હતો. ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગત ૨૮ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ કણભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા કુહામાં બપોરનાં ૧૨થી અઢી વાગેનાં સુમારે એક ૨૨ વર્ષિય પરણીતાનું ઈલેક્ટ્રીક શોર્ટ લાગતા પાણીની કુંડીમાં પડી જવાથી મોત નીપજ્યુંહતું. લગ્નના છ મહિના બાદ પોતાની દીકરીના મોતના સમાચાર સાંભળીને ૩૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ૨૨ વર્ષિય મિત્તલના પિતાએ સાસુ સામે દીકરીની હત્યા કરી હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં પિતાએ જણાવ્યું હતું કે તેમની દીકરીની હત્યા કરવામાં આવી છે, આ ઘટનાને તેના સાસુ દ્વારા અંજામ આપવામાં આવ્યોછે. અત્રે ઉલ્લેખનીય છે કે, સાસુ વિણા રાજેશભાઈ ફુલાજી ડાભી પોતાના દીકરા કિશનની પત્ની મિત્તલને અવારનવાર કરિયાવરને લઈને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા અને કિશનને છૂટાછેડા આપવા દબાણ કરતા હતા. આવું આરોપી વિણા દીકરા કિશનની પહેલી પત્ની કે જેને કિશને છૂટાછેડા આપી દીધા હતા લગ્નમાં જે કરિયાવર લાવી હતી જેમાં સોનાની ત્રણ લગડીઓ અને સાત વીઘા જમીનો પાછી ન આપવી પડે તે ઈરાદાથી કિશનની બીજી પત્ની મિત્તલને માથાના પાછળના ભાગે છુટી ઈંટ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેબાદ ઈલેક્ટ્રીક મોટર પાણીની કુંડીમાં નાંખી મોટર ચાલુ કરી મોતને ઘાટ ઉતારી હતી. જે મામલે પોલીસે પુરાવાઓનાં આધારે આરોપી સાસુની ધરપકડ કરી હતી. જેની તપાસ સમય મર્યાદામાં પૂર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરતા સેસન્સ કોર્ટે સુનાવણી દરમ્યાન ફરીયાદી, તપાસ કરનાર અધિકારી, પંચો, સાહેદો અને ફોરેન્સીક પુરાવાને ધ્યાનમાં લઈને સાસુને આજીવન કેદની સજા ફટકારવાનો હુકમ કર્યો હતો.

# શહેરની સિવિલ હોસ્પિટલમાંથી એટીએસએ હથિયાર સાથે બે શખ્સોની કરી ધરપકડ

## અગાઉની હત્યાનો બદલો લેવા સાથે હથિયાર લઈને ફરતા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૪

ગુજરાત એટીએસએ અમદાવાદ શહેરની સિવિલ હોસ્પિટલ પરિસરમાંથી હથિયાર સાથે બે શખ્સોની ધરપકડ કરી છે. આરોપી પાસેથી ૨ પિસ્તોલ અને ૬ રાઉન્ડ કબજે કરવામાં આવ્યા છે. આરોપીઓ અગાઉની હત્યાનો બદલો લેવા સાથે હથિયાર લઈને ફરતા હતા. બંને આરોપીઓ બોટાદના રહેવાસી છે. બંને આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાત ATS દ્વારા સિવિલ હોસ્પિટલ પાસેથી યુ.એન મહેતા હોસ્પિટલના ઈનગેટ અને આઉટગેટની વચ્ચે ફૂટપાથ પર બેઠેલા મુનાફ માંકડ અને તૌસિફ વોરા નામના આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી ૨ કારતૂસ અને ૬ રાઉન્ડ મળી આવ્યા હતા. બંને આરોપીઓની ધરપકડ કરી ATSએ તપાસ હાથ ધરી છે. બંને મૂળ બોટાદના રહેવાસી છે. આરોપી મુનાફ સામે ૮ ગુના અને તૌસિફ સામે ૭ ગુના નોંધાયેલા છે. બે વર્ષ અગાઉ આરોપી મુનાફ અને તેનો ભાઈ મોહસીન બાઈક પર જઈ રહ્યા હતા, ત્યારે સિરાજ ડોન અને અફઝલ નામના વ્યક્તિએ ફાયરિંગ કરીને મોહસીનની હત્યા કરી હતી. આ હત્યાનો બદલો લેવા બંને હથિયાર સાથે લઈને ફરતા હતા.

# અપાર IDની કામગીરીમાં મુશ્કેલી અંગે શૈક્ષિક સંઘની રજૂઆત

- આધાર કાર્ડમાં એક અક્ષરની ભૂલ હોય તો પણ અપાર આઈડી જનરેટ થતાં નથી
- શાળાકક્ષાએ કેમ્પનું આયોજન કરી સુધારાની કામગીરી કરવા માંગણી કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૪

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અપાર આઈડીની કામગીરીમાં મુશ્કેલીઓ પડતી હોવાથી શૈક્ષિક મહાસંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ચાલુ વર્ષમાં શિક્ષણના ભોગે પ્રથમ સત્ર ઈ-કેવાયસીની કામગીરીમાં પૂર્ણ થતું અને બીજુ સત્ર અપાર આઈડીની કામગીરીમાં પૂર્ણ થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ અપાર આઈડીમાં બાળકનું નામ જનરેટ કરવાનું વડી કચેરી દ્વારા શાળાઓ પર ખૂબ જ દબાણ કરવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓના અપાર આઈડી જનરેટ કરવામાં અનેક મુશ્કેલીઓ આવી રહી છે. જેને લઈને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. જેમાં જણાવાયુંછે કે, આધારકાર્ડમાં માત્ર એક અક્ષરની ભૂલ હોય તો પણ અપાર જનરેટ થતું નથી, જેથી આધારકાર્ડમાં સુધારો કરવા માટે શાળા કક્ષાએ કેમ્પનું આયોજન કરવું જરૂરી છે. આધારકાર્ડમાં ખોટા રેકોર્ડ મુજબ યુડાયસમાં સાચા રેકોર્ડને ખોટો કરવો તે યોગ્ય ન હોવાની રજૂઆત પણ કરાઈ છે. અપાર આઈડીની કામગીરીમાં શાળાઓની અંદર અત્યારે શિક્ષણની કામગીરી બાજુએ મૂકી દેવામાં આવી છે. ઉપરાંત વાલીઓ તરફથી પણ અપાર આઈડીને લઈને સહયોગ મળતો ન હોવાનું જાણવા મળે છે. ડિસેમ્બર માસમાં દ્વિતીય સત્રની એકમ કસોટીઓ શરૂ થશે અને જાન્યુઆરી મહિનામાં પ્રિલિમનરી પરીક્ષાઓ શરૂ થશે. જે પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં એક કરતાં વધુ વર્ગો છે તેમાં સંખ્યા પણ ખૂબ હોવાથી એક સાથે આ કામગીરી કરવી શક્ય નથી. જન્મના દાખલામાં વાલી સાથેનું સળંગ નામ માંગે છે. જે મોટાભાગના જન્મના દાખલામાં હોતું નથી. આધાર કાર્ડમાં સુધારો કરવા માટે સ્કૂલ તરફથી આપેલું બોનાફાઈડ માન્ય રાખવામાં આવે તો જ બાળકોના નામ શાળાના રેકોર્ડ મુજબ થશે. હાલ શાળાઓમાં માત્ર ૧૨ થી ૧૫ ટકા બાળકોના નામ મેચ આવે છે બાકી બધા જ બાળકોના નામ મિસ મેચ આવતા હોય આ કામગીરી ખૂબ જ કપરી કઠિન અને અઘરી છે. જે વિદ્યાર્થીઓના આધાર કાર્ડમાં સુધારો કરવામાં આવી રહ્યો છે, તેમાં સુધારેલી માહિતી અપડેટ થવામાં ખૂબ જ સમય લાગે છે. જેથી આ કામગીરી સમય મર્યાદામાં થઈ શકે નહીં, તેના માટે વધારે સમય આપવો જરૂરી છે.

ગુજરાત સરકાર



“ હું ખરેખર રોમાંચિત છું કે કચ્છનું ધોરડો ગામ, તેના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને પ્રાકૃતિક સૌંદર્ય માટે પ્રસિદ્ધ થઈ રહ્યું છે. આ સન્માન ભારતીય પ્રવાસનની ક્ષમતાનું જ નહીં, પરંતુ કચ્છના લોકોના સમર્પણને પણ પ્રદર્શિત કરે છે.

ધોરડો હંમેશા ઝગમગતું રહે અને વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષતું રહે! ”

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન, ભારત



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

# rann utsav

01st DEC, 2024 to 28th FEB, 2025

# રણ એક રંગ અનેક

કલ્પના કરો એક એવા સ્થળની, જ્યાં ધરતી રાત્રે ચાંદનીના પ્રકાશથી ઝળહળી ઉઠે છે અને સૂર્યોદયની સાથે સોનેરી રંગમાં રંગાઈ જાય છે. આ કચ્છનો જાદુ છે અને રણ ઉત્સવનો અવિસ્મરણિય અનુભવ છે, જે તમારી યાદોમાં જીવનભર શાશ્વત રહેશે.









| વૈભવી ટેન્ટ્સ અથવા કચ્છી ભુંગામાં રહેવાનો અનુભવ | ગાઇડેડ ટૂર સાથે કચ્છ જોવાનો અનુભવ | ઝિપલાઇન, એટીવી રાઇડ્સ અને બીજી ઘણી બધી રોમાંચક પ્રવૃત્તિઓ | સંસ્કૃતિ, ભોજન અને હસ્તકલાનો સમન્વય |
|---|---|---|---|

કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા

**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લૉક નંબર 16, ચોથો માળ, સેક્ટર-11, ગાંધીનગર - 382 010, ગુજરાત
www.gujarattourism.com • ટોલ ફ્રી નંબર: **1800 203 1111**

DHORDO BEST TOURISM VILLAGE 2023 BY UNWTO

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# ભાજપ વક્ફ બિલનો ઉપયોગ તેની હિંદુત્વની રાજનીતિ માટે કરી રહ્યો છે

## આ હિન્દુત્વ પક્ષ એવી ધારણાની તરફેણમાં જાહેર સમર્થન એકત્ર કરી રહ્યું છે કે વક્ફ બોર્ડ જમીન પર અતિક્રમણ કરે છે અને તેના માટે તેની પાસેથી તાત્કાલિક સ્વતંત્રતા છીનવી લેવાની જરૂર છે

ભારતીય જનતા પાર્ટીના સાંસદ તેજસ્વી સૂર્યાએ ઓક્ટોબરના અંતમાં વિજયપુરા જિલ્લાના એવા ખેડૂતોની મુલાકાત લીધી હતી જેમને એવી નોટિસો મળી હતી કે તેઓ જે જમીન પર કબજો કરી રહ્યાં છે તે વાસ્તવમાં વક્ફ બોર્ડની માલિકીની છે જે મુસ્લિમ ધર્માદા મિલકતોનું સંચાલન કરે છે. સૂર્યાએ દાવો કર્યો હતો કે આ નોટિસો કોઈ પુરાવા કે સમજૂતી વિના મોકલવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ દાવાઓ આશ્ચર્યજનક છે, જેમાં હોનાવાડાના એક ગામમાં લગભગ ૧,૫૦૦ એકર જમીન પર દાવો કરવામાં આવ્યો છે.

કર્ણાટક સરકારે દાવો કર્યો હતો કે વિજયપુરા ગામના ખેડૂતોને નોટિસ ગેઝેટ નોટિફિકેશનમાં ભૂલનું પરિણામ છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ અધિકારીઓને રાજ્યના અન્ય ભાગોમાં પણ ખેડૂતોને આપવામાં આવેલી આવી નોટિસો પાછી ખેંચી લેવાનો નિર્દેશ આપ્યો હતો. પરંતુ આ નોટિસો પછી હાવેરી જિલ્લામાં હિંસા થઈ હતી, અને કડાકોલ જિલ્લામાં ગ્રામવાસીઓએ મુસ્લિમ રહેવાસીઓના ઘરો પર પથ્થરમારો કર્યો હતો, કારણ કે તેઓને એવો ડર હતો કે તેમની જમીન પણ વક્ફ મિલકત તરીકે દાવો કરવામાં આવશે. ધારવાડ અને કલબુર્ગીમાં ખેડૂતોએ પણ આ જ ચિંતાઓને લઈને દેખાવો કર્યા હતા.

કર્ણાટકની આ ઘટનાઓ એક એવું ઉદાહરણ છે કે ભાજપ એવી ધારણા ઊભી કરી રહ્યું છે કે, કેવી રીતે વક્ફ બોર્ડ જમીન પર અતિક્રમણ કરે છે અને તે કાયદામાં તાકીદે સુધારો કરવાની જરૂર છે. ભાજપ આ માન્યતાને આગળ વધારવા માટે હિન્દુઓને ગુસ્સે કરી રહી છે. તે હિંદુત્વના કાવતરાનો સિદ્ધાંત છે કે ભારતીય મુસ્લિમોએ હિંદુઓ અથવા સરકારની જમીનો ગેરકાયદેસર રીતે કબજે કરવા માટે કહેવાતી 'જમીન જેહાદ' શરૂ કરી છે. વક્ફ મિલકત એ સમુદાયના કલ્યાણ માટે મુસ્લિમો દ્વારા કરવામાં આવતું સખાવતી દાન છે. તેઓનું સંચાલન રાજ્ય-સ્તરીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે જેમની પાસે વક્ફ એક્ટ, ૧૯૯૫માં નિર્ધારિત સત્તાઓ છે. ભારતમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે ૩૦ વક્ફ બોર્ડ છે. તેઓ સૌ મળીને દેશભરમાં લગભગ ૯ લાખ પ્રોપર્ટીનું નિયંત્રણ કરે છે.

લોકસભાએ ૨૮ નવેમ્બરે વક્ફ બોર્ડની કામગીરીમાં સુધારાની દરખાસ્ત કરતા બિલની સમીક્ષા કરતી સંયુક્ત સંસદીય સમિતિનો કાર્યકાળ લંબાવ્યો છે. વિપક્ષી પક્ષો અને મુસ્લિમ સંસ્થાઓએ આ બિલનો વિરોધ કર્યા બાદ આ કાયદાનો ડ્રાફ્ટ ઑગસ્ટમાં સમીક્ષા માટે મોકલવામાં આવ્યો હતો. તેઓ દલીલ કરે છે કે આ સુધારાથી સરકાર બોર્ડ પર વધુ નિયંત્રણ કરી શકશે, ચેરિટી માટે મિલકતોના દાનને પ્રતિબંધિત કરવામાં આવશે અને વક્ફ ટ્રિબ્યુનલ્સની કામગીરીમાં ફેરફાર થશે અને મિલકતના વિવાદોના ઉકેલમાં મુશ્કેલી ઊભી થશે.



સંસદીય પેનલ ૨૯ નવેમ્બરે તેનો અહેવાલ દાખલ કરવાની હતી, પરંતુ હવે તે ફેબ્રુઆરીમાં આગામી બજેટ સત્રના અંતે કરશે. સમિતિમાં વિપક્ષી નેતાઓએ બિલ પર વધુ ચર્ચાની માંગણી કર્યા પછી આ વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આ પગલું બિલનો વિરોધ કરનારાઓની જીત તરીકે જોવામાં આવે છે, અને વિરોધ પક્ષના નેતાઓ અને મુસ્લિમ સંસ્થાઓના પ્રતિનિધિઓએ સ્ક્રોલને જણાવ્યું હતું કે તેઓ વક્ફ બોર્ડને જમીન અતિક્રમણ કરનારા તરીકે દર્શાવવાની ભાજપની વ્યૂહરચનાથી સાવચેત છે. તેઓએ કહ્યું કે બોર્ડની સત્તામાં ઘટાડો કરતા આ બિલની તરફેણમાં જનતાનો અભિપ્રાય મેળવવા માટે ભાજપ આવું ષડયંત્ર કરી રહ્યું છે.

સંસદીય પેનલના સભ્ય તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનરજીએ જણાવ્યું હતું કે, ભાજપે વક્ફ બોર્ડની વિરુદ્ધ સામાન્ય લોકોમાં વાતાવરણ ઊભું કરવા માટે ખોટા મુદ્દાઓ ઉઠાવ્યા છે કારણ કે તેમને સંસદમાં બિલને આગળ ધપાવવામાં મુશ્કેલી પડી રહી છે. દિલ્હી વક્ફ બોર્ડના પૂર્વ વકીલ વજીહ શફીકે કહ્યું કે, મુસલમાનોને ખલનાયક તરીકે દર્શાવવા અને સમુદાય વિરુદ્ધ મતદારોનું ધ્રુવીકરણ કરવાની ભાજપની આ નવી યુક્તિ છે.

**ભાજપનો 'લેન્ડ જેહાદ'નો આરોપ**

વક્ફ બિલના ટીકાકારોએ દાવો કર્યો છે કે તેનો પ્રાથમિક ઉદ્દેશ્ય બોર્ડ પર વધુ સરકારી નિયંત્રણ આપવાનો છે. દાખલા તરીકે, આ બિલમાં સરકાર અને વક્ફ બોર્ડ વચ્ચેના વિવાદના કિસ્સામાં જિલ્લા કલેક્ટરની કચેરીને નિર્ણાયક સત્તા આપવાનો પ્રસ્તાવ છે. કર્ણાટકમાં, બીજેપી ધારાસભ્ય બસનાગૌડા પાટીલ યત્નાલે એક ડગલું આગળ વધીને તમામ વક્ફ મિલકતોનું રાષ્ટ્રીયકરણ કરવાની માંગ કરી હતી. નવેમ્બરમાં કર્ણાટકમાં ત્રણ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી થઈ ત્યારે ભાજપે પણ આ વિવાદનો ચૂંટણી મુદ્દા તરીકે ઉપયોગ કર્યો હતો. આ હિંદુત્વ પાર્ટીએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે હિંદુઓ દ્વારા વક્ફ પ્રોપર્ટી તરીકે ખેતી કરવામાં આવતા પ્લોટને ખોટી રીતે રજૂ કરીને તેઓ મુસ્લિમોને ખુશ કરી રહ્યા છે. વક્ફ બિલમાં સુધારો કરવા અને મતદારોને સાંપ્રદાયિક રીતે ધ્રુવીકરણ કરવા માટે જમીન વિવાદોનો લાભ લેવાની પાર્ટીની વ્યૂહરચના કેરળમાં પણ તાજેતરના મહિનાઓમાં સ્પષ્ટ થઈ ગઈ છે. એર્નાકુલમ જિલ્લાના મુનામ્બમ કિનારે ૪૦૪-એકર જમીનની પટ્ટી ૧૯૬૦ના દાયકાથી વક્ફ બોર્ડ અને લગભગ ૬૦૦ હિંદુ અને ખ્રિસ્તી માછીમાર પરિવારો વચ્ચે કાનૂની વિવાદના કેન્દ્રમાં છે. પ્રભાવશાળી સિરો-માલાબાર ચર્ચની આગેવાની હેઠળના ખ્રિસ્તી સંગઠનોએ સંયુક્ત સંસદીય સમિતિને પત્ર લખ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે વક્ફ બોર્ડે સમુદાયના સભ્યોની માલિકીની મિલકતો પર ગેરકાયદેસર રીતે દાવા કર્યા છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ તેમને ખાતરી આપી છે કે સમિતિ તેમની ફરિયાદોનું નિરાકરણ કરશે. ઓક્ટોબરથી, કેરળમાં ભાજપે વક્ફ બિલમાં સુધારા માટે દબાણ કરતા રહેવાસીઓ અને ચર્ચને સમર્થન આપ્યું છે. કર્ણાટકની જેમ અહીં પણ ભાજપે આ વિવાદને ચૂંટણીનો મુદ્દો બનાવી દીધો હતો. વાયનાડ લોકસભા સીટમાં ગયા મહિને થયેલી પેટાચૂંટણી માટેની પ્રચાર રેલીમાં, ભાજપના સાંસદ સુરેશ ગોપીએ જણાવ્યું હતું કે આ ખરડામાં સુધારા વક્ફબોર્ડની નિર્દયતાને ખતમ કરશે. તેમણે દાવો કર્યો હતો કે જો મતદારો ભાજપને સમર્થન નહીં આપે તો કેરળમાં સબરીમાલા મંદિર અને તમિલનાડુમાં વેલંકન્ની ચર્ચ પર વક્ફ બોર્ડ દ્વારા દાવો કરવામાં આવશે. નવેમ્બરમાં, ભાજપે તમિલનાડુમાં વક્ફ બોર્ડ પર લેન્ડ જેહાદનો આરોપ લગાવ્યો હતો. કેન્દ્રીય મંત્રી શોભા કરંદલાજેએ આરોપ લગાવ્યો હતો કે વક્ફ બોર્ડે ત્રિચીમાં ૬૦૦ લોકોની જમીન અને તિરુચેન્દુરાઈ મંદિર પર ગેરકાયદેસર દાવો કર્યો છે. વક્ફ બિલની સમીક્ષા કરતી સંસદીય પેનલના સભ્ય કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે કહ્યું કે ભાજપ વક્ફ બોર્ડનો પ્રોક્સી તરીકે ઉપયોગ કરીને સમગ્ર મુસ્લિમ સમુદાયને નિશાન બનાવવા માટે લેન્ડ જેહાદ ષડયંત્રના સિદ્ધાંતનો પ્રચાર કરી રહ્યું છે. મસૂદે કહ્યું કે, મુખ્ય લક્ષ્ય મુસ્લિમોને અલગ પાડવાનું છે. તેઓ તે લક્ષ્ય કેવી રીતે પ્રાપ્ત કરશે? પહેલા તેઓ સાબિત કરવા માંગે છે કે મુસ્લિમોએ ખેડૂતો, હિંદુઓ અને ખ્રિસ્તીઓની માલિકીની જમીન પર અતિક્રમણ કર્યું છે અને પછી તેઓ તેનો ઉપયોગ વક્ફ બોર્ડની સત્તા છીનવી લેવા માટે કરશે. પેનલના મસૂદના સાથીદાર, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ કલ્યાણ બેનરજીએ પણ કહ્યું હતું કે ભાજપ તેના રાજકીય હેતુઓ પૂરા કરવા વક્ફ બોર્ડ પ્રત્યે દુશ્મનાવટ પેદા કરવા માટે આ પ્રચાર કરી રહ્યું છે. સમિતિની રચના થયાના અઠવાડિયામાં, અચાનક કર્ણાટક અને કેરળમાં જ્યાં પેટાચૂંટણી છે ત્યાં આવો વિરોધ શરૂ થઈ રહ્યો છે, શું આ માત્ર સંયોગ હોઈ શકે?

મુસ્લિમ પર્સનલ લૉમાં મૌખિક જુબાની દ્વારા આપવામાં આવેલા દાનને માન્યતા આપતી જોગવાઈને કારણે વક્ફ સત્તાવાળાઓ પાસે કેટલીક જગ્યાએ અમુક જમીન છે. કર્ણાટકના વકીલ સૈયદ શાકિર હુસૈન જહાંગીરદારે જણાવ્યું હતું કે આ જ કારણ છે કે ઘણી વક્ફ મિલકતો પાસે યોગ્ય દસ્તાવેજ નથી જે કાનૂની વિવાદો તરફ દોરી જાય છે. વક્ફ બોર્ડ સામૂહિક રીતે સશસ્ત્ર દળો અને ભારતીય રેલવે પછી દેશમાં ત્રીજા ક્રમના સૌથી મોટા જમીનધારક છે, માટે એવો પ્રચાર કરવામાં આવે છે કે, મુસ્લિમ સંસ્થાઓએ વક્ફ મિલકતો તરીકે ગેરકાયદેસર રીતે વિશાળ જમીન હસ્તગત કરી છે.

આ વકીલ વિજયપુરામાં એક દરગાહના ટ્રસ્ટી પણ છે, તેમણે કહ્યું હતું કે વક્ફ બોર્ડમાં અમુક ગેરવહીવટ કરવામાં આવે છે અને ભ્રષ્ટાચાર છે અને તેમને પુનર્ગઠન કરવાના હેતુથી આ કાયદા માટે દબાણ કરવામાં આવે છે. પરંતુ ભાજપનો હેતુ આ ભ્રષ્ટાચારને નાબૂદ કરવાનો નથી. ભ્રષ્ટાચાર દરેક જગ્યાએ છે, પરંતુ તેમનો ઉદ્દેશ વક્ફ બોર્ડને અધિકારોથી વંચિત કરવાનો છે અને તેમનું કહેવું છે કે મુસ્લિમો ખેડૂતો પાસેથી જમીન પચાવી રહ્યા છે. દિલ્હી વક્ફ બોર્ડના પૂર્વ સલાહકાર વજીહ શફીકે કહ્યું કે, ભાજપનો આ પ્રચાર તેના રાજકીય હેતુને પૂર્ણ કરે છે. મુસ્લિમો એ હિન્દુઓ પાસેથી તેમની માલિકીની જમીન છીનવી લેશે એવું કહેવું એ આજના ભારતમાં ખૂબ જ અસરકારક ચૂંટણી સૂત્ર બની શકે છે.

- અભિક દેબ (સૌ.: સ્ક્રોલ.ઈન)

# વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ 'સદી ફટકારી, સચિનનો રેકોર્ડ ખતરામાં



## કોહલી વિશ્વનો ફકત બીજો એવો ખેલાડી બની ગયો જેના નામે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૦૦ ઈન્ટરનેશનલ મેચ રમવાનો રેકોર્ડ નોંધાયો છે

બ્રિસ્બેન, તા.૧૪

બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ મેચ શરૂ થવાની સાથે જ ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટસમેન વિરાટ કોહલીના નામે એક મોટી સિદ્ધિ નોંધાઈ ગઈ. વિરાટ જેવો જ મેદાન પર ઊતર્યો તેના નામે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ એક ખાસ સદી નોંધાઈ ગઈ. વિરાટ કોહલી વિશ્વનો ફકત બીજો એવો ખેલાડી બની ગયો છે. જેના નામે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૦૦ ઈન્ટરનેશનલ મેચ રમવાનો રેકોર્ડ નોંધાયો છે. કોહલી ઉપરાંત ભારતના મહાન બેટસમેન સચિન તેન્ડુલકર જ એક એવા ખેલાડી હતા જે ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૦૦ અથવા તેનાથી વધારે ઈન્ટરનેશનલ મેચોમાં મેદાન પર ઊતર્યા છે. સચિને ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ કુલ ૧૧૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. કોહલીને બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં હજી બે મેચ રમવાની છે. ત્યારબાદ તે વન-ડે સિરીઝ પણ રમશે. આગામી સમયમાં ચેમ્પિયન્સ ટ્રોફી પણ રમાશે. આવામાં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ સૌથી વધારે ઈન્ટરનેશનલ મેચ રમવાના મામલામાં કોહલી સચિનની આગળ નીકળી શકે છે. હાલના સમયની વાત કરીએ તો વિરાટ કોહલી ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૨૮ ટેસ્ટ, ૪૯ વન-ડે અને ૨૩ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે. જો કે કોહલીએ ટી-૨૦ ફોર્મેટમાંથી સંન્યાસ લઈ લીધો છે પણ વન-ડે અને ટેસ્ટમાં તે રમી રહ્યો છે. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયા તે ટીમોમાંની એક છે જેની વિરૂદ્ધ વિરાટ કોહલીને રમવું ખૂબ પસંદ છે. કોહલીએ ભારત અને ઓસ્ટ્રેલિયા બંને જગ્યાએ ખૂબ રન બનાવ્યા છે. હાલના ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં પણ કોહલીએ પર્થમાં દમદાર સદી ફટકારી હતી.

### ભારતનો ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય

# બ્રિસ્બેન ટેસ્ટમાં વરસાદ વિલન બન્યો પ્રથમ દિવસે ફકત ૧૩.૨ ઓવર ફેંકાઈ

બ્રિસ્બેન, તા.૧૪

બોર્ડર ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪ની ત્રીજી ટેસ્ટ ગાબા સ્ટેડિયમમાં શરૂ થઈ ગઈ છે. જો કે પ્રથમ દિવસે વધારે રમત રમાઈ શકી નહીં અને સતત વરસાદના કારણે પ્રથમ દિવસની રમત રદ કરી દેવાઈ. પ્રથમ સેશન પણ પૂરો થયો ન હતો કે વરસાદ શરૂ થઈ ગયો. જો કે એકવાર વરસાદ પડ્યા બાદ રોકાઈ જતા ફરીથી મેચ શરૂ થઈ હતી પણ ત્યારબાદ પ્રથમ સેશનમાં બીજી વાર વરસાદ વિલન બન્યો અને ત્યારબાદ મેચ શરૂ થઈ શકી નહીં. ગાબામાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટમાં ભારતીય ટીમના કપ્તાન રોહિત શર્માએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓવરકાસ્ટ કન્ડીશનને ધ્યાનમાં રાખીને રોહિતે આ નિર્ણય કર્યો હતો. જો કે ૧૩.૨ ઓવર સુધી ચાલેલી રમતમાં ટીમ ઈન્ડિયા એક પણ વિકેટ લેવામાં સફળ થઈ નહી. ઓસ્ટ્રેલિયાએ વરસાદના કારણે મેચ રોકાઈ ત્યાં સુધી ૨૮ રન બનાવ્યા હતા. ઉસ્માન ખ્વાજા ૧૯ તો મેક્સવીની ચાર રન બનાવી અણનમ હતા. જો કે ભારતીય બોલરો ધીરેધીરે રિધમમાં આવી રહ્યા હતા. બ્રિસ્બેન ટેસ્ટ માટે ભારતીય ટીમે બે ફેરફાર કર્યા છે. તેણે એડિલેડ ટેસ્ટમાં ખરાબ રીતે ફ્લોપ થયેલા હર્ષિત રાણા અને અશ્વિનને બહાર કરી દીધા છે. તેમના સ્થાને રવીન્દ્ર જાડેજા અને ઝડપી બોલર આકાશ દીપનો ટીમમાં સમાવેશ કરાયો છે. બોર્ડર ગાવસ્કર ટ્રોફી હાલ ઘણા રોમાંચક તબક્કામાં છે. અત્યારસુધી સિરીઝની બે મેચ રમાઈ છે. જેમાંથી એક ભારત અને એક ઓસ્ટ્રેલિયા જીત્યું છે. સિરીઝ હાલ ૧-૧થી બરાબર છે. આ વખતે બીજીટી પાંચ મેચોની રમાઈ રહી છે.



**ટીમ ઈન્ડિયામાં હર્ષિત રાણા અને અશ્વિન બહાર, રવીન્દ્ર જાડેજા અને આકાશ દીપનો સમાવેશ**

### આવી રીતે કોણ બોલ્ડ થાય છે ભાઈ

# વિલિયમ્સને પોતાના પગ પર કુહાડી મારી

હેમિલ્ટન, તા.૧૪ : ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજી અને અંતિમ ટેસ્ટ હેમિલ્ટનના મેદાન પર રમાઈ રહી છે. ન્યુઝીલેન્ડના દિગ્ગજ બેટસમેન કેન વિલિયમ્સને પ્રથમ દિવસે શાનદાર બેટિંગ કરી પણ તે અર્ધસદી ચૂકી ગયો. તેણે ૪૪ રનની ઈનિંગ રમી. તેને મૈથ્યુ પોટસે બોલ્ડ કર્યો. જો કે વિલિયમ્સન વિચિત્ર રીતે બોલ્ડ થયો. જે જોઈ ક્રિકેટ પ્રશંસકો દંગ રહી ગયા. પોતાના પગ પર કુહાડી માર્યા બાદ તે ખૂબ જ અફસોસ કરતો દેખાયો હતો. તેની તસવીર-વીડિયો વાયરલ થઈ રહ્યા છે. વિલિયમ્સન ૫૯મી ઓવરનો અંતિમ બોલ હલકા હાથથી રમ્યો પણ બોલ સ્ટમ્પ પાસે જતો રહ્યો. વિલિયમ્સન ઝડપથી વળ્યો અને બોલને પગથી રોકવાનો પ્રયાસ કર્યો. અનુભવી બેટસમેને બોલને રોકવાના પ્રયાસમાં અજાણતા બોલને સ્ટમ્પ પર મારી દીધો. તેને મેદાનમાં જ પોતાની ભૂલનો પસ્તાવો થવા લાગ્યો. તે સ્ટમ્પની નજીક થોડીવાર ઊભો રહ્યો અને અફસોસ કરવા લાગ્યો. વિલિમ્યસન સામાન્ય રીતે આઉટ થયા બાદ મેદાન પર આટલી નિરાશા વ્યક્ત કરતો નથી. એક યુઝરે કોમેન્ટ કરી કે 'આવી રીતે કોણ બોલ્ડ થાય છે ભાઈ.' એકે લખ્યું કે વિલિયમ્સનને કોઈ આઉટ કરી શકયું ન હતું એટલે પોતે જ આઉટ થઈ ગયો. અમુક લોકોએ તેને અનલકી ગણાવ્યો છે.

### ૨૪ કલાકમાં પાકિસ્તાનના બે ખેલાડીઓએ સંન્યાસ લીધો

# મોહમ્મદ આમીરે બીજીવાર કરી પોતાના રિટાયરમેન્ટની જાહેરાત

નવી દિલ્હી, તા.૧૪: પાકિસ્તાન ક્રિકેટ ટીમના ઝડપી બોલર મોહમ્મદ આમીરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત કરી છે. આમીરનો આ બીજીવાર ક્રિકેટમાંથી સંન્યાસ છે. આમીરે આ જ વર્ષે ટી-૨૦ વિશ્વકપ માટે સંન્યાસમાંથી પુનરાગમન કર્યું હતું. તેને પાકિસ્તાનની ટીમમાં રમવાની તક પણ મળી પણ તેનામાં તે જૂની ધાર જોવા મળી નહીં. જેના માટે તે જાણીતો હતો. આવામાં આમીરને ટીમમાંથી ડ્રોપ કરી દેવાયો હતો. ડ્રોપ થયા બાદ આમીરનું નેશનલ ટીમમાં પુનરાગમન થઈ શક્યું નહીં. આવામાં તેણે સોશિયલ મીડિયા પર પોતાના રીટારમેન્ટની જાહેરાત કરી છે. આ રીતે ૨૪ કલાકની અંદર પાકિસ્તાનના બે ખેલાડીઓએ સંન્યાસની જાહેરાત કરી છે. આમીર પહેલા ઓલરાઉન્ડર ઈમાદ વસીમે પણ બીજીવાર ક્રિકેટમાંથી સંન્યાસનો નિર્ણય કર્યો હતો. ઈમાદે પણ પાકિસ્તાન માટે ટી-૨૦ વિશ્વકપમાં પુનરાગમન કર્યું હતું. મોહમ્મદ આમીરે સોશિયલ મીડિયા પર પોતાના સંન્યાસની જાહેરાત કરતા કહ્યું કે પાકિસ્તાન માટે ત્રણેય ફોર્મેટમાં રમવું મારા માટે ખૂબ જ ગર્વની વાત છે. મને ખબર છે કે આ એક મુશ્કેલ નિર્ણય છે. પણ મને લાગે છે કે આગામી પેઢી માટે આ યોગ્ય સમય છે કે તે પાકિસ્તાન ક્રિકેટને નવી ઊંચાઈઓ પર લઈ જાય. તેણે ક્રિકેટ બોર્ડ પ્રતિ સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેણે કહ્યું કે હું ટીમને સારૂં પ્રદર્શન કરતા જોવા માટે ઉત્સુક છું. હું પાકિસ્તાની પ્રશંસકોનો પણ આભાર વ્યક્ત કરૂં છું. જેમણે પુરી કારકિર્દી દરમ્યાન મારો સાથ આપ્યો છે.

### એક બોલરે બેટસમેનના રેકોર્ડની બરાબરી કરી

# ટિમ સાઉથીએ ટેસ્ટમાં સૌથી વધારે સિક્સરના મામલામાં ગેલની બરાબરી કરી

## બેન સ્ટોકસના નામે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધારે (૧૩૩) સિક્સર ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ છે

વેલિંગ્ટન, તા.૧૪ : ન્યુઝીલેન્ડના સિનિયર ખેલાડી ટિમ સાઉથીએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેતા કહેતા ક્રિસ ગેલના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. હવે તમે વિચારશો કે સાઉથી તો એક ઝડપી બોલર છે. જ્યારે ક્રિસ ગેલ એક બેટસમેન તો ન્યુઝીલેન્ડના ખેલાડીએ કેવી રીતે યુનિવર્સ બોસના રેકોર્ડની બરાબરી કરી લીધી. સાઉથીએ ગેલના આ રેકોર્ડની બરાબરી બોલિંગમાં નહીં પણ બેટિંગમાં કરી છે. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધારે સિક્સર ફટકારવાનો આ રેકોર્ડ છે. ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ત્રીજી ટેસ્ટમાં ટિમ સાઉથીએ ૧૦ બોલમાં ૨૩ રન બનાવ્યા જેમાં ત્રણ ગગનચુંબી સિક્સર ફટકારી હતી. આ ત્રણ સિક્સરની મદદથી સૌથીએ ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે સિક્સર ફટકારવાના મામલામાં ક્રિસ ગેલની બરાબરી કરી છે. ક્રિસ ગેલે પોતાની કારકિર્દીમાં રમેલી ૧૦૩ ટેસ્ટ મેચોમાં ૯૮ સિક્સર ફટકારી હતી જ્યારે સાઉથીએ આટલી સિક્સર ફટકારવા માટે ૧૦૭ મેચ રમી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ફકત ત્રણ જ બેટસમેન એવા છે જે ૧૦૦ અથવા તેનાથી વધારે સિક્સર ફટકારી ચૂક્યા છે. આ લિસ્ટમાં ગિલક્રિસ્ટ, બ્રેડન મેકુલમ અને બેન સ્ટોકસનું નામ સામેલ છે.

### ડેબ્યુ વર્ષમાં ૫૦ કે તેનાથી વધારે વિકેટ ઝડપી ૧૪૭ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં આવું કરનાર એટકિન્સન બીજો બોલર

હેમિલ્ટન, તા.૧૪ : ઈંગ્લેન્ડનો ઝડપી બોલર એટકિન્સન પોતાની ઘાતક બોલિંગથી ધૂમ મચાવી રહ્યો છે. ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં એટકિન્સને ત્રણ વિકેટ ઝડપી. આ સાથે જ તેણે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં એક એવો રેકોર્ડ પોતાના નામે કરી લીધો જેનું તૂટવું મુશ્કેલ છે. એટકિન્સને જુલાઈ ૨૦૨૪માં ઈંગ્લેન્ડ માટે પોતાનું ટેસ્ટ ડેબ્યુ કર્યું હતું. આ સાથે જ એટકિન્સન ૧૪૭ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ફકત બીજો એવો બોલર બન્યો છે જેણે પોતાના ડેબ્યુ વર્ષમાં ૫૦ અથવા તેનાથી વધારે વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે. એટકિન્સન અત્યાર સુધી ઈંગ્લેન્ડ માટે ૧૧ ટેસ્ટ મેચોની ૨૦ ઈનિંગોમાં ૫૧ વિકેટ ઝડપી ચૂક્યો છે. આ મામલામાં ઓસ્ટ્રેલિયાનો પૂર્વ ઝડપી બોલર ટેરી એલ્ડરમેન પ્રથમ સ્થાને છે. જેમણે ૧૯૮૧માં પોતાના ડેબ્યુ વર્ષમાં ૧૦ મેચોમાં ૫૪ વિકેટ ઝડપી હતી.

### હું કાયદાનું સન્માન કરૂં છું : અલ્લુ અર્જુન

# અલ્લુ અર્જુન જેલમાંથી ઘરે આવતા પત્ની-બાળકો ભાવુક થયા

## પુષ્પા તેની માતા અને પરિવારના સભ્યોને મળ્યો હતો

(એજન્સી) હૈદરાબાદ, તા. ૧૪

તેલુગૂ અભિનેતા અલ્લુ અર્જુન જેલમાં એક રાત વિતાવ્યા બાદ શનિવારે સવારે તેના હૈદરાબાદના ઘરે તેના પરિવારને મળ્યો હતો. જેલમાંથી બહાર આવ્યા બાદ તે સીધો તેના પિતાની ઓફિસ ગીતા આર્ટ્સ ગયો હતો. અભિનેતા ઘરે પહોંચતાની સાથે જ તેની પત્ની તેને ગળે લગાવી રડી પડી હતી. બાળકો પણ દોડી આવ્યા હતા. તેની પત્ની અને પુત્રીને ફરી મળ્યાના ઘણા વીડિયો પણ સામે આવ્યા છે. અલ્લુ અર્જુન કારમાંથી બહાર આવતાની સાથે જ તેના પરિવારના સભ્યો તેની તરફ દોડી આવ્યા હતા. તેમજ પત્ની સ્નેહા રેડ્ડી તેને ગળે લગાવતી વખતે ભાવુક થતી જોવા મળી હતી. તેનો પુત્ર અયાન તેની તરફ દોડ્યો અને બાદમાં અભિનેતા તેની પુત્રી અરહાને તેના હાથમાં પકડીને તેને ગળે લગાવતો જોવા મળ્યો. પુષ્પા અભિનેતા જેલમાંથી ઘરે પહોંચતા તેની માતા અને પરિવારના સભ્યોને મળ્યો હતો. વીડિયોમાં તે ઘરમાં પ્રવેશતા પહેલા એક વૃદ્ધ મહિલાના પગને સ્પર્શ કરતો પણ જોવા મળે છે. ઘરે પહોંચતાની સાથે જ અલ્લુ અર્જુને મીડિયાને સંબોધિત કર્યું અને ચાહકોને તેમની સુખાકારી વિશે ખાતરી આપી. તેમજ ચાહકોના અતૂટ સમર્થન બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો. વહેલી સવારે જેલમાંથી મુક્ત થયા બાદ અભિનેતા અલ્લુ અર્જુને કહ્યું કે, 'મીડિયા સાથેની વાતચીતમાં અલ્લુ અર્જુને ચાહકોનો આભાર માનતા કહ્યું હતું કે તમારા બધાના પ્રેમ અને સહયોગ માટે આભાર. મારા દરેક ચાહકનો આભાર પ્રગટ કરૂં છું. ચિંતાની કોઈ વાત નથી, હું એકદમ ઠીક છું. અમે કાયદામાં માનનારા નાગરિક છીએ અને કાર્યવાહીમાં સહયોગ આપીશું. ઘટના ખૂબ જ દુઃખદ હતી, હું ફરીવાર પીડિત પરિવારને સાંત્વના પાઠવું છું.'

### સત્તાધારી કોંગ્રેસ પર નિશાન સાધ્યું

# અલ્લુ અર્જુનની ધરપકડ બાદ નેતાઓએ તંત્રની ટીકા કરી

(સંવાદદાતા દ્વારા) હૈદરાબાદ, તા. ૧૪

ફિલ્મ સ્ટાર અલ્લુ અર્જુનની તાજેતરની ફિલ્મ 'પુષ્પા-૨'ના પ્રીમિયર દરમિયાન એક મહિલાના મોતના મામલામાં ધરપકડ કરવામાં આવ્યા બાદ રાજકીય ખળભળાટ મચી ગયો છે. ભાજપ સહિત વિપક્ષી દળોએ તેલંગાણામાં સત્તાધારી કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું અને ફિલ્મ સ્ટાર સાથે કરવામાં આવતા વ્યવહાર પર સવાલો ઉઠાવ્યા હતા. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ ઘટના માટે રાજ્ય સરકાર અને વહીવટીતંત્રને જવાબદાર ઠેરવ્યા છે. તેમણે ઠ પર લખ્યું કે, 'સંધ્યા થિયેટરમાં બનેલી ઘટના સ્પષ્ટપણે વહીવટી બેદરકારીનું પરિણામ હતું. કોંગ્રેસ સરકારે પોતાની નિષ્ફળતા છુપાવવા માટે અભિનેતા પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસને ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી માટે કોઈ સન્માન નથી.' કેન્દ્રીય મંત્રી જી'. કિશન રેડ્ડીએ પણ અલ્લુ અર્જુનની ધરપકડને બિનજરૂરી અને અન્યાયી ગણાવી હતી. તેમણે રાજ્ય સરકાર પર ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોને હેરાન કરવાનો આરોપ લગાવતા કહ્યું કે, 'આયોજકોએ પોલીસ અને પ્રશાસનને પહેલેથી જ જાણ કરી દીધી હતી. કાયદો અને વ્યવસ્થા પોલીસની જવાબદારી છે. આવી સ્થિતિમાં અભિનેતાની ધરપકડ માત્ર એક વ્યક્તિને નિશાન બનાવવાનો પ્રયાસ છે.' આ બાબતે શોક વ્યક્ત કરતા આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ પીડિત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. અભિનેતાની ધરપકડની ટીકા કરતાં તેમણે કહ્યું, અલ્લુ અર્જુને આ અકસ્માત પર સંવેદના વ્યક્ત કરી છે અને પીડિત પરિવારને મદદની ખાતરી પણ આપી છે. આ ઘટના માટે તેને જવાબદાર ઠેરવવો ન તો વાજબી છે અને ન તો ન્યાયસંગત છે.' તેમણે વહીવટીતંત્રને અપીલ કરી કે તેઓ દોષિતો સામે યોગ્ય કાર્યવાહી કરે અને બિનજરૂરી રીતે કોઈપણ વ્યક્તિને નિશાન ન બનાવે. અલ્લુ અર્જુનની ધરપકડ બાદ તેલંગાણા સરકાર પર સવાલો ઉઠી રહ્યા છે. વિપક્ષનો આરોપ છે કે સરકારે પોતાની નિષ્ફળતા છૂપાવવા માટે ફિલ્મ સ્ટાર પર આરોપ લગાવ્યો છે. તેમજ રાજ્ય સરકારે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

### ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરનો પલટવાર

# અંગૂઠા કાપવાવાળાની વાત કરનારાના રાજમાં શીખોના ગળા કાપવામાં આવ્યા

## રાહુલ ગાંધી સતત બંધારણ બતાવી રહ્યા છે પરંતુ તેમને એ પણ નથી ખબર કે બંધારણમાં પાના કેટલા છે : ઠાકુર

(સંવાદદાતા દ્વારા) નવી દિલ્હી, તા.૧૪

લોકસભામાં બંધારણ પર ચાલી રહેલી ચર્ચામાં હવે ભાજપના સાંસદ અનુરાગ ઠાકુરે રાહુલ ગાંધી પર પલટવાર કરતા જડબાતોડ જવાબ આપ્યો છે. અનુરાગ ઠાકુરે કહ્યું કે, રાહુલ ગાંધી સતત બંધારણ બતાવી રહ્યા છે પરંતુ મેં અગાઉ કહ્યું તેમ તેમને એ પણ નથી ખબર કે બંધારણમાં પાના કેટલા છે. આજે આ લોકો બંધારણને બચાવવાની વાત કરે છે, ભાજપ પર અંગૂઠો કાપવાના મનઘડત આરોપો લગાવે છે. તેઓ ભૂલી જાય છે કે, તેમના રાજમાં શીખોના ગળા કાપવામાં આવ્યા હતા. ત્યારે કોંગ્રેસ પાર્ટીની જ સરકાર હતી જ્યારે દેશના લોકતંત્રનું ગળું દબાવીને કટોકટી લાદવામાં આવી હતી.' લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર સીધો પ્રહાર કરતા ઠાકુરે કહ્યું કે, આજે તમે બંધારણને ખિસ્સામાં લઈને ફરો છો, પરંતુ માત્ર તેને લઈને ફરવાથી કંઈ નથી થવાનું. હું તે તમને કહું છું કે, તેને વાંચીને પણ જુઓ, ત્યારે તમને સમજાશે કે ગાંધી પરિવાર અને કોંગ્રેસ પાર્ટીએ કેવી રીતે બંધારણના ધજિયા ઉડાવવાનું કામ કર્યું છે. રાહુલ ગાંધીની એકલવ્યની સ્ટોરીનો જવાબ આપતા ઠાકુરે કહ્યું કે, આજે આ લોકો ભાજપ પર મનઘડત આરોપો લગાવે છે. પરંતુ હું એ યાદ અપાવવા માંગુ છું કે, કોંગ્રેસ પાર્ટીના રાજમાં જ શીખોના ગળા કાપવામાં આવ્યા હતા. ભારતના ઈતિહાસમાં સૌથી વધુ રમખાણો કોંગ્રેસ પાર્ટીના શાસન દરમિયાન જ થયા છે. તેમણે દેશના બંધારણને તાર-તાર કરવાનું કામ કર્યું છે. તેના માટે તેમણે દેશની માફી માગવી જોઈએ.' આ પહેલા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાહુલ ગાંધીએ એકલવ્યનું દ્રષ્ટાંત આપતા કહ્યું હતું, કે અભય મુદ્રામાં હુનરના કારણે શક્તિ આવે છે. જેમ દ્રોણાચાર્યએ એકલવ્યનો અંગૂઠો કાપ્યો હતો, એ જ રીતે તમે (સરકાર) દેશનો અંગૂઠો કાપી રહ્યા છો. જ્યારે તમે ધારાવી અદાણીને આપો છો ત્યારે તમે ધારાવીના યુવાનોનો અંગૂઠો કાપો છો. તમે ૭૦ વખત પેપરલીક કરાવી, ભારતના યુવાનોનો અંગૂઠો કાપ્યો. તમે અગ્નિવીર યોજનાથી દેશના યુવાનોનો અંગૂઠો કાપ્યો.'

### હદીસ બોધ

જે કોઈની ટીકા ન કરતો હોય તેને બીજાઓ તેની ભૂલોને માફ કરતા દેખાશે. (હદીસ બોધ)

### બોધ વચન

જે વ્યક્તિ કશું મેળવવા સિવાય સ્વૈચ્છિક રીતે સેવા કરવા ઝંખે છે, એને માટે આટલી મોટી તક દુનિયાના ઈતિહાસમાં ક્યારેય નહોતી. - ગિલ્પિન

### આજની આરસી

| | |
|---|---|
| ૧૫ ડિસેમ્બર રવિવાર ૨૦૨૪ | |
| ૧૨ જમાદિલ આખર હિજરી ૧૪૪૬ | |
| માગશર સુદ પૂનમ સંવત ૨૦૮૧ | |
| સુબ્હ સાદિક | ૫-૪૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૪ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૧૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૬ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

### અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ

**ખિરદમંદોસે ક્યા પૂછું કિ મેરી ઈબ્તિદા ક્યા હૈ,**
**કિ મૈં ઈસ ફિક્રમેં રહતા હું મેરી ઈન્તિહા ક્યા હૈ**

મારો-માનવીનો જન્મ ઉત્પત્તિ (ઈબ્તિદા) કેવી રીતે થઈ તેની થિયરીઓમાં, ડાર્વિનના ઉત્ક્રાંતિવાદની બૌદ્ધિકો (ખિરદમંદો)ની ચર્ચામાં મને રસ નથી, મને મારો અંત-આખિરત સુધારવાની ફિકર છે. યા અલ્લાહ મને નેક તૌફીક અતા કર, ગુનાહોથી બચાવ.

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

# પરભણી હિંસા : પોલીસ પર દલિત યુવકને માર મારવાનો આરોપ, કોમ્બિંગ ઓપરેશન હાથ ધર્યું

## કેટલાક વીડિયોમાં દલિત યુવકોને પોલીસ દ્વારા નિર્દયતાથી મારવામાં આવી રહ્યા હોવાનું દેખાય છે, પોલીસે ૫૦થી વધુ લોકોની ધરપકડ કરી છે જ્યારે કેટલાક અન્ય અટકાયતમાં છે

(એજન્સી) મુંબઈ, તા.૧૪

૧૦ ડિસેમ્બરના રોજ એક વ્યક્તિએ પરભણી શહેરની મધ્યમાં મૂકેલી બંધારણની પ્રતિકૃતિમાં તોડફોડ કરી હતી. તોડફોડનું કૃત્ય ઉશ્કેરણી વિના કરવામાં આવ્યું હતું અને ગુનેગાર, સોપાન પવારને ઘટનાસ્થળેથી જ પકડી લેવામાં આવ્યો હતો. જો કે, આ ઘટનાથી પરભણી જિલ્લામાં બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ૧૧ ડિસેમ્બરના રોજ જિલ્લામાં સંપૂર્ણ બંધનું એલાન કરવામાં આવ્યું હતું, જે ટૂંક સમયમાં સંપૂર્ણ હિંસામાં પરિણમ્યું હતું. રોષે ભરાયેલા આંબેડકરવાદીઓ રસ્તા પર ઉતરી આવ્યા, સૂત્રો પોકાર્યા અને 'ત્વરિત ન્યાય'ની માંગણી કરી. કાર્યકરોએ જાહેર અને ખાનગી બંને મિલકતોમાં તોડફોડ કરતા આંદોલન વધુ હિંસક બન્યું હતું. ત્યારથી પોલીસે આઠ એફઆઈઆર દાખલ કરી છે અને ૫૦ થી વધુ લોકોની ધરપકડ કરી છે-જેમાંથી ઘણી મહિલાઓ અને યુવકો છે જેમ કે ભીમ નગર અને પ્રિયદર્શિની નગર પડોશી દલિત બસ્તીઓની મહિલાઓ અને યુવકો. હિંસાનું મૂળ, બંધારણની પ્રતિકૃતિને અપમાનિત કરનાર પવારને તેની ધરપકડના કલાકોમાં જ 'માનસિક રીતે વિકૃત' જાહેર કરવામાં આવ્યો હતો. સ્થાનિકો દાવો કરે છે કે તેઓ પવારને ઓળખતા નથી અને તેઓ ક્યાંના છે, તેઓ સ્થાનિક છે કે કેમ કે તેઓ પરભણી ગયા હતા તેની વિગતો પણ તેમને ખબર નથી. પોલીસના જણાવ્યા અનુસાર, પવાર કે જે ઓબીસી ધનગર સમુદાયનો છે તેણે તેના કરતૂતના 'અસરને જાણ્યા વિના' આ કૃત્યમાં આચર્યું હતું. ૧૦ ડિસેમ્બરે પવારની ધરપકડના કલાકો પછી નાંદેડના વિશેષ મહાનિરીક્ષક, શાહજી ઉમાપે, જેઓ તપાસની દેખરેખ રાખી રહ્યા હતા, દાવો કર્યો કે પવાર 'પાગલ' છે. તેના પર યોગ્ય વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવે તે પહેલા જ પોલીસ આ નિષ્કર્ષ પર કેવી રીતે પહોંચી તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. મીડિયાએ કેટલાક સ્થાનિક કાર્યકરો સાથે વાત કરી હતી, જેમાં ૧૦ ડિસેમ્બરના રોજ આંદોલનમાં સામેલ કેટલાક લોકોનો પણ સમાવેશ થાય છે. એક આંબેડકરવાદી યુવકે કહ્યું, જે અપવિત્ર સ્થળ પર હાજર હતો. એક આંબેડકરવાદી યુવક કે જે આ પવિત્ર સ્થળ પર હાજર હતો તેણે કહ્યું કે, "આ ઘટના બપોરે ૩:૩૦-૪ વાગ્યાની આસપાસ બની હતી. પવાર એકલા હતા; તેની પાસે મોબાઈલ ફોન ન હતો અને તેની પાસે કાગળનો ટુકડો સુધ્ધાં મળ્યો ન હતો. પરંતુ જે ક્ષણે તેની ધરપકડ કરવામાં આવી હતી, પોલીસ માત્ર તેનું નામ જ નહીં, પરંતુ કેટલાક તબીબી કાગળો પણ શોધી શકી હતી, જેના આધારે પોલીસ હવે દાવો કરે છે કે તે માનસિક રીતે અસ્થિર છે,"

**સકલ હિન્દુ સમાજનો જાહેર મેળાવડો**

B.R આંબેડકરની પ્રતિમાથી માત્ર થોડા મીટર દૂર શિવાજીની એક પ્રતિમા છે. ૧૦ ડિસેમ્બરના રોજ, અપમાનની ઘટનાના એક કલાક કરતા પણ ઓછા સમય પહેલા હિંદુ સકલ સમાજ કે જે એક અતિ કટ્ટરવાદી સંગઠન છે તેણે 'બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચાર'ની નિંદા કરવા શિવાજી પ્રતિમા પાસે એક સભાનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં જેમ કે જમણેરી સંગઠન દ્વારા આયોજિત આવા દરેક જાહેર મેળાવડામાં થાય છે, વક્તાઓએ ઉશ્કેરણીજનક ભાષણો આપ્યા હતા. છેલ્લા એક વર્ષમાં મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં આવી ઘણી જાહેર સભાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાંથી દરેક છેલ્લા કરતાં વધુ ઉશ્કેરણીજનક છે જે કેટલીક હિંસામાં પરિણમી હતી. પ્રદેશના જાતિ વિરોધી નેતા રાહુલ પ્રધાનનો આરોપ છે કે, પવારે સકલ હિંદુ સમાજના જાહેર સભામાં ભાગ લીધો હતો કે કેમ તે અજ્ઞાત છે, પરંતુ પોલીસ આ એંગલની તપાસ કરી રહી નથી, જેમ આંબેડકરની પ્રતિમા અથવા જ્ઞાતિવિરોધી નેતા સાથે જોડાયેલી કોઈપણ વસ્તુની અપવિત્રતા દેશમાં અસામાન્ય નથી, તેવી જ રીતે આવા જ્ઞાતિવાદી કૃત્યો સામે બદલો લેવો એ અસામાન્ય નથી. ૧૧ ડિસેમ્બરે, જ્યારે કલેક્ટર ઑફિસમાં પ્રથમ વખત હિંસા ફાટી નીકળી હતી, ત્યારે અપમાનના સ્થળથી થોડાક મીટર દૂર મહિલા કાર્યકરો સહિત ઘણા આંબેડકરવાદી યુવાનો કલેક્ટર ઑફિસની બહાર એકઠા થયા હતા. જ્યારે જિલ્લા કલેક્ટરે કાર્યકરોને મળવાની ના પાડી ત્યારે તેઓ કથિત રીતે હિંસક બની ગયા હતા. કલેક્ટર ઓફિસ પર હિંસક હુમલા અને શેરીમાં હિંસાની કેટલીક ઘટનાઓના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર ફરતા થયા છે. પરભણીના રમખાણો દરમિયાન ૧૧ ડિસેમ્બરે દલિત યુવકોને પોલીસે માર માર્યો હતો. શહેરની દલિત વસાહતોમાં પોલીસ અત્યાચાર અને અંધાધૂંધ કોમ્બિંગ ઓપરેશનના વીડિયો પણ આમ જ છે. પોલીસ પર ભીમ નગર અને પ્રિયદર્શિની નગરમાં દલિતો ખાસ કરીને આંબેડકરવાદીઓના ઘરોમાં ઘૂસી જવાનો અને બસ્તીમાં પુરૂષો અને સ્ત્રીઓને અંધાધૂંધ માર મારવાનો આરોપ છે. મીડિયા દ્વારા એક્સેસ કરાયેલા કેટલાંક વીડિયોમાં પોલીસ દ્વારા યુવકોને નિર્દયતાથી મારવામાં આવતા દર્શાવવામાં આવ્યા છે. આ, પોલીસે આ કેસમાં ૫૦થી વધુ બદમાશોની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો છે અને ઘણા વધુ તપાસ માટે પોલીસ કસ્ટડીમાં છે. એક વીડિયોમાં પ્રિયદર્શિની નગરમાં તૈનાત પોલીસ પ્લાટૂનનો એક ભાગ એક પોલીસકર્મી બસ્તીની અંદર પાર્ક કરેલા વાહનને નુકસાન પહોંચાડતો જોઈ શકાય છે. મીડિયાએ સ્પેશિયલ ઈન્સ્પેક્ટર જનરલ ઉમાપનો ફોન અને મેસેજ દ્વારા ઘણી વખત સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે મળી શક્યા નહોતા. આ દરમિયાન પ્રધાને ઘણા સંબંધિત સવાલો ઉઠાવ્યા છે જેમ કે, હિંસા ફાટી નીકળ્યા પછી લડાયક પગલાં લેવાના બદલે 'નિવારક પગલાં' લેવામાં પોલીસની નિષ્ફળતા અને "આંબેડકરની યાદગીરીઓ અથવા આંબેડકરવાદીઓ સામે આ પ્રકારની આક્રમકતા અને હિંસા માટે કોઈએ માનસિક રીતે અસ્થિર થવાની જરૂર નથી. પ્રધાન જણાવે છે કે, રાજ્યમાં એવી ઘણી ઘટનાઓ બની છે જ્યારે રાજ્યમાં આંબેડકરની પ્રતિમાઓનું અપમાન કરવામાં આવ્યું હતું, જેના કારણે હિંસા થઈ હતી, " તેમણે પૂછ્યું અને દર વખતે હિંસા સામે સમુદાય તરફથી સમાન જોરથી પ્રતિસાદ સાથે મળે છે. તો પછી ૧૧ ડિસેમ્બરે હિંસા ફાટી નીકળે તે રોકવા માટે પોલીસે કેમ કંઈ કર્યું નહીં ? લાલ સેનાના એક નેતા ગણપત ભીસેએ પણ સમગ્ર જિલ્લામાં ચાલી રહેલી પોલીસની ઉગ્રતા અને હિંસા તરફ ધ્યાન દોર્યું છે. ભીસે અને લાલ સેનાના અન્ય સભ્યોએ કલેક્ટરને એક મેમોરેન્ડમ સુપરત કરીને આ ઘટનાની યોગ્ય તપાસની માંગ કરી છે અને માંગણી કરી છે કે રાજ્ય સત્તાવાળાઓ આ કેસમાં દલિત યુવકની અન્યાયી રીતે ધરપકડ ન કરે. વંચિત બહુજન આઘાડીના નેતા અને બી.આર. આંબેડકરના પૌત્ર પ્રકાશ આંબેડકરે એવી પણ માગણી કરી છે કે પોલીસ આ કેસમાં દલિત યુવકોને હેરાન ન કરે અને ખોટી રીતે અટકાયત ન કરે. આંબેડકરે X પર લખ્યું, "મેં પરભણીના ફૂલે-શાહુ-આમેડકરવાદી વકીલોના જૂથ સાથે ફોન પર વાત કરી. મેં તેમને [દલિત] યુવાનો અને મહિલાઓને પોલીસ દ્વારા માર મારવામાં અને ધરપકડ કરવામાં આવી હોવાના અસંખ્ય કિસ્સાઓ અંગે જાણકારી અને દલિત વિસ્તારોમાં સંયુક્ત કામગીરીમાં તેમને કાનૂની કાર્યવાહીની યોજના આપી,".

# દક્ષિણ ભારતમાં મૃત ગાય મામલે પિતરાઈ ભાઈઓ સાથે મારપીટ

## પોલીસે જણાવ્યું હતું કે, દક્ષિણ ભારતમાં ગુસ્સે ભરાયેલા ટોળાએ ગાયની કતલ કરી હોવાની શંકાને બે નિમ્ન જાતિના પિતરાઈ ભાઈઓ પર હુમલો કર્યો હતો, પ્રાણીઓના કથિત રક્ષકો દ્વારા આ પ્રકારનો આ સૌથી તાજો હુમલો હતો

(એજન્સી) તા.૧૪

જ્યારે તેઓ આંધ્રપ્રદેશ રાજ્યના એક ગામમાં મૃત ગાયનું ચામડું કાઢી રહ્યા હતા ત્યારે ભારતની સૌથી નીચી દલિત જાતિના મોકાટી એલિશા અને મોકાટી વેંકટેશ્વર રાવને લગભગ ૫૦ માણસોના ટોળાએ ઝાડ સાથે બાંધી માર માર્યો હતો સ્થાનિક નાયબ પોલીસ અધિક્ષક લંકા અંકૈયાએ જણાવ્યું હતું કે, "જ્યારે ગ્રામવાસીઓના ટોળાએ એલિશા અને વેંકટેશ્વરને ગાયનું ચામડી કાઢતા જોયા, ત્યારે તેઓએ માની લીધું કે તેઓએ જીવંત પ્રાણીની કતલ કરી છે." તેમણે ઉમેર્યું કે, "ક્ષણિક આવેશમાં ગામલોકો લાગણીઓમાં વહી ગયા અને તેઓએ એલિશા અને વેંકટેશ્વરને માર માર્યો" પોલીસે અત્યાર સુધીમાં સાત લોકોની અટકાયત કરી છે.

ગાયોને હિન્દુઓ દ્વારા પવિત્ર માનવામાં આવે છે અને મોટાભાગના ભારતીય રાજ્યોમાં તેમની હત્યા પર પ્રતિબંધ છે, પરંતુ પિતરાઈ ભાઈઓએ જણાવ્યું હતું કે તેઓને વીજ કરંટથી મૃત્યુ પામ્યા પછી પ્રાણીની ચામડી ઊતારવા માટે ભાડે રાખવામાં આવ્યા હતા. અગાઉ "અસ્પૃશ્ય" તરીકે ઓળખાતા, દલિતોને સામાન્ય રીતે શેરીઓમાંથી મૃત ગાયોના શબને દૂર



કરવાનું કામ સોંપવામાં આવે છે, જ્યાં પ્રાણીઓ મોટાભાગે મુક્તપણે ફરતા હોય છે. હિંદુ રાષ્ટ્રવાદી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના ઊંડે પ્રવેશેલા સામાજિક વંશવેલાના તળિયે આવેલા દલિતો પરના હુમલાઓને રોકવાની વિનંતી કર્યાના દિવસો પછી તાજેતરનો હુમલો આવ્યો છે. દલિત સમુદાયમાં ગુસ્સો વધી ગયો છે અને ગયા મહિનાના અંતમાં ગાય-રક્ષણ જાગ્રત લોકો દ્વારા ચાર ગ્રામજનોને જાહેરમાં કોરડા મારવાને લઈને હિંસક વિરોધ ફાટી નીકળ્યો છે. કાર્યકરો દ્વારા ગીચ બજારમાં તેમને બેલ્ટ અને દંડા વડે માર મારવામાં આવી રહ્યો હતો ત્યારના ફૂટેજમાં ચાર અર્ધ-નગ્ન દલિત પુરૂષોને કાર સાથે બાંધેલા દર્શાવવામાં આવ્યા. હુમલા પછી પોલીસે જણાવ્યું હતું કે, બંને પિતરાઈ ભાઈઓ નજીકની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, રાવને એક કાનથી સંભળાવાનું બંધ થઈ ગયું છે . એલિશાના પુત્ર, ચંતિ બાબુએ જણાવ્યું હતું કે, જ્યારે તેમના પરિવારો તેમને બચાવવા આવ્યા ત્યારે તેમના પિતા અને કાકાના શરીર પર ઉઝરડા પડી ગયા હતા. બાબુએ કહ્યું, "અમને ફોન આવ્યા કે તેમને ઝાડ સાથે બાંધી દેવામાં આવ્યા છે અને માર મારવામાં આવી રહ્યો છે. અમે ત્યાં પહોંચ્યા ત્યાં સુધીમાં તેઓના શરીર પર પહેલેથી જ ઉઝરડા પડી ગયા હતા," તેણે કહ્યું, "તેઓએ જે ગુનો કર્યો ન હતો તેના માટે તેમને મારવા માટે પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને લાકડીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો."

# દલિત યુવકની હત્યાને પગલે વિરોધ પ્રદર્શનો, બાલોત્રા બંધ

(એજન્સી) જેસલમેર, તા.૧૪

દલિત વ્યક્તિ, વિશ્રારામ મેઘવાલની ધોળે દિવસે હત્યાના કારણે બાલોત્રામાં વ્યાપક વિરોધ થયો હતો, જે શહેર-વ્યાપી બંધમાં પરિણમ્યો હતો. સમુદાયના સભ્યોએ શબગૃહથી કલેક્ટર કચેરી સુધી કૂચ કરી, પ્રથમ રેલવે અંડરપાસ પાસે ટાયરો સળગાવી અને ઝડપી ન્યાયની માંગણી કરી.

હિસ્ટ્રી-શીટર હર્ષદાન ચરણે કથિત રીતે મેઘવાલને છરો હુલાવી દીધો હતો. જેનાથી રહેવાસીઓમાં રોષ ફેલાયો હતો. પીડિતાના પરિવાર અને સમર્થકોએ પોલીસની નિષ્ક્રિયતા અને આરોપીની સતત આઝાદી સામે હતાશા વ્યક્ત કરીને નાહાટા હોસ્પિટલના શબઘર બહાર ત્રણ દિવસીય ધરણા કર્યા હતા. મુખ્ય પ્રધાન અને વડા પ્રધાનને મેમોરેન્ડમ સુપરત કરવામાં આવ્યા હતા, જેમાં આરોપીની ધરપકડ કરવામાં આવે અને પરિવારને પૂરતું વળતર આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર સુશીલ કુમાર યાદવ અને એસપી કુંદન કંવરિયાની ખાતરી હોવા છતાં વાટાઘાટો નિષ્ફળ ગઈ કારણ કે આરોપીઓ ફરાર હતા. કંવરિયાએ જણાવ્યું હતું કે, એક ડઝનથી વધુ ફોજદારી કેસ ધરાવતા આરોપીઓ વિલંબિત રિપોર્ટિંગને કારણે ધરપકડથી બચી ગયા હતા. શાંતિપૂર્ણ વિરોધની વિનંતી કરતી વખતે પોલીસે સીસીટીવી ફૂટેજ અને સંભવિત છુપાયેલા સ્થળોએ આરોપીઓની શોધ ચાલુ રાખી છે.


## STATE BANK OF INDIA

Viramgam Branch, In front of APMC Viramgam

### AUCTION NOTICE

Invite tenders for auction sale of Seized Vehicles (P) from borrowers on account of recovery
"AS IS WHERE IS BASIS"

**AUCTION DATE OF VEHICLES : 16.12.2024**
**PARTICULARS OF VEHICLES ARE AS UNDER**

| SR. NO | VEHICLE DETAILS | VEHICLE REG NO | BORROWER NAME | YEAR OF MFG | RESERVE PRICE |
|---|---|---|---|---|---|
| 1 | Alto VXI GJ38BC3371 | GJ-38-BC-3371 | PRATHAM JITESHBHAI CHAWDA | JUNE 2021 | Rs.2,60,000.00 |

TERMS & CONDITION :
A. Inspection of Vehicles will be available at "SBI Viramgam Branch, Viramgam Ahmedabad-382150 on 16.12.2024 from 11.00am to 01.00pm.
Contact Person Shri Maulikbhai Pathak (Field Officer)
Ph.7600051209 & Ashishbhai Patel ( Branch Manager ) Ph. 7600038291).
B. The Bank reserves the right to reject any or all tenders and or postponed the date and time of opening of tender and sale confirmation without giving any reason thereof.



## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**
Gem Portalના જાણકાર પાર્ટનર જોઈએ છે
Mob .No. 9913768068

**જોઈએ છે**
લેબોરેટરી હેલ્પર, ફુલ ટાઈમ, 12 પાસ ફક્ત લેડીઝ
8469710618

**જોઈએ છે**
સેલ્સમેન કમ ડ્રાઈવર ગોપાલ નમકીન માટે, દાણીલીમડા, બહેરામપુરા, નારોલ વિસ્તાર માટે, કોમ્પ્યુટર ઓપરેટર લેડીઝ
9662340786

**Back Office માટે છોકરીઓ જોઈએ છે**
૧૨ પાસથી ગ્રેજ્યુએટ, શાહઆલમ, અમદાવાદ
7623882449

**વેચવાનું છે**

**Office For Rent/ Sale**
580 Sq.ft. Sun West bank Ashram Road Broker
9825415296

**Furnished Flat For Sale**
178 vaar, +100 vaar terrace for sale, Falaknuma Broker
9825415296 visiting charge - 200 Rs.

**ફ્લેટ વેચવાનો છે**
1200 સ્કે. ફૂટનો, ધાબા સાથે નવરંગપુરા મીઠાખળી
9978131989
9925901800

**તાત્કાલિક દુકાન વેચવાની છે**
ત્રણ દરવાજા ટ્યુટોરિયલ માર્કેટની સામે, 216 ચો.ફૂટ (૨૪ વાર) ભોંયરા સાથે
મો. 9898000474

**વેચવાનો છે**
ટ્રિપ્લેક્ષ બાગે મશિરા-2, ગઝાલા ફાર્મ પાસે, જુહાપુરા સરખેજ રોડ, અમદાવાદ
સંપર્ક : 91 9723762665

**વેચવાનું છે**
રો-હાઉસ (જૂના કરાર) રૂા.13.50 સૈફુલ્લાપાર્ક કેનાલની પાછળ, ફતેહવાડી
9054962313

ટોકરશાહની પોળ, રાયખડ, અહમદાબાદમાં મકાન (ટ્રિપ્લેક્ષ) વેચવાનું છે
9879131346

**ફ્લેટ વેચવાના છે**
1 અને 2 BHK અંજુમ કોલોની જુહાપુરા અને લબ્બૈક પાર્ક ફતેહવાડીમાં
9727581004

**પ્લોટ વેચવાનો છે**
520 વાર જૂની શરત, મેઈન રોડ ટચ, ફુઝેલ પાર્કની બાજુમાં ફતેહવાડી
9727581004

**મકાન વેચવાનું છે**
ફક્ત મુસ્લિમ માટે ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી, દસ્તાવેજવાળું, કાર્પેટ એરિયા 125 ચો.વાર, બાંધકામ 210 વાર દિલ્હી દરવાજા, અમદાવાદ
8141264631

**વેચવાનું છે**
બે રૂમ કિચનનું પહેલા માળે આવેલું કોર્નરનું ટાઈટલ ક્લિયર ફ્લેટ મેમણ હોલની બાજુમાં, જુહાપુરા ચાર રસ્તા
9998499169

TP 85 રોડ મોમીનસરામાં 3 BHK ટાઈટલ ક્લિયર ફ્લેટ 54 લાખમાં અરજન્ટ વેચવાનો છે
7777999667

**મકાન વેચવાનું છે**
રાયખડ
9928530830
સાહિનાબાનો

**પ્લોટ વેચવાનો છે**
આશરે 200 વાર, NANOC ટાઈટલ ક્લિયર, રોડ ટચ, જુહાપુરા (દલાલ માફ)
9909418254

**વેચવાનો છે ફ્લેટ**
360 વારનો સુપર બિલ્ટ અપ, નવમો માળ, ફીરદોશ ફ્લેટ, ખાનપુર, દરવાજા
9825199228

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
હયાત રેસિડેન્સી, TP 85-સરખેજ, લે-વેચ માટે મળો
9106087987

**વેચવાની છે જમીન**
કઠલાલની નજીક, શાહપુરમાં, નેશનલ હાઈવે રોડ ટચ, ૩ વીઘા, પેટ્રોલ પમ્પ, રેસ્ટોરન્ટ લાયક
9825061153

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ચાલુ ભાડેથી ઓફિસ વેચાણથી જોઈએ છે**
(Pree lease) Ashram Road, Navrangpura, CG Road Etc. (ભાડાની આવક માટે) તાત્કાલિક સંપર્ક કરો.
Urgent WhatsApp 9327646982
www.yourproperty solution.in

વડોદરાના અકોટામાં તાજહોટલ સામે સુપર 2 BHK ફ્લેટ પાયોનીર કોમ્પ્લેક્ષમાં બધી જ સગવડો સાથે વેચાણ, આસીફભાઈ
9978337006

**બંગલો ભાડે**
ફુઝૈલ પાર્કમાં 300 વાર 4 BHK ગાર્ડન પાર્કિંગ દલાલ માફ
9909957866

**તાત્કાલિક ભાડેથી ફ્લેટ આપવાના છે**
2 BHK પાલડીમાં તાત્કાલિક સંપર્ક કરો.
9327646982
www.yourproperty solution.in

**ત્રિપ્લેક્ષ વેચાણ આપવાનો છે**
9 અમીઝા રેસિડેન્સી, દાણીલીમડા મદની મસ્જિદની આગળ, પટેલ મેદાન 3 BHK 110 વાર બાંધકામ
9228109009

**દુકાન, ગોડાઉન, ઓફિસ ભાડે આપવાની છે**
દરેક ધંધાને લાયક જગ્યા, રિલીફ રોડ, વીજળી ઘરની સામે
9925011911
9898611270

**બે માળની દુકાન ભાડે આપવાની છે**
3 અર-રહમાન કોમ્પ્લેક્ષ, આલીશાન સામે, નાગોરી કોમ્પ્લેક્ષની બાજુમાં, BRTS સામે, દાણીલીમડા
9228109009

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો
9099421218
9099521218

**ફ્લેટ ભાડે આપવાનો છે**
પહેલા માળે M.M. કરીમ
9925275409

**સેલર ભાડે આપવાનું છે**
2000 Sq.Ft મેઈન રોડ, ખાનપુર, ગુજરાત સમાચાર
7041324817

**બે દુકાન સાથે છ રૂમની કોમર્શિયલ બિલ્ડિંગ**
આશરે 100 વારની રોડ ટચ, ખજુરી મસ્જિદની બાજુમાં, શાહપુર
9925011911
9898611270

**લગ્ન વિષયક**
મુસ્લિમ શેખ યુવતી NRI Good Looking Age 25 Bachelor of Commerce Job in Canada on Work Visa માટે એજ્યુકેટેડ મુસ્લિમ યુવકના વાલી સંપર્ક કરો
9825091851

**નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈપ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

**NRI-USA Doctor**
Beautiful Saiyed Girl 25 looking Doctor Boy only reputed family.
Urgent WhatsApp 9327071001

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. - વ્યવસ્થાપક

**VIP Muslims Marriage Bureau**
Since 2009 (Online - Offline)
www.vipmuslims marriagebureau.com
NRI, Doctor, Business Class Families, Highly Educated Can Contact to us Only. (Age 18 to 55)
Urgent WhatsApp 9327071001

સુન્ની મુસ્લિમ ફેમિલી કેનેડા સ્થિત પુત્ર માટે શાદી રિશ્તા માટે કેનેડા સ્થિત પી.આર. સિટીઝન પુત્રીના વાલી તરફથી દરખાસ્ત આવકાર્ય છે. 9737038086

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો
ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ
કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ.
મો.૯૮૨૫૦૭૫૬૮૯
જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ,
મો.૯૯૯૮૮૮૦૩૩૦

Registered : Ministry of Minority Affairs (Haj-Cell) & Royal Embassy of Saudi Arabia
IATA
ZAM ZAM Tours & Travels
હજ્જ - ૨૦૨૫
બુકીંગ ચાલુ છે.
Contact us : +91 9712057888 / +91 8488890838
Office : +91 9712457888
૮, ગ્રાઉન્ડ ફ્લોર, દસ્કોઈ ચેમ્બર્સ, પેટ્રોલ પંપની સામે, ખમાસા, અહમદઆબાદ - ૩૮૦ ૦૦૧, ગુજરાત, ઈન્ડિયા.

ઉમરાહ... ઉમરાહ... ઉમરાહ... ઉમરાહ... ઉમરાહ...
અલ-ફાતેમા ટુર્સ
શાબાન ઉમરાહ
ડાયરેક્ટ ફ્લાઈટ
05-02-2025
20 દિવસ
79,999/-
અમદાવાદ થી અમદાવાદ
● એર ટિકીટ ● વિઝા ● હોટલ ● જમવાનું ● ઝિયારત ● લોન્ડ્રી ● ઝમઝમ
આયોજક : હાજી સરફરાજ દુધવાલા
98258 30063, 70165 97207

# યુપીનું એક ગામ જ્યાં મુસ્લિમો પૂર્વજોની પરંપરાઓના સન્માન માટે અને કોમી એખલાસને પ્રોત્સાહન આપવા પોતાના નામ પાછળ બ્રાહ્મણ અટક રાખે છે

## કેરાકટ તહેસીલના નૌશાદ અહેમદ દુબે નામ લખેલું તેમની દીકરીના લગ્નની કંકોત્રી પર જોવા મળ્યું ત્યારે જ બધાના મનમાં જિજ્ઞાસા જાગી

(એજન્સી) લખનૌ, તા.૧૪

પૂર્વ ઉત્તરપ્રદેશના જિલ્લા મથક જોનપુરથી ૩૫થી ૪૦ કિલોમીટર દૂર આવેલું એક નાનકડું અને ઓછું જાણીતું ગામ એનું નામ છે દેહરી. આ ગામ એક વિરલ ઘટનાને કારણે જાણીતું બની રહ્યું છે.



દેહરી ગામમાં સૌથી વધુ ૭૦૦૦ જેટલા મુસ્લિમોની વસ્તી છે અને ૫,૦૦૦ જેટલા હિન્દુઓ અહીં વસે છે અને સદીઓથી અહીં કોમી એકતા અને સમાજનું વાતાવરણ જળવાયેલું જોવા મળ્યું છે અને હવે અચાનક આ ગામમાં એક નવી તરાહ કે નવો પ્રવાહ શરૂ થયો છે. ગામમાં રહેતા લગભગ ૭૦ જેટલા મુસ્લિમ હોય એમના નામોની પાછળ બ્રાહ્મણ અટક લગાડી છે. સાથે સાથે તેઓ કહે છે કે અમે કોઈ ધર્મ પરિવર્તન કર્યું નથી કે હિન્દુ ધર્મ અપનાવ્યો નથી. અહીંની કેરાકટ તહેસિલના નૌશાદ અહેમદની દીકરીના શાદીના આમંત્રણ કાર્ડ પર એમણે પોતાનું નામ આ રીતે લખ્યું હતું કે નવસાદ અહેમદ દુબે ત્યારે બધાનું ધ્યાન ખેંચાયું હતું અને જીજ્ઞાસા જાગી હતી. આ જ ગામમાં બીજા એક પાંડેજી રહે છે એમનું નામ છે ઈર્શાદ અહેમદ પાંડે... તેઓ પણ નૌશાદ અહેમદના ઘરથી બે મકાન દૂર જ રહે છે. તેમના જેવા ઘણા મુસ્લિમોએ જે આ ગામમાં રહે છે એમણે એમના નામોની પાછળ મિશ્રા કે પાંડે કે તિવારી જેવી અટક જોડી દીધી છે. આ માટેનું કારણ સમજાવતા ગળામાં કેસરિયા કલરનો રૂમાલ બાંધેલા નૌશાદ અહેમદ જણાવે છે કે અમને જ્યારે અમારા પૂર્વજો અને વંશ વિશે જાણકારી થઈ ત્યાર પછી અમે છેલ્લા બે વર્ષથી આ રીતે નામ પાછળ અટક બ્રાહ્મણી બ્રાહ્મણ લગાડી છે. અમને એ જાણવા મળ્યું હતું કે અનેક પેઢીઓ પહેલા અમે હિન્દુ હતા અને અમારા પૂર્વજો હિન્દુઓ હતા. તેઓ કહે છે કે લગભગ આઠ પેઢીઓ પહેલા મારા દાદા એટલે કે પરદાદા લાલબહાદુર દુબે હિન્દુ હતા અને બાદમાં ઈસ્લામ ધર્મ અપનાવીને શેખ અટક ધારણ કરી હતી. મારા ઘરના સિનિયર સભ્યો જ્યારે પંડિતજી કહીને બોલાવતા ત્યારે મને ખૂબ જ નવાઈ લાગતી અને મને જિજ્ઞાસા થતી હતી અને મારા વંશવેલા અને પૂર્વજો કોણ હતા એ વિશે મારે જાણવાની તમન્ના જાગી હતી. એ સમયે મારા પરદાદાએ જણાવ્યું હતું કે લગભગ આઠ પેઢી પહેલા આપણા પૂર્વજ રાની કી સરાઈમાં રહેતા લાલબહાદુર દુબે દેહરી ગામ આવ્યા હતા અને હજારીસિંઘ પાસેથી જમીનદારી સંભાળી હતી. તેઓ અહીં આવ્યા ત્યારે તેમણે ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો હતો. નૌશાદ એમ જ કહે છે કે મારા પૂર્વજો વિશે જાણકારી મળ્યા બાદ મેં મારા મૂળ નામની સાથે બ્રાહ્મણ અટક દુબે લગાડવાનું નક્કી કરી લીધું હતું. નૌશાદ ગૌભક્ત પણ બની ગયા છે અને ગૌ સેવામાં આખો દિવસ પસાર કરે છે. જો તેમના પરિવારમાં અન્ય કોઈએ આ અટક રાખી નથી. આ જ ગામના બીજા એક મુસ્લિમ એહેતેશામ અહેમદ કહે છે કે મારા પૂર્વજો પણ હિન્દુઓ હતા અને બ્રાહ્મણો હતા પણ મેં હજુ સુધી એમની અટક મારા નામ પાછળ લગાડી નથી અને જોકે ઘણાએ અહીં એમની બ્રાહ્મણ અટક લગાડવાનું શરૂ કર્યું છે અને ગાયોનું પાલન પણ શરૂ કર્યું છે. દેહરી ગામના સરપંચ ફરહાન પણ કહે છે કે મેં પણ તપાસ કરી તો ચાર પેઢી પહેલા મારા પૂર્વજો પણ હિન્દુઓ હતા. આ ગામના અબ્દુલ્લા શેખ પણ હવે અબ્દુલ્લા શેખ દુબે તરીકે પોતાનું નામ લખે છે અને મોહમ્મદ ગુફરાન હવે એમના નામ આગળ ગુફ રાન ઠાકોર અને જે લોકોના નામ આગળ સૈયદ લાગતું હતું એ લોકો પોતાના નામ આગળ હવે શાંડિલ્ય એવું લખે છે. બધા મુસ્લિમો ઈસ્લામી રીત રિવાજ તો અનુસરે જ છે પણ હિન્દુ દેવી-દેવતાઓ સામે માથું ઝૂકાવવા માટે મંદિરોમાં પણ જતા રહે છે. ઈસ્લામના ધર્મગ્રંથનું પઠન કરે છે અને તેનો અમલ પણ કરે છે અને સાથે સાથે ગામના મંદિરોમાં થતી આરતીમાં પણ ભાગ લે છે. આ રીતે નવી અટક રાખનારા સાથે બધા સંબંધ છે એવું નથી. એમના સંબંધીઓ પણ એમની સાથે સહમત નથી એટલે જ નૌશાદ અહેમદ દૂબેના એક સ્વજન શેખ મરિયમ સિદ્દીકી કહે છે કે મારૂં નામ એ મારી ઓળખ છે એટલે તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર ન હોય. બીજા એક દૂબે અટક રાખનાર ઈસરાર અહેમદ કહે છે કે શેખ, પઠાણ, સૈયદ અને મિર્ઝા એ અમારી મૂળ અટક નથી એ અટકો બહારથી આવેલા લઈ આવ્યા છે. અમે અફઘાનિસ્તાન કે આરબ દેશોમાંથી આવ્યા નથી. પણ અમારા પૂર્વજોએ કયા સંજોગોમાં ઈસ્લામ ધર્મ અપનાવ્યો તેની અમને જાણકારી નથી પરંતુ હિન્દુ ભાઈઓ જે અમારી સાથે શાંતિથી જીવી રહ્યા છે એમની સાથે એકરૂપતા બતાવવા અને કોમી એખલાસ માટે અમે અમારી અટકો આ રીતે રાખવાનું નક્કી કર્યું છે જેથી કોમી સંવાદિતાની પરંપરા જળવાઈ રહે અને આપણો દેશ વધુ મજબૂત બને.

# મણિપુરમાં ૧૦ કુકી-ઝો યુવકોની એન્કાઉન્ટરમાં હત્યા ભાજપ સરકારને વધુ ઝાંખી પાડે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

મણિપુરના જીરીબામ જિલ્લામાં સીઆરપીએફ સાથેની અથડામણમાં બુધવારે માર્યા ગયેલા ૧૦ કુકી-ઝો યુવાનોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ ઘટનાની પ્રકૃતિ પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. એક અહેવાલ મુજબ આસામની સિલચર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ દ્વારા હાથ ધરવામાં આવેલા પોસ્ટમોર્ટમમાં જણાવાયું છે કે, તેમાંથી મોટાભાગના લોકો ગોળી વાગવાથી મૃત્યુ પામ્યા હતા જે મુખ્યત્વે પાછળના ભાગે મારવામાં આવી હતી. આની અસરો સ્પષ્ટ છે, જો કે, સત્તાવાળાઓ તરફથી થોડી ટિપ્પણી કરવામાં આવી છે. દુર્ભાગ્યે મીડિયા પણ મણિપુરમાં પહેલાથી જ ભડકેલી આગમાં આગ ભડકાવનાર ન્યાયેત્તર હત્યાના સંભવતઃ ખૂબ જ ગંભીર કેસને દબાવતું હોય તેવું લાગે છે. બોરોબેકરા પોલીસ સ્ટેશન નજીક યુવકોની હત્યા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસે દાવો કર્યો હતો કે, છદ્માવરણ ગણવેશમાં સજ્જ અને ઓટોમેટિક બંદૂકો અને રોકેટ-સંચાલિત ગ્રેનેડ સહિતના અત્યાધુનિક શસ્ત્રોથી સજ્જ આતંકવાદીઓએ પોલીસ સ્ટેશન અને નજીકના સીઆરપીએફ કેમ્પ પર હુમલો કર્યો હતો જેમાં એક સીઆરપીએફ કોન્સ્ટેબલ ઘાયલ થયો હતો.

હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ મૃતદેહો પર ગોળીઓના અનેક ઘા હતા પરંતુ તેમાંથી મોટાભાગના પાછળના ભાગેથી હતા અને જો તેઓ હુમલાખોર હોય તો ભાગ્યે જ એવું બન્યું હોત. કથિત આતંકવાદીઓ અને પોલીસની અસમાન જાનહાનિની સંખ્યા પણ નકલી એન્કાઉન્ટર તરફ ઈશારો કરે છે. કુકી-ઝો ઓર્ગેનાઈઝેશન, ધી ઈન્ડીજીનસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ (આઈટીએલએફ)એ જણાવ્યું છે કે, માર્યા ગયેલા લોકો ગામડાના સ્વયંસેવકો હતા અને આતંકવાદી નહીં અને જ્યારે આ ઘટના બની ત્યારે તેઓ સાથી આદિવાસીઓની સુરક્ષા માટે પેટ્રોલિંગમાં હતા. પાંચ ડિસેમ્બરે યુવકોને સેખેન ગામમાં શહીદ કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા હતા, કેટલાક વિકૃત અને એક આંખ ફૂટી ગયેલા મૃતદેહોને સિલચરથી પાછા લાવવામાં આવ્યા હતા. આઈટીએલએફએ આ યુવકોની હત્યાની ન્યાયિક



તપાસની માંગ કરી છે અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને લખેલા પત્રમાં તેઓએ કહ્યું છે કે, ‘મૃતકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સ સ્પષ્ટપણે દર્શાવે છે કે, યુવકોને પાછળથી ગોળી મારવામાં આવી હતી, જે સાબિત કરે છે કે, જ્યારે તેઓને ગોળી મારી દેવામાં આવી ત્યારે તેઓ સુરક્ષા દળો સાથે ગોળીબારમાં સંડોવાયેલા ન હતા.’ પત્રમાં કહેવામાં આવ્યું છે કે, તેઓને પકડ્યા બાદ હુમલો કરવામાં આવ્યો હતો અથવા તેમની હત્યા કરવામાં આવી હોઈ શકે છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) પહેલાથી જ એવી ઘટનાઓની તપાસ કરી રહી છે જેણે રાજ્યમાં આદિવાસી સમુદાયોને આક્રોશિત કર્યા છે. ગૃહ મંત્રાલયે એજન્સીને તપાસ સોંપ્યા પછી તેઓએ મણિપુર હિંસા સંદર્ભે ત્રણ કેસ નોંધ્યા છે પરંતુ તેમાંથી કોઈપણ ૧૦ કુકી-ઝો આદિવાસીઓના મૃત્યુની ચોક્કસ ઘટના સાથે સીધો સંબંધ ધરાવતા નથી. એનઆઈએ જે કથિત રીતે કરી રહી છે તે સશસ્ત્ર આતંકવાદીઓ દ્વારા જાકુરાધોર કરોંગ અને બોરોબેકરા પોલીસ સ્ટેશનમાં સીઆરપીએફ પર કથિત હુમલાની તપાસ કરી રહી છે. આ ઘટનાનું દુઃખદ પરિણામ મેઈતેઈ સમુદાયના ત્રણ બાળકો અને ત્રણ મહિલાઓનાં મોત હતા. મેઈતેઈ જૂથોએ આરોપ લગાવ્યો હતો કે, પોલીસ પર કથિત રીતે હુમલો કરનારા કુકીઓના મૃત્યુના બદલામાં કુકીઓ દ્વારા તેમનું અપહરણ અને હત્યા કરવામાં આવી હતી.

# અભ્યાસક્રમ ઉપરાંત દક્ષિણના અન્ય રાજ્યો કરતાં તમિલનાડુમાં હિન્દી શીખતા લોકોની સંખ્યા વધી રહી છે

## તમિલનાડુમાં હિન્દી વર્ગોમાં શોખ તરીકે અથવા વ્યાવસાયિક કારણોસર સંખ્યાબંધ લોકો સાઈન અપ કરી રહ્યા છે, દક્ષિણના રાજ્યો પૈકી આ રાજ્યમાં સૌથી વધુ હિન્દી વર્ગની નોંધણી જોવા મળી છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૪

હિન્દી સાથે તમિલનાડુનો સંબંધ હંમેશાથી વિવાદમાં રહ્યો છે. તેથી જ્યારે કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું કે, તમિલનાડુએ તેણીને તેના શાળાના દિવસોમાં હિન્દી શીખવાની મંજૂરી આપી ન હતી, ત્યારે તે ભાગ્યે જ આશ્ચર્યજનક હતું અને તેણીની આ ટિપ્પણીએ તેના ગૃહ રાજ્યમાં હલચલ મચાવી હતી. તમિલનાડુમાં હિન્દી લાગુ કરવાનો ઐતિહાસિક વિરોધ કરનાર શાસક દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)એ કહ્યું કે, તે વધુ મહત્ત્વના મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાની યુક્તિ છે. ભારતીય જનતા પાર્ટી (BJP) હિન્દીને ‘એકીકરણની ભાષા’ તરીકે પ્રમોટ કરી રહી છે. વર્ષોથી તમિલનાડુ મોટાભાગે હિન્દીને પ્રતિકારની દૃષ્ટિએ જોતું હતું. પરંતુ છેલ્લા ૧૫ વર્ષોમાં રાજ્યમાં શોખ તરીકે અથવા વ્યાવસાયિક કારણોસર હિન્દી વર્ગો માટે સાઈન અપ કરનારા લોકોની સંખ્યા વધી રહી છે. દક્ષિણ ભારત હિન્દી પ્રચાર સભા (DBHPS) જે દક્ષિણ ભારતમાં હિન્દીને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલી સંસ્થા છે તેમાં સ્વેચ્છાએ હિન્દી શીખતા તમિલનાડુમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૯માં માત્ર ૨.૧૮ લાખથી ૨૦૧૯માં ધીમે-ધીમે વધીને ૫.૯૦ લાખ થઈ ગઈ છે. ટ્રસ્ટી મંડળ દ્વારા સંચાલિત, DBHPSએ ડિગ્રી આપવા માટે યુનિવર્સિટી તરીકે માન્યતા પ્રાપ્ત ખાનગી સંસ્થા છે. ૧૯૬૪માં તેને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી હોવાથી DBHPSને આંશિક રીતે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે.

હિન્દીમાં લોકોની રૂચિ એ સંકેત આપે છે કે, તેમના પર ભાષા લાદવામાં આવતી નથી. અમે અહીં ભણાવવામાં આવતા અભ્યાસક્રમોની જાહેરાત કે પ્રચાર પણ કરતા નથી. પરંતુ લોકો સ્વેચ્છાએ જોડાય છે અને તેમની પરીક્ષા પૂર્ણ કરે છે. ગુટ્ટલે જણાવ્યું હતું કે, ૨૦૧૨થી પ્રવેશમાં ૨૫ ટકાનો વધારો થયો છે. જો કે, કોવિડ-૧૯ રોગચાળા પછી તરત જ મંદી આવી હતી પરંતુ ત્યારથી સંખ્યામાં સતત વધારો થયો છે. ૨૦૨૦માં પ્રવેશ ઘટીને ૪.૮૫ લાખ થયો હતો અને ૨૦૨૧માં તે ઘટીને ૩.૪૭ લાખ થયો હતો. પરંતુ હવે હિન્દી શીખતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ધીમે-ધીમે વધારો થયો હતો અને ૨૦૨૩માં ૪.૧૪ લાખ લોકોએ નોંધણી કરી હતી અને વધુ વિદ્યાર્થીઓ હવે હિન્દી શીખી રહ્યા છે. આંકડાઓ એ પણ દર્શાવે છે કે, છેલ્લા પાંચ વર્ષમાં તમિલનાડુમાં તેલંગાણાને બાદ કરતાં દક્ષિણના રાજ્યોમાં સૌથી વધુ નોંધણી થઈ છે. ૨૦૨૩માં જ્યારે તમિલનાડુમાં ૪.૧૪ લાખ લોકોએ હિન્દી શીખવા માટે નોંધણી કરી હતી, ત્યારે આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં માત્ર ૧.૩૫ લાખ લોકોએ સાઈન અપ કર્યું હતું. કર્ણાટક અને કેરળમાં આ સંખ્યા ૧૦,૦૦૦ કરતાં ઓછી હતી, જ્યાં ગયા વર્ષે અનુક્રમે માત્ર ૬૬૦૭ અને ૮૪૨૨ લોકોએ હિન્દી વર્ગો માટે નોંધણી કરી હતી. જો કે, રાજ્યભરમાં અન્ય લાખો લોકો છે જેમણે અનૌપચારિક બોલચાલના હિન્દી વર્ગો લીધા છે અને તેમની સંખ્યાનો ચોક્કસ અંદાજ લગાવી શકાતો નથી.

**હિન્દી શિક્ષણની વધતી માંગનું કારણ શું છે ? :** ગુટ્ટલે કહ્યું કે, તે મોટાભાગે રાજ્યમાં બે ભાષાના ફોર્મ્યુલાને કારણે છે, જે અભ્યાસક્રમમાંથી હિન્દીને બાકાત રાખે છે. જો કે, મોટાભાગનાં રાજ્યો ત્રણ ભાષાના સૂત્રને અનુસરે છે જેના હેઠળ વિદ્યાર્થીઓ તેમના શાળા શિક્ષણ દરમિયાન ઓછામાં ઓછી ત્રણ ભાષાઓ શીખે છે, તમિલનાડુ એકમાત્ર રાજ્ય છે જેમાં બે ભાષાની નીતિ છે, જેનું તે ૧૯૬૭થી પાલન કરે છે. પબ્લિક સ્કૂલના પ્લેટફોર્મના રાજ્ય સચિવ અને શિક્ષણશાસ્ત્રી પ્રિન્સ ગજેન્દ્ર બાબુએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ઘણા લોકો શોખ તરીકે અથવા તેમની વ્યાવસાયિક જરૂરિયાતોને પૂર્ણ કરવા હિન્દી શીખે છે. લોકો ઈચ્છતા નથી કે તે નવી શિક્ષણ નીતિ (NEP) દ્વારા સૂચવ્યા મુજબ તેમના અભ્યાસક્રમમાં હોય. રાજ્યમાં ઘણા પરિવારો શોખ તરીકે હિન્દી શીખી રહ્યા છે, તેમના પર કોઈ તણાવ નથી. કેટલાક તેને તેમની વ્યાવસાયિક જરૂરિયાતો માટે શીખે છે. અનુવાદ કાર્ય સાથે સંકળાયેલા લોકો વધારાની ભાષા તરીકે હિન્દી શીખે છે. NEPએ તમિલનાડુમાં ભાજપ અને DMK સરકાર વચ્ચે વિવાદ છે, જેમાં રાજ્યએ હિન્દીને રાજ્ય પર લાદવાની ત્રણ ભાષાની નીતિને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. હિતધારકો કહે છે કે, આ અભ્યાસક્રમો પૂરા કર્યા પછી શિક્ષણની તકો ઉપલબ્ધ હોવાને કારણે હિન્દી શીખતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થયો છે. જો તેઓ BAની સમકક્ષ અભ્યાસક્રમો પૂર્ણ કરે છે તો તેઓ B.Ed પૂર્ણ કરી શકે છે અને શાળામાં જોડાઈ શકે છે અથવા ઘરે પોતાના વર્ગો પણ શરૂ કરી શકે છે. આ એક મુખ્ય કારણ છે. અન્ના યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સેલર વી. બાલાગુરૂસામીએ જણાવ્યું હતું કે, રાજ્યના ઘણા ઉદ્યોગપતિઓએ વ્યવસાય હેતુ માટે હિન્દી શીખવાનું પસંદ કર્યું છે. અંગ્રેજી કરતાં તેઓ ઉત્તર ભારતમાં તેમના વ્યવસાયિક સમકક્ષો સાથે વાતચીત કરવા માટે હિન્દી શીખવાનું પસંદ કરે છે. તેઓ તેને પોતાની મરજીથી શીખે છે. મેટ્રિકના અભ્યાસક્રમમાં કેટલીક શાળાઓમાં હિન્દી તમિલને બદલે વૈકલ્પિક બીજી ભાષા હતી. આ ફેરફારથી માત્ર વધુ લોકો હિન્દી શીખવા સક્ષમ બન્યા નથી પરંતુ રાજ્યમાં CBSE શાળાઓની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૦૯માં રાજ્યમાં માત્ર ૯૮ CBSE શાળાઓમાંથી, ૨૦૨૪માં સંખ્યા વધીને ૧,૬૧૭ થઈ છે.

**‘ઉત્તર ભારતની ભાષા’ : એક ભાવનાત્મક મુદ્દો :** ડીએમકેના પ્રવક્તા સર્વાનન અન્નાદુરાઈએ જણાવ્યું હતું કે, તમિલનાડુમાં સ્વેચ્છાએ હિન્દી શીખતા લોકોની સંખ્યા દર્શાવે છે કે, નિર્મલા સીતારમણની ટિપ્પણી ભાવનાત્મક મુદ્દો ઊઠાવવા અને લોકોનું ધ્યાન ભટકાવવાનું ષડ્યંત્ર હતી. ત્રિચીની એ જ કોલેજમાં જ્યાં નિર્મલા સીતારમણે અભ્યાસ કર્યો હતો તે જ કોલેજમાં ભણતી તેની ક્લાસમેટ કોઈપણ અડચણ વિના હિન્દી શીખવા સક્ષમ હતી. તે તદ્દન જૂઠ્ઠું છે, જે ભાજપની શૈલીની લાક્ષણિક છે. તેણીને ઉત્તર ભારતમાં સહાનુભૂતિ મળી શકે છે પરંતુ તે તમિલનાડુમાં કામ કરશે નહીં. તમિલનાડુમાં તેણીને હિન્દી ભણવા ન દેવા માટે ડીએમકેને દોષી ઠેરવતા તેણીએ કહ્યું કે, જ્યારે હું તમિલનાડુમાં હિન્દી શીખવા ગઈ ત્યારે રસ્તા પર મારી મજાક ઉડાવવામાં આવી. ‘ઓહ તમારે હિન્દી શીખવી છે ? તમે તમિલનાડુમાં રહો છો અને તમે ઉત્તર ભારતની ભાષા, હિન્દી કેમ શીખવા માંગો છો ?’ હિન્દી શીખવું એ કંઈક વિદેશી શીખવા જેવું હતું. શું તમિલનાડુ ભારતનો ભાગ નથી ? હિન્દી શીખવામાં શું ખોટું છે ?’ પરંતુ ૧૯૩૭માં હિન્દી લાદવામાં આવેલા વિરોધમાં મોખરે રહેલા સમાજ સુધારક પેરિયારના કટ્ટર અનુયાયી દ્રવિડર વિદુથલાઈ કાઝગમ નેતા કોલાથુર મણીએ



નાણામંત્રીના નિવેદનની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊઠાવ્યો હતો. જો રાજ્યના આ લાખો લોકોની મજાક ઉડાવવામાં આવી હોત તો તેમને સભામાં હિન્દી શીખવાની તક કેવી રીતે મળી હોત ? વાસ્તવમાં તમિલનાડુમાં વિરોધ ક્યારેય હિન્દી વિરુદ્ધ નથી પરંતુ હિન્દી ભાષા લાદવા સામે હતો.

**સરકારી શાળાઓ અને ડ્રોપઆઉટ દર :** સ્વેચ્છાએ હિન્દી શીખતા લોકોની સંખ્યામાં વધારો થયો છે, અન્ના યુનિવર્સિટીના પૂર્વ વાઈસ-ચાન્સેલર વી. બાલાગુરૂસામીએ જણાવ્યું હતું કે, રાજ્યએ સરકારી શાળાઓમાં હિન્દીને મંજૂરી આપવાનું વિચારવું જોઈએ. જો કે, રાજકીય રીતે ડીએમકે હિન્દી લાદવાની વિરુદ્ધ છે, તેમની પાસે સરકારી શાળાના વિદ્યાર્થી માટે શાળામાં હિન્દી શીખવાનો વિકલ્પ પણ હોવો જોઈએ. હિન્દીનો ઈન્કાર કરીને સરકાર બીજી ભાષા શીખવાના અધિકારને નકારી રહી છે. જો કે, દ્રવિડિયન લેખક અને ઈતિહાસકાર મતિમારને ચિંતા વ્યક્ત કરી હતી કે, શાળાના અભ્યાસક્રમમાં હિન્દીનો ઉમેરો કરવાથી ડ્રોપઆઉટ દરમાં વધારો થઈ શકે છે. જો શાળાના અભ્યાસક્રમમાં હિન્દી ઉમેરવામાં આવે તો વિદ્યાર્થીઓને તે ભાષા શીખવાનો બોજ લાગશે જેમ આપણે અંગ્રેજી શીખવા માટે સંઘર્ષ કર્યો હતો. શિક્ષણવિદોએ જણાવ્યું હતું કે, જો વિદ્યાર્થીઓ શાળા સ્તરે હિન્દી ભણવામાં વધુ રસ ધરાવતા હોત તો કેન્દ્રએ તમિલનાડુમાં હિન્દીને પ્રોત્સાહન આપવા માટે વધુ કેન્દ્રીય વિદ્યાલય (KV) શાળાઓ સ્થાપી હોત. વર્ષોથી હિન્દી લાગુ કરવાનો વિરોધ હોવા છતાં પ્રિન્સ ગજેન્દ્ર બાબુએ કહ્યું કે, લાંબા સમયથી તમિલનાડુની કેન્દ્રીય વિદ્યાલય શાળાઓમાં માત્ર હિન્દી અને અંગ્રેજી જ ભણાવવામાં આવે છે.

**હિન્દી સાથે પ્રેમ-નફરતનો સંબંધ :** તમિલનાડુના લોકોનો હિન્દી સાથે હંમેશા પ્રેમ-નફરતનો સંબંધ રહ્યો છે. રાજ્યમાં હિન્દી વિરોધી આંદોલનની શરૂઆત ૧૯૩૭માં સામાજિક સુધારક અને દ્રવિદર કઝગમ અથવા સ્વ-સન્માન ચળવળના સ્થાપક પેરિયાર દ્વારા કરવામાં આવી હતી જ્યારે મદ્રાસ પ્રેસિડેન્સીની શાળાઓમાં હિન્દી ભણાવવાની શરૂઆત સી. રાજગોપાલાચારી હેઠળની કોંગ્રેસ સરકાર દ્વારા કરવામાં આવી હતી. ૧૯૨૫માં કોંગ્રેસ છોડ્યા પછી પેરિયારે ૧૯૩૮માં શાળાઓમાં હિન્દી લાદવાનો વિરોધ કરવા માટે પ્રથમ વખત રસ્તા પર ઉતર્યા હતા. તમિલને પ્રોત્સાહન આપનારા શૈવ મઠ્ઠોએ પણ હિન્દી લાદવાનો વિરોધ કર્યો ન હતો. પેરિયારે જ શૈવ મઠના લોકોને અપીલ કરી હતી. હિન્દી લાગુ કરવા સામે વર્ષોના વિરોધ છતાં અશાંત સમયમાં પણ તમિલનાડુના લોકોએ હિન્દીની પ્રશંસા કરી છે. ૧૯૬૮માં હિન્દી આંદોલનના દિવસોમાં પણ હિન્દી ફિલ્મો દર્શાવતા કોઈ પણ થિયેટર પર હુમલો થયો ન હતો. લોકોએ આવા થિયેટરોની સામે વિરોધ પણ કર્યો ન હતો. હકીકતમાં તે સમયગાળામાં રિલીઝ થયેલી હિન્દી ફિલ્મો બ્લોકબસ્ટર હિટ થઈ હતી.

# ‘આપણું બંધારણ વિશ્વનું સૌથી મોટું અને ભવ્ય જ નહીં પરંતુ સૌથી સુંદર પણ છે’ : કેન્દ્રીય મંત્રી રિજીજુ

## રિજીજુએ દાવો કર્યો હતો કે બીઆર આંબેડકરના વિચારો અને લખાણોનું તેમના મૃત્યુ પછી ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું, તેમણે નોંધ્યું હતું કે બાબા સાહેબે હિંદુ ધર્મનો ત્યાગ કર્યો હતો પરંતુ તેઓ ક્યારેય હિન્દુ ધર્મ પ્રત્યે વિરોધી ન હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજીજુએ શુક્રવારે ભારતના બંધારણને માત્ર સૌથી લાંબુ જ નહીં પરંતુ વિશ્વનું સૌથી નોંધપાત્ર અને સુંદર પણ ગણાવ્યું હતું. ભારતના બંધારણને અપનાવવાની ૭૫મી વર્ષગાંઠ પર ચર્ચા દરમિયાન લોકસભામાં કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજીજુએ કહ્યું હતું કે, હું એવા પ્રદેશમાંથી આવું છું જ્યાં મેં પહેલા વિમાન અને પછી કાર જોઈ છે અને એક સાંસદ તરીકે જ્યાં બાબાસાહેબ ભીમરાવ આંબેડકર બેઠા હતા ત્યાં વડાપ્રધાન મોદીએ મને બેસવાની તક આપી છે. જ્યારે હું આ દેશનો કાયદો મંત્રી બન્યો તો કાયદા મંત્રીનું પદ સંભાળતા પહેલા, મેં સૌપ્રથમ એ સમજવાનો પ્રયત્ન કર્યો કે બાબા સાહેબ આંબેડકર શું ઈચ્છે છે અને તેમના મનમાં એવી બધી બાબતો અને વિચારો શું છે જે તેઓ કરી શક્યા નથી. આપણું બંધારણ માત્ર વિશ્વનું સૌથી મોટું બંધારણ જ નહીં પણ વિશ્વનું સૌથી સુંદર બંધારણ છે. રિજીજુએ દાવો કર્યો હતો કે બીઆર આંબેડકરના વિચારો અને લખાણોનું તેમના મૃત્યુ પછી ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું, તેમણે નોંધ્યું હતું કે બાબા સાહેબે હિંદુ ધર્મનો ત્યાગ કર્યો હતો, પરંતુ તેઓ ક્યારેય તેના પ્રત્યે વિરોધી ન હતા. બી.આર. આંબેડકર ક્યારેય કોઈ ધર્મ વિરૂદ્ધ કંઈ બોલ્યા નહીં. હિંદુ સમાજમાં અસ્પૃશ્યતા જેવી કેટલીક પ્રથાઓ હતી. તેઓ આ પ્રથાઓ સામે લડ્યા. તેમણે દીક્ષા લીધી અને થોડા મહિનાઓ પછી તેઓએ બૌદ્ધ ધર્મમાં દીક્ષા લીધા પછી તેઓ ધર્મના તેમના વિચારો શેર કરી શક્યા નહીં. બાબા સાહેબના વિચારો અને લખાણોનું તેમના નિધન પછી પાછળથી ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું અને કહેવામાં આવ્યું હતું કે બાબા સાહેબે હિંદુ ધર્મનો ત્યાગ કર્યો છે તેથી આપણે તેની સામે લડવું પડશે, આ એવું નથી જે તેમણે વિચાર્યું હતું તેવું નથી. તે ક્યારેય હિંદુ ધર્મના વિરોધી ન હતા. લોકસભાએ ૧૩ ડિસેમ્બરે



બંધારણને અપનાવવાના ૭૫મા વર્ષની શરૂઆતની યાદમાં તેના પર બે દિવસીય ચર્ચાની શરૂઆત કરી હતી. શુક્રવારે, બંધારણ પરની ચર્ચામાં ગૃહમાં સંરક્ષણ પ્રધાન સિંહ અને વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના ઉગ્ર ભાષણો જોવા મળ્યા હતા. શિયાળુ સંસદનું પ્રથમ સત્ર ૨૫ નવેમ્બરના રોજ શરૂ થયું હતું, જેમાં વિક્ષેપોને કારણે બંને ગૃહો અનેકવાર વહેલા મુલતવી રાખવામાં આવ્યા હતા. શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર સુધી ચાલશે.

# લ્યો હવે રાહુલ ગાંધી સંભલ હિંસા પીડિતોના પરિવારને મળ્યા તો ભાજપના ગિરિરાજ સિંહે તેને “મીટિંગ જેહાદ” ગણાવી

(એજન્સી) તા.૧૪

૧૦ ડિસેમ્બરે યોજાયેલી આ મિટિંગની તસવીર શેર કરતા ગિરિરાજ સિંહે તેને "મીટિંગ જેહાદ" ગણાવી હતી. ૨૪ નવેમ્બરના રોજ સંભલમાં મુઘલ-યુગની શાહી જામા મસ્જિદના કોર્ટના આદેશના સર્વે દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. યુપીના સંભલમાં મસ્જિદ સર્વે દરમિયાન હિંસામાં ચાર લોકોનાં મોત થયા હતા. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી નવી દિલ્હીમાં પીડિત પરિવારોને મળ્યા હતા. કોંગ્રેસે આ મીટિંગની તસવીરો શેર કરી અને ભાજપ પર નફરતની રાજનીતિનો આક્ષેપ કર્યો હતો.



ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે શનિવારે કોંગ્રેસ પર કટાક્ષ કર્યો હતો અને ૧૦ ડિસેમ્બરે યોજાયેલી સભાની તસવીર શેર કરતા ગિરિરાજ સિંહે તેને "મીટિંગ જેહાદ" ગણાવી હતી, જ્યારે રાહુલ ગાંધી ઉત્તર પ્રદેશના સંભલમાં હિંસાનો ભોગ બનેલા પરિવારોને મળ્યા અને તેમને શક્ય તમામ મદદની ઓફર કરી હતી અને આ બેઠકમાં રાહુલ ગાંધીની બહેન અને નવા ચૂંટાયેલા વાયનાડ સાંસદ પણ હાજર હતા.

આ મીટિંગની તસવીરો શરૂઆતમાં કોંગ્રેસ દ્વારા એક્સ પર શેર કરવામાં આવી હતી. કોંગ્રેસે લખ્યું કે, આજે, વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસના મહાસચિવ અને સાંસદ પ્રિયંકા ગાંધી સંભલના પીડિતોને મળ્યા હતા. સંભલની ઘટના ભાજપની નફરતની રાજનીતિની ખરાબ અસરનું પરિણામ છે અને તે શાંતિપૂર્ણ સમાજ માટે ઘાતક છે. આપણે સાથે મળીને, આ હિંસક અને દ્વેષપૂર્ણ માનસિકતાને પ્રેમ અને ભાઈચારાથી હરાવવાની છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે તે તમામ પીડિતોની સાથે છે અને તેમને ન્યાય અપાવવા માટે લડત આપશે.

૨૪ નવેમ્બરના રોજ સંભલમાં મુઘલ-યુગની શાહીજામા મસ્જિદના કોર્ટ દ્વારા આદેશિત સર્વેક્ષણ દરમિયાન હિંસા ફાટી નીકળી હતી જ્યારે વિરોધીઓની સુરક્ષા કર્મચારીઓ સાથે અથડામણ થઈ હતી. આ હિંસામાં ચાર લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. યોગી આદિત્યનાથની આગેવાની હેઠળની ઉત્તર પ્રદેશ સરકારે તે સમયે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી બંનેને સંભલ જવા અને પીડિત પરિવારોની મુલાકાત લેવાની પરવાનગી નકારી કાઢી હતી. આ બંને ભાઈ-બહેને ૪ ડિસેમ્બરે સંભલની મુલાકાત લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ઉત્તર પ્રદેશ પોલીસે ગાઝીપુર સરહદે તેમને અટકાવ્યા હતા.

૧૨ ડિસેમ્બરે, કેટલાક અજાણ્યા સ્થાનિકો સામે કથિત રીતે ગોળીબાર કરવા અને પથ્થરો ફેંકવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસ વસીમ તરીકે ઓળખાતા વ્યક્તિના સંબંધીએ નોંધાવ્યો હતો, તે તેના ઘરની બહાર ઊભો હતો ત્યારે તેને ગોળી વાગી હતી. વસીમને મુરાદાબાદની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેની સર્જરી કરવામાં આવી હતી.

### સુરતમાં વધુ એક લેટર બોમ્બ, મેયરને પત્ર પાઠવી MLAએ ઠાલવી વ્યથા

# ગુજરાત સરકારના વિકાસના બણગાંની પોલ ભાજપના જ ધારાસભ્યે ખોલી : ૩૪ વર્ષે સુવિધા શૂન્ય

## ૧૯૯૦થી શાસન છતાં સેન્ટ્રલ ઝોનમાં તંત્ર નિષ્ફળ; લોકો કરી રહ્યા છે હિજરત

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

ભાજપ શાસિત મહાપાલિકાના ભાજપના જ ધારાસભ્યએ વિકાસના પ્રશ્નને લઈ સવાલ ઉઠાવ્યો છે, સુરત પૂર્વ બેઠકના ધારાસભ્ય અરવિંદ રાણાએ મેયરને પત્ર લખી પોતાની વ્યથા ઠાલવી છે,મેયરના લેટરમાં ધારાસભ્યએ લખ્યું છે કે વિસ્તારમાં પ્રાથમિક સુવિધાનો અભાવ છે જેના કારણે લોકો હિજરત કરીને જઈ રહ્યાં છે,વર્ષોથી રોડ બનાવવાની માંગ છે તેમ છત્તા કોર્પોરેશન આ બાબતે ધ્યાન આપતું નથી.

ગુજરાતમાં વિકાસના બણગા ફૂંકતી ભાજપ સુરતના કોટ વિસ્તારનો વિકાસ નથી કરી શકતી. ૧૯૯૦થી એટલે કે, ૩૪ વર્ષથી સુરત મહાનગરપાલિકામાં ભાજપનું રાજ છે, પરંતુ આટલા વર્ષો પછી પણ કોટ વિસ્તારમાં સુવિધાઓ પૂરા પાડવામાં ભાજપ નિષ્ફળ રહી છે. સેન્ટ્રલ ઝોનામાં પાયાની સુવિધાનો અભાવ હોવાથી ઘણાં પરિવારો ઝોન છોડી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે, આ આરોપ કોઈ વિપક્ષી પાર્ટી નહીં પરંતુ ભાજપના જ ધારાસભ્યે કર્યો છે. આ ધારાસભ્યે કબૂલાત કરી છે કે, ભાજપ પાયાની સુવિધા આપવામાં પણ નિષ્ફળ રહી છે. સુરતના પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય અરવિંદ રાણાએ મેયરએ પત્ર લખી ૯ મીટર કે તેથી વધુ પહોળાઈના રસ્તા માટે સીસી રોડ બનાવવાની માગ કરી છે. આ માંગણી સાથે તેઓએ પત્રમાં કહ્યું કે, આગામી બજેટમાં સેન્ટ્રલ ઝોનમાં ૯ મીટર કે તેથી વધુ પહોળાઈવાળા તમામ રસ્તાઓ સીસી રોડ બનાવવાની જોગવાઈ કરવામાં આવે. સેન્ટ્રલ ઝોનની ગલી-રસ્તાઓ તૂટી જાય, ખાડા પડી જાય, વારંવાર રીપેર કરવા પડે અને રસ્તાની ઊંચાઈ વધવા લાગે છે. મકાનના આંગણા નીચા થતાં જાય છે. લાખો કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે અને જાહેર નાણાંનો વ્યય થાય છે. જેનો ઉકેલ સીસી રોડ બનાવીને થઈ શકે છે.

ધારાસભ્યે મેયરને લખેલા પત્રમાં વધુમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૧૬થી સેન્ટ્રલ ઝોનની તમામ પાયાની સુવિધા ડ્રેનેજ-પાણીની લાઈન બદલવાનું કામ ચાલે છે. લોકો હેરાન-પરેશાન થાય છે, તેમ છતાં સુવિધા મળવાની આશાએ સહન કરી રહ્યા છે. સેન્ટ્રલ ઝોનમાં ગીચ વસતી અને વર્ષોથી કોર્પોરેશનના વેરા ભરતા હોવા છતાં સાર્વજનિક સુવિધાઓ સેન્ટ્રલ ઝોનમાં ઉપલબ્ધ નથી થતી. વિકાસના કોઈ મોટા કામ થતાં નથી. સેન્ટ્રલ ઝોનના લોકોના વેરાના નાણાંમાંથી શહેરના અન્ય ઝોનના વિકાસના કામોમાં કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. પાલિકાથી માંડી રાજયમાં પોતાની સરકાર હોવા છતાં સેન્ટ્રલ ઝોનમાં સુવિધા ન મળતાં ધારાસભ્યે પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. ધારાસભ્યે કબૂલ્યું કે, સેન્ટ્રલ ઝોનમાં પાયાની સુવિધાનો અભાવ અને ખાડાવાળા રસ્તાના કારણે ઘણાં પરિવારો ઝોન છોડી અન્યા ઝોનમાં હીજરત કરી રહ્યાં છે. જેથી કોટ વિસ્તાર ખાલી થવા લાગ્યો છે. જે વિશે ભાજપે આત્મમંથન કરવું જોઈએ.

### બોરસદ ચોકડી પાસે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરાઈ

# આણંદમાં મંદિરનું દબાણ દૂર કરવા જતાં ટોળાએ પોલીસ પર પથ્થરમારો કર્યો

## પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી ૨૦થી વધુ પથ્થરબાજોની અટકાયત, ૩૫૦થી વધુ કાચા-પાકા મકાનોના દબાણો દૂર કરાયા : ૧૫ નામજોગ અને ૨૦૦થી વધુનાં ટોળા સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
આણંદ, તા.૧૪

આણંદ શહેરમાં બોરસદ ચોકડી પાસે સરકારી જમીનમાંથી ૩૫૦ જેટલાં કાચા પાકા દબાણો દૂર કરવા માટે આજે મેગા ડિમોલિશનની કામગીરી વેળા કાચા પાકા મકાનોના દબાણો દૂર કર્યા બાદ મંદિરના દબાણ દૂર કરવાની કામગીરી દરમ્યાન સ્થાનિક દબાણકારોએ જેસીબી મશીન અને પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસ દ્વારા લાઠીચાર્જ કરી ૨૦થી વધુ પથ્થરબાજોની અટકાયત કરવામા આવી હતી.



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

કલેક્ટરના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા આજ સવારથી બોરસદ ચોકડી ખાતેના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આજે સવારથી જ પ્રાંત અધિકારીનાં નેતૃત્વમાં દબાણો દૂર કરવા માટે જેસીબી મશીન અને મજૂરો સહિત સાત જેટલી જુદી-જુદી ટીમો દ્વારા દબાણો તોડવાની કામગીરી હાથ ધરી હતી. સવારમાં દબાણો તોડવાનું શરૂ કરાતા દબાણકારોએ હલ્લો કરી દબાણો દૂર કરવાની કામગીરી રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તૈનાત પોલીસ દ્વારા મામલો થાળે પાડી દબાણકારોને દુર કર્યા હતા અને બપોર બાદ મંદિર તોડવા દરમિયાન દબાણકારોએ પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસે લાઠીચાર્જ કરી ૧૫ જેટલા પથ્થરબાજોની અટકાયત કરી તેઓ વિરૂદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો, બોરસદ ચોકડી ખાતેની ઝૂપડપટ્ટી વિસ્તારના આશરે ૩૫૦થી વધુ મકાનોના દબાણો દૂર કરી અંદાજિત રૂપિયા ૭૫થી ૮૦ કરોડની બજાર કિંમત ધરાવતી ૨૦ હજાર ચોરસ મીટર જમીનને ખુલ્લી કરવામાં આવી હતી. મળતી વિગતો અનુસાર હાઈકોર્ટનાં આદેશ અનુસાર વહીવટીતંત્ર અને નગરપાલિકા તેમજ-મામલતદારની ટીમો દ્વારા પોલીસ બંદોબસ્ત હેઠળ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવતા મામલો ગરમાયો હતો અને પ્રાંત અધિકારી ડૉ.મયુર પરમારએ તમામ દબાણકારોને પોતાના માલ સામાન સાથે ખસી જવા સૂચનાઓ આપી હતી. કલેક્ટરના આદેશથી ૩૫૦માંથી ૧૫૦ જેટલા દબાણકારોએ ગઈકાલથી જ પોતાના માલ સામાન ખસેડીને જગ્યા ખાલી કરી દીધી હતી અને આજે સવારથી ૨૦૦થી વધુ ગેરકાયદેસર કાચા પાકા મકાનો તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને બપોરે એક વાગ્યા સુધીમાં તમામ દબાણો ખસેડી દેવામાં આવ્યા હતા ત્યારબાદ પોલીસે ઝૂપડપટ્ટીમાં આવેલા ત્રણ મોટા અને બે નાના મળી ૫ મંદિરો તોડવાની કામગીરી શરૂ કરવામાં આવતા દબાણકારો મંદિરની આસપાસ ગોઠવાઈ ગયા હતા અને જેસીબી મશીન પર પથ્થરમારો કર્યો હતો. આ સમયે મંદિરમાં રહેલા ફોટા તેમજ આરતી સહિત ખસેડવા માટે પોલીસ પુજારીને લઈને જતા દબાણકારોએ પોલીસ સાથે ઘર્ષણ કરી પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસે પથ્થરમારો કરતા ટોળા પર લાઠીચાર્જ કરતા લોકોમાં નાશભાગ મચી જવા પામી હતી. પોલીસે પથ્થરમારો કરતા ૧૫થી વધુ લોકોની અટકાયત કરી હતી અને આ મામલે આણંદ ટાઉન પોલીસ મથકે પથ્થરમારો કરનાર ૧૫ શખ્સો સામે નામજોગ અને ૨૦૦થી વધુ લોકોનાં ટોળા વિરૂદ્ધ રાયોટીંગ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

બોરસદ ચોકડી ખાતે હાથ ધરવામાં આવેલ આ દબાણ હટાવવાની ઝુંબેશમાં આણંદ પ્રાંત અધિકારી મયુર પરમાર, ગ્રામ્ય મામલતદાર અનિલ પટેલ અને સિટી મામલતદાર ચાર્મી રાવલ, ચીફ ઓફિસર એસ. કે. ગરવાલ, નાયબ પોલીસ અધિક્ષક જયેશ પંચાલ, સિટી સર્વે સુપ્રિટેન્ડન્ટ અશોક રાવલ, માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જીગર પટેલ, પોલીસ વિભાગ તેમજ સંબંધિત વિભાગના અધિકારી-કર્મચારીઓની ટીમ ઉપસ્થિત રહી હતી.

### શહેરના સેટેલાઈટ વિસ્તારમાં ઓનલાઈન છેતરપિંડીની વધુ એક ઘટના


# શેરબજારમાં રોકાણના બહાને સિનિયર સિટીઝન સાથે ૧.૮૪ કરોડની છેતરપિંડી

## પહેલા દેખાતો નફો ધીમે-ધીમે કરોડોના રોકાણમાં પહોંચ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા. ૧૪

રાજ્યભરમાં ઓનલાઈન છેતરપિંડીની ઘટનાઓ સતત વધી રહી છે. ત્યારે અમદાવાદમાં આવી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં શેરબજારમાં સારા વળતરની લાલચે છેતરપિંડી થયાનું જાણવા મળ્યું છે.

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝને શેરબજારમાં નફો કમાવવા માટે કોઈ ગ્રુપમાં જોડવામાં આવ્યા હતાં. ત્યારબાદ એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી અને તેને રોજ અલગ-અલગ ટીપ આપવામાં આવતી હતી. પહેલા દેખાતો નફો ધીમે ધીમે કરોડોના રોકાણમાં પહોંચ્યો હતો અને પોતાના મિત્ર અને પોતાના થઈને ૧.૮૪ કરોડ રૂપિયા આ ભેજાબાજોના ચક્કરમાં રોકાણ કર્યા હતા. જે આ ટોળકી ચાઉ કરી ગઈ હોવાની ફરિયાદ હવે પોલીસ ચોપડે નોંધાઈ છે. અમદાવાદ સાયબર ક્રાઈમે આ અંગે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી, મુજબ સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ૬૧ વર્ષના પરેશભાઈએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી કે તેઓ થોડા સમય પહેલા તેમને એક ગ્રુપમાં જોડવામાં આવ્યા હતા. આ ગ્રુપની અંદર શેરબજારને લગતી માહિતી માટે વિગત આપવામાં આવતી હતી. જે અંગે કેટલાક નંબરો વેરીફાઈ કરેલા છે, તેવું પણ તેમને કહેવામાં આવ્યું અને તેમની પાસે અનિશા નામની એક એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં આવી હતી.

કાવતરૂં આખું પૂર્વ યોજના હોય તે પ્રમાણે ચાલી રહ્યું હતું. એપ્લિકેશન ડાઉનલોડ થયા બાદ તેમને અલગ-અલગ આઈપીઓમાં અને બ્લોક શેર માટે કામ કરવા બાબતે તેમને મોટો નફો થશે, તેવી ટીપ આપવામાં આવતી હતી. જેમાં તેમણે રોકાણ કરવામાં કહેવામાં આવ્યું. જેમાં તેઓએ એક કરોડથી વધુ રૂપિયાનું રોકાણ કરી દીધું.

ત્યારબાદ તેઓને છેતરપિંડી થયાંની જાણ થઈ હતી. આ સમગ્ર મામલે તેમણે સાયબર ક્રાઈમની હેલ્પ લાઈનમાં ફોન કર્યો હતો, જેથી સાયબર ક્રાઈમ પોલીસે આ અંગે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

### સાણંદમાં પોલીસે એફઆઈઆર નોંધવામાં કરી ભૂલ

# અકસ્માતના કેસમાં જે શખ્સ મૃત્યુ પામ્યો તેનું જ નામ સાક્ષી તરીકે લખી દીધું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૪

સાણંદમાં પોલીસે જે શખ્સ મૃત્યુ પામ્યો હતો તેનું જ નામ સાક્ષી તરીકે આપ્યું છે. હકીકતમાં પૂનમ સેનવા નામના બાઈક ચાલકનું ટ્રકથી ટક્કરથી મોત નિપજયું હતું અને પોલીસે એફઆઈઆરમાં સાક્ષી તરીકે પૂનમનું જ નામ લખી દીધું છે. સાણંદના ખોરજ ગામનો ૨૬ વર્ષીય યુવક ૮ ડિસેમ્બરની રાત્રે વિરમગામ-સાણંદ હાઈવે પર મોટરસાઈકલ પર જઈ રહ્યો હતો ત્યારે માધવનગર ચોકડી પાસે ટ્રકે તેને ટક્કર મારી હતી. પૂનમના મોટા ભાઈ બલદેવે ફરિયાદ લખાવી હતી કે ટ્રક ડ્રાઈવરે તેનું વાહન ઝડપ અને બેદરકારીથી ચલાવ્યું અને પૂનમ સેનવાની મોટરસાઈકલ સાથે ટકરાઈ હતી જેમાં પૂનમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સાણંદની ખાનગી હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું હતું. સાણંદ પોલીસે ટ્રક ચાલક સામે ભારતીય ન્યાય સંહિતા અને મોટર વાહન અધિનિયમ હેઠળ બેદરકારી અને બેફામ ડ્રાઈવિંગથી મૃત્યુ થવાનો આરોપ મૂકીને કેસ દાખલ કર્યો હતો.

### ચોક્કસ કલર-બ્રાન્ડનું સ્વેટર પહેરવા શાળાઓ દબાણ કરતી હોવાની ફરિયાદો

# શાળાઓમાં ચોક્કસ સ્વેટર પહેરવાના દબાણ મુદ્દે શિક્ષણ મંત્રીની ચેતવણી

## શિક્ષણ મંત્રીએ શાળાઓને ઝાટકી આવું ન કરવા સ્પષ્ટ સૂચના આપી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૪

રાજયમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. શહેરની અમુક સ્કૂલોમાં ચોક્કસ પ્રકારનું જ સ્વેટર પહેરવા માટે શાળા સંચાલકો વાલીઓ અને વિદ્યાર્થીઓ પર દબાણ કરી રહ્યા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે આવી ઘટનાઓને લઈ વિદ્યાર્થીઓના સ્વેટર બાબતે રાજયના શિક્ષણમંત્રીએ પ્રતિક્રિયા આપી હતી. શાળાઓમાં સ્વેટર બાબતે રાજય શિક્ષણ મંત્રી પ્રફૂલ પાનશેરીયાએ પ્રતિક્રિયા આપી છે. શાળાઓમાં સ્વેટર બાબતે રાજય શિક્ષણમંત્રી પ્રફૂલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે સ્વેટર બાબતે શાળાઓ વિદ્યાર્થીઓ પર દબાણ કરી શકે નહીં. ચોક્કસ પ્રકારના ગરમ કપડાં બાબતે દબાણ કરતી શાળા જડતા ન કરે. ટ્રસ્ટીઓને આ મુદ્દે વાલીઓ સાથે સંવાદ કરવા શિક્ષણ મંત્રીએ સૂચના આપી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણી સ્કૂલોના સંચાલકો સ્વેટર માટે ચોક્કસ દુકાનો સાથે સાંઠ ગાંઠ કરે છે. વાલીઓને મોઘા ભાવે આ જ દુકાનોમાંથી સ્વેટર લેવા માટે ફરજ પાડવામાં આવે છે અને બદલામાં સ્કૂલોને કમિશન પેટે તગડી કમાણી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

### ગ્યાસપુરમાં ડમ્પિંગ સાઈટ બનાવવાના આયોજન મામલે મ્યુ. કાઉન્સિલરની રજૂઆત

# ખુલ્લા પ્લોટમાં ડમ્પિંગ સાઈટની કામગીરી બંધ કરી ગાર્ડન કે વોટર પમ્પિંગ બનાવવા માંગ

## વિસ્તારમાં ડમ્પિંગ સાઈટ બનાવવા અંગે અગાઉ પણ સખત વિરોધ કરાયો હતો

અમદાવાદ,તા.૧૪

અમદાવાદ શહેરના ગ્યાસપુરમાં મેટ્રો સ્ટેશનની સામે કચરાની ડમ્પ સાઈટ બનાવવાની કાર્યવાહી તાકીદે બંધ કરવા મામલે મકતમપુરા વોર્ડના મ્યુ. કાઉન્સિલર હાજી અસરારબેગ શકુરભાઈ મિર્ઝા દ્વારા મ્યુ. કમિશનરને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆત કરતા હાજીભાઈએ જણાવ્યું કે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના મકતમપુરા વોર્ડમાં ગ્યાસપુરમાં મેટ્રો સ્ટેશનની સામે આવેલ મ્યુ. કોર્પો.નો ખુલ્લો પ્લોટ ગાર્ડન તરીકે ફાળવેલ છે પરંતુ સોલીડ વેસ્ટ ડિર્પા. દ્વારા આજરોજ કચરાની ડમ્પ સાઈટ બનાવવા માટે લેવલીંગ કરતા હોવાનું ધ્યાનમાં આવેલ છે કે અહીં સોલીડ વેસ્ટ ડિર્પા. દ્વારા કચરાની ડમ્પ સાઈટ બનાવવા માટે જગ્યા ફાળવેલ છે. આ જગ્યાની તદ્દન નજીકમાં મોટી સોસાયટીઓ ધરાવતો રહેઠાણનો વિસ્તાર હોઈ આજુબાજુ મોટી સંખ્યામાં લોકો રહેતા હોવાથી તેમજ બાજુમાં પ્રાથમિક શાળા પણ આવેલ હોઈ લોકો મુશ્કેલીમાં મુકાય અને તેના કારણે લોકોનું આરોગ્ય પણ બગડે તેવી પૂરેપૂરી સંભાવના હોઈ કચરાની ડમ્પ સાઈટ રહેઠાણથી દૂર એવા અન્ય વિસ્તારમાં બનાવવામાં આવે તો ઉપરોકત તમામ સમસ્યાઓ ઉદભવવા ના પામે જેથી અહીંની કામગીરીને મોકૂફ રાખવા અપીલ છે. હાજીભાઈએ વધુમાં જણાવ્યું કે ગ્યાસપુર મેટ્રો સ્ટેશનની સામે ખુલ્લો પ્લોટ જે ગાર્ડન માટે બતાવવામાં આવ્યો હતો તે જગ્યાએ સોલિડ વેસ્ટ પ્રોજેકટ દ્વારા જે ડમ્પિંગ સાઈટની કામગીરી કરવામાં આવી રહી છે તેનો અગાઉ પણ ૪ કોર્પોરેટર દ્વારા સખત વિરોધ ઠરાવ અગાઉની વોર્ડસમિતિની મીટિંગમાં કરેલ હતો અને એએમસી મ્યુનિસિપલ કમિશનરને તારીખ ૧૨/૧૨/૨૦૨૪ના રોજ રિમાઈન્ડર પત્ર દ્વારા જાણ કરેલ છે અને આજરોજ મકતમપુર વોર્ડસમિતિની મીટિંગમાં પણ ચારેય કાઉન્સિલર દ્વારા આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર સાથે મીટીંગમાં આ કામગીરી મેટ્રો સામે પ્લોટમાં બંધ રાખી ત્યાં ગાર્ડન કે પાણીનું વોટર પમ્પિંગ બનાવવા નવું આયોજન કરવા પણ માગણી કરેલ છે.

### ૨૦થી ૨૨ ડિસેમ્બર ત્રણ દિવસ પાલિકા-તા.-જિ. પંચાયતો માટે ચૂંટણી સમિતિની બેઠક મળશે

# સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીને લઈ કોંગ્રેસની મૂલ્યાંકન બેઠક યોજાઈ

## તા.૩૧ ડિસેમ્બર સુધીમાં પાલિકા ચૂંટણી માટે દાવેદારોની પેનલ રજૂ કરી દેવા આદેશ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ૭૨થી વધુ નગરપાલિકાઓની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષની તૈયારીની ચૂંટણીલક્ષી કામગીરી માટેની મૂલ્યાંકન બેઠક પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલના પ્રમુખ સ્થાને યોજાઈ હતી. કોંગ્રેસ પક્ષ દ્વારા આગોતરી તૈયારીઓ માટે રાજીવ ગાંધી ભવન ખાતે મિટિંગનો દોર શરૂ થયો છે. મિટિંગમાં નિરીક્ષકો,જિલ્લા પ્રમુખ બેઠકમાં હાજર રહ્યા હતા અને સોંપાયેલી કામગીરીનું પ્રદેશ કક્ષાએ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે સ્થાનિક સમીકરણ અને સ્થાનિક પ્રશ્નો અંગે નિરીક્ષકો અને જિલ્લા પ્રમુખ પાસેથી વિગતો મેળવવામાં આવી હતી. તમામ નગરપાલિકા વિસ્તારમાં ચૂંટણી પહેલા કૌશલ્ય તાલીમ શિબિરની કામગીરી પૂર્ણ કરવા કરવામાં આવશે. સ્થાનિક સ્તરે ઉમેદવારોની પસંદગી કરવા સ્થાનિક નેતાઓ પાસેથી સૂચન પણ માગવામાં આવ્યા છે. ૨૮ ડિસેમ્બરના રોજ તમામ નગરપાલિકાઓ સહિત કોંગ્રેસ પક્ષના સ્થાપના દિવસની ઉજવણી માટે સ્થાનિક નેતાઓને જવાબદારીઓ સોંપવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ દ્વારા પંજાના નિશાન ઉપર મેન્ડેટ આપવામાં આવશે. તા.૨૦,૨૧,૨૨ એમ ત્રણ દિવસ નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને જૂનાગઢ મહાનગર પાલિકા માટે ચૂંટણી સમિતિની બેઠક સ્થાનિક કક્ષાએ મળશે. ૩૧ ડિસેમ્બર પહેલા તમામ નગરપાલિકા માટેના ઉમેદવાર પસંદગીની પેનલ પ્રદેશ કોંગ્રેસ સમક્ષ રજૂ કરવાં સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં નગરપાલિકામાં ભાજપના ભ્રષ્ટ શાસનના કારણે પ્રજા ત્રસ્ત છે. ત્યારે ગુજરાતના નાગરિકોનાં પ્રાણ પ્રશ્નોને વાચા આપવા માટે કોંગ્રેસ મજબૂતાઈથી સ્થાનિક ચૂંટણી લડશે. વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા,ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા પ્રદેશ કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ભરતસિહ સોલંકી, એઆઈસીસીનાં મંત્રી રામકિશન ઓઝા, ઉષાબેન નાયડૂ, સુભાષિની યાદવ, ભૂપેન્દ્ર મારવી, વિધાનસભા પૂર્વ વિપક્ષ નેતા સુખરામ રાઠવા, કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશ મેવાની, યુથ કોંગ્રેસ એન.એસ.યું.આઈ પ્રમુખ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલ, મીડિયા કન્વીનર ડૉ. મનીષ દોશી, ઉપપ્રમુખ બિમલ શાહ, મહામંત્રી નઈમ મિર્ઝા સહિત જિલ્લા, તાલુકાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા. એમ કોંગ્રેસની એક યાદી દ્વારા જણાવાયું છે.

# ગોતાની સ્કૂલમાં વિદ્યાર્થીઓ પર સ્વેટરને લઈને દબાણનો આક્ષેપ

## ગ્રીન કલરનું સ્વેટર ન પહેરે તો પ્રવેશ મળતો ન હોવાની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૧૪

શહેરના ગોતા વિસ્તારમાં આવેલી પ્રેમ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ પાસે ચોક્કસ સ્વેટર માટે દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ વાલીઓ દ્વારા કરવામાં આવ્યો છે. સ્કૂલ દ્વારા ગ્રીન કલરનું સ્વેટર પહેરીને જ વિદ્યાર્થીઓને સ્કૂલમાં આવવા માટે દબાણ કરવામાં આવતું હોવાનું વાલીઓએ જણાવ્યું હતું. જયારે સ્કૂલ સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને સ્વેટર માટે દબાણ કરાતું ન હોવાનું રટણ કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોતા વિસ્તારમાં આવેલી પ્રેમ ગુજરાતી સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળા દ્વારા ફરજિયાત સ્કૂલનું નક્કી કરેલું સ્વેટર પહેરવા માટે જ દબાણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ વાલીઓ દ્વારા કરવામાં આવ્યો છે. સ્કૂલ દ્વારા ગ્રીન કલરનું સ્વેટર નક્કી કરવામાં આવેલું છે અને જો વિદ્યાર્થી અન્ય સ્વેટર પહેરીને આવે તો તેમને પ્રવેશ આપતા ન હોવાનું વાલીઓએ જણાવ્યું હતું. ઉપરાંત અમુક કિસ્સામાં અન્ય કલરના સ્વેટર પહેરીને આવે તો તેમને સ્વેટર કઢાવીને સ્કૂલમાં પ્રવેસ આપવામાં આવતો હોય છે.

જોકે, બીજી બાજુ સ્કૂલ સંચાલકોએ સ્વેટર માટે દબાણ કરવામાં આવ્યું ન હોવાનું રટણ કર્યું હતું. ગ્રીન કલરનું સ્વેટર હોય તો વધુ સારૂં પરંતુ તેના માટે વિદ્યાર્થીઓ પર દબાણ કરાતું ન હોવાનું સંચાલકો જણાવી રહ્યા છે. નોંધયની છે કે, તાજેતરમાં જ શિક્ષણ વિભાગ દ્વારા તમામ સ્કૂલોને પરિપત્ર કરી ચોક્કસ સ્વેટર માટે દબાણ ન કરવા માટે જણાવાયું હતું. આમ, છતાં ઘણી સ્કૂલો દ્વારા સ્વેટરને લઈને દબાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે.

### થલતેજ વિસ્તારમાં ફરી એકવાર અકસ્માત

# નબીરાએ બેફામ સ્પીડે થાર ચલાવી મોપેડ સવાર બે મહિલાઓને ટક્કર મારી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૧૪

અમદાવાદ શહેરમાં નબીરાઓ બેફામ સ્પીડે કાર ચલાવી અકસ્માત સર્જાતા અચકાતા નથી. શહેરમાં અકસ્માત સર્જવાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા ગુલાબ ટાવર નજીક થારના ચાલકે બેફામ રીતે ડ્રાઈવીંગ કરી એક્ટિવા સવાર બે મહિલાઓને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને મહિલાઓ રસ્તા પર ૨૦ ફૂટ દૂર ફેકાઈ ગઈ હતી. અકસ્માતની આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. પોલીસે અકસ્માત સર્જી ફરાર થયેલા થારના ચાલક ઋષિલ શાહને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદ શહેરમાં છેલ્લા એક મહિનાની જ વાત કરીએ તો, કારચાલક દ્વારા બેફામ ડ્રાઈવીંગ કરી સર્જવામાં આવેલો અકસ્માતનો આ ચોથો બનાવ છે. સદનસીબે આ બનાવમાં બંને મહિલાઓને આબાદ બચાવ થયો છે.

# ધંધુકા ખાતે જરૂરિયાતમંદ બાળકો માટે નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો



શનિવારના રોજ ધંધુકા ખાતે ‘ગરીબ નવાઝ રિલીફ કમિટી’ દ્વારા જરૂરિયાતમંદ બાળકો માટે નોટબુક-ચોપડા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઝેડ.કે સૈયદ (ઓનરેબલ નિવૃત જસ્ટીસ-ગુજરાત હાઈકોર્ટ), શબ્બીરભાઈ ટીમ્બલીયા (નિવૃત જસ્ટીસ), ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય રાજેશભાઈ ગોહિલ, ડૉ.એ.એસ.ખાન (જૂનાગઢ), રફીકભાઈ કોઠારીયા, હબીબભાઈ મોદન ગરીબ નવાઝ રિલીફ કમિટીના પ્રમુખ તથા વિદ્યાર્થીઓ અને શિક્ષકો, ધંધુકા ગામના સ્થાનિકો તેમજ આગેવાનોએ ઉપસ્થિત રહી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

# પ્રિયંકા ગાંધી સહિત કેરળના વિપક્ષી સાંસદોએ ભૂસ્ખલનથી અસરગ્રસ્ત વાયનાડ માટે રાહત પેકેજની માંગ સાથે સંસદમાં વિરોધ પ્રદર્શન કર્યું

## પ્રિયંકા ગાંધી, કોંગ્રેસના મહાસચિવ અને પાર્ટીના સાંસદ કેસી વેણુગોપાલ અને સીપીઆઈ (એમ)ના સાંસદ જોન બ્રિટાસ સહિત અન્ય લોકોએ બેનરો લીધા હતા જેમાં લખ્યું હતું કે 'વાયનાડ માટે ન્યાય, વાયનાડ માટે રાહત પેકેજ પ્રદાન કરો' "રાહતમાં કોઈ ભેદભાવ ન હોવો જોઈએ"

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત કેરળના વિપક્ષી સાંસદોએ ભૂસ્ખલનગ્રસ્ત વાયનાડ માટે અને વાયનાડમાં ભૂસ્ખલનથી પ્રભાવિત લોકો માટે નાણાકીય સહાયની માગણી સાથે રાહત પેકેજની માગણી સાથે સંસદના મકર દ્વાર ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પ્રિયંકા ગાંધી, કોંગ્રેસના મહાસચિવ અને પાર્ટીના સાંસદ કેસી વેણુગોપાલ અને સીપીઆઈ(એમ)ના સાંસદ જોન બ્રિટાસ સહિત અન્ય લોકો બેનરો લીધા હતા જેમાં લખ્યું હતું કે 'વાયનાડ માટે ન્યાય વાયનાડ માટે રાહત પેકેજ પ્રદાન કરો' "રાહતમાં કોઈ ભેદભાવ ન હોવો જોઈએ". આ વિરોધ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, કોંગ્રેસના નેતા અને વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર વાયનાડને વિશેષ પેકેજ આપવાનો ઈન્કાર કરી રહી છે અને તેમણે કહ્યું હતું કે કુદરતી આફતો દરમિયાન કોઈ ભેદભાવ થવો જોઈએ નહીં. સરકાર વાયનાડને વિશેષ પેકેજ આપવાનો ઈન્કાર કરી રહી છે. અમે ગૃહ પ્રધાનને વિનંતી કરી છે અને અમે વડાપ્રધાનને પત્ર લખ્યો છે. હિમાચલ પ્રદેશમાં પણ મોટા પાયે વિનાશ જોવા મળ્યો છે અને ત્યાં કોંગ્રેસની સરકાર છે. તેઓ મદદ માંગી રહ્યા છે. આ બંને કિસ્સાઓમાં




કેન્દ્ર સરકાર પીડિતોને તેમના અધિકાર નકારી રહી છે. તેઓ પણ ભારતના જ નાગરિક છે. ૩ ડિસેમ્બરે પ્રિયંકા ગાંધી વાડ્રા અને કેરળના સાંસદો કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા અને વાયનાડના ભૂસ્ખલનથી પ્રભાવિત લોકોને તાત્કાલિક રાહત આપવા કેન્દ્રને વિનંતી કરી હતી. પ્રિયંકાએ ગૃહ પ્રધાનને આપત્તિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પુનર્વસન પ્રયાસોને સમર્થન આપવા માટે જરૂરી ભંડોળ મુક્ત કરવા તાત્કાલિક વિચારણા કરવા વિનંતી કરી હતી. કોંગ્રેસના નેતાએ કહ્યું કે એક મોટો વિસ્તાર પ્રભાવિત થયો છે, અને ઘણા લોકો માર્યા ગયા છે, કેટલાક પરિવારો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. ૩૦ જુલાઈના રોજ, કેરળ રાજ્યમાં ભૂસ્ખલન થયું હતું, જે રાજ્યમાં સૌથી ભયંકર હતું, જેમાં ૩૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા અને અસંખ્ય મકાનો અને અન્ય ઈમારતો નાશ પામી હતી. મુંડક્કાઈ અને ચૂરલમાલા વિસ્તારોમાં લોકોને વધુ અસર થઈ હતી. વાયનાડની મુલાકાત દરમિયાન મોદીએ આ ક્ષેત્રમાં રાહત અને પુનર્વસન પ્રયાસોની સમીક્ષા કરવા આપત્તિના સ્થળની ભૌતિક મુલાકાત લેતા પહેલા ભૂસ્ખલનથી પ્રભાવિત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ હાથ ધર્યું હતું.

# તમારા નિયંત્રણ હેઠળ દિલ્હીને 'ક્રાઈમ કેપિટલ' તરીકે ઓળખવામાં આવી રહ્યું છે : અરવિંદ કેજરીવાલનો અમિત શાહને પત્ર

## આ પત્ર ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા લખવામાં આવ્યો છે

(એજન્સી) તા.૧૪

AAPના સુપ્રીમો અરવિંદ કેજરીવાલે શનિવારે દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિને લઈને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર હુમલો કર્યો છે અને આ મુદ્દે ચર્ચા કરવા માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે બેઠકની માંગ કરી છે. શાહને લખેલા પત્રમાં, દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાને દાવો કર્યો હતો કે શહેરને દેશની 'ગુનાની રાજધાની' કહેવામાં આવે છે. તેમણે અનેક શાળાઓ તેમજ IGI એરપોર્ટ પર તાજેતરના બોમ્બની ધમકીઓ અંગે વાત કરી હતી. આ પત્ર ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા લખવામાં આવ્યો છે. કેજરીવાલે કહ્યું કે, તે ખૂબ જ શરમજનક છે કે તમારી નજર હેઠળ, કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતાને કારણે અમારી ભવ્ય દિલ્હીને રેપ કેપિટલ, ગેંગસ્ટર કેપિટલ, ડ્રગ કેપિટલ કહેવામાં આવે છે. મહિલાઓ વિરૂદ્ધ ગુનાઓ વધી રહ્યા છે, ખંડણીની ટોળકી દરેક જગ્યાએ સક્રિય છે, ડ્રગ માફિયા આખા શહેરમાં ફેલાઈ રહ્યા છે અને



લોકો મોબાઈલ ફોન અને ચેઈન સ્નેચિંગના બનાવોથી પરેશાન છે. છેલ્લા છ મહિનામાં, ૬૦૦થી વધુ શાળાઓ, ૧૦૦થી વધુ હોસ્પિટલો, મોલ્સ અને એરપોર્ટને બોમ્બની ધમકીના સંદેશા મળ્યા છે, તેમણે પ્રશ્ન કર્યો કે, ગુનેગારોને કેમ પકડવામાં આવતા નથી ?. બોમ્બની ધમકીઓને કારણે દિલ્હીમાં બાળકો અને તેમના માતા-પિતા સતત ભયમાં જીવી રહ્યા છે. શું તમે ક્યારેય બાળકો અને તેમના વાલીઓ વિશે વિચાર્યું છે અને જ્યારે શાળાઓમાં રજા આપવામાં છે અને વિદ્યાર્થીઓને ઘરે પાછા મોકલવામાં આવે છે. તેમણે કહ્યું કે દિલ્હીની કાયદો અને વ્યવસ્થા કેન્દ્રની સત્તા હેઠળ છે અને શાહે પરિસ્થિતિને તાત્કાલિક સુધારવા માટે કાર્ય કરવાની અને સહકાર આપવાની જરૂર છે. કેજરીવાલે દાવો કર્યો હતો કે ૧૯ મેટ્રો સિટીમાં દિલ્હી મહિલાઓ સામેના ગુનાઓ અને હત્યાના મામલામાં નંબર વન છે. ડ્રગ સંબંધિત ગુનાઓમાં ૨૦૧૯થી ૩૫૦ ટકાનો વધારો નોંધાયો છે, દરરોજ સરેરાશ ત્રણ મહિલાઓ પર બળાત્કાર થાય છે અને ઉદ્યોગપતિઓને નિયમિતપણે ખંડણી માટે કોલ આવે છે. આ આંકડા કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિનો પુરાવો છે. કેજરીવાલે કહ્યું કે તેઓ લોકો પાસે જાય છે ત્યારે તેમને કાયદો અને વ્યવસ્થા પ્રત્યે ચિંતા જોવા મળી રહી છે. હવે લોકોનો સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું તેઓ રાષ્ટ્રીય રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ક્યારે સુધરશે? આજે પરિસ્થિતિ ખૂબ જ નબળી છે અને રાજકારણથી ઉપર ઉઠીને કાયદો અને વ્યવસ્થામાં સુધારા લાવવાની જરૂર છે, કેજરીવાલે શાહને પત્ર લખીને મીટિંગ માટે સમય પણ માંગ્યો હતો.

# આર.જી. કર કેસમાં શકમંદોને જામીન મળ્યા બાદ ડાબેરીઓ અને કોંગ્રેસે કોલકાતામાં વિરોધ રેલી કાઢી

(એજન્સી) તા.૧૪

આરજી કર હોસ્પિટલના ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના બે મુખ્ય શકમંદોને જામીન મળ્યાના એક દિવસ પછી, ડાબેરી પક્ષો અને કોંગ્રેસે શનિવારે કોલકાતામાં વિવિધ સ્થળોએ વિરોધ કર્યો અને આરોપ લગાવ્યો કે સીબીઆઈ આ કેસમાં ન્યાય આપવામાં 'નિષ્ફળ' રહી છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ (□□□) અને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર વચ્ચે 'મૌન સમજણ' છે. કોંગ્રેસે રવીન્દ્ર સદન વિસ્તારથી દક્ષિણ કોલકાતાના નિઝામ પેલેસ ખાતેની સીબીઆઈ ઓફિસ સુધી સરઘસ કાઢ્યું હતું અને આ કેસમાં બે આરોપીઓ સામે આરોપો ઘડવામાં તેની કથિત અસમર્થતા બદલ કેન્દ્રીય તપાસ એજન્સીની ટીકા કરી હતી. દેખાવોની રેલી દરમિયાન, કોંગ્રેસના કાર્યકરો પક્ષના ધ્વજ લઈને 'અમે ન્યાય માંગીએ છીએ' અને 'બિચાર ચાય તિલોત્તોમા' (તિલોત્તોમાને ન્યાય જોઈએ છે) જેવા સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. પોલીસે કોંગ્રેસના કાર્યકરોને નિઝામ પેલેસમાં પ્રવેશતા અટકાવ્યા હતા, જેના કારણે દેખાવકારો અને પોલીસ કર્મચારીઓ વચ્ચે ઝપાઝપી થઈ હતી. SUCI કાર્યકરોએ કરૂણામયીથી સોલ્ટ લેકમાં CGO કોમ્પ્લેક્સ સુધી કૂચ કરી હતી, જ્યારે CPI(M)ની વિદ્યાર્થી પાંખ SFI દ્વારા શહેરના ઉત્તર ભાગમાં કોલેજ સ્ટ્રીટ વિસ્તારમાં રેલી કાઢવામાં આવી હતી. કોલકાતાની સિયાલદહ કોર્ટે શુક્રવારે ફરજ પરના ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષ અને તાલા પોલીસ સ્ટેશનના પૂર્વ ઈન્ચાર્જ અભિજીત મંડલને જામીન આપ્યા હતા. ફરજિયાત ૯૦-દિવસના સમયગાળામાં તેમની સામે ચાર્જશીટ દાખલ કરવામાં સીબીઆઈ 'નિષ્ફળ' થયા પછી તેમને જામીન આપવામાં આવ્યા હતા.




# મહારાષ્ટ્ર : હિન્દુત્વ જૂથોએ બદલાપુરમાં મુસ્લિમ શાકભાજી વિક્રેતાઓને નિશાન બનાવ્યા : તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો

(એજન્સી) મુંબઈ, તા.૧૪

મહારાષ્ટ્રના થાણે જિલ્લાના બદલાપુર શહેરમાં શુક્રવારના રોજ મુસ્લિમ શાકભાજીના વિક્રેતાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરના વિડિયોની શ્રેણીમાં આ હિન્દુત્વવાદી સંગઠનોના સભ્યો વિક્રેતાઓ પર હુમલો કરતા જોઈ શકાય છે અને તેમના પર બાંગ્લાદેશી હોવાનો આક્ષેપ કરવામાં આવે છે. આ હુમલો બાંગ્લાદેશી મુક્ત બદલાપુર બનાવવાના હિંદુ જૂથોના કથિત અભિયાનનો એક ભાગ છે. હેટ ડિટેક્ટર દ્વારા X હેન્ડલ પર મુકવામાં આવેલા વીડિયોમાં આ કટ્ટર સભ્યોએ 'બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ' હોવાનો આરોપ મૂક્યા પછી મુસ્લિમ વિક્રેતાઓની માલિકીના બહુવિધ શાકભાજીના સ્ટોલ પર દરોડા પાડતા આ વીડિયો કેપ્ચર કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના બદલાપુરમાં બાંગ્લાદેશી મુક્ત બદલાપુર બનાવવાની ઝુંબેશમાં હિન્દુત્વ જૂથના સભ્યો દ્વારા મુસ્લિમ શાકભાજી વિક્રેતાઓ સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને તેમને ધમકી આપવામાં આવી હતી. વિક્રેતાઓ હેરાન થઈ ગયા હતા અને તેમના નામ પૂછ્યા બાદ તેઓનો પીછો કરવામાં આવ્યો હતો. આ ટૂંકા વીડિયોમાં હિન્દુત્વ જૂથના સભ્યો વિક્રેતાઓનો પીછો કરતા અને તેમની ઓળખ વિશે પૂછપરછ કરતા બતાવે છે. જૂથના સભ્યો વિક્રેતાઓને તેમની રાષ્ટ્રીયતા સાબિત કરવા માટે તેમના આધાર કાર્ડ રજૂ કરવાની પણ માંગ કરે છે. ખાસ કરીને એક ક્લિપમાં એક યુવાન વિક્રેતા સતત પોતાની



ઓળખનો દાવો કરતા બતાવે છે કે, હું કોલકાતાનો છું, બાંગ્લાદેશનો નથી, જ્યારે જૂથના સભ્યો તેની સ્પષ્ટતાની અવગણના કરતા અને તેને સાંપ્રદાયિક અપશબ્દો કહેતા જોવા મળે છે. આવા જૂથોને રોકવા અને લઘુમતી સમુદાયના સભ્યોની તેમજ તેમના વ્યવસાયની સલામતી સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં ન લેવા બદલ પ્રશાસનિક સત્તા પર સવાલ ઉઠાવતા ટીકાકારો અને કાર્યકરોએ હિન્દુત્વ જૂથોની આવી ક્રિયાઓએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. બીજી બાજુ, અમુક લોકોએ આવા ફ્રિન્જ જૂથોને આવી રીતે કામ કરવા દેવા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે અને આ દરોડા કયા કાયદાકીય ધોરણે પાડવામાં આવ્યા હતા તે જાણવાની માંગ કરી છે.

# જે દંપતીના બાળકે રાહુલ ગાંધીને પોતાની ગુલક ભેટમાં આપી હતી તેઓએ આત્મહત્યા કરી : સુસાઈડ નોટમાં ED, BJP નેતાઓ દ્વારા હેરાનગતિનો આરોપ

## પરમાર અને તેની પત્ની નેહા શુક્રવારે સવારે સિહોર જિલ્લાના આષ્ટા શહેરમાં તેમના ઘરમાં ગળે ફાંસો ખાઈને લટકતી હાલતમાં મૃત મળી આવ્યા હતા

(એજન્સી) ભોપાલ, તા.૧૪

મધ્યપ્રદેશના સિહોર જિલ્લામાં એક વેપારી અને તેની પત્નીના ગળાફાંસો ખાઈને મૃત્યુ પછી પ્રાપ્ત થયેલી કથિત સુસાઈડ નોટને કારણે કોંગ્રેસ અને શાસક ભાજપ વચ્ચે વિવાદ વધ્યો છે. તેમની આ સ્યુસાઈડ નોટથી રાજકીય ઝઘડો વધ્યો છે. સોશિયલ મીડિયા પર સામે આવેલી કથિત સુસાઈડ નોટમાં, ઉદ્યોગપતિ મનોજ પરમારે રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસ નેતાઓને તેમના બાળકોને એકલા ન છોડવા વિનંતી કરી અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને ભાજપના નેતાઓ પર ઉત્પીડનનો આરોપ મૂક્યો છે. કોંગ્રેસે દાવો કર્યો છે કે પરમાર અને તેમની પત્ની કોંગ્રેસ પાર્ટીના સમર્થક હતા અને EDએ તેમને તેમના રાજકીય વલણને કારણે હેરાન કર્યા હતા. આ દંપતીના બાળકોએ ગાંધીને તેમની ભારત જોડો (ન્યાય) યાત્રા દરમિયાન તેમની પિગીબેંક ભેટમાં આપી હતી. પોલીસના સબ ડિવિઝનલ ઓફિસર (SDOP) આકાશ અમલકરે જણાવ્યું કે પોલીસને મળેલી સુસાઈડ નોટ એક અરજીના રૂપમાં હતી. તેમણે કહ્યું કે મૃતક દંપતીના પરિવારજનો હજુ પણ શોકમાં છે, તેથી પોલીસે તેમના નિવેદનો નોંધ્યા નથી. અમલકરે કહ્યું કે તે સુસાઈડ નોટ વિશે વધુ ખુલાસો કરી શકતા નથી કારણ કે તપાસ ચાલી રહી છે. પરમાર અને તેની પત્ની નેહા શુક્રવારે સવારે સિહોર જિલ્લાના આષ્ટા શહેરમાં તેમના ઘરમાં ગળે ફાંસો ખાઈને લટકતી હાલતમાં મૃત મળી આવ્યા હતા. તેમની આ સુસાઈડ નોટ ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અન્યને સંબોધિત કરીને લખવામાં આવી છે. પરમારે ગાંધીને તેમના પરિવારની સંભાળ રાખવા વિનંતી કરી છે. આ સુસાઈડ નોટમાં ગાંધી અને કોંગ્રેસના નેતાઓના ઉલ્લેખ વિશે પૂછવામાં આવતા, પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જીતુ પટવારીએ કહ્યું કે, કોંગ્રેસ જનતાની



પાર્ટી છે. અમે તેમની સંભાળ લઈશું. તેથી જ મેં ગઈ કાલે મુલાકાત લીધી હતી. પટવારીએ આક્ષેપ કર્યો હતો કે પરમાર દંપતીનું મૃત્યુ આત્મહત્યાનો કેસ નથી પરંતુ રાજ્ય પ્રાયોજિત હત્યા છે, કારણ કે EDનો ઉપયોગ નેતાઓને હેરાન કરવા માટે કરવામાં આવી રહ્યો હતો જેથી તેઓ ભાજપમાં જોડાય જાય. તેમણે દાવો કર્યો હતો કે ED અને અન્ય તપાસ એજન્સીઓ દ્વારા પરેશાન થયા બાદ કેટલાક નેતાઓ ભાજપમાં જોડાયા હતા. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન કમલનાથે દાવો કર્યો હતો કે પરમારે તેમની પત્ની સાથે આત્મહત્યા કરી હતી કારણ કે તેમને ભાજપ સરકાર અને ED અધિકારીઓ દ્વારા હેરાન કરવામાં આવ્યા હતા. મૃતકનો એકમાત્ર ગુનો એ હતો કે અમારા નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દરમિયાન, તેમના બાળકોએ તેમને પિગી બેંક ભેટ આપીને યાત્રાને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે મૃતકની સુસાઈડ નોટમાં ઈડી દ્વારા ઉત્પીડન અને ભાજપમાં જોડાવાના દબાણનો ઉલ્લેખ છે. આ આખો મામલો રાજકીય કારણોસર એક વેપારીને આત્મહત્યા સુધી પજવવાનો અને સમગ્ર પરિવારને બરબાદ કરવાનો છે. તેઓએ મુખ્યપ્રધાન મોહન યાદવને કાયદા મુજબ કેસની તપાસ કરાવવા અને દોષિતો સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. મધ્યપ્રદેશ ભાજપના મીડિયા પ્રભારી આશિષ અગ્રવાલે શુક્રવારે આત્મહત્યા અંગે કોંગ્રેસના આરોપોની નિંદા કરી હતી અને કહ્યું કે, મૃત્યુ પર રાજનીતિ કરવી એ કોંગ્રેસીઓનું ગીધ જેવું કામ છે! કોઈની પણ આત્મહત્યા દુઃખદ છે, પરંતુ કોંગ્રેસીઓ તેનો દુરૂપયોગ માત્ર પોતાના અંગત હિતોને આગળ વધારવા માટે કરે છે. પાયાવિહોણા આક્ષેપો કરતા પહેલા, સિંહ અને પટવારી અને કોંગ્રેસીઓ બંનેએ આ કેસનો ઈતિહાસ જાણવો જોઈએ. EDના ભોપાલ ઝોનલ અધિકારીએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે, એજન્સીએ ૫ ડિસેમ્બરે સિહોર અને ઈન્દોર જિલ્લામાં ચાર પરિસરમાં પરમાર અને અન્ય લોકોના સંબંધમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ સર્ચ ઓપરેશન કર્યું હતું. આ સર્ચમાં મુખ્ય વ્યક્તિઓના રહેણાંક જગ્યાને આવરી લેવામાં આવી હતી જેઓ ગુનાની આવકના લાભાર્થી હતા અથવા બેંક છેતરપિંડીના કેસમાં આવી વ્યક્તિઓને સક્રિય રીતે મદદ કરી હતી અથવા તેને પ્રોત્સાહન આપ્યું હતું. ED એ ગુનાના દસ્તાવેજો મળી આવ્યા હોવાનો દાવો કર્યો હતો. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે તેણે દરોડા દરમિયાન અમુક વ્યક્તિઓના નિવેદનો રેકોર્ડ કર્યા હતા અને ૩.૫ લાખ રૂપિયાનું બેંક બેલેન્સ ફ્રીઝ કરવામાં આવ્યું હતું. સર્ચ દરમિયાન મુખ્ય વ્યક્તિઓની ચાર સ્થાવર મિલકતોની વિગતો પણ મળી આવી હતી. EDએ પરમાર અને PNBના વરિષ્ઠ બ્રાન્ચ મેનેજર વિરૂદ્ધ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા નોંધાયેલી FIRના આધારે તપાસ શરૂ કરી હતી. EDએ આરોપ લગાવ્યો છે કે પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ અને મુખ્યમંત્રી યુવા ઉદ્યમી યોજના હેઠળ લગભગ ૬ કરોડ રૂપિયાની લોન લેવામાં આવી હતી. જો કે, આ ભંડોળ અન્ય પેઢીઓમાં આપવામાં આવ્યું હતું અને ત્યારબાદ પ્રોપર્ટીમાં રોકાણ માટે રોકડ પાછી ખેંચી લેવામાં આવી હતી. આ નિવેદનમાં જણાવાયું છે કે, EDની તપાસ ચાલી રહી છે.

# 'EVMનું મંદિર બનાવવું જોઈએ,' : પ્રથમ કેબિનેટ બેઠક પહેલા ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર પર નિશાન સાધતા શિવસેના-યુબીટી નેતા સંજય રાઉતનો કટાક્ષ

## રાઉતે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, સૌથી પહેલા નાગપુરમાં મુખ્યમંત્રીનું સરઘસ કાઢવામાં આવશે. મને લાગે છે કે સીએમનું સરઘસ કાઢતા પહેલા, તેઓએ ઈવીએમનું સરઘસ કાઢવું જોઈએ અને પ્રથમ કેબિનેટમાં તેઓએ આરએસએસ હેડક્વાર્ટરની સામે ઈવીએમનું મંદિર બનાવવાનો નિર્ણય લેવો જોઈએ

(એજન્સી) મુંબઈ, તા.૧૪

શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)ના નેતા સંજય રાઉતે શનિવારે મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતૃત્વ હેઠળના મહાયુતિ ગઠબંધન પર કટાક્ષ કરતા કહ્યું હતું કે તેઓએ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)નું સરઘસ કાઢવું જોઈએ અને ઈવીએમ મંદિર બાંધવાનો નિર્ણય લેવો જોઈએ. તેમણે કહ્યું કે કેબિનેટની પ્રથમ બેઠક દરમિયાન તેઓએ નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના મુખ્યાલયની સામે ઈવીએમ મંદિરના નિર્માણની જાહેરાત કરવી જોઈએ. રાઉતે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, સૌથી પહેલા નાગપુરમાં મુખ્યમંત્રીનું સરઘસ કાઢવામાં આવશે. મને લાગે છે કે સીએમનું સરઘસ કાઢતા પહેલા, તેઓએ ઈવીએમનું સરઘસ કાઢવું જોઈએ અને પ્રથમ કેબિનેટમાં તેઓએ આરએસએસ હેડક્વાર્ટરની સામે ઈવીએમનું મંદિર બનાવવાનો નિર્ણય લેવો જોઈએ. શિવસેના (UBT)ના સાંસદે કેબિનેટની જવાબદારીઓ અંગે નિર્ણય ન લેવા માટે નવી રચાયેલી સરકાર પર પ્રહારો કરતાં કહ્યું કે મહારાષ્ટ્રમાં અરાજકતા છે અને



રાજ્યમાં હત્યા અને બળાત્કાર થઈ રહ્યા છે. આ રાજ્યમાં નવી સરકાર બની તેને એક મહિનો થઈ ગયો છે પરંતુ કયો વિભાગ કોની પાસે છે તે કોઈને ખબર નથી. મહારાષ્ટ્રના ગામડાઓમાં દરરોજ હત્યા અને બળાત્કાર થઈ રહ્યા છે, મુખ્યમંત્રી આનો જવાબ આપી શકતા નથી. મહારાષ્ટ્રમાં અરાજકતા ફેલાઈ ગઈ છે. આ સરકાર ઈવીએમથી બની છે, તેમની પાસે મગજ નથી, તેમના મગજમાં ઈવીએમ છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરૂવારે કહ્યું હતું કે તેઓને તેમની અપેક્ષા કરતાં વધુ બેઠકો મળી છે. ટાઈમ્સ નેટવર્ક દ્વારા આયોજિત ઈન્ડિયા ઈકોનોમિક કોન્કલેવમાં ફડણવીસે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સૂત્ર 'એક હૈ તો સલામત હૈ' એ રાજ્યમાં 'જાદુ' તરીકે કામ કર્યું હતું. હું જાણતો હતો કે મહાયુતિ ચૂંટણી જીતશે પરંતુ જો આપણે એવી અપેક્ષા રાખીએ તો હું કહીશ કે હું જાણતો હતો કે ભાજપ ૧૩૨ બેઠકો જીતશે તો આ ખોટું છે, અમને ખબર ન હતી કે અમે મોટી સંખ્યામાં બેઠકો જીતીશું. અમને અમારી ધારણા કરતાં વધુ બેઠકો મળી છે. ૫ ડિસેમ્બરે, ફડણવીસે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા જ્યારે શિવસેનાના વડા એકનાથ શિંદે અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) નેતા અજિત પવારે નાયબ મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતૃત્વ હેઠળના મહાયુતિ ગઠબંધન માટે નિર્ણાયક જીત થઈ હતી, જેમાં ૨૩૫ બેઠકો સાથે તેઓએ પ્રચંડ જીત મેળવી હતી. બીજેપી ૧૩૨ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી અને શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ પણ અનુક્રમે ૫૭ અને ૪૧ બેઠકો સાથે નોંધપાત્ર લાભ થયો હતો.

# બિહારના શિક્ષકનું શાળાએ જતા રસ્તામાં અપહરણ બંદૂકની અણી પર મહિલા સાથે લગ્ન કરવા દબાણ

(એજન્સી) તા.૧૪

બિહાર પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કરીને શિક્ષક બનેલા અવનીશ કુમાર સાથે એક શરમજનક ઘટના બની છે. શુક્રવારે તે શાળાએ જઈ રહ્યો હતો ત્યારે બે સ્કોર્પિયો કારે તેની ઈ-રિક્ષા રોકી હતી. આ કારમાંથી નીકળેલા ડઝનબંધ અજાણ્યા લોકોએ અવનીશ પર બંદૂક બતાવી અને તેનું અપહરણ કર્યું. કલાકો તેને નિર્દયતાથી મારવામાં આવ્યો અને એક છોકરી સાથે લગ્ન કરવા દબાણ કરવામાં આવ્યું જેની સાથે તેના ચાર વર્ષથી સંબંધ હોવાનો આરોપ છે. આ ઘટના બિહારમાં 'પકડવા વિવાહ'નું વધુ એક ઉદાહરણ બની, જેમાં અપરિણીત પુરૂષોને બંદૂકની અણી પર લગ્ન કરવા દબાણ કરવામાં આવે છે. પોલીસના જણાવ્યાં અનુસાર, ૨૦૨૪માં છેલ્લા ૩૦ વર્ષમાં આવા બળજબરીથી



લગ્નના કેસોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. બિહારના બેગુસરાય જિલ્લાના રાજૌરાના રહેવાસી અવનીશ કુમારનું લખીસરાય જિલ્લામાંથી ગુંજન નામની મહિલાના સંબંધીઓએ અપહરણ કર્યું હતું. અવનીશ અને ગુંજન ચાર વર્ષથી રિલેશનશિપમાં હોવાનો દાવો કરવામાં આવે છે, જોકે અવનીશને તાજેતરમાં જ સરકારી શિક્ષક તરીકે નોકરી મળી હતી અને તેણે લગ્ન કરવાની ના પાડી દીધી હતી.

# આંબેડકરના વારસાને લઈને ભાજપ અને વિપક્ષ વચ્ચે ઘર્ષણ, બંધારણની ચર્ચાના બીજા દિવસે નેહરૂ મુદ્દે તકરાર

(એજન્સી) તા.૧૪

સંસદમાં એનડીએ અને વિપક્ષ વચ્ચે બી.આર. આંબેડકરના વારસાને લઈને સંઘર્ષ થયો હતો, જેમાં બંનેએ બીજા પર આંબેડકર અને તેમના દ્વારા ઘડવામાં આવેલા બંધારણને અવમૂલ્યન કરવાનો આરોપ લગાવ્યો હતો.

ચર્ચાના બીજા દિવસની શરૂઆત કરતા, સંસદીય બાબતો અને કાયદા પ્રધાન કિરેન રિજિજુએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે આંબેડકરના વિચારો અને લખાણોનું તેમના મૃત્યુ પછી 'ખોટું અર્થઘટન' કરવામાં આવ્યું હતું અને કોંગ્રેસે તેમને તેમનો હક આપ્યો નથી. આંબેડકરના તત્કાલિન વડાપ્રધાન જવાહરલાલ નેહરુને લખેલા રાજીનામાના પત્રને ટાંકીને રિજિજુએ કહ્યું કે, તેમણે કેબિનેટમાંથી રાજીનામું આપ્યું કારણ કે તેમને આર્થિક મંત્રાલય આપવામાં આવ્યું ન હતું અથવા કેબિનેટ સમિતિનો ભાગ બનાવવામાં આવ્યો ન હતો. રિજિજુએ કહ્યું, 'તેમણે નેહરૂને પત્ર લખ્યો હતો કે તેઓ કેબિનેટમાં માત્ર શણગાર તરીકે રહેવા માંગતા નથી.' તેમણે કહ્યું કે આંબેડકર બીજી વખત લોકસભામાં પાછા ફરવા માંગતા હતા, પરંતુ કોંગ્રેસે તેમને બીજી વખત નકારવાનું કાવતરું ઘડ્યું. રિજિજુએ જણાવ્યું હતું કે કોંગ્રેસ સરકારોએ તેના બે વડાપ્રધાનો-નેહરૂ અને ઈન્દિરા ગાંધીને ભારત રત્ન આપ્યો હતો, પરંતુ આંબેડકરને ૧૯૯૦માં વી.પી. સિંહ સરકાર હેઠળ મળી. જાતિ પ્રથા અંગે રિજિજુએ કહ્યું કે નેહરૂ અને આંબેડકરના વિચારો અલગ-અલગ હતા. તેમણે દલીલ કરી હતી કે આંબેડકરના વિચારો વ્યવસ્થિત હતા અને સમસ્યાઓના મૂળને સંબોધતા હતા, જ્યારે નેહરૂના વિચારો પ્રગતિશીલ હતા પરંતુ મુદ્દાની ઊંડાઈને ઓછો આંકતા હતા.

# દાદરમાં ગેરકાયદે હનુમાન મંદિરને હટાવવાની કાર્યવાહી રાજકીય હસ્તક્ષેપ બાદ અટકી

(એજન્સી) તા.૧૪

મુંબઈમાં દાદર સેન્ટ્રલ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧૨ પાસે આવેલા અનધિકૃત હનુમાન મંદિરને હટાવવાની મધ્ય રેલવેની દરખાસ્તને અટકાવી દેવામાં આવી છે.

શ્રી હનુમાન મંદિર, રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ઓફિસની પાછળ પૂર્વ બાજુએ આવેલું છે, જેને અતિક્રમણ હટાવવાની ઝુંબેશના ભાગ રૂપે દૂર કરવા માટે નક્કી કરવામાં આવ્યું હતું.

મધ્ય રેલવેના આસિસ્ટન્ટ ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ), ભાયખલા દ્વારા જારી કરાયેલી ૪ ડિસેમ્બર, ૨૦૨૪ની નોટિસને પગલે શરૂઆતમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. નોટિસમાં મંદિરના ટ્રસ્ટી અથવા પૂજારીને આ મુદ્દાને ઉકેલવા માટે સાત દિવસની સમયમર્યાદા આપવામાં આવી હતી, જેમાં અતિક્રમણને કારણે સુરક્ષા અને ઓપરેશનલ વિક્ષેપો અંગે ચિંતાઓ દર્શાવવામાં આવી હતી.

જો કે, ભાજપના નેતાઓ આશિષ શેલાર અને મંગલ પ્રભાત લોઢા સહિતના અગ્રણી રાજકીય હસ્તીઓની દરમિયાનગીરી બાદ મામલો નવો વળાંક આવ્યો હતો. શનિવારે મધ્ય રેલવે દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, નેતાઓએ રેલવે અધિકારીઓ સાથે ચર્ચા કરી અને રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવના હસ્તક્ષેપની માંગ કરી. આ સમીક્ષા બાદ, ડિમોલિશન નોટિસને હોલ્ડ પર રાખવામાં આવી હતી. મધ્ય રેલવેના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'મદદનીશ ડિવિઝનલ એન્જિનિયર, મુંબઈ ડિવિઝનએ અગાઉ દાદર સ્ટેશન, મધ્ય રેલવેના પ્લેટફોર્મ નંબર ૧૨ પાસે, પૂર્વ બાજુ, આરપીએફ ઓફિસની પાછળ, તારીખ ૦૪.૧૨. ૨૦૨૪ના રોજ મંદિર અંગે નોટિસ જારી કરી હતી. આ સંદર્ભમાં, ધારાસભ્યોએ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને વિનંતી કર્યા પછી આશિષ શેલાર અને મંગલ પ્રભાત લોઢા દ્વારા આ બાબતની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ નોટિસ પર સ્ટે મુકવામાં આવ્યો છે.'

# વધતી સબસિડી અને કેન્દ્રીય અનુદાન હોવા છતાં, ગુજરાતમાં નોકરીનું સર્જન ઘટ્યું : સરકારી ડેટા

(એજન્સી) તા.૧૪

તાજેતરના વર્ષોમાં પ્રધાનમંત્રી રોજગાર સર્જન યોજના (PMEGS) હેઠળ ગુજરાતને આપવામાં આવતી સબસિડી અને કેન્દ્ર સરકારની અનુદાનમાં વધારો થયો હોવા છતાં રાજ્યમાં રોજગાર નિર્માણમાં સતત ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે અન્ય રાજ્યોને ગુજરાતની સરખામણીમાં ઘણી ઓછી રકમ મળી છે. રાજ્યસભામાં રજૂ કરાયેલ ડેટામા આ માહિતી સામે આવી હતી. ૨૦૨૧-૨૨માં, જ્યારે કોવિડ રોગચાળો પૂરજોશમાં હતો, ત્યારે આ યોજનાએ રૂા.૨૮૭.૦૪ કરોડની સબસિડી સાથે ૪,૧૪૩ એકમોને ટેકો આપ્યો હતો. ધ ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ આપ્યો હતો કે, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો મંત્રાલય દ્વારા ૩૩,૧૪૪ નોકરીનું સર્જન કરવામાં આવ્યું હતું. ૨૦૨૩-



૨૪ સુધીમાં સબસિડી વધીને રૂા.૩૨૧.૨૪ કરોડ થઈ હોવા છતાં, આધારભૂત એકમોની સંખ્યા ઘટીને ૩,૦૦૦ થઈ ગઈ અને રોજગાર સર્જન તીવ્રપણે ઘટીને માત્ર ૨૪,૦૦૦ થઈ ગયું. આ ટ્રેન્ડ ૨૦૨૨-૨૩માં શરૂ થયો હતો, જ્યારે સબસિડીની ફાળવણી ઘટાડીને ૨૪૧.૮૨ કરોડ રૂપિયા કરવામાં આવી હતી. તે વર્ષે, ૩,૦૭૧ એકમોને ટેકો મળ્યો હતો, જેનાથી ૨૪,૫૬૮ લોકો માટે રોજગારીનું સર્જન થયું હતું. જ્યારે સબસિડી સપોર્ટમાં આ ઘટાડો રોગચાળા પછીની આર્થિક પરિસ્થિતિઓને આભારી હતો, ત્યારે ૨૦૨૩-૨૪માં રોજગાર સર્જનમાં સતત ઘટાડો થવાથી રોજગાર વૃદ્ધિને વેગ આપવાની યોજનાની ક્ષમતા પર શંકા પેદા થાય છે.

આ આંકડાઓ ગુજરાતમાં PMEGSની અસર વિશે ગંભીર પ્રશ્નો ઉભા કરે છે, કારણ કે ઉચ્ચ નાણાકીય ઈનપુટ રોજગાર સર્જનને ટકાવી રાખવા અથવા સુધારવામાં નિષ્ફળ રહ્યું છે. ૨૦૨૩-૨૪માં, ગુજરાતને આ યોજના હેઠળ બીજા ક્રમની સૌથી વધુ સબસિડીની ફાળવણી મળી હતી, જે ઉત્તરપ્રદેશ પછી છે. જો કે, તે રોજગાર નિર્માણમાં નવમા ક્રમે છે. ૧૨.૦૬% ઓછી સબસિડી પ્રાપ્ત કરવા છતાં ૧૨૦,૫૨૦ લોકો માટે નોકરીઓનું સર્જન કરીને જમ્મુ અને કાશ્મીર પ્રદેશનું નેતૃત્વ કરે છે - જે ગુજરાતની સંખ્યા કરતાં ૪૦ ગણી વધારે છે.

# આ અઠવાડિયે ૪૦ ભારતીય સ્ટાર્ટઅપ્સને ૭૮.૭ કરોડ ડોલરથી વધુનું ભંડોળ મળ્યું

(એજન્સી) તા.૧૪

ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે એક મહત્વપૂર્ણ સપ્તાહમાં, લગભગ ૪૦ સ્ટાર્ટઅપ્સે ૭૮.૭ કરોડ ડોલરથી વધુનું ભંડોળ મેળવ્યું હતું કારણ કે ભૌગોલિક રાજકીય પરિસ્થિતિઓ વચ્ચે અર્થતંત્ર સ્થિતિસ્થાપક રહ્યું હતું. આ સોદાઓમાં ૧૬ વિકાસ-તબક્કાના સોદા અને ૨૩ પ્રારંભિક તબક્કાના સોદાનો સમાવેશ થાય છે. તે ગયા અઠવાડિયે ૧૮ સોદામાં એકત્ર કરાયેલા ૨૫ કરોડ ડોલરથી મોટો ઉછાળો છે. ક્લાઉડ કિચન યુનિકોર્ન રિબેલ ફૂડ્સે પ્રાથમિક અને ગૌણ શેર વેચાણના મિશ્રણમાં ટેમાસેકની આગેવાની હેઠળ ૨૧ કરોડ ડોલરના ભંડોળ સાથે આગેવાની લીધી.

રિબેલ ફૂડ્સ આવતા વર્ષ સુધીમાં પબ્લિક લિસ્ટિંગની યોજના બનાવી રહી છે. Fintech સ્ટાર્ટઅપ Mintifi એ TVG અને Prosusની આગેવાની હેઠળની તેની શ્રેણી ઈ રાઉન્ડમાં કુલ ૧૮ કરોડ ડોલર એકત્ર કર્યા. Mintifi ચાવીરૂપ ક્ષેત્રોમાં તેના પદચિહ્નને વિસ્તારવા માટે નવી મૂડી જમાવવાની યોજના ધરાવે છે. આ રાઉન્ડ પછી, સંચિત ભંડોળ હવે ૧૦ કરોડ ડોલરને વટાવી ગયું છે. હેબર, એક અગ્રણી ઔદ્યોગિક AI સ્ટાર્ટઅપ, તેણે તેના સિરીઝ C ફંડિંગ રાઉન્ડમાં ૪.૪ કરોડ ડોલર એકત્ર કર્યા, જેમાં ૩.૮ કરોડ ડોલર ઈક્વિટી અને ૬૦ લાખ કરોડ ડેટનો સમાવેશ થાય છે. ફંડિંગ રાઉન્ડનું નેતૃત્વ Crysis, Beenext અને Accel દ્વારા કરવામાં આવ્યું હતું. મુંબઈ સ્થિત ભારતના અગ્રણી હોમ સોલાર સ્ટાર્ટઅપ સોલારસ્ક્વેરે તેના સીરિઝ B ફંડિંગ રાઉન્ડમાં ૪.૦ કરોડ ડોલર મેળવ્યા છે, જે ભારતીય સોલર સેક્ટરમાં સૌથી મોટી વેન્ચર કેપિટલમાં વધારો દર્શાવે છે.

### મહિલાને સળગાવી દેવાઈ, પોલીસ ફોર્સ તૈનાત

# ફરી એકવાર નૂંહમાં ભડકો : બે જૂથ વચ્ચે પથ્થરમારો

(સંવાદદાતા દ્વારા) નૂંહ, તા.૧૪

હરિયાણાના નૂંહ જિલ્લામાં ફરી એક વખત સ્થિતિ વણસી ગઈ છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે નૂંહના લહરવાડી ગામમાં શુક્રવારે પરસ્પર અદાવતના કારણે બે પક્ષો વચ્ચે ભારે પથ્થરમારો થયો હતો. આ દરમિયાન એક ૩૨ વર્ષની યુવતીને જીવતી સળગાવી દેવામાં આવી હતી. આ યુવતીનું મોત થઈ ગયું છે. જેના કારણે વિસ્તારમાં તણાવનો માહોલ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી અનેક પોલીસ સ્ટેશનોમાંથી પોલીસ ફોર્સ તેહનાત કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે નૂંહના લહરવાડી ગામમાં લગભગ સાત મહિના પહેલા જમીનના વિવાદને લઈને બે પક્ષો સામસામે આવી ગયા હતા. હિંસક અથડામણમાં રિઝવાન નામના ૨૧ વર્ષીય યુવકનું મોત થઈ ગયું હતું. હત્યા બાદ પોલીસે આરોપીઓ સામે હત્યાનો ગુનો નોંધી જેલ હવાલે કરી દીધા હતા. ત્યારબાદ યુવકની હત્યાના આરોપી પક્ષના લોકો ગામ છોડીને ફરાર

**નૂંહના લહરવાડી ગામમાં લગભગ સાત મહિના પહેલા જમીનના વિવાદને લઈને બે પક્ષો સામસામે આવી ગયા**

થઈ ગયા હતા. ઘટનાના લગભગ સાત મહિના પછી આરોપી પક્ષના લોકોએ પોલીસનો સંપર્ક કર્યો અને ગામમાં ફરી વસાવવા વિનંતી કરી હતી. ત્યારબાદ પુન્હાના પોલીસ સ્ટેશનના અધિકારીઓએ બંને પક્ષોને બોલાવ્યા અને સહમતિ કરાવી હતી. શુક્રવારે પોલીસ આરોપી પક્ષના લોકોને તેમના ઘરે લઈ ગઈ હતી. ત્યારબાદ જ્યારે પોલીસ જતી રહી ત્યારે બંને પક્ષો ફરી સામસામે આવી ગયા હતા. માહિતી મળી રહી છે કે, બંને જૂથો વચ્ચે પથ્થરમારો પણ થયો હતો. ઝઘડા દરમિયાન જ શહેનાઝ પર પેટ્રોલ રેડીને તેને આગ ચાંપી દેવામાં આવી હતી. ખરાબ રીતે દાઝી જવાથી શહેનાઝનું મોત થઈ ગયુ છે. યુવતીના પરિવારજનો આરોપી પક્ષ પર હત્યાનો આરોપ લગાવી રહ્યા છે, જ્યારે આરોપી પક્ષના લોકોનું કહેવું છે કે યુવતીના પરિવારના સભ્યોએ તેમની દુશ્મનીનો બદલો લેવા માટે પોતાની દીકરીને જ જીવતી સળગાવી દીધી હતી. મૃતક શહેનાઝ વિકલાંગ હતી અને છૂટાછેડા લઈ લીધા હતા. તે પોતાના પિતાના ઘરે જ રહેતી હતી. બંને જૂથો વચ્ચેની આ બબાલનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં મૃતકના પરિવારજનો પથ્થરમારો કરતા નજર આવી રહ્યા છે. કેટલીક મહિલાઓ અન્ય મહિલાઓ પર પેટ્રોલ છાંટતી નજર આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, જે મહલા પર પેટ્રોલ છાંટવામાં આવી રહ્યું છે તે મહિલા શહેનાઝ છે. તપાસ અધિકારી રાકેશ કુમારે જણાવ્યું કે, ગઈ કાલે અમને સૂચના મળી હતી કે યુવતીનું આગમાં સળીને મોત થઈ ગયું છે. ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવી છે. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.

### મોદી સરકારની ખેડૂતોને નવા વર્ષની ભેટ

# ૧ જાન્યુઆરીથી કોઈપણ ગેરંટી વિના ૨ લાખ સુધીની લોન મળશે

## ખેતીના વધતા ખર્ચ વચ્ચે નાના અને સીમાંત ખેડૂતોને મદદ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે

(સંવાદદાતા દ્વારા) નવી દિલ્હી, તા.૧૪

ખેડૂતો માટે સારા સમાચાર છે. ભારતીય રિઝર્વ બેંકે નવા વર્ષ પર ખેડૂતોને મોટી ભેટ આપી છે. RBIએ ખેડૂતોને ગેરંટી વગરની લોનની મર્યાદા વધારીને ૨ લાખ રૂપિયા કરી દીધી છે. પહેલા આ મર્યાદા ૧.૬૦ લાખ રૂપિયા હતી. આ યોજનાથી દેશના કરોડો ખેડૂતોને ફાયદો થશે. ખેડૂતોને રાહત આપતા, ભારતીય રિઝર્વ બેંક (RBI)એ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ખેડૂતો માટે ગેરંટી વિના લોનની મર્યાદા ૧.૬ લાખ રૂપિયાથી વધારીને ૨ લાખ રૂપિયા કરી દીધી છે. ખેતીના વધતા ખર્ચ વચ્ચે નાના અને સીમાંત ખેડૂતોને મદદ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ૨૦૧૦માં આરબીઆઈએ કોઈપણ ગેરંટી વિના કૃષિ ક્ષેત્રને ૧ લાખ રૂપિયા આપવાની મર્યાદા નક્કી કરી હતી. બાદમાં ૨૦૧૯માં તે વધારીને ૧.૬ લાખ રૂપિયા કરવામાં આવી હતી. નવા નિર્દેશમાં દેશભરની બેંકોને કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિ માટે લોન લેનાર દીઠ રૂા.૨ લાખ સુધીની કોલેટરલ અને માર્જિનની જરૂરિયાતો માફ કરવા કહેવામાં આવ્યું છે. કૃષિ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ નિર્ણય વધતા ખર્ચને સંબોધવા અને ખેડૂતો માટે લોનની પહોંચ સુધારવા માટે લેવામાં આવ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ પગલાથી ૮૬% થી વધુ નાના અને સીમાંત જમીનધારક ખેડૂતોને ઘણો ફાયદો થશે. બેંકોને દિશાનિર્દેશોનો ઝડપથી અમલ કરવા અને નવી લોન જોગવાઈઓ અંગે વ્યાપક જાગૃતિ સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે. આ પગલાથી કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) લોનની સરળ એક્સેસની સુવિધા અપેક્ષિત છે અને સરકારની સુધારેલી વ્યાજ સબવેન્શન સ્કીમને પૂરક બનાવશે. આ યોજના હેઠળ, સરકાર ૪% અસરકારક વ્યાજ દરે ૩ લાખ રૂપિયા સુધીની લોન આપે છે. તમે કોઈપણ બેંકમાં જઈને ૨ લાખ રૂપિયા સુધીની આ કોલેટરલ ફ્રી લોન માટે અરજી કરી શકો છો. આ માટે ખેડૂતે કોઈપણ પ્રકારનું કંઈપણ ગીરો રાખવાની જરૂર રહેશે નહીં. જો કે, તમે આ લોન માટે ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી જ અરજી કરી શકશો. તે પહેલાં નહીં.

આરબીઆઈના આ પગલાથી કિસાન ક્રેડિટ કાર્ડ (KCC) લોનની માંગમાં વધારો થવાની સંભાવના છે. આ સાથે ખેડૂતો તેમની કાર્યકારી અને વિકાસની જરૂરિયાતો પૂરી કરી શકશે.

# બંગાળનું મંદિર યુદ્ધ : ટીએમસીનું જગન્નાથ વિઝન વિરૂદ્ધ ભાજપનું રામ મંદિર : આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને બંને પક્ષો ધાર્મિક ભવનનો લાભ લેવા માંગે છે

## શાસક ટીએમસી અને વિપક્ષ ભાજપ બંગાળમાં સંઘર્ષમાં છે, ટીએમસીએ દિઘામાં જગન્નાથ મંદિરની જાહેરાત કરી છે અને ભાજપ બેરહામપોરમાં રામ મંદિરનું આયોજન કરી રહ્યું છે, આ ઘોષણાઓ એટ્લે મહત્વ ધરાવે છે કારણ કે નિર્ણાયક ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી આવી રહી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪

રાજ્યની નિર્ણાયક ૨૦૨૬ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને વિરોધ પક્ષ ભારતીય જનતા પાર્ટી (BJP) બંનેએ જાહેરાત કરી છે કે ભારતના બે સૌથી પ્રતિષ્ઠિત મંદિરોની પ્રતિકૃતિઓ પશ્ચિમ બંગાળમાં બનાવવામાં આવશે. ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં આ ઘોષણાઓ માત્ર ધાર્મિક મહત્વ જ નહીં પરંતુ વ્યૂહાત્મક રાજકીય અસરો પણ ધરાવે છે.

એક તરફ, દિઘામાં જગન્નાથ મંદિરની ઘોષણાના મુખ્ય પ્રધાન મમતા બેનરજીના પ્રસ્તાવને હિંદુ મતદારોને રીઝવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે અને બીજી તરફ, બરહામપોરમાં રામ મંદિરની ભાજપની જાહેરાતને તેના વૈચારિક સંદેશને વિસ્તૃત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે.

ભાજપે જાહેરાત કરી છે કે તે બંગાળમાં અયોધ્યા જેવા રામ મંદિરનું નિર્માણ કરશે. બેરહામપોરમાં જમીનની ઓળખ કરવામાં આવી છે જ્યાં જાન્યુઆરી ૨૦૨૫માં બાંધકામ શરૂ થશે. આ જાહેરાતને અયોધ્યામાં પ્રતિષ્ઠિત રામ મંદિરના સ્પષ્ટ સંદર્ભ તરીકે જોવામાં આવે છે, જે પક્ષના હિન્દુત્વ એજન્ડા સાથે ગાઢ રીતે સંકળાયેલું પ્રતીક છે. રૂા.૧૦ કરોડના ખર્ચે બનનાર બેરહામપોર રામ મંદિરનો ઉદ્દેશ્ય અયોધ્યા મંદિરના સ્થાપત્ય વૈભવ અને ધાર્મિક મહત્વને પ્રતિબિંબિત કરવાનો છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપ મંદિરના સમયનો ફાયદો ઉઠાવવામાં નિષ્ફળ ગયો છે.

પક્ષના નેતાઓએ મંદિરને માત્ર પૂજા સ્થળ તરીકે દર્શાવ્યું નથી પણ તેને સાંસ્કૃતિક તરીકે દર્શાવ્યું છે જે બંગાળના હિન્દુ સમુદાયની આકાંક્ષાઓ સાથે સુસંગત છે. બીજેપીના બહેરામપુરના સંગઠન પ્રમુખ શકરવ સરકારના જણાવ્યા અનુસાર, આ મંદિર બંગાળના કરોડો હિન્દુઓની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક આકાંક્ષાઓને મૂર્ત બનાવશે.

જો કે, આ પ્રોજેક્ટ સ્પષ્ટ વ્યૂહાત્મક ધ્યેય ધરાવે છે. બંગાળની ૨૭% વસ્તી મુસ્લિમ હોવાથી, હિંદુ મતને એકીકૃત કરવા પર ભાજપનું ધ્યાન તેની ચૂંટણી વ્યૂહરચના માટે ચાવીરૂપ છે. પક્ષનો ૨૦૧૧માં ૩% વોટ શેરથી ૨૦૨૧માં ૩૮% સુધીનો વધારો એ હિંદુ મતદારોમાં તેની વધતી જતી લોકપ્રિયતા દર્શાવે છે, જેઓ બંગાળની લગભગ ૭૦% વસ્તી ધરાવે છે. આ મંદિરને શ્રદ્ધાના પ્રતીકાત્મક તરીકે જોવામાં આવે છે. ભાજપના નેતાઓએ ટીએમસી પર સાંપ્રદાયિક વિભાજનને પ્રોત્સાહન આપવાનો આરોપ પણ લગાવ્યો છે. બીજેપી ધારાસભ્ય અગ્નિમિત્રા પૌલે મમતા બેનરજી પર બંગાળમાં બીજા બાંગ્લાદેશને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, તેઓ પોતાની વોટ બેંક માટે બીજા બાંગ્લાદેશની તૈયારી કરી રહી છે. રામ મંદિરનું નિર્માણ થશે. અમે અયોધ્યા રામ મંદિરના એક વર્ષનું સ્મરણ કરીશું અને બેરહામપુરમાં શિલાન્યાસ કરવામાં આવશે.

ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીરે બાબરી મસ્જિદ અંગે ટિપ્પણી કરી હતી અને તેને મુસ્લિમો માટે ખૂબ જ ભાવનાત્મક મુદ્દો ગણાવ્યો હતો. બીજેપી નેતા શંકર ઘોષે, કબીરની ટીકા કરતા, રામ મંદિરના નિર્માણને 'કુદરતી' અને ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ ગણાવ્યું હતું. તે આપણી સંસ્કૃતિનું પ્રતીક છે. મસ્જિદ એ લોકો સાથે જોડાયેલી છે જેમણે આપણા પર આક્રમણ કર્યું હતું. બાંગ્લાદેશ આપણને આ સમુદાયની માનસિકતા જણાવે છે.

ટીએમસીનું જગન્નાથ મંદિર મમતા બેનરજીએ ઓડિશાના ઐતિહાસિક પુરીજગન્નાથ મંદિરથી પ્રેરિત, દિઘામાં જગન્નાથ મંદિર બનાવવાની મહત્વાકાંક્ષી યોજનાનું અનાવરણ કર્યું છે. ૨૨ એકરમાં ફેલાયેલા રૂા.૨૫૦ કરોડના ભવ્ય બજેટ સાથે, આ પ્રોજેક્ટને બંગાળના નવા સાંસ્કૃતિક આઈકોન તરીકે ઓળખવામાં આવે છે, જે પુરીને ભવ્યતાને દર્શાવશે. અક્ષય તૃતીયાના શુભ તહેવાર સાથે સંરેખિત, એપ્રિલ ૨૦૨૫માં આ મંદિરનું ઉદ્ઘાટન થવાનું છે.

મમતાએ ઠ પર લખ્યું કે, મને એ જાહેરાત કરતાં આનંદ થાય છે કે, પુરીની જેમ, અમે પશ્ચિમ બંગાળમાં પણ દિઘા ખાતે ભગવાન જગન્નાથ માટે ગૌરવ-પ્રેરણાદાયી મંદિર પરિસરનું નિર્માણ કરી રહ્યા છીએ. અહીં પણ ભગવાન, બલભદ્ર અને સુભદ્રાની પૂજા થશે, રથયાત્રા પણ ઉજવવામાં આવશે. પુરી જેવી રથયાત્રા આવતા વર્ષથી દિઘા ખાતે પણ કરવામાં આવશે. આ મહિનામાં જ્યારે મમતા બેનરજી મંદિરની મુલાકાતે ગયા હતા, ત્યારે તેમની સાથે ઈસ્કોન કોલકાતાના ઉપાધ્યક્ષ રાધારમણ દાસ સહિત ઈસ્કોન અધિકારીઓ પણ હતા. ઈસ્કોનના વાઈસ પ્રેસિડેન્ટ રાધારમણ દાસે આ પગલાને બંગાળ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ, વિકાસ સાથે ભક્તિનું મિશ્રણ ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, દાસ મંદિરની મેનેજમેન્ટ કમિટીમાં પણ જોડાશે.

મમતા બેનરજીએ જણાવ્યું કે, પુરી જગન્નાથ મંદિર પવિત્ર છે, ત્યારે અમારૂં બંગાળ જગન્નાથ મંદિર અનન્ય હશે અને સમગ્ર પ્રદેશ માટે આધ્યાત્મિક કેન્દ્ર તરીકે સેવા આપશે. જો કે, આ પ્રોજેક્ટની ભાજપના નેતા સુવેન્દુ અધિકારી દ્વારા ટીકા કરવામાં આવી છે, જેમણે તેને 'રાજકીય યુક્તિ' ગણાવી હતી અને ટીએમસી પર ચૂંટણીલક્ષી લાભ માટે જાહેર ભંડોળનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. અધિકારીએ દલીલ કરી હતી કે, આ મંદિર પ્રતિકૃતિ નથી પરંતુ શાસનની નિષ્ફળતાઓને ઢાંકવાના હેતુની એક યુક્તિ છે.

દાયકાઓના રાજકીય અને કાનૂની સંઘર્ષો પછી બનેલું અયોધ્યા રામ મંદિર ભારતીય રાજકારણમાં હિન્દુત્વના ઉદયનું પ્રતીક છે. તેવી જ રીતે, પુરીજગન્નાથ મંદિર, ૧૨મી સદીનું હિંદુ ધર્મના સૌથી પવિત્ર મંદિરોમાંનું એક છે, જે તેની વાર્ષિક રથયાત્રા માટે પ્રખ્યાત છે.

બંગાળની ધાર્મિક વસ્તી વિષયક અને તેમની ચૂંટણીની અસર

બંગાળની વસ્તી વિષયક વિવિધતામાં આ મંદિરો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. ભાજપ બંગાળના હિંદુ મતોને એક કરવા માંગે છે, ત્યારે તેને TMCના ગઢને તોડવામાં નોંધપાત્ર પડકારનો સામનો કરવો પડે છે, જે લઘુમતી મતદારો, મહિલાઓ અને ગ્રામીણ સમુદાયોમાં સમર્થન ધરાવે છે. બંગાળનો મતદાર આધાર તેના વૈવિધ્યસભર ધાર્મિક જનસંખ્યા છે, જેમાં હિંદુ ધર્મ મુખ્ય છે, જે લગભગ ૭૦-૭૨% વસ્તી ધરાવે છે. મુસ્લિમ સમુદાય લગભગ ૨૭-૨૮% વસ્તી ધરાવે છે, જે તેને રાજ્યમાં બીજા ક્રમનો સૌથી મોટો ધાર્મિક સમૂહ છે.

જગન્નાથ મંદિર જેવા પ્રોજેક્ટ્સ દ્વારા હિંદુઓ સુધી પહોંચવાના ટીએમસીના પ્રયાસો વ્યૂહાત્મક પરિવર્તનનો સંકેત આપે છે, જ્યારે ભાજપનું લક્ષ્ય એવા રાજ્યમાં તેની સ્થિતિને મજબૂત બનાવવાનું છે જ્યાં તે હજી પણ ટીએમસી તરફથી સખત સ્પર્ધાનો સામનો કરી રહ્યું છે, TMCએ આરજી કાર બળાત્કાર કેસના વિરોધ છતાં ૨૦૨૪ વિધાનસભા ચૂંટણીમાં તમામ છ બેઠકો જીતી લીધી હતી. ટીએમસી, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રતીકોને અનુરૂપ બનાવીને તેની પકડ જાળવી રાખવા માંગે છે.

બંગાળનું આ મંદિર યુદ્ધ, આસ્થાની બાબત તરીકે જોવામાં આવે છે; રાજ્યમાં ટીએમસી અને ભાજપ બંને રાજ્યમાં તેમની ચૂંટણીની સ્થિતિને મજબૂત કરવા માટે ધાર્મિક પ્રતીકોનો ઉપયોગ કરવાની આશા રાખે છે.

### ભારત સરકારે શરૂ કરી નવી યોજના

# હવે એરપોર્ટ પર ચા, કોફી, પાણીની ૧૦ ગણી કિંમત નહીં ચૂકવવી પડે

(સંવાદદાતા દ્વારા) નવી દિલ્હી, તા.૧૪

એરપોર્ટ પર તમારી ફ્લાઈટની રાહ જોતી વખતે, તમને વેઈટિંગ લોન્જમાં તરસ લાગે છે. તરસ શાંત કરવા માટે પાણી અથવા કેટલાક ઠંડા પીણાનો સહારો લેતા હોય છે. કેટલીકવાર ભૂખની લાગણી પણ થાય છે. આવી સ્થિતિમાં સવારનો નાસ્તો કે હળવો નાસ્તો લેવાની પણ જરૂરિયાત અનુભવાય છે. પરંતુ, જ્યારે તમને ત્યાંના કાઉન્ટર પર કિંમતની ખબર પડે છે, તો તમે તે સાંભળીને ચોંકી જશો. દરેક વસ્તુની કિંમત બહાર કરતા લગભગ ૧૦ ગણી વધારે છે. જો તમે મધ્યમવર્ગીય પરિવારમાંથી છો તો તમને આ પ્રકારની લાગણી કોઈને કોઈ સમયે આવી જ હશે. આ પરિસ્થિતિઓને દૂર કરવા માટે, ભારત સરકાર એક નવી યોજના લઈને આવી છે. કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય વતી એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા તેના નિયંત્રણ

**તમામ એરપોર્ટ પર ઉડાન યાત્રી કાફે શરૂ કરવામાં આવશે**

હેઠળના તમામ એરપોર્ટ પર ઉડાન યાત્રી કાફે શરૂ કરવા જઈ રહી છે. અહીં તમને તમારી તરસ છીપાવવાથી લઈને પેટ ભરવા સુધીની વસ્તુઓ વ્યાજબી ભાવે મળશે. તે કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ઈન્ટરનેશનલ એરપોર્ટથી શરૂ થશે. આ એક પાયલોટ પ્રોજેક્ટ છે. ટૂંક સમયમાં એરપોર્ટ ઓથોરિટીના અન્ય એરપોર્ટ પર પણ આવા કાફેની સ્થાપના કરવામાં આવશે. કોલકાતા એરપોર્ટે ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ અવસર પર શતાબ્દી સમારોહનો લોગો લોન્ચ કરતી વખતે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે હવાઈ મુસાફરોના મુસાફરીના અનુભવને સુધારવા માટે, એરપોર્ટ પર ફ્લાઈટ પેસેન્જર્સના કાફેમાં સસ્તું રિફ્રેશમેન્ટ પ્રદાન કરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે ભારતમાં ઉડ્ડયન ક્ષેત્ર ઝડપથી વધી રહ્યું છે. આનાથી એક તરફ આર્થિક વિકાસ થઈ રહ્યો છે તો બીજી તરફ રોજગારી ઉત્પન્ન કરવામાં પણ મદદ મળી રહી છે. મંત્રીએ કહ્યું કે ચા, કોફી, નાસ્તો અને પાણી જેવા આવશ્યક નાસ્તા એરપોર્ટ પર કિઓસ્ક દ્વારા પોસાય તેવા ભાવે ઉપલબ્ધ થશે. એરપોર્ટ પરના આ કિઓસ્ક રોજગારીની તકો પણ પૂરી પાડશે. જો કે, કિઓસ્ક અધિકારો માત્ર શારીરિક રીતે વિકલાંગ મહિલાઓ અને પુરુષોને જ આપવામાં આવશે. જે વધુ સુલભ કાર્યબળની ખાતરી કરશે.

# નેસ્લેના ચુકાદાને આધીન સ્વિટ્ઝર્લેન્ડે ભારતનો MFN દરજ્જો રદ કર્યો; આ નિર્ણય ભારતીય વ્યવસાયોને કેવી રીતે અસર કરશે


## સ્વિટ્ઝર્લેન્ડે MFN સ્ટેટસ પાછું ખેંચવાના નિર્ણય માટે વેવે-હેડક્વાર્ટરવાળા નેસ્લેને લગતા કેસમાં ભારતીય સુપ્રીમ કોર્ટના ૨૦૨૩ના ચુકાદાને આધાર બનાવ્યો છે

(એજન્સી) તા.૧૪

સ્વિસ સરકારે ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચેના ડબલ ટેક્સેશન અવૉઈડન્સ એગ્રીમેન્ટ (DTAA)માં મોસ્ટ ફેવર્ડ નેશન સ્ટેટસ (MFN) કલમને સ્થગિત કરી દીધી છે, જે સંભવિતપણે ભારતમાં સ્વિસ રોકાણોને અસર કરી શકે છે અને યુરોપિયન રાષ્ટ્રમાં કાર્યરત ભારતીય કંપનીઓ પર વધુ કર લાદવામાં આવી શકે છે.

સ્વિસ નાણા વિભાગના ૧૧ ડિસેમ્બરના નિવેદન અનુસાર, આ પગલું ભારતની સર્વોચ્ચ અદાલતે ગયા વર્ષે આપેલા ચુકાદાને કારણે છે કે જો કોઈ દેશ OECDમાં જોડાય ત્યારે MFN કલમ આપમેળે ટ્રિગર થતી નથી, જો ભારત સરકારે તે પહેલાં તે દેશ સાથે ટેક્સ સંધિ પર હસ્તાક્ષર કર્યા હોય. ભારતે કોલંબિયા અને લિથુઆનિયા સાથે ટેક્સ સંધિઓ પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં ચોક્કસ પ્રકારની આવક પર કર દરો પૂરા પાડવામાં આવ્યા હતા જે OECD દેશોને આપેલા દરો કરતા ઓછા હતા. બાદમાં બંને દેશો OECDમાં જોડાયા હતા. ૨૦૨૧માં સ્વિટ્ઝર્લેન્ડે અર્થઘટન કર્યું હતું કે કોલંબિયા અને લિથુઆનિયા OECDમાં જોડાવાનો અર્થ એ છે કે કરારમાં દર્શાવેલ ૧૦ ટકાને બદલે MFN કલમ હેઠળ ભારત-સ્વિટ્ઝર્લેન્ડ ટેક્સ સંધિ પર ડિવિડન્ડ માટે ૫ ટકાનો દર લાગુ થશે.

પરંતુ MFN સ્ટેટસના સસ્પેન્શન પછી, સ્વિટ્ઝર્લેન્ડ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી, સ્વિસ વિથહોલ્ડિંગ ટેક્સ માટે રિફંડનો દાવો કરનારા



ભારતીય કર નિવાસીઓ અને વિદેશી ટેક્સ ક્રેડિટ્સનો દાવો કરનારા સ્વિસ ટેક્સ નિવાસીઓ માટે ડિવિડન્ડ પર ૧૦ ટકા ટેક્સ વસૂલશે. આ નિવેદનમાં, સ્વિસ નાણા વિભાગે આવક પરના કરના સંદર્ભમાં બેવડા કરવેરાને ટાળવા માટે સ્વિસ સંઘ અને ભારતીય પ્રજાસત્તાક વચ્ચેના કરાર માટે પ્રોટોકોલના MFN કલમની અરજીને સ્થગિત કરવાની જાહેરાત કરી હતી.

તેનો અર્થ એ છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી સ્વિટ્ઝર્લેન્ડ તે દેશમાં ૧૦ ટકાના દરે જે ડિવિડન્ડ મેળવશે તેના પર ટેક્સ લગાવશે.

આ નિવેદન મુજબ, ૨૦૨૧માં, નેસ્લે કેસમાં દિલ્હી હાઈકોર્ટે ડબલ ટેક્સેશન ટાળવાની સંધિમાં MFN કલમને ધ્યાનમાં લીધા પછી શેષ કર દરોની લાગુ કરવાને સમર્થન આપ્યું હતું. જો કે, ભારતીય સુપ્રીમ કોર્ટે, ૧૯ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજના નિર્ણયમાં, નીચલી કોર્ટના નિર્ણયને રદ કરી દીધો હતો. સ્વિસ ઓથોરિટીના નિર્ણય પર ટિપ્પણી કરતા, નાંગિયા એન્ડરસન M&A ટેક્સ પાર્ટનર સંદીપ ઝુનઝુનવાલાએ જણાવ્યું હતું કે, ભારત સાથેની તેની ટેક્સ સંધિ હેઠળ MFN કલમની અરજીનું એકપક્ષીય સસ્પેન્શન દ્વિપક્ષીય સંધિની ગતિશીલતામાં નોંધપાત્ર ફેરફાર દર્શાવે છે. આ સસ્પેન્શન સ્વિટ્ઝર્લેન્ડમાં કાર્યરત ભારતીય સંસ્થાઓ માટે કરની જવાબદારીઓમાં વધારો કરી શકે છે, જે વિકસિત વૈશ્વિક લેન્ડસ્કેપમાં આંતરરાષ્ટ્રીય કર સંધિઓ નેવિગેટ કરવાની જટિલતાઓને દર્શાવે છે. AKM ગ્લોબલ, ટેક્સ પાર્ટનર, અમિત મહેશ્વરીએ જણાવ્યું હતું કે MFN ખેંચવાના નિર્ણય પાછળનું મુખ્ય કારણ પારસ્પરિકતા છે, જે સુનિશ્ચિત કરે છે કે બંને દેશોમાં કરદાતાઓ સાથે સમાન અને ન્યાયી વર્તન કરવામાં આવે. આ ભારતમાં સ્વિસ રોકાણોને અસર કરી શકે છે કારણ કે ડિવિડન્ડ હવે વધુ રોકડને આધિન રહેશે અને ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અથવા તે પછી ઉપાર્જિત આવક પર સ્વિટ્ઝર્લેન્ડ અને ભારત વચ્ચે ડબલ કરવેરા સંધિમાં આપવામાં આવેલા દરો પર કર લાદવામાં આવી શકે છે. JSA એડવોકેટ્સ એન્ડ સોલિસીટર્સ પાર્ટનર કુમારમંગલમ વિજયે જણાવ્યું હતું કે આ ખાસ કરીને સ્વિટ્ઝર્લેન્ડમાં પેટાકંપનીઓ સાથે ODI (વિદેશમાં પ્રત્યક્ષ રોકાણ) માળખું ધરાવતી ભારતીય કંપનીઓને અસર કરશે અને ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ડિવિડન્ડ પર સ્વિસ વિથહોલ્ડિંગ ટેક્સ ૫ ટકાથી વધારીને ૧૦ ટકા થઈ જશે.

### ગુજરાતમાં બહાર આવેલ નકલી ED મામલે રાજકીય યુદ્ધ જારી

# નકલી ED મામલે આપ પાર્ટી કનેક્શનની વાતો વચ્ચે કૌભાંડના નાણાં પાર્ટીના કાર્યક્રમોમાં વપરાતા હોવાનો ખુલાસો

## કચ્છ (પૂર્વ)ના એસ.પી.નું નિવેદન : ભાજપ-આપ નેતાઓ વચ્ચે આક્ષેપોનો દોર જારી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૪

કચ્છમાં ઝડપાયેલી નકલી EDની ટીમ મામલે ભાજપ અને AAPના નેતાઓ વચ્ચે રાજકીય યુદ્ધ શરૂ થયું છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘીવીએ નકલી ED મામલે ઝડપાયેલા આરોપીને આમ આદમી પાર્ટીનો નેતા ગણાવ્યો હતો અને આપ પર પ્રહારો કર્યા હતા. ત્યારે આ મામલે હવે AAPના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ નકલી ED મામલે ઝડપાયેલા આરોપીનો ભાજપના સાંસદ અને પોલીસ સાથેના ફોટો ટ્વીટ કરી ભાજપ પર વળતો પ્રહાર કર્યો છે, સાથે હર્ષ સંઘવીને પૂછ્યું છે કે આરોપીનો ભાજપના સાંસદ સાથે શું સંબંધ છે ? તો બીજી તરફ પોલીસ તપાસમાં પણ સામે આવ્યું છે કે અબ્દુલસત્તાર માંજોઠી પોતાની ગેરકાયદે પ્રવૃત્તિનાં જે નાણાં આવતાં હતાં એનો છછના કાર્યક્રમમાં ઉપયોગ કરતો હતો. પોલીસ આ મામલે આગામી સમયમાં AAPના નેતાઓની પણ પૂછપરછ કરી શકે છે.

ગુજરાત AAPના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ સોશિયલ મીડિયા એક્સ પર ટ્વીટ કરી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને સવાલ કર્યો હતો. નકલી ઈડી મામલે જે આરોપી ઝડપાયો છે તેના ભાજપના સાંસદ અને પોલીસકર્મીઓ સાથેના ફોટો ટ્વીટ કરી હર્ષ સંઘવીને સવાલ કરતાં કહ્યું છે કે આરોપીના ભાજપ સાંસદ સાથે શું સંબંધ છે ? એનો ખુલાસો આપો. ઈસુદાન ગઢવીએ વધુમાં લખ્યું છે કે બાત નિકલી હૈ તો દૂર તક જાયેગી. જેના જવાબમાં ભાજપના પ્રવક્તાએ કહ્યું હતું કે, પ્રશ્નોના જવાબ આપવા ભાજપ બંધાયેલો નથી. ભાજપના કાર્યાલય પર આવ્યા ત્યારે કઈ હાલતમાં હતા એ એફએસએલમાં પુરવાર થયું છે. તેઓ કઈ હાલતમાં કયો પ્રશ્ન કરે એ તેમને જ ખબર હોય. જ્યાં સુધી ભાજપનો પ્રશ્ન છે, ભાજપના નેતા પ્રજા વચ્ચે જતા હોય ત્યારે પ્રજા તેમની સાથે ફોટો પડાવતી હોય છે. ભાજપ તેવાને પક્ષનો પદાધિકારી બનાવતી નથી. કદાચ કોઈ પક્ષનો પદાધિકારી હોય અને ક્યાંક સંડોવાયેલો હોય તો ભાજપ સસ્પેન્ડ કરી સજા કરતાં ખચકાતો નથી. આમ આદમી પાર્ટીનો મહામંત્રી પકડાતો હોય ત્યારે ઈસુદાન ગઢવી લાજવાને બદલે ગાજી રહ્યા છે. મારે ઈસુદાનભાઈને પૂછવું છે કે દિલ્હીના નેતાઓ લિકરનો ગોટાળો કરી ભાગબટાઈ કરતા હતા એની અંદર સજા ભોગવી રહ્યા છે. એ જ પ્રમાણે અહીંના નેતાઓ તમે એ જ માર્ગે જઈ રહ્યા છો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ કચ્છમાં એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ED)ની નકલી ટીમે જ્વેલર્સ પેઢીને ત્યાં દરોડો પાડી ૨૫ લાખથી વધુની ઉઠાંતરી કરી હતી. જોકે ૪ ડિસેમ્બરે આ સમગ્ર મામલો સામે આવ્યો હતો, જેમાં પોલીસ દ્વારા ૧૨ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે એક આરોપી હજુ પણ ફરાર છે, ત્યારે EDની આ નકલી ટીમમાં ભુજના એક પત્રકાર, અમદાવાદની એક મહિલા સહિત ૧૩ આરોપી સામેલ હતા. બીજી તરફ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગતરોજ એક્સ પોસ્ટ પર ટ્વીટ કર્યું હતું, જેમાં તેમણે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીનું પરાક્રમ ગણાવી ગુજરાતમાં પાર્ટીના નેતાએ ઈડીની નકલી ટીમ બનાવી અને તેનો કેપ્ટન બની લોકોને લૂંટ્યા.હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ આમ આદમી પાર્ટીના નેતા અને ગોપાલ ઈટાલિયાએ એક્સ પોસ્ટ પર ટ્વીટ કરી જવાબ આપ્યો હતો કે હર્ષ સંઘવી ભાગે નહીં, ભાગતા નહીં... ટીવી પાછળ છુપાઈને ટ્રોલ સેનાની જેમ ટ્વીટ-ટ્વીટની રમત કરવાને બદલે ગૃહમંત્રીને છાજે એમ સામી છાતીએ ચર્ચા કરવા હાલ્યા આવો.

બીજી તરફ પૂર્વ કચ્છ પોલીસના એસપીએ કહ્યું હતું કે નકલી ઈડી ટીમનો જે મામલો છે એનો માસ્ટરમાઈન્ડ અબ્દુલસતાર માંજોઠી છે. અલગ અલગ ટાઈમમાં પાર્ટીના કાર્યક્રમ હોય એમાં ગેરકાયદે પ્રવૃત્તિના પૈસા આવતા હતા, એનો ઉપયોગ કરતો હતો. તેનો ગુનાહિત ઈતિહાસ પણ છે. જામનગર અને ભુજમાં ગુના નોંધાયેલા છે. થોડા મહિના પહેલાં ભુજ સર્કિટહાઉસ ખાતે AAPના આગેવાનો ગોપાલ ઈટાલિયા અને મનોજ સોરઠિયા સાથે મિટિંગ પણ થઈ હતી. એના નાણાકીય ટ્રાન્ઝેક્શનની વિગતો તપાસમાં આવશે. જરૂર જણાશે તો પાર્ટીના બીજા લોકોને પણ પૂછપરછ માટે બોલાવવામાં આવશે.

### રાજ્યભરમાં ચર્ચા જગાવનાર ખ્યાતિ હોસ્પિટલકાંડનો મામલો

# ખ્યાતિ હોસ્પિટલની ભાગીદાર અને છેલ્લા એક મહિનાથી ફરાર રાજશ્રી કોઠારીની ધરપકડ

## કોઠારીની અગાઉ આગોતરા જામીન અરજી રદ થઈ હતી, ધરપકડથી બચવા લોકેશન બદલતી રહેતી હતી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૪

રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલ ખ્યાતિકાંડ મામલે છેલ્લા એક મહિનાથી ફરાર હોસ્પિટલની પાર્ટનર એવી રાજશ્રી કોઠારીને અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આખરે રાજસ્થાનથી ઝડપી પાડી છે. આ સાથે ખ્યાતિ હોસ્પિટલનાં મામલે આ આઠમી ધરપકડ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચ આ પહેલાં સાત આરોપીને ઝડપી ચૂકી છે, જ્યારે કાર્તિક પટેલ હજી પણ ફરાર છે, જે વિદેશમાં હોવાનું સામે આવ્યું છે. ખ્યાતિકાંડ મામલે ફરિયાદ નોંધાયા બાદ રાજશ્રી કોઠારી ભૂગર્ભમાં હતી. જે દરમ્યાન અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં તેમણે કરેલી આગોતરા જામીન અરજી પણ રદ થઈ હતી. ધરપકડથી બચવા ખાનગી ટ્રાવેલ્સની બસોમાં પોતાનું લોકેશન બદલતી રહેતી હોવાનું પણ જાણવા મળેલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજશ્રી કોઠારીના પતિએ કોરોના કાળમાં એશિયન બેરીયાટ્રીક હોસ્પિટલ લીઝ પર રાખી કોરોનાના દર્દીઓની સારવાર શરૂ કરી હતી. ત્યારબાદ ૨૦૨૧માં અન્ય લોકો સાથે પોતે પણ ખ્યાતિ હોસ્પિટલમાં ભાગીદાર બની ગયો હતો. રાજશ્રીની પણ ડાયરેક્ટર તરીકે એન્ટ્રી થઈ હતી. અન્ય આરોપીઓ સાથે મળી PMJAYનો ખોટી રીતે લાભ લેવાનું શરૂ કરાયું હતું.

ખ્યાતિકાંડ મામલે છેલ્લા એક મહિનાથી ફરાર આરોપી રાજશ્રી કોઠારી દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી, જે કોર્ટે ૫ ડિસેમ્બરે ફગાવી દીધી હતી. રાજશ્રી કોઠારીને ૧૩/૧૧/૨૦૨૪ના રોજ ગુન્હો નોંધાયેલાની જાણ થતા રાત્રીના આઠ વાગે તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી ઘરે મૂકી તેના પતિ પ્રદિપ કોઠારી સાથે તેઓની ફોર્ચ્યુનર ગાડીમાં ઉદયપુર જતા રહ્યા હતા. ઉદેપુરમા પાચેક દિવસ રોકાયા બાદ ભીલવાડા અને ભીલવાડામા દસેક દિવસ રોકાયા બાદ કોટા જતા રહેલ કોટામા પંદરેક દિવસ રોકાયા બાદ કોટાથી ભીલવાડા જવા નિકળેલ હતા ત્યારે અમદાવાદ ક્રાઈમ બ્રાંચના હાથે ઝડપાઈ ગયા હતા. આરોપીની પ્રાથમિક પૂછપરછ દરમ્યાન મળેલ વિગતો મુજબ, આરોપી રાજશ્રી કોઠારીના પતિ પ્રદિપ કોઠારી તથા ચિરાગ રાજપૂતે કોરોના વખતે એશીયન બેરીયાટ્રીકસ હોસ્પીટલ લીઝ પર રાખી કોરોનાની ટ્રીટમેન્ટ ચાલુ કરેલ હતી.




કોરોના બાદ સને-૨૦૨૧માં આરોપી રાજશ્રી કોઠારીના પતિ પ્રદિપ કોઠારીએ ઈન્વેસ્ટમેન્ટ પાર્ટનર તરીકે કાર્તિક પટેલને લાવી પોતે તથા ચિરાગ રાજપૂત તથા કાર્તિક પટેલે એશીયન બેરીયાટ્રીકસ હોસ્પિટલના ડાયરેક્ટર મહેન્દ્ર નરવરીયાના શેર ખરીદી ડો.સંજય પટોલીયા સાથે ભાગીદારીમાં એડ થઇ ખ્યાતિ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ ચાલુ કરેલ. જેમાં આરોપી રાજશ્રીબેનના પતિ પ્રદિપ કોઠારીનો ૩.૬૧ ટકા હિસ્સો રાખેલ હતો. તારીખ ૨૨-૯-૨૦૨૧ના રોજ આરોપી રાજશ્રી કોઠારી હોસ્પિટલમાં ડાયરેક્ટર તરીકે દાખલ થયેલ હતા. ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં કાર્તિક પટેલ અને કાર્તિક HUF(હિન્દુ અવિભક્ત કુટુંબ)ના ૫૦.૯૮ ટકા હિસ્સો હતો. જ્યારે સંજય પટોળિયા ૩૦.૮૫ ટકા અને તેમના પત્ની હેતલ પટોળિયા ૮.૩૭ ટકા તથા ચિરાગ રાજપૂત ૬.૧૮ ટકા અને રાજશ્રી કોઠારી ૩.૬ ટકાના ભાગીદાર છે અત્રે ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી ખ્યાતિકાંડમાં ધરપકડ કરાયેલ આરોપીઓમાં ડો. પ્રશાંત વઝીરાણી, ચિરાગ હીરાસિંહ બગીસિંહ રાજપૂત, મિલિન્દ કનુભાઈ અમરતલાલ પટેલ, રાહુલ રાજેન્દ્રકુમાર શાંતિલાલ જૈન,પ્રતીક યોગેશભાઈ હીરાલાલ ભટ્ટ, પંકિલ હસમુખભાઈ મોહનભાઈ પટેલ, ડો. સંજય પટોળિયા, રાજશ્રી કોઠારીનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય મુખ્ય આરોપી કાર્તિક પટેલ હજુ ફરાર છે. જેને ઝડપી લેવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

### ઠંડા પવનોના સૂસવાટા ઠંડી વધારી શકે

# ૧૫થી ૨૦ કિ.મી.ની ઝડપે ફૂંકાઈ રહેલા બર્ફીલા પવનોથી ગુજરાત બન્યું ઠંડુંગાર

## મોટાભાગના શહેરોમાં તાપમાન ગગડીને ૧૩ ડિગ્રી નીચે ગયું

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૪

પહાડી વિસ્તારોમાં તાજેતરમાં થયેલી હિમવર્ષાથી ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે. માઉન્ટ આબુમાં બરફની ચાદર છવાતા સહેલાણીઓએ ભરપૂર મોજ માણી હતી. રાજ્યમાં હાલ ઉત્તર અને ઉત્તર-પૂર્વ તરફથી ફૂંકાઈ રહેલા બર્ફીલા પવનોને કારણે લોકો દિવસે પણ ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું ૬ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે, જ્યારે અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં પણ તાપમાનનો પારો ગગડીને ૧૩ ડિગ્રી નીચે જતાં લોકો તાપણાનો સહારો લેતા જોવા મળ્યા હતા. રાજ્યમાં ફૂંકાઈ રહેલા બર્ફીલા પવનોથી ટૂ-વ્હીલરચાલકો મુશ્કેલી અનુભવતા જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરમાં આ વર્ષનું સૌથી ઓછું ૧૨.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ગઈકાલે ૧૫થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયા હતા અને દિવસે પણ ઠંડીનો ચમકારો અનુભવ્યો હતો, જ્યારે રાત્રે પણ અમદાવાદ શહેર ઠંડુંગાર બન્યું હતું. રાજ્યમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ તરફથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનના કારણે મોટા ભાગનાં સેન્ટરો પર તાપમાન ગગડીને ૧૩ ડિગ્રી નીચે જતું રહ્યું છે. નલિયામાં સૌથી ઓછું ૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે ડીસામાં ૯.૧, વડોદરામાં ૧૦, રાજકોટ ૧૦.૬, અમદાવાદ ૧૨.૫, અમરેલી ૧૨.૨, ભુજ ૧૧.૨ લઘુતમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યાં અનુસાર, ગુજરાત પર હાલમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઠંડા પવન આવી રહ્યા છે. આ ઉપરાંત ઉત્તર ભારતનાં રાજ્યમાં હિમવર્ષાની અસર પણ પવનોને કારણે ગુજરાત તરફ વર્તાઈ રહી છે. હજુ આજે પણ સૌરાષ્ટ્ર કચ્છના ભાગોમાં ઠંડીનો ચમકારો વધુ પ્રમાણમાં અનુભવાશે તથા ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ ઠંડા પવનો ફૂંકાવાથી દિવસ દરમિયાન અને મોડીરાત્રે ઠંડી અનુભવી શકો છે. આજે પણ ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં ૧૦થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, દિવસ દરમિયાન પણ શિયાળાની અસર વર્તાશે. આ ઉપરાંત આગામી ત્રણ દિવસ રાજ્યનું વાતાવરણ સાફ રહેતાં સૂર્યનાં સીધાં કિરણોથી ગરમાવો મળી શકે છે, પરંતુ ઠંડા પવનોના સુસવાટા ઠંડી વધારી શકે છે.

# માતાની હત્યા નિપજાવનાર પુત્રને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

## કામધંધો કરવા માતાએ ઠપકો આપતા માથામાં ધોકો મારી માતાની હત્યા કરી હતી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૪

માતાની હત્યા કરનાર પુત્રને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. રાજકોટ શહેરના જામનગર રોડ પર ઘંટેશ્વર ૨૫ વારીયા ખાતે વર્ષ ૨૦૨૦માં કામધંધો કરવા બાબતે માતાએ ઠપકો આપતા બોલાચાલી અને ઝઘડો થતા પુત્ર પ્રકાશ રાઠોડે માતા શેઠાણીબેનને માથામાં ધોકો મારી હત્યા નિપજાવી હતી. તા.૦૭.૦૬.૨૦૨૦ના રોજ ફરિયાદી અરવિંદ ઉપેન્દ્રભાઈ રાઠોડ પોતાના માતાના ઘરે જતા હતા. આ દરમિયાન રસ્તામાં તેનો ભાઈ આરોપી પ્રકાશ ઉર્ફે ઋતિક ઉપેન્દ્રભાઈ રાઠોડ રિક્ષા લઈ જતો જોવા મળ્યો હતો ત્યારે રીક્ષા ઉભી રાખી પ્રકાશે કહ્યું કે, આપણી માતા શેઠાણીબેન સાથે રાત્રીના ૧૦.૩૦ વાગ્યે કામધંધો કરવા બાબતે બોલાચાલી અને ઝઘડો થયો છે. માતાના રોજના કંકાશથી કંટાળી મેં ઝૂંપડામાં પડેલો લાકડાના ધોકા વડે માતાને માથામાં માર મારતા તે લોહીલુહાણ હાલતમાં પડેલ છે. તારે દવાખાને લઈ જવી હોય તો લઈ જજે તેમ કહી પ્રકાશ જતો રહ્યો હતો. ફરિયાદીએ ઘરે પહોંચતાની સાથે માતાને ૧૦૮માં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવેલા જયાં માતા શેઠાણીબેનને ડોકટરે મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસને જાણ થતા પોલીસે IPC-કલમ ૩૦૨ મુજબ ગુનો નોંધી આરોપી પ્રકાશ ઉર્ફે ઋતિકની ધરપકડ કરી તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કર્યું હતું. આ કેસ ચાલતા સરકારી વકીલે કુલ ૨૪ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખી અને ૧૨ સાક્ષીઓને તપાસ્યા હતા. આરોપીએ પોતાની સગી માતાનુ ખુબ જ બેરહમીથી લાકડાના ધોકા વડે ખૂન કરેલ છે જેને કોઈપણ રીતે સરળતાથી, સહજતાથી કે હળવાશથી લઈ શકાય નહી. આ મુજબની દલીલો ધ્યાને લઈ એડી. ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા આરોપી પ્રકાશ ઉર્ફે ઋતિકને આઈ.પી.સી. કલમ ૩૦૨ મુજબ ગુનામાં આજીવન કેદની સજા તથા દંડ ફટકારેલ છે.

### શાળાઓમાં પુસ્તકોની ફરજિયાત ખરીદીની જેમ ખાનગી હોસ્પિટલમાં દવા ખરીદવા દબાણ કરાય છે

# રાજ્યમાં હવે ખાનગી હોસ્પિટલોના મેડિકલ સ્ટોર્સમાંથી દવા લેવા ફરજ પાડી શકાશે નહીં

## સરકારી તંત્ર એકશનમાં : આવા સ્ટોર્સ પર 'દવા લેવી ફરજિયાત નથી'ના બોર્ડ લગાવવા નિર્દેશ

(સંવાદદાતા દ્વારા ગાંધીનગર, તા.૧૪

જે રીતે ખાનગી શાળાઓ પુસ્તકો વગેરે પોતાના પાસેથી ખરીદવાનો આગ્રહ રાખે છે તેમ હવે મોટાભાગની ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ મેડિકલ સ્ટોર્સમાંથી જ દવા ખરીદવાનું સૂચનાઓ પણ આપતી હોઈ તેને લઈ ફરિયાદો ઉઠતી રહે છે.

દર્દીઓ બ્રાન્ડેડ દવાના બદલે જિનરિક દવા ખરીદવા ઈચ્છતો હોય તો પણ તેને જે-તે હોસ્પિટલમાં આવેલા મેડિકલ સ્ટોરમાંથી દવાની ખરીદી કરવા માટે મજબૂર કરાતો હોય છે. જોકે હવે હોસ્પિટલની અંદર જ ચાલતા મેડિકલ સ્ટોર પરથી દવાની ખરીદી કરવા માટે દર્દીને મજબૂર કરી શકાશે નહીં. રાજ્યમાં જે પણ હોસ્પિટલની અંદર ઈનહાઉસ મેડિકલ સ્ટોર આવેલા છે તેમણે બોર્ડ લગાવવાનું રહેશે કે આ હોસ્પિટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજિયાત નથી.

સરકારના ખોરાક અને ઔષધ નિયમનતંત્રના કમિશનર ડૉ.એચ.જી. કોશિયા જણાવે છે કે તંત્રના ધ્યાન પર આવ્યા મુજબ રાજ્યમાં આવેલી હોસ્પિટલો દ્વારા તેમની હોસ્પિટલ ખાતે સારવાર કરાવવા આવતા દર્દીઓને ઈનહાઉસ મેડિકલ સ્ટોર ખાતેથી જ દવા ખરીદવા ફરજ પાડવામાં આવતી હોય છે, જેથી દર્દીઓ જિનરિક દવાઓ કે અન્ય સસ્તી દવાઓ મેળવી શકતા નથી અને આર્થિક બોજો સહન કરવો પડે છે.

જાહેર જનતાના હિતમાં તંત્ર દ્વારા તમામ હોસ્પિટલોની ઈન હાઉસ મેડિકલ સ્ટોરના સંચાલકોને -"આ હોસ્પિટલના દર્દીઓ માટે અહીંથી દવા ખરીદવી ફરજિયાત નથી " એવા સાઈન બોર્ડ પ્રસિદ્ધ કરવા અંગેની કાર્યવાહી કરવા જણાવી છે, જેથી દર્દીઓ સરળતાથી કોઈપણ મેડિકલ સ્ટોર ખાતેથી દવા ખરીદી શકે.

બજારમાં મળતી બ્રાન્ડેડ દવા જેવું જ કન્ટેન્ટ ધરાવતી જિનરિક દવા પણ મળી રહે છે, જે દર્દીઓને સસ્તામાં મળતી હોય છે, પરંતુ હોસ્પિટલમાં ડોક્ટર દ્વારા લખવામાં આવતી દવા ત્યાંથી ખરીદવાનો આગ્રહ રખાતો હોવાના કારણે દર્દીઓ જિનરિક દવા ખરીદી શકતા ન હતા. આ ઉપરાંત મોટા ભાગનાં શહેરોમાં અનેક મેડિકલ સ્ટોર એવા હોય છે, જ્યાં દર્દીઓને ડિસ્કાઉન્ટ મળતું હોય છે, એ પણ દર્દીઓએ જતું કરવું પડતું હતું. ખાનગી હોસ્પિટલોના આગ્રહને કારણે જતું કરવું પડતું હોય છે. આ બધી ફરિયાદો ઉઠતાં આખરે હવે સરકારી તંત્ર એકશનમાં આવી નિર્દેશો જારી કરવામાં આવ્યા છે. જો કે તેનો અમલ કરાય છે કે કેમ તે યશ પ્રશ્ન છે.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧૫ ડિસેમ્બર-૨૦૨૪ | રૂા. | ૪૯.૦૦ |

# ૧૬ ડિસેમ્બરથી જિલ્લા ફેર બદલીનો સામાન્ય તબક્કો શરૂ કરાશે

## પ્રથમ તબક્કામાં બદલી માટેના ઓર્ડર ઈશ્યુ કરાયા, ૧૬મીએ ખાલી બેઠકો અપલોડ કરાશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૧૪

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોના જિલ્લા ફેર બદલી કેમ્પની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં ઓનલાઈન અરજીની કાર્યવાહી પુર્ણ થયા બાદ જિલ્લા ફેર બદલીના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ઓર્ડર ઈશ્યુ કરાયા બાદ તેમાં સામાન્ય ભુલો હોવાથી તે સુધારીને નવા ઓર્ડર અપલોડ કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કાની કાર્યવાહી પુર્ણ થયા બાદ ૧૬ ડિસેમ્બરથી જિલ્લા ફેરબદલીનો જનરલ કેમ્પ યોજાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જિલ્લા શિક્ષણ સમિતિઓ અને મહાનગર પાલિકા- નગરપાલિકાની શિક્ષણ સમિતિ હસ્તકના શિક્ષકો બદલી અંગેની ઓન-લાઈન અરજી ૨૮ નવેમ્બરથી ૩૦ નવેમ્બર દરમિયાન મંગાવવામાં આવી હતી. ઓનલાઈન અરજીની કાર્યવાહી પુર્ણ થયા બાદ જિલ્લા ફેરબદલી અંગેના ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા હતા. જોકે, ઓર્ડર ઈશ્યુ કરાયા બાદ તેમાં સામાન્ય ભુલો હોવાનું જણાતા સુધારો કરી ફરી ઓર્ડર ઈશ્યુ કરી દેવામાં આવ્યા છે. આમ, જિલ્લા ફેરબદલી કેમ્પના પ્રથમ તબક્કાની કાર્યવાહી પુર્ણ થયા બાદ ઉપલબ્ધ ખાલી જગાઓ માટે સામાન્ય તબક્કા માટેની તારીખ જાહેર કરવામાં આવી છે. જેમાં ૧૬ ડિસેમ્બરના રોજથી સામાન્ય તબક્કાની કાર્યવાહી શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જેમાં ૧૬ ડિસેમ્બરથી ૧૭ ડિસેમ્બર દરમિયાન ખાલી જગ્યાઓની માહિતી ઓનલાઈન પોર્ટલ પર એન્ટર કરવામાં આવશે. ત્યારબાદ ૧૮ ડિસેમ્બરના રોજ ખાલી જગ્યાઓનું વેરિફીકેશન કરવામાં આવશે. ૧૯ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન શિક્ષક દ્વારા જિલ્લા ફેરબદલી કેમ્પ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી કરવામાં આવશે. ૧૯ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન તાલુકા કક્ષાએ અરજીઓની ચકાસણી કરાશે. ૧૯ ડિસેમ્બરથી ૨૩ ડિસેમ્બર દરમિયાન જિલ્લા કક્ષાએ ફોર્મની ચકાસણી કરાશે. ૨૪ ડિસેમ્બરના રોજ રાજ્યકક્ષાએ વેરિફીકેશન તથા શિક્ષક દ્વારા કરેલી અરજીઓની સિનિયોરીટી યાદી પ્રસિદ્ધ કરવાની કામગીરી કરાશે અને ત્યારબાદ ૨૭ ડિસેમ્બરથી ૨૮ ડિસેમ્બર દરમિયાન સિનિયોરીટી યાદીમાં સમાવિષ્ટ શિક્ષકો દ્વારા શાળા પસંદગી કરવાની રહેશે. ૩૧ ડિસેમ્બરના રોજ જિલ્લા ફેરબદલી અંગેના ઓર્ડર ઈશ્યુ કરાશે.


**ગુજરાત ટુડે 'હેલ્થ ટુડે' પૂર્તિ**

આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ માટે 'ગુજરાત ટુડે'ની દર વર્ષે પ્રસિદ્ધ થતી 'હેલ્થ ટુડે' પૂર્તિ

**૨૯ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થશે**

તેમાં તમારી જાહેરખબર મોકલાવી શકો છો. જાહેરખબર અમારા જે-તે વિસ્તારના સીટી ઓફિસ સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી, ખાતે પણ મોકલી શકો છો.

વ્યવસ્થાપક

જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, 33/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in



**જન્મદિન મુબારક**



બહેરામપુરા વોર્ડના કોંગ્રેસના મ્યુ.કાઉન્સિલર જનાબ તસ્નીમઆલમ બાવાસાહેબ તિરમીઝીને તેમના જન્મદિનની મુબારકબાદી પાઠવીએ છીએ.

શુભેચ્છક

રંગરેજ મુસ્તાકભાઈ (બિલ્ડર) | રંગરેજ શાહબાઝ (S.R.)
રંગરેજ ઈમ્તિયાઝભાઈ (બિલ્ડર) | રંગરેજ અનીક

એમ.આઈ. બિલ્ડર્સ પરિવાર તથા મિત્રો
શાહેઆલમ, અહેમદઆબાદ.



**જન્મદિન મુબારક**

બહેરામપુરા વોર્ડના કોંગ્રેસના મ્યુ.કાઉન્સિલર જનાબ તસ્નીમઆલમ બાવાસાહેબ તિરમીઝીને તેમના જન્મદિનની મુબારકબાદી પાઠવીએ છીએ.



જનાબ તસ્નીમઆલમ બાવાસાહેબ તિરમીઝી (મ્યુ.કાઉન્સિલર)

મોઈઝુદ્દીન બી. ચિશ્તી (ઈરફાન બાવા)
અબ્દુલ રઝાક (રાજુ બાગબાન)
સમીરઅહમદ શેખ

ફોરચુયન બીલ્ડકોન




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

રવિવાર મેઘધનુષ
ગુજરાત ટુડે
તા.૧૫-૧૨-૨૦૨૪

# સોશિયલ મીડિયા વીડિયો માટે વીડિયો એડિટરની ધૂમ ડિમાન્ડ

## જાણો કેવી રીતે બની શકે કારકિર્દી અને કરી શકાય કમાણી



**● વીડિયો એડિટરની કેમ ધૂમ ડિમાન્ડ છે**

લોકો હવે ટીવી તરફથી કંટાળ્યા છે અને હવે મોટાભાગે મોબાઈલ ફોન જોવામાં જ પોતાનો સમય કાઢે છે. ક્યારેય નવરાશની પળ મળે તો લોકો મોબાઈલની સ્ક્રીન જોવા લાગતા હોય છે. તેમાં મળતું કોન્ટેન્ટ ટીવી કરતા તદ્દન અલગ, મનોરંજક અને માહિતીપ્રદ હોય છે. વળી ટીવીના ભલભલા એક્ટરને સારી કક્ષાના કોન્ટેન્ટ ક્રિએટર્સ સ્પર્ધા પૂરી પાડે છે. તેઓ સેલિબ્રિટી જેવું સ્ટેટસ ભોગવતા હોય છે. તેઓના વીડિયો એટલા સરસ રીતે વીડિયોગ્રાફી કરેલા હોય છે અને ત્યારબાદ એડિટ કરેલા હોય છે કે લોકોને તે જોવા ખૂબ જ ગમે છે. આથી સારા કોન્ટેન્ટ ક્રિએટરની સફળતાની પાછળ ઉત્તમ વીડિયોગ્રાફર અને વીડિયો એડિટરનો ફાળો હોય છે. વીડિયો એડિટિંગમાં કારકિર્દી એ એક એવી કામગીરી છે કે જેમાં રેકોર્ડ કરેલી વીડિયો અને ઓડિયો સામગ્રીને ભેગી કરીને તેના ફૂટેજ આકર્ષક અને મનોરંજક ફોર્મેટમાં કાપકૂપ કરવા માટે તકનીકી અને સર્જનાત્મક કૌશલ્યોનો ઉપયોગ કરવાનો રહે છે. મોટાભાગના નિષ્ણાતો કે જેઓ વીડિયો એડિટિંગમાં કામ કરે છે તેઓ સામાન્ય રીતે કોન્ટેન્ટ ક્રિએટર્સ કે બ્રાંડનો સંદેશ તેના પ્રેક્ષકો સુધી પહોંચાડવા માટે ગુણવત્તાયુક્ત વીડિયો, ફોટોઝ, ક્લિપ્સ અને એંગલ શોધે છે. આ કારકિર્દીમાં ઑડિયો અને વિઝ્યુઅલ ક્લિપ્સને એકસાથે સરસ રીતે મૂકીને એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે જે દર્શકોને વિવિધ વિષયો, જેમ કે ઉદ્યોગો, પ્રોડક્ટસની ટૂલ્સનો ઉપયોગ કરવાનું મજબૂત જ્ઞાન અને અનુભવ હોવો જરૂરી હોય છે. કોન્ટેન્ટ ક્રિએટર્સના વીડિયો મોટાભાગે શોર્ટ હોય છે. રીલ કે પાંચ મિનિટના વીડિયોના માધ્યમવાળા હોય છે. પોડકાસ્ટ બનાવેલું હોય તો તે એક કલાક કે તેનાથી વધારે હોય છે. જો તમારે શરૂઆત કરવી હોય તો વીડિયો એડિટિંગના બેસ્ટ સોફ્ટવેરમાં Adobe Premiere Pro, Filmora જેવા સોફ્ટવેરનો સમાવેશ થાય છે. જો મોબાઈલ સોફ્વેરની વાત કરીએ તો Canva, VN, In Shot, Filmora, Blink વગેરે જેવી એપ્લીકેશન ધૂમ મચાવે છે. તેના ઉપર તમે શીખી શકો છો. આના માટે ખાનગી સંસ્થાઓ દ્વારા ક્લાસ ચલાવવામાં આવે છે. પરંતુ જો તમારે જાતે શીખવું હોય તો કોઈ નીવડેલા એડિટર સાથે તાલીમ લઈને કે પોતાની જાતે જ વીડિયો ઉતારીને પ્રેક્ટીસ કરીને અનુભવના આધારે શીખી શકાય છે.

**● કમાણીની તક કેવી છે ?**

કોઈ કોન્ટેન્ટ ક્રિએટર્સ સાથે જોડાઈને તેની સાથે કામ કરી શકાય છે. તમે વીડિયો એડિટિંગ શીખ્યા બાદ જોબ, ફીલાન્સીંગ કરી શકો છો. તમારો પોતાનો પણ એક વ્યવસાય શરૂ કરી શકો છો. કોન્ટેન્ટ ક્રિએટર્સ શરૂઆતમાં પોતાની જાતે જ એડિટિંગ કરતા હોય છે પરંતુ જ્યારે તેમનું કામ વધી જાય છે ત્યારે તેઓ વીડિયો એડિટર્સની સેવાઓ લેતા હોય છે. તેઓ એક વીડિયો બનાવવાના રૂા.૫૦૦થી લઈને રૂા.૫૦૦૦ સુધી આપે છે. આ ઉપરાંત વીડિયોની

**વીડિયો એડિટિંગ શીખ્યા બાદ જોબ, ફ્રિલાન્સીંગ કરી શકો છો. તમારો પોતાનો પણ એક વ્યવસાય શરૂ કરી શકો છો. કોન્ટેન્ટ ક્રિએટર્સ શરૂઆતમાં પોતાની જાતે જ એડિટિંગ કરતા હોય છે પરંતુ જ્યારે તેમનું કામ વધી જાય છે ત્યારે તેઓ વીડિયો એડિટર્સની સેવાઓ લેતા હોય છે. તેઓ એક વીડિયો બનાવવાના રૂા.૫૦૦થી લઇને રૂા.૫૦૦૦ સુધી આપે છે. આ ઉપરાંત વીડિયોની લંબાઇ, તેના કામ અને ક્વોલિટી મુજબ અલગ-અલગ રેટ હોય છે. જો તમે વિદ્યાર્થી હોવ અથવા કોઇ જોબ કરતા હોવ તો આ શીખીને પાર્ટટાઇમ કમાણી કરી શકો છો. કોન્ટેન્ટ ક્રિએટર્સને પણ બ્રાન્ડ પ્રમોશનના માધ્યમથી નાણાં મળતા હોય છે. તેથી તેઓને સારા વીડિયો બનાવીને એડિટ કરવા માટે પૈસા ખર્ચવાનો કોઇ છોછ હોતો નથી. વળી ઘણા કોન્ટેન્ટ ક્રિએટર્સ કે બ્રાન્ડ બલ્કમાં કામ આપતા હોય છે.**

### હેલ્લો સ્ટુડન્ટ્સ

**- સાહેબ સોની**

કેમ છો મિત્રો, આપણે ગયા લેખાંકોમાં સોશિયલ મીડિયા થકી કેવી રીતે અઢળક કમાણી અને સેલિબ્રિટી જેવી પ્રતિષ્ઠા કમાઈ શકાય તેની ચર્ચા કરી હતી. હવે આપણે આ અંકમાં સોશિયલ મીડિયા સાથે ખૂબ જ સઘન રીતે સંકળાયેલી એવી વીડિયો એડિટીંગની કારકિર્દી વિશે ચર્ચા કરીશું. આમ તો પહેલા ચર્ચા વીડિયોગ્રાફીની કરવી જોઈએ પરંતુ તે આપણે આગલા લેખાંકમાં કરીશું. હાલમાં આપણે વીડિયો એડિટીંગની કારકિર્દી વિશે જણાવીશું. તેની સૌથી મહત્ત્વની વાત એ છે કે તમે પુરુષ હોવ કે સ્ત્રી, નાની વયે, ઓછા અભ્યાસમાં, પાર્ટટાઈમ કે ફુલટાઈમ એમ તમામ પ્રકારના વિકલ્પો ઉપલબ્ધ છે. વળી સોશિયલ મીડિયા અને પોડકાસ્ટના જમાનામાં વીડિયો એડિટરની ધૂમ ડિમાન્ડ છે. સારી ક્વોલિટીનું એડિટિંગ કરનાર વીડિયો એડિટર્સ મોં માગ્યા પૈસા માગતા હોય છે. આ સાથે સાથે આ ક્ષેત્રમાં આવતા પહેલા તમારે અભ્યાસ ક્યાં કરી શકાય તેની પણ જાણકારી આપવામાં આવશે. તો ચાલો મિત્રો ચર્ચા કરીશું વીડિયો એડિટિંગના ક્ષેત્રની.

**● વીડિયો એડિટિંગ એટલે શું ?**

આમ તો નામ જ કાફી છે કે વીડિયોને એડિટ કરવા એટલે વીડિયો એડિટિંગ કહવાય છે. કોઈપણ વીડિયો ઉતાર્યો હોય તો પછી તેને યોગ્ય રીતે જોવાલાયક બનાવવા માટે અને લોકોને જોઈને આનંદ આવે તેવી રીતે તૈયાર કરવાની બાબત વીડિયો એડિટિંગમાં આવે છે. પહેલા આ વિષય સુપર સ્પેશિયાલિટી જેવો હતો અને હજુ પણ છે. પરંતુ હવે જેમ જેમ સરળ સોફ્ટવેર અને મોબાઈલ એપ્લીકેશનો આવી રહી છે તેમ તેમ હવે નવા નિશાળિયાઓ પણ જો રસ હોય તો તરત જ વીડિયો એડિટિંગ શીખી શકે છે પરંતુ એટલું પણ સરળ નથી. જો તમારે વ્યવસ્થિત વીડિયો એડિટિંગ કરવું હોય તો તમારે તેની તાલીમ લેવી જરૂરી બને છે. માત્ર તાલીમ જ નહિ પરંતુ મહાવરો અને અનુભવ પણ જરૂરી છે ત્યારબાદ સારી એવી કારકિર્દી બનાવી શકાય છે. જો તમને વીડિયોના માધ્મમથી નયનરમ્ય દશ્યો સાથે મનમોહક વાર્તા કહેવા માટે કાચા વીડિયો ફૂટેજને એડિટીંગ કરવામાં આનંદ આવતો હોય તો વીડિયો એડિટિંગની કારકિર્દીને અનુસરવાનું વિચારી શકાય છે. આ વ્યાવસાયિકો કેમેરા ઓપરેટરો દ્વારા ફિલ્માવવામાં આવેલા રેકોર્ડિંગની નજીકથી સમીક્ષા કરે છે અને નિર્દેશક અથવા ક્લાયન્ટ દ્વારા નક્કી કર્યા મુજબ કાચા વીડિયોને વીડિયોને એડિટ કરે છે. વીડિયો એડિટિંગમાં એવા ઘણા ક્ષેત્રો છે જેમાં તમે કામ કરી શકો છો જે તમને આકર્ષક વીડિયોઝ બનાવવા દે છે જે દર્શકોને શિક્ષિત કરે છે અથવા મનોરંજન કરે છે. હવે તો એટલા એડવાન્સ સોફ્ટવેર આવ્યા છે કે, ઘડીકની વારમાં એક કલાકનો વીડિયો એડિટ કરી શકાય છે. થોડી તાલીમ મેળવીને ત્યારબાદ અનુભવના આધારે આગળ વધી શકાય છે. જો તમારી પાસે લેપટોપ કે ડેસ્કટોપ ના હોય તો મોબાઈલની એપ્લીકેશનમાં પણ વીડિયો એડિટિંગ કરી શકાય છે. ત્યારબાદ કોઈ કોન્ટેન્ટ ક્રિએટર સાથે જોડાઈને તેનું કામ કરીને કમાણી કરી શકાય છે.

જાહેરાતો અથવા સમાચાર અપડેટ્સ વિશેની જાણકારી વીડિયોના માધ્યમથી આપે છે. કેટલાક વીડિયો એડિટર મનોરંજન ઉદ્યોગમાં પણ કામ કરે છે, શોર્ટ ફિલ્મો, સિનેમેટિક પ્રોડક્શન્સ અથવા વેબિ એપિસોડ્સ માટે મનોરંજક વીડિયો બનાવે છે. વીડિયો એડિટર સ્ક્રીન પર મૂલ્યવાન વાર્તા કહેતા શોટ્સ અને ક્લિપ્સ શોધવા માટે કાચા ફૂટેજ એટલે કે રો ફુટેજની સમીક્ષા કરે છે અને તેની તપાસ કરે છે. તેઓ બિનઉપયોગી ફૂટેજને દૂર કરે છે અને યોગ્ય ફુટેજને આકર્ષક યોગ્ય ક્રમમાં ગોઠવે છે. આમાંના ઘણા વ્યાવસાયિકો ફૂટેજ, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, સંવાદ અને ધ્વનિને એસેમ્બલ કરવા માટે વીડિયો એડિટિંગના ઉત્તમ સાધનોનો ઉપયોગ કરે છે જે ક્લાયન્ટ, કંપની અથવા ડિરેક્ટરની અપેક્ષાઓ અને પ્રોજેક્ટ માટેના દૃષ્ટિકોણને પૂર્ણ કરે છે. એડિટિંગ કર્યા પછી, વીડિયો એડિટર કોન્ટેન્ટ ક્રિએટર્સને અંતિમ મંજૂરી માટે રજૂ કરે છે અને તેમના રિસ્પોન્સ અનુસાર ફેરફારો લાગુ કરી શકે છે. દશ્યના મહત્વને સુધારવા માટે સંવાદ, સંગીત, સાઉન્ડ ઈફેક્ટ અને ગ્રાફિક્સ ઉમેરવા, અંતિમ વીડિયો તૈયાર કરીને યોગ્ય સમયમર્યાદા સુધીમાં ડિરેક્ટર્સ અથવા ક્લાયન્ટ્સ સમક્ષ રજૂ કરવાની બાબતોનો સમાવેશ થાય છે.

**● વીડિયો એડિટિંગ કેવી રીતે શીખી શકાય ?**

ઘણા વીડિયો એડિટર્સ પાસે વિવિધ વીડિયો એડિટિંગ સોફ્ટવેર

લંબાઈ, તેના કામ અને ક્વોલિટી મુજબ અલગ-અલગ રેટ હોય છે. જો તમે વિદ્યાર્થી હોવ અથવા કોઈ જોબ કરતા હોવ તો આ શીખીને પાર્ટ ટાઈમ કમાણી કરી શકો છો. કોન્ટેન્ટ ક્રિએટર્સને પણ બ્રાન્ડ પ્રમોશનના માધ્યમથી નાણાં મળતા હોય છે. તેથી તેઓને સારા વીડિયો બનાવીને એડિટ કરવા માટે પૈસા ખર્ચવાનો કોઈ છોછ હોતો નથી. વળી ઘણા કોન્ટેટન્ટ ક્રિએટર્સ કે બ્રાન્ડ બલ્કમાં કામ આપતા હોય છે. આથી તે પ્રમાણે કામ લઈ શકાય છે. તમે પોતે પણ બીજા વીડિયો એડિટર્સને હાયર કરીને કંપની બનાવીને મોટા પાયે વીડિયો એડિટરનું કામ લઈ શકો છો. આ બિઝનેસમાં પણ ઉત્તમ તક છે. કોન્ટેન્ટ ક્રિએટર્સ, ડિજીટલ માર્કેટીંગ કંપની, સોશિલય મીડિયા મેનેજર, ઈન્ફલુઅન્સર માર્કેટીંગ કંપની વગેરે પાસેથી ઢગલાબંધ કામ મળી રહે છે. આથી વીડિયો એડિટરનું કામ ક્યારેય પુરું થવાનું જ નથી. આથી તમે પણ આ ક્ષેત્રમાં ઝંપલાવી શકો છો અને અઢળક કમાણી કરી શકો છો. ઓલ ધ બેસ્ટ.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# આમ લાગે કેટલો હેતાળ છે, ભીતરેથી એટલો રેતાળ છે !



### દસ્તક



**હર્ષદ પંડ્યા**

આજનો પ્રત્યેક માણસ ઊગતા સંબંધનો સાધક મટી, આથમતા સંબંધનો વિષાદપુરૂષ થઈને જીવે છે. કોઈને પ્રેમની તરસ છે, કોઈને માનની તરસ છે. કોઈને તનની તરસ છે તો કોઈને ધનની તરસ છે. ભાગ્યે જ કોઈક હશે જેને કેવળ મનની તરસ હોય. મનની તરસ લઈને જીવનારો માણસ તો કોઈકનાં બે ચાર આંસુ જુએ તો પણ પોતે અંદરથી ને અંદરથી ભીંજાઈ જાય ! દરેકને આજે રસ્તામાં મળતા કોઈપણ માણસના સ્મિતની તરસ છે. 'દુનિયામાં મારૂં કોઈક તો છે !' એવું એક આશ્વાસન આજનો માણસ શોધી રહ્યો છે.

લાંબી મુસાફરીએ આપણે નીકળીએ છીએ ત્યારે તરસ હોય કે ન હોય, પણ જ્યાં પાણી ભાળીએ ત્યાં ઓવરડોઝ થાય એટલું પી લઈએ છીએ, આગળ જતાં પછી મળ્યું કે ના મળ્યું એમ વિચારીને - બસ, એ જ રીતે આપણે જિંદગીની મુસાફરીમાં નીકળ્યા છીએ ત્યારે પણ કોઈ વ્યક્તિના પ્રેમની, લાગણીની કે સંબંધ કે મૈત્રીની તરસ હોય કે ના હોય, તો પણ આપણે, સામેનું પાત્ર નદી છે, સરોવર છે, તળાવ છે, કૂવો છે કે બંધિયાર ખાબોચિયું છે એ જોયા, જાણ્યા, સમજ્યા વિના જ ગટગટાવવાની ઉતાળવામાં પડી જઈએ છીએ, એમ વિચારીને કે પછી ઉંમર વહી જશે અને પ્રેમ કે મૈત્રીની તરસ નહીં છીપાય તો ? ખરેખર આપણા સિવાય આપણને છેતરવાની કોઈનામાં તાકાત નથી. આવી ઉતાવળ કરીને આપણે જ આપણને છેતરતા રહીએ છીએ.

નદીના લહેરાતા જળમાં આપણું પ્રતિબિંબ જોઈને આપણે એટલા બધા ખુશ થઈ જઈએ છીએ કે ઘેર આવીને અરીસાને ફોડી નાખીએ છીએ. આપણે એટલુંય નથી વિચારતા કે નદીનું લહેરાતું જળ ઉનાળાની આકરી ગરમીમાં સુકાઈ જાય છે ત્યારે ઘરનો અરીસો જ આપણું પ્રતિબિંબ જોવાના કામમાં આવે છે ! બસ, સંબંધોના સુવર્ણયુગ પાછળ દોડતો આજનો માણસ જો આટલું જ સમજી જાય તો સંબંધ પ્રાણવાયુ બની જાય. પણ આજે તો સંબંધ પ્રાણઘાતક બની ગયો છે. સંબંધ કયારેય ઘાતક ન હોઈ શકે. એ કયારેય પાતક ન બની શકે.

જૂની પેઢી તરફથી નવી પેઢીને આજે નિરાશ અને હતાશાં સિવાય, વારસામાં બીજું કાંઈ મળતું નથી. ઘણા માણસો એવા છે જેમને નથી ટોળામાં ફાવતું કે નથી એકલા ફાવતું... પોતાના જેવા બે ચાર મિત્રો કે પ્રિયજનોને શોધવામાં ને શોધવામાં જિંદગીનો મોટાભાગનો સમય વેડફી નાખે છે અને એ પછી જે પાત્ર મળે છે એને સહન કરવામાં બાકીની જિંદગી પૂરી કરતા રહે છે. જિદંગીનો આનંદ જીવવામાં છે, પૂરી કરવાના ઉત્પાત કે ઉન્માનદમાં નથી.

સંબંધોની મૂડી સમજીને આપણે બંધ મુઠ્ઠીમાં સ્પર્શોના સળવળાટને ક્યાં સુધી સાચવ્યા કરીશું ? ક્યાં સુધી સાચા આંસુના મૂલ ખોટા અને ખોખલા સંબંધો પાછળ વેડફ્યા કરીશું ? જેમ વેદનાના ડામ વગર ગઝલ નથી લખાતી, એમ બેવફાઈની થપ્પડ વગર સાચા પ્રેમ કે સાચા સંબંધનું મૂલ્ય નથી અંકાતું. સૂરજ ઊગવાની આશાએ આપણે જિંદગીની સાંજને પણ શણગારતા રહીએ છીએ. અંધોના નગરમાં અરીસા વેચવાનો કે સાપના દર જેવા કાન લઈને ફરનારાઓના ટોળામાં લાગણીઓના ગીત ગાવાનો કોઈ અર્થ નથી. કોઈ આપણને ચાહે કે ન ચાહે આપણે તો 'કોઈક'ને જીવનપર્યંત ચાહતા રહેવું, જિંદગીને જિંદગીરૂપ જીવવી હોય, તો !

આજે તો વસ્તુની જેમ સંબંધની પણ આપ-લે થતી હોય છે. સંબંધમાં પણ દામ બોલાય છે. અરે, દામ બોલાય ત્યાં સુધી તો વાંધો નહીં, પણ એની જ્યારે બોલી બોલાય છે ત્યારે તો જાણે કોઈ રૂંવાડે રૂંવાડે ઉતરડી નાખતું હોય એટલી વેદના થવા માંડે છે.

સંબંધ બાંધવો સહેલો છે. જાળવવો મુશ્કેલ છે. આખા ઘરને સુવાસિત કરવા માટે અગરબત્તી બળે છે એમ આખાયે જીવનને સંબંધની સુગંધથી સુવાસિત કરવું હોય તો આપણે છેક લગી બળવું પડે છે. ક્યારેક આંસુઓના વરસાદમાં બળવું પડે તો ક્યારેક એકલતાની ભીડમાં... ક્યારેક ટોળાના એકાંતમાં તો ક્યારેક 'કહેવાતા' પ્રિયજનના સહવાસમાં... કોઈને કોઈ રૂપે બળવું તો પડે જ !

ટી.એસ. એલિયટ નામના કવિએ કહ્યું છે કે માણસનો આખરી મુકામ એનું ગામ હોય છે. એલિયટની વાત સાચી છે. ફાઈવસ્ટાર હોટેલમાં આપણે આખી જિંદગી નથી જીવી શકતા. આખી જિંદગી માત્ર મિષ્ટાન પર જ રહેવાનું હોય તો અબખે પડે છે. મોં ભાંગી જાય છે. પણ દાલરોટી આખી જિંદગી ખાઈશું તોય મોં નહીં ભાંગે... કે રોજની ખીચડી અખબે નહીં પડે ! ગામડાનો પ્રેમ જ કંઈક જુદો છે. ઘરનો સંબંધ એવો સૂરજ છે જે એકવાર ઊગ્યા પછી કયારેય આથમતો નથી. અન્ય ફાલતુ સંબંધોના સૂરજોને ઊગતાં ય વાર નહીં, ને આથમતાંય વાર નહીં !

પ્રત્યેક માણસ બીજા માણસ માટે પ્રેમની પરબ બની જવો જોઈએ. બીજાના દુઃખે દુઃખી ન થવાય તો વાંધો નહીં, પણ બીજાના સુખે સાચા સુખી થતાં આવડે તોય સંબંધનું પરોઢ ઊગ્યું એમ કહી શકાય. કેટલાક તો અહમના ઓટલે જ સંબંધોની ધૂણી કરતા રહે છે. બહારથી આપણે કેવા ભર્યાભર્યા લાગીએ છીએ, પણ અંદરથી તો સાવ ખાલી અને હવડ વાવ જેવા છીએ. વાવમાં તો કોઈક પંખી માળો બાંધીને રહેતુંય હોય, આપણે તો એમાંથીય બાકાત...! બહારથી આપણે હુંફાળી સવાર જેવા છીએ, પણ ભીતરથી તો બળબળતો ઉનાળો... કદાચ, એટલે જ 'શબ્દપ્રીત' માણસનો પરિચય આ રીતે આપે છે કે :

**"આમ લાગે કેટલો હેતાળ છે,**
**ભીતરેથી એટલો રેતાળ છે !"**

**:::: ટહુકો ::::**

**યે સારા જિસ્મ ઝુક કર બોઝ સે દુહરા હુઆ હોગા**
**મૈં સજદે મેં નહીં થા, આપકો ધોખા હુઆ હોગા**
**યહાં તક આતે આતે સુખ જાતી હૈ કઈ નદિયાં**
**મુઝે માલૂમ હૈ પાની કહાં ઠહરા હુઆ હોગા**

**- દુષ્યંત કુમાર**

# અકેલે હૈં તો કયા ગમ હૈ...

એક જમાનામાં દીકરીને દૂધપીતી કરવામાં આવતી હતી કે જન્મે તો તેને 'પારકી થાપણ' ગણીને ઉછેરવામાં આવતી હતી કે સાસરે જાય તો તેને મરવા સુધી ધકેલાતી હતી, એ સ્થિતિમાં હવે થોડો સુધાર થયો છે. દીકરા વગર કોઈ પિંડદાન કે અગ્નિદાહ નહીં દે, એટલે કુટુંબમાં દીકરાનું મહત્ત્વ વધારે હતું, પણ હવે દીકરીનો મહિમા પણ થવા લાગ્યો છે ને કેટલાંય કુટુંબો એક માત્ર દીકરી હોય તો પણ દીકરાની ખેવના રાખતાં નથી ને દીકરીને પૂરી કાળજીથી ઉછેરે છે. માબાપે જોયું હોય છે કે કોઈક કારણસર દીકરો તેમને મરવાને વાંકે છોડીને ચાલ્યો જાય છે ને એવે વખતે પરિણીત દીકરી સાસરું સાચવે છે ને તરછોડાયેલાં માબાપની કાળજી ને ચિંતા પણ કરે છે, એટલે દીકરીનો સ્વીકાર કુટુંબમાં હવે સહજ બનતો આવે છે તે ખરું.

કુટુંબમાં દીકરીનો ઉછેર તો સહજ બનતો આવે જ છે, છતાં માબાપની ચિંતા ઘટતી નથી. તે એટલે કે નાની દીકરીથી લઈને પરિણીત દીકરી સુધી તે કેટલી સુરક્ષિત રહેશે એ વાતે માબાપ ચિંતિત રહે છે. સાત આઠ વર્ષની દીકરીને તેના મામા કે કાકા કે ભાઈ કે અન્ય સંબંધી પીંખી નાખે છે. નજીકના જ માણસો સામે દીકરી ઓછી સુરક્ષિત છે, એવા સમાચારો માબાપની ચિંતા વધારે છે. બિલાસપુરમાં એક ૧૪



## સ્ત્રી સશક્તીકરણ

- રવીન્દ્ર પારેખ

વર્ષની સ્કૂલમાં ભણતી દીકરી ગળે ફાંસો ખાઈ લે છે, તો સવાલ થાય કે હસવા-રમવાની ઉંમરે દીકરી પર એવું તે શું વીત્યું હશે કે તેણે જીવવાને બદલે લટકી જવાનું પસંદ કર્યું? એવા તો એટલા બધા બનાવો બને છે કે દીકરીની સલામતીની ચિંતાએ કુટુંબ અડધું થઈ જાય. છેડતી, દુષ્કર્મ, સામૂહિક દુષ્કર્મ, હત્યા, આત્મહત્યાની એટલી ઘટનાઓ બને છે કે કુટુંબની ઊંઘ હરામ થઈ જાય. સરકાર તો યોજનાઓ દ્વારા દીકરીનો મહિમા કરે જ છે ને સ્ત્રીઓને લગતા કાયદા પણ ઘણા છે, છતાં સ્ત્રીઓને લગતા અપરાધો ઘટતા નથી એ શરમજનક છે.

આ પછી પણ દીકરી પરણીને સાસરે જાય તો બધે જ તેનો સ્વીકાર થાય એવું નથી. ક્યાંક દહેજને મામલે તો ક્યાંક કામકાજને મામલે તેનું શોષણ થતું રહે છે. આ બધું ઘરમાં ઉછરતી દીકરી જોતી હોય છે. તે જેમ જેમ મોટી થાય છે તેમ તેમ જોતી જાય છે કે ઘરનાં જ માણસો ઘરમાં આવેલી ભાભી કે કાકી સાથે કેવો વ્યવહાર કરે છે? તે જુએ છે કે ઘરમાં આવેલી વહુ પણ સાસુ કે નણંદ સાથે કેવી રીતે વર્તે છે? આ બધી વાતોથી તે ખિન્ન થતી રહે છે, ઉદાસ થતી રહે છે, પીડાતી રહે છે. તેને એટલું સમજાય છે કે પરણવું, મરણવું જ છે. તેને લગ્નથી નફરત થઈ જાય એ હદે દુર્દશા દેખાય છે ને એને લીધે જ કદાચ તે મનોમન ગાંઠ વાળે છે કે લગ્ન ન કરવાં ને એકલાં જ રહેવું. તેની પાસે સારાં ઉદાહરણો હોય તો પણ, તેનું પ્રમાણ એટલું ઓછું હોય છે કે મોટે ભાગે તો તે ન પરણવાનું જ મન બનાવી ચૂકી હોય છે. એ જ કારણ છે કે આજકાલ છોકરીઓ પરણતી નથી અથવા તો મોટી ઉંમરે પરણે છે, તે પણ આર્થિક રીતે પગભર હોય ત્યારે જ ! આજની દીકરીઓ માટે એકલાં રહેવાનું સરળ નથી. તેણે ઉત્તમ શિક્ષણ, ઉત્તમ નોકરી ને સારો પગાર કેવી રીતે મળે તેનું આયોજન કરવું પડે છે. તે બરાબર જાણે છે કે આર્થિક રીતે પગભર ન થાય ત્યાં સુધી એકલાં રહેવાનું શક્ય નથી. દીકરીનું આમ રહેવું પણ ઘણાં માબાપોને મંજૂર હોતું નથી. તેમનો સીધો હેતુ દીકરીનો સંસાર વસે એવો હોય છે ને દીકરીને તે માન્ય હોતું નથી. એમાં જો વાત ઝઘડા સુધી પહોંચી, તો દીકરી ત્યાંથી પણ ખસે છે ને માબાપથી અલગ રહેવા લાગે છે. આ મોકળાશ તેને માફક પણ આવે છે, કારણ પછી કોઈ તેને પૂછનાર હોતું નથી કે નથી તેણે કોઈને જવાબ આપવાનો રહેતો. આ સ્થિતિ પણ ઓછી જોખમી નથી, પણ સાહસ થતું રહે છે.

જોકે, સમાજને તો એ પણ મંજૂર હોતું નથી. સમાજ એ રીતે જ જોવા ટેવાયેલો છે કે સ્ત્રી તો પિતા, પતિ કે પુત્રની સાથે જ ઓળખાય. તેને સ્વતંત્ર ઓળખ હોય એવું સાધારણ રીતે સ્વીકારાતું નથી. સ્ત્રીને એકલાં રહેવા અંગેની કોઈ ફરિયાદ નથી હોતી, તો પણ સમાજ એવું માને છે કે તેનું પિતા, પતિ કે પુત્ર વગર ભવિષ્ય નથી. સ્ત્રી એકલી તો જ હોય જો તે નકારાયેલી હોય. તે ન પરણે તો તેનામાં જ કોઈ ખામી હશે એટલે તેને કોઈ પરણતું નથી અથવા તો તે કોઈને પરણતી નથી. આ રીતે પુરુષ એકલો રહેતો હોય તો તેને માટે સમાજને એટલા સવાલો નથી, જેટલા એકલી રહેતી સ્ત્રી માટે છે. એવું નથી કે સ્ત્રી લગ્ન ન કરીને એકલી રહેતી હોય, તે પરણી હોય ને છૂટાછેડા સુધી વાત આવે ને એકલાં રહેવાનું આવે, તો પણ તેની સામે આંગળી તો ચીંધાતી જ રહે છે.

એકલી મહિલા એવું તે કેવુંક જોખમ ઊભું કરે છે કે તેને મહેણાંટોણાં મારીને, આડુંતેડું સંભળાવીને તે કૈં ખોટું કરી રહી છે એવું સિદ્ધ કરવાની કોશિશ સમાજે કરવી પડે? એક બાબત બહુ સ્પષ્ટ છે કે દરેકને તેની જિંદગી પોતાની રીતે જીવવાનો અધિકાર છે. તેના એકલાં રહેવાથી કોઈને કોઈ નુકસાન ન થતું હોય તો સ્ત્રી હોય કે પુરુષ, તે તેનો અંગત નિર્ણય છે ને તેને તે મુજબ રહેવાની છૂટ હોવી જ જોઈએ. ધારો કે, સ્ત્રી પરણે છે તો તેને શાંતિથી જીવવાની કેટલી તકો છે? એમાં પણ જીવવું મુશ્કેલ બનતું હોય તો તે એકલી રહે તેમાં શું ખોટું છે ને સમય જતાં તેને લાગે કે એકલાં રહેવાનો તેનો નિર્ણય યોગ્ય નથી, તો તે પરણી પણ શકે છે, પણ આ બધું તેના વિચાર પર નિર્ભર હોવું જોઈએ. તેમાં કોઈની દખલ ન હોવી જોઈએ. પણ સમાજ બહુ સાંખતો નથી. તેને એ ખબર હોય છે કે એકલી રહીને પણ સ્ત્રીએ ઘણું હાંસલ કર્યું છે, આખી કંપનીઓ તે ચલાવી શકે એટલી સક્ષમ છે, પણ જે જે તેની વિશેષતાઓ છે, તેને જ તેની મર્યાદામાં કેમ ખપાવી શકાય તેની વેતરણમાં સંબંધીઓ ને અન્ય લોકો હોય છે.

સ્ત્રી લગ્ન વગર કે છૂટાછેડાથી અલગ રહે, તો તેની મનઃસ્થિતિ સમાજે સમજવાની જરૂર છે. છૂટાછેડા સ્ત્રીના થાય કે પુરુષના, તે સહેલું નથી. તેને સહાનુભૂતિની જરૂર હોય ત્યાં, તેની નિંદા કરવાનું યોગ્ય નથી. કોઈ મનોસંઘર્ષમાંથી પસાર થતું હોય, ક્યાંક પીડા છૂપાયેલી હોય, ત્યાં તેના ન્યાયાધીશ થવું યોગ્ય નથી. કોઈની પણ આટલી દખલ અપેક્ષિત જ નથી. થઈ શકે તો એકલી વ્યક્તિની પીડામાં ભાગીદાર થવાનું રહે, તે પણ અપેક્ષિત હોય તો, બાકી કોઈની અંગત જિંદગી આપણી માલિકીની નથી કે તેના પર હક થઈ શકે. કોઈ પણ સ્ત્રી કે પુરુષ તેની રીતે સ્વતંત્ર હોય છતાં, એકબીજાના પૂરક છે. કોઈ એ રીતે પૂરક બનવા ઉત્સુક ન પણ હોય, તો તે પિતા, પુત્ર કે માતા, દીકરી બને તો જ તેની જિંદગી સાર્થક છે એવું નથી. એવું થાય તો તેનો વાંધો નથી, પણ કેટલાક કિસ્સામાં એવું ન થાય તો એકલી સ્ત્રી કે એકલો પુરુષ પણ આ દુનિયામાં જીવવાને પાત્ર છે જ ! સમાજની વ્યવસ્થાઓ જેમ કોઈને અનુકૂળ આવે છે, એમ જ કોઈને તે માફક નથી પણ આવતી ને તે એકલાં રહેવાનો નિર્ણય કરે તો તેથી કોઈ ગુનો બનતો નથી. 'બેકલાં' રહેવામાં આનંદ હોય એવો જ આનંદ એકલાં રહેવામાં પણ હોઈ શકે છે એ જ કહેવાનું છે. અહીં વૈવાહિક જીવનની નિંદાનો ઉપક્રમ નથી, એ જ રીતે એકલ જિંદગીના બચાવનો પણ કોઈ હેતુ નથી. હેતુ એટલો જ છે કે કોઈ પોતાની રીતે જીવવા માંગે ને તે અંગેની તેની પ્રતીતિ હોય તો તેને તેમ કરવાનું સરળ હોવું જોઈએ. અસ્તુ !

મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩
ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com

# 'ધ સાબરમતી રિપોર્ટ' અને સરકારી સિનેમાનું ભાવિ

## આગામી વર્ષોમાં, ભારતમાં પ્રચારક ફિલ્મો વધુ આધુનિક અને કંટાળારહિત બને તેવી સંભાવના છે



દરેક ફિલ્મ જોવાનો અનુભવ પલાયનવાદ કે ઉત્કર્ષનો હોતો નથી. ક્યારેક-ક્યારેક અદ્યતન બનવાની સ્પષ્ટ ઈચ્છા સાથે દર્શક થિયેટરોમાં જાય છે. ભારતમાં ૨૦૧૪ પછી, જેઓને દેશના ભૂતકાળ વિશે વધુ માહિતગાર થવુ છે તેઓ ઈતિહાસના પુસ્તકો વાંચવાને બદલે કાલ્પનિક નાટકીયકરણ જોવા જતા થયા છે.

જેના પરિણામે આવી ફિલ્મો દર્શકોને ગુપ્ત સત્યો વિશે શિક્ષિત કરવા, ભૂતકાળની ઘટનાઓ પાછળની 'વાસ્તવિક વાતો'ને જાહેર કરવાનો દાવો કરતી પ્રચારક ફિલ્મોનો રાફડો ફાટ્યો છે, જે સિનેમાના આ સૂચનાત્મક પાસાનું કુશળતાપૂર્વક શોષણ કરે છે. આવી ફિલ્મો, નાયકને જાણીબુઝીને પડછાયામાં રાખવામાં આવ્યો છે તે રીતે રોમાંચક બનાવીને રજુ કરાય છે. મોદીના ભારતમાં, આ ફિલ્મોના નામ પણ 'ધ કાશ્મીર ફાઈલ્સ', 'બસ્તરઃ ધ નક્સલ સ્ટોરી', 'ધ કેરળ સ્ટોરી' અને તાજેતરમાં રીલીઝ થયેલ 'ધ સાબરમતી રિપોર્ટ' જેવા સ્વયં-સ્પષ્ટ શીર્ષકો ધરાવે છે. તે કોઈ સંયોગ નથી કે, હંમેશા કોંગ્રેસ સરકારોએ લીધેલા નિર્ણયો અથવા તેની નજર તળે થયેલા વિકાસને આ ફિલ્મો દ્વારા ખુલ્લાં પાડવામાં આવે છે. આઝાદી પછી ૭૭માંથી ૫૪ વર્ષ સુધી કોગ્રેસ સત્તામાં હતી. આ ફિલ્મો કોંગ્રેસને બદનામ કરવાની અને 'કોંગ્રેસ-મુક્ત ભારત' બનાવવાના ભાજપના મિશનમાં મદદ કરે છે.

આવી ફિલ્મોમાં, નાયક તેના પ્રયત્નો માટે ભયંકર રીતે સહન કરતો હોય તે રીતે બનાવાય છે. ધીરજ સરનાની 'ધ સાબરમતી રિપોર્ટ'ને મહારાષ્ટ્ર રાજ્યની ચૂંટણીના દિવસો પહેલા રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મનો નાયક વિક્રાંત મેસી એક સત્યશોધક કેમેરામેન તરીકે એક ટેલિવિઝન ચેનલ સાથે ચમકે છે જે NDTV પર મોડલ કરાઈ છે. આ ફિલ્મની વાર્તા, ૨૦૦૨માં ગુજરાતના ગોધરામાં સાબરમતી એક્સપ્રેસમાં લાગેલી આગમાં, અયોધ્યાથી પરત ફરી રહેલા ૫૯ શ્રદ્ધાળુઓના મોત થયા હતા તેની આસપાસ ફરે છે. સરકાર દ્વારા નિયુક્ત એક વ્યક્તિના કમિશને તારણ કાઢ્યું હતું કે, આગ આકસ્મિક હતી પરંતુ પાછળથી ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો કે પેનલ ગેરબંધારણીય છે. ૨૦૦૮માં, અન્ય કમિશને પણ આગનું આયોજન કરવામાં આવ્યું હોવાનો રિપોર્ટ જાળવી રાખ્યો હતો. ગોધરાના બનાવ પછી ગુજરાતના મુસ્લિમો સામે થયેલી તબાહીને આજે બે દાયકાથી વધુનો સમય વીતી ગયો છે. આ તબાહીમાં ૧,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. તે સમયે ગુજરાતનું શાસન કરનાર મુખ્યમંત્રી આજે ભારતના વડાપ્રધાન છે અને આ કેસના આરોપીઓને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. એનડીટીવીએ પણ તેનો રંગ બદલી નાંખ્યો છે. 'સાબરમતી રિપોર્ટ'માં માત્ર વિજેતાનો દૃષ્ટિકોણ રજૂ કરાયો છે. અને તેમાં અચરજ પામવા જેવું કશું નથી કે આ ફિલ્મને ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વએ વખાણીને, ભાજપ શાસિત રાજ્યોમાં કરમુક્ત કરવામાં આવી હતી. મોદી અને તેમના મંત્રીમંડળ માટે આ ફિલ્મના એક સ્પેશિયલ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટેભાગે, ફિલ્મોમાંનો સંદેશ નિસ્તેજ હોઈ શકે છે. પ્રચાર ફિલ્મો આ નીરસતાને ડાયલ અપ કરે છે. આ ફિલ્મોને ઘણીવાર 'અસરકારક' તરીકે વર્ણવવામાં આવે છે, પરંતુ હિન્દીમાં તેનું વર્ણન કરવા માટે 'સરકારી સિનેમા' વધુ સારો શબ્દ છે. આ ફિલ્મો સરકાર તરફી હોવાથી મનોરંજન વિરોધી છે અને તેમાં પરંપરાગત આનંદદાયક તત્વોનો અભાવ હોય છે. આક્રમક રીતે એકતરફી હોવાને લીધે તે ઘણી વખત ઉપદેશક અને ચીલાચાલુ હોય છે. પ્રેક્ષકોની વિચારધારાને માન્ય કરવા સિવાય, તેમની પાસે અસ્તિત્વનું કોઈ કારણ હોતું નથી.


રોજિંદા જીવનના દબાણથી કંટાળેલા પ્રેક્ષકવર્ગને આવી ફિલ્મો ન્યાયીક લાગી શકે છે. પ્રચાર સિનેમાને આગળ ધપાવવામાં, ભાજપ સરકારે મનોરંજનના અર્થને ફરીથી વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કર્યો છે. આ નવા અર્થઘટનમાં, કંટાળાજનક સન્માનનો બેજ, અર્થહીન બોલીવુડ મનોરંજન માટે જરૂરી મારણ છે. વાસ્તવિકતા વિકૃત હોય અને આંખો ઊંઘ સાથે લડતી હોય ત્યારે કંટાળાજનક બનવું એ વાસ્તવિકતા વિશે ખુલ્લી આંખે જોવા સમાન છે. આગામી વર્ષોમાં, ભારતમાં પ્રચારની ફિલ્મો વધુ આધુનિક અને ઓછી કંટાળાજનક બને તેવી સંભાવના છે. મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર છે. રાજ્યના મુખ્યપ્રધાન તરીકે દેવેન્દ્ર ફડણવીસના શપથગ્રહણ સમારોહમાં હિન્દી ફિલ્મોના ઘણાં દિગ્ગજ કલાકારોએ હાજરી આપી છે. આ જોતાં મમતા બેનરજીએ કરેલું અવલોકન ધ્યાનમાં આવે છે : 'ખેલા હોબે' (રમત ચાલુ છે).

- નંદિની રામનાથ
(સૌ. : સ્ક્રોલ.ઈન)

# અભિપ્રાય : શુદ્રો પાસે તેમના ઈતિહાસનો વિપુલ ભંડાર હોવાથી તેમણે તો કૃષિ અને કારીગરીનાં સંસાધનોનાં સંગ્રહાલયો બનાવવા જોઈએ

### શુદ્રના ઈતિહાસમાં ખેતીની જમીનોમાં જીવન સાધનોમાં અને કારીગરીના અવશેષોનું અસ્તિત્વ છે

### શુદ્ર પાસે ખાદ્ય ઉત્પાદકોને લગતા દાર્શનિક પ્રવચનો, આર્થિક અને ભરપૂર વૈજ્ઞાનિક વિચારો છે





હયાત શુદ્રો પાસે તેમના ઈતિહાસનો વિશાળ ભંડાર છે. ભારતનું વિજ્ઞાન આ નહી લખાયેલા ચાસમાં અને શ્રમની સંપત્તિના ઊંડા કૂવાઓની જેમ અસ્તિત્વ ધરાવે છે. આપણાં રાષ્ટ્રનું ભવિષ્ય આ સ્ત્રોતોમાંથી બોધપાઠ લઈને ઘડવાનું છે.

કમનસીબે, તેમના વિચારોના પાઠ રેકોર્ડ કરવામાં આવ્યા નથી. મોટાભાગનો તેમનો સામાજિક, આર્થિક અને આધ્યાત્મિક ઈતિહાસ ગામડાઓમાં હોવાથી, સારા બુદ્ધિસામર્થ યુવાનોએ આ ઈતિહાસને લખવામાં ભાગ લેવો જોઈએ.

શુદ્ર સંસ્કૃતિ ઘણા પ્રદેશો અને રાજ્યોમાં ફેલાયેલી છે અને કેટલીક પ્રાદેશિક ભાષાઓ અને મૌખિક ઈતિહાસમાં નોંધાયેલી છે. શુદ્ર ફિલસૂફી, વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર વિશે તમામ પ્રદેશો અને રાજ્યોમાં મુખ્યત્વે અંગ્રેજીમાં અભ્યાસ કરવા અને લખવા માટે ઘણા વિદ્વાનોએ ઘણી મહેનત કરવી પડશે. જો કે આ સરળ કામ નથી પણ તેમના સહસ્ત્રાબ્દીના ઈતિહાસના ઈનકાર જોતાં, તેને પુનઃપ્રાપ્ત કરવી શક્ય છે.

રાજ્ય કે કેન્દ્ર સ્તરે, શૂદ્ર મતદારો, કાર્યકરો, નેતાઓ અને શાસકોએ ઉત્પાદન, સામાજિક ઉપયોગ, સાંસ્કૃતિક ઉપયોગ અને સ્થાપત્ય મૂલ્યોની કલાકૃતિઓના સારા સંગ્રહાલયોની સ્થાપના કરવી જોઈએ. ભારતના કારીગરોએ તે સમયે કૃષિવાદી ઉત્પાદન અને અસ્તિત્વની માંગ પ્રમાણે અત્યંત આધુનિક સાધનો જેવા કે, કોદાળી, ડોલ, વાસણ, હળ, દોરડા, બાંધકામ સામગ્રી જેવી કે ઈંટો, પલંગ, શિકાર અને માછીમારીના સાધનોનું નિર્માણ કર્યું હતું.

શૂદ્રોએ હડપ્પન સંસ્કૃતિનું નિર્માણ કર્યું ત્યાં સુધીમાં, તેઓએ બાળી નાખેલી ઈંટોથી અને લાકડાથી તેમના ઘરો બનાવ્યા હતા. તે સમયે, સ્થળાંતર કરીને આવેલાં આર્યોને આવી સંસ્કૃતિની તકનીકોનું કોઈ જ્ઞાન ન હતું. સાધનો અને ટેકનોલોજીનો વિકાસ આર્યોના આગમન અને બ્રાહ્મણવાદની વિચારધારાનું નિર્માણ કરતા પહેલા થયો હતો. તેઓએ જીવનની વૈજ્ઞાનિક પ્રક્રિયામાં મદદ કરી ન હતી.

લાખો સાધનો તેમના આકાર અને ઉપયોગો વિશે લખ્યા વિના વિસ્મૃતિમાં ફંગોળાઈ ગયા હતા.

સ્વતંત્રતા પહેલાના સમયમાં બ્રાહ્મણોની સંગીત અથવા લેખિત સામગ્રી સંગ્રહાલયો, પુસ્તકાલયો અને મંદિરોમાં સંગ્રહિત કરવામાં આવી હતી. રાજાઓ, શુદ્ર હોય કે દ્વિજ, માત્ર દિવ્ય મૂર્તિઓ અને શિલ્પને જ મહત્વ આપતા હતા. બ્રાહ્મણ સમાજનું શૃંગારિક જીવન પણ ખજુરાહો અને કોણાર્ક મંદિરોમાં સાચવવામાં આવ્યું હતું પરંતુ કોઈ રાજાએ કૃષિ કારીગરોનું સંગ્રહાલય બનાવ્યું ન હતું. કોઈપણ શાસકે મંદિરમાં સમકાલીન શિલ્પવાળું હળ મૂકવામાં આવ્યું ન હતું. આ માત્ર એટલું જ દર્શાવે છે કે કૃષિ, જે તમામ સંસ્કૃતિઓની માતા છે, પૂર્વ-વસાહતી, સંસ્થાનવાદી અથવા પોસ્ટ-કોલોનિયલ શાસકો હેઠળ સંસ્કૃતિના ઈતિહાસના કોઈપણ મોડમાં તેનું કોઈ મૂલ્ય નથી. અત્યાર સુધી, શુદ્ર શાસકોએ કૃષિ કલાકૃતિઓ માટે કોઈ ચિંતા દર્શાવી નથી અથવા તેમને સંગ્રહાલય બનાવવાની જરૂરિયાતને સમજી નથી.

પરિણામે, આ પ્રાચીન સંસ્કૃતિએ તેની સંસ્કૃતિ, વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈતિહાસના મૂળભૂત સ્ત્રોતને સાચવી ન હતી. વિજ્ઞાન વિરોધી બ્રાહ્મણવાદે આપણને યુરો-અમેરિકન જ્ઞાન પ્રણાલીના ગુલામ બનાવી દીધા હતા. આથી ઉત્તરવસાહતી સમયમાં પણ ભારત તેમની પાસેથી વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનનું જ્ઞાન લેતું હતું.

શુદ્રોએ હવે કૃષિ અને કારીગરીનાં સાધનોનાં ઘણાં સંગ્રહાલયો બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને તેમના ઉપયોગની રીતો વિશે લખવું જોઈએ. ઉદાહરણ તરીકે, વેદ જેવા બ્રાહ્મણિક પુસ્તકોમાં પણ સોમા (આધુનિક સમયમાં, આ પીણું ટોડી તરીકે ઓળખાય છે, જે તેલુગુમાં કલ્લુ કહેવાય છે)નો વારંવાર ઉલ્લેખ છે. પરંતુ કોઈએ તે વિશે લખ્યું નથી કે ઝાડમાંથી પીણું મેળવવા માટે કઈ તકનીકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આજના આધુનિક સમયમાં પણ ટોડી પર ચડનારાઓ (ટેપર્સ), ઊંચા ટોડીના ઝાડ પર ચઢવા માટે મોકુ, મુથ્થડુ અને ગુજીનો ઉપયોગ કરે છે.

પ્રાચીન સમયમાં પણ, સોમાના ટેપર્સે ઘણા સાધનો અને તકનીકોનો ઉપયોગ કર્યો હોવો જોઈએ, પરંતુ આ તકનીકી સાધનોનો કોઈ રેકોર્ડ નથી.

**વિકિમીડિયા કોમન્સ :**

ટોડી (સુરા) ટેપરને ઝાડની ટોચ પર પીણું મેળવવા અને તેને પીણાંને નીચે લાવવા માટે ડાળીઓ ન હોય તેવા ઊંચા ઝાડ પર ચઢવું પડે છે. ટેપર્સ તેમના સાધનોનો ઉપયોગ કરીને અને તેમના જીવનને જોખમમાં મૂકીને, સખત મહેનત અને મહાન વૈજ્ઞાનિક કુશળતા સાથે આ કામ પાર પાડે છે. દરરોજ, ટેપર કેટલાય ઝાડ પર ચઢીને ટોચ પરથી પીણું નીચે લાવે છે. તેઓ તેમની પીઠને ટેકો આપવા માટે મોકુનો ઉપયોગ કરે છે, જેને તે ઝાડના દાંડીની આસપાસ મૂકીને તેના હાથ ઝાડ પર દબાવી રાખે છે. ગુજીથી તે તેના પગને ઝાડના થડ પર દબાવી રાખે છે. મુથ્થાડુ એક પ્રકારની તિક્ષ્ણ છરીઓ છે જેનો ઉપયોગ ઝાડમાંથી પીણું મેળવવા માટે થડને કાપવા માટે થાય છે.

તેવી જ રીતે, ઘણા શુદ્ર વ્યવસાયિક જૂથો તેમના કુશળ કાર્યો કરવા માટે વિવિધ તકનીકી સાધનોનો ઉપયોગ કરે છે. આવી ઘણી ટેક્નોલોજીઓ અસ્તિત્વમાંથી બહાર જઈ રહી છે અને જો તેના વિશે લખવામાં ન આવે તો તેનો ઈતિહાસ ભૂંસાઈ જશે. આવા સાધનોના સંગ્રહાલયો બનાવવાથી હજારો વર્ષો સુધી જ્ઞાનના મહાન ઐતિહાસિક સંસાધનો સંઘરાયેલા રહી શકે છે.

- કાંચા ઈલૈહા શેફર્ડ (સૌ. : સ્ક્રોલ.ઈન)

# હઝરત ઝયનબ (રદીઅલ્લાહુ અનહા)

(ઈસ આ.૫૯૯-૬૨૯)

હઝરત ઝયનબ રદી રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબ અને હઝરત ખદીજા રદી.ના સૌથી મોટા સુપુત્રી હતા. એમનો જન્મ ઈસ ૫૯૮ કે ૫૯૯માં મક્કામાં થયો હતો. લગ્ન જીવનના દસથી બાર વર્ષમાં ઉમ્મુલ મોમીનીન હઝરત ખદીજા રદી.એ રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબના બે પુત્રો અને ચાર સુપુત્રીઓ એમ છ સંતાનોને જન્મ આપ્યો હતો. સૌપ્રથમ હ.કાસિમ રદી. જન્મ્યા-જેમના નામથી હુઝુર (સ.અ.વ.) સાહેબ 'અબુલ કાસિમ' તરીકે ઓળખાયા. એમનું બે વર્ષની આયુમાં જ અવસાન થઈ ગયું. એ પછી હ. ઝયનબ રદી.નો જન્મ થયો અને એમના પછી હઝરત રૂકૈય્યા રદી, હઝરત ઉમ્મે કુલસુમ રદી. અને હઝરત ફાતિમા રદીનો જન્મ થયો હતો. એમના પછી હઝરત અબ્દુલ્લાહ

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

જન્મ્યા પરંતુ તેઓ લગભગ બે વર્ષની આયુમાં જ અવસાન પામ્યા હતા.

હઝરત ખદીજા રદી.ના બહેન હાલાના લગ્ન બનુ અબ્દે શમ્સના રબી સાથે થયા હતા. એમના થકી પુત્ર અબુલ આસ રદી. જન્મ્યા હતા. હઝરત ખદીજા રદી એમને ખૂબ પ્રેમ કરતા હતા અને પોતાના પુત્રની જેમજ રાખતા હતા. જ્યારે હઝરત ઝયનબ રદી મોટા થયા તો રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબ અને હઝરત ખદીજા રદી.એ એમના લગ્ન હઝરત અબુલ આસ રદી.સાથે કરી દીધા.

જ્યારે નબી (સ.અ.વ.) સાહેબે પોતાની નબુવ્વતનું એલાન કર્યું એ પછી હઝરત ઝયનબ રદી.એ ઈસ્લામ સ્વીકારી લીધો હતો, પરંતુ એમના પતિ હઝરત અબુલ આસે ત્યારે ઈસ્લામ સ્વીકાર્યો નહોતો. આપ (સ.અ.વ.) સાહેબે જ્યારે મુસલમાનોને હિજરતનો આદેશ આપ્યો ત્યારે હઝરત ઝયનબ રદી મક્કામાં જ હતા (બીજા એક કથન મુજબ તાઈફમાં હતા) અને મદીના ગયા નહોતા.

મુસલમાનો અને મક્કાના મુશરીકો વચ્ચે સૌપ્રથમ બદરના મેદાનમાં યુદ્ધ થયું જેમાં મક્કાના મુશરીકોનો પરાજય થયો અને ઘણા લોકો મુસલમાનોના હાથે કેદ થયા. આ કેદીઓમાં હઝરત અબુલ આસ રદી. પણ પકડાયા – એ વખતે એમણે ઈસ્લામ સ્વીકાર્યો નહોતો. હઝરત ઝયનબ રદી.એ પોતાનો હાર કે જે એમની માતા હઝરત ખદીજા રદી.એ લગ્ન વખતે ભેટ આપ્યો હતો – પોતાના પતિને છોડાવવા માટે મુક્તિ દંડરૂપે મોકલ્યું. જ્યારે રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબે હઝરત ખદીજા રદી.નો હાર જોયો તો આપે પોતાના જમાઈ માટે કોઈપણ જાતના મુક્તિ દંડરૂપે સ્વીકાર્યું નહીં. હુઝુર (સ.અ.વ.) સાહેબે હઝરત અબુલ આસ રદી.ને કોઈપણ જાતના બદલામાં એ શરતે છોડી મુક્યા કે તેઓ હઝરત ઝયનબ રદી.ને મદીના મોકલી આપશે. લડાઈના લગભગ એક મહિના પછી રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબે જેમને પુત્ર બનાવ્યા હતા એ હઝરત ઝૈદ બિન હારીસ રદી હઝરત ઝયનબ રદીને લેવા મક્કા આવ્યા. હઝરત અબુલ આસ રદીએ પોતાના ભાઈ કીનાનાને સાથે મોકલ્યા કે તેઓ એમને મદીના સુધી છોડીને આવે. હઝરત ઝયનબ રદી. ઊંટ પર હાવડા (કે હવદાજ)માં બેસી મદીના તરફ જવા રવાના થયા તો કુરેશના આગેવાનોને આ વાત પોતાના પરાજયના ઘાવ પર મીઠું ભભરાવવા જેવી લાગી. કેટલાક લોકોએ એમનો પીછો કર્યો એમાંથી હબ્બાર ઈબ્ન અલ અસ્વદ પણ એક હતો. એણે હઝરત ઝયનબ રદી. સાથે હાથાપાઈ કરવાનો પ્રયત્ન કરતા તેઓ હાવડામાંથી નીચે પડી ગયા. એના લીધે એમને ગર્ભપાત થઈ ગયો હતો. થોડા દિવસ પછી કીનાના અને હ.ઝૈદ રદી.એ એમને મદીના મુનવ્વરા પહોંચાડ્યા.

હિસ ૬માં અલ'ઈસની છાપામારી વખતે અબુલ આસ રદી. બીજી વાર કેદી તરીકે પકડાયા. એમણે હઝરત ઝયનબ રદી.ને વિનંતી કરી કે એમને આશ્રય આપે. હઝરત ઝયનબ રદી.એ ફજરની નમાઝ વખતે જાહેરમાં જોરશોરથી એલાન કર્યું કે મેં ' અબુલ આસ ઈબ્ન અર-રબીને આશ્રય આપ્યો છે''! હુઝુર (સ.અ.વ.)એ નમાઝ પછી આ વાત જાણી તો આપે ફરમાવ્યું કે 'અમે એને રક્ષણ (આશ્રય) આપીશું જેમને હઝરત ઝયનબ રદી.એ આશ્રય આપ્યો છે.'' એમની વિનંતીથી અબુલ આસ રદી.ને ફરીથી છોડી મૂકવામાં આવ્યા.

એ પછી અબુલ આસ રદી.એ હિસ ૭મા ઈસ્લામ સ્વીકારી લીધો. હુઝુર (સ.અ.વ.) સાહેબે બંનેના ફરીથી લગ્ન કરી દીધા. ઘણા મહિનાની જુદાઈ પછી તેઓ ફરીથી મળ્યા. તેઓ એકબીજાને ખૂબ પ્રેમ કરતા હતા. એમને બે બાળકો હતા એક હ.અલી કે જેમનું બાળપણમાં જ અવસાન થઈ ગયું હતું. પુત્રી ઉમામા રદી હતી. હઝરત અલી રદી.એ હઝરત ફાતિમા રદી.ના અવસાન પછી હઝરત ઉમામા રદી. સાથે લગ્ન કર્યા હતા.

હિસ ૮/જૂન ૬૨૯મા હઝરત ઝયનબ રદીનું મદીના મુનવ્વરામાં અવસાન થયું. એમને જન્નતુલ બકીમાં દફનાવવામાં આવ્યા.

Email. :-msaeed181@gmail.com
(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)

(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)

# હૈદરાબાદના મિર્ઝા યાસીન બેગ : જેમણે દિલ્હીની બુકસ્ટોર્સની લોકપ્રિય ચેઈનની સ્થાપના કરી છે



**મિર્ઝા યાસીન બેગ શરૂઆતમાં દિલ્હીમાં દરિયાગંજ અને કનોટ પ્લેસની ફૂટપાથ પર પુસ્તકો વેચતા હતા**

તમે દિલ્હીની મુલાકાત ન લીધી હોય પણ જો તમે એનડીટીવી ઈન્ડિયા પરનો આઈકોનિક ન્યૂઝ ટીવી શો રવીશ કી રિપોર્ટ જોયો હોય તો તમે તેના અસામાન્ય મોન્ટેજને ચૂકી ગયા હોવ તેવી શક્યતા નથી જેમાં રવીશ કુમાર એક નાના પુસ્તક કિઓસ્કની સામે ઊભા છે. મધ્ય દિલ્હીમાં કનોટ પ્લેસ નજીક જનપથ માર્કેટમાં સ્થિત, આ બુકશોપને ન્યૂ બુક લેન્ડ કહેવામાં આવે છે અને તે ચાર બુકસ્ટોર્સની ચેઈનની પ્રથમ દુકાન છે જે લગભગ ચાર દાયકા પહેલા શરૂ થઈ હતી.

તાજેતરની વાતચીતમાં રવીશે આ લેખકને કહ્યું કે, આ શોની કલ્પના કરતી વખતે, હું સ્પષ્ટ હતો કે મોન્ટેજને વાંચન અને લેખન માટે કંઈક કરવું જોઈએ. અને તેના માટે પુસ્તકોની દુકાન કરતાં વધુ સારી જગ્યા કઈ હોઈ શકે. જો કે, તેમની ટીમને પડકારનો સામનો કરવો પડ્યો હતો અને મોટા ભાગના સ્થળોએ, તેઓ માત્ર પુસ્તકોના પ્રદર્શનમાં ગયા હતા, જયારે ન્યૂ બુક લેન્ડ પર, સમગ્ર બુકશોપની ફ્રેમ દેખાતી હતી.

આ શો માટે તે સંપૂર્ણપણે અનુકૂળ હતું. રવીશે કહ્યું કે ભીડવાળા બજારની વચ્ચે વાંચન અને લેખન સંબંધિત કંઈક શોધવું અસામાન્ય છે. રવીશ કી રિપોર્ટ એ ભારે ભીડવાળા મીડિયા માર્કેટમાં દિલ્હીના હાંસિયામાં રહેતા લોકો વિશે અહેવાલ આપવાનો એક અસામાન્ય પ્રયાસ હતો.

૧૯૮૭માં મિર્ઝા યાસીન બેગ દ્વારા સ્થપાયેલ, બેગ એન્ડ સન્સે નેશનલ કેપિટલ રિજન (NCR)માં ત્રણ બુકશોપ ખોલ્યા છે, અને આ સમગ્ર પ્રદેશમાં બુકસ્ટોર્સની સૌથી લોકપ્રિય સાંકળ પૈકી એકનો દરજ્જો મેળવ્યો છે. જનપથ ઉપરાંત અન્ય ત્રણ પુસ્તકોની દુકાનો અરબિંદો પ્લેસ માર્કેટ, સાઉથ એક્સટેન્શન અને ગુડગાંવમાં આવેલી છે.

હૈદરાબાદના વતની બેગ ૧૯૭૦માં દિલ્હી સ્થળાંતર કરીને આવ્યા અને જીવનભર આ શહેરને પોતાનું ઘર બનાવ્યું છે. બે વર્ષ પહેલાં, ૨૪ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ૯૪ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. તેઓ કદાચ દિલ્હી-એનસીઆરના કેટલાક સૌથી નોંધપાત્ર પુસ્તકોની દુકાનના છેલ્લા હયાત સ્થાપક હતા. કે.ડી. ધ બુક શોપના સિંઘનું ૨૦૧૪માં અવસાન થયું હતું. ૨૦૧૬માં જ, શહેરે માત્ર છ મહિનાના ગાળામાં વધુ બે સુપ્રસિદ્ધ પુસ્તક વિક્રેતાઓને ગુમાવ્યા હતા જેમાં હવે ધ બુકવોર્મના અનિલ અરોરા અને બહરિસન્સના બલરાજ બહરી મલ્હોત્રા હતા.

બેગે ખૂબ જ નાની ઉંમરે બુકસેલિંગના વ્યવસાય શરૂ કર્યો હતો, અને અસદ બેગના ચાર પુત્રોમાં સૌથી મોટા હવે સાઉથ એક્સટેન્શનમાં બુકસ્ટોરનું સંચાલન કરે છે. દિલ્હીમાં પુસ્તકનો વ્યવસાય શરૂ કરતા પહેલા, મારા પિતા હૈદરાબાદમાં પુસ્તકોની ઘણી દુકાનો ચલાવતા હતા. પરંતુ બધા ૧૯૬૦ના દાયકાના અંતમાં બંધ થઈ ગયા હતા, તે આંશિક રીતે તેલંગાણા ચળવળને કારણે હતું.

દિલ્હીમાં એક મિત્રની સલાહ પર, જે પુસ્તક પ્રકાશન અને વિતરણ ગૃહમાં કામ કરતો હતો જ્યાંથી તે હૈદરાબાદમાં સ્ટોર માટે પુસ્તકો ખરીદતો હતો, બેગ દિલ્હી આવ્યા. પરંતુ દિલ્હીમાં શરૂઆતનું જીવન સંઘર્ષથી ભરેલું હતું. અસદ યાદ કરે છે કે, મારા પિતાની સખત મહેનત અને દિલ્લીવાલા તરફથી મળેલા પ્રેમ અને મદદથી જ અમે તેને જીવન માટે અમારું ઘર બનાવ્યું છે.

બેગ શરૂઆતમાં દિલ્હીમાં દરિયાગંજ અને કનોટ પ્લેસની ફૂટપાથ પર પુસ્તકો વેચતા હતા. તેઓએ દિલ્હીમાં ખોલેલી પ્રથમ બુકશોપ કનોટ પ્લેસમાં ઈન્ડિયન કોફી હાઉસની બહાર સ્થિત હતી, જે તે સમયે હાલના પાલિકા બજાર ખાતે આવેલી હતી. તે હૈદરાબાદના સુલતાન બજાર રોડ પર ચાલતી બુકશોપની જેમ પુસ્તક પસંદગી કેન્દ્ર પણ કહેવાતું હતું. જો કે, બેગને થોડાં વર્ષોમાં આ ધંધો સમેટી લેવો પડ્યો હતો કારણ કે પાલિકા બજાર માટે રસ્તો બનાવવા માટે બિલ્ડિંગને તોડી નાખવી પડી હતી. ત્યારબાદ તેમણે તે જ વિસ્તારમાં રેમ્બલ રેસ્ટોરન્ટમાં એક નાની બુકશોપ શરૂ કરી હતી. પરંતુ તે લાંબો સમય ટકી શકી નહીં કારણ કે આ બિલ્ડિંગને કંઈક બીજું બનાવવા માટે તોડી પાડવામાં આવ્યું હતું. છ-સાત વર્ષ સુધી સંઘર્ષ કર્યા પછી, બેગે આખરે જનપથમાં દુકાન ખોલી અને ત્યાંથી ક્યારેય પાછું વળીને જોયું નથી.

૧૯૯૭માં, પ્રથમ મિડલેન્ડ બુકશોપની દસમી વર્ષગાંઠ પર, બેગે પત્રકાર પૂનમ સક્સેના સાથેની વાતચીતમાં કહ્યું કેઃ મેં પુસ્તકોના વ્યવસાયમાં પ્રવેશ કર્યો કારણ કે તે એકમાત્ર વ્યવસાય છે જ્યાં શિક્ષિત લોકોના સંપર્કમાં આવવાની તક મળે છે અને તે જ મને આજે પણ તે ચાલુ રાખવાની પ્રેરણા આપે છે.

તેમના જીવનના અંત સુધી, બેગ દરરોજ અરબિંદો માર્કેટમાં સ્થિત પુસ્તકોની દુકાન પર બેસતા હતા જેનું સંચાલન હવે તેમના બીજા પુત્ર, અફસર બેગ દ્વારા કરવામાં આવે છે. તે પંજાબી બાગથી દરરોજ મુસાફરી કરતા એક કલાકનું અંતર કાપતા હતા. જયારે તેમનો ત્રીજો પુત્ર સલીમ બેગ જનપથમાં દુકાન ચલાવે છે, ગુડગાંવમાં (ન્યૂ મિડલેન્ડ બુક શોપ) સૌથી નાનો પુત્ર કૈસર બેગ ચલાવે છે.

બેગનું મોટાભાગનું જીવન દિલ્હીમાં હોવા છતાં, તેઓ હૈદરાબાદની સંસ્કૃતિ અને રીતભાત, ખાસ કરીને તેની ભાષા દક્ષિણીનો અભ્યાસ કરતા તેમના મૂળ સાથે જોડાયેલા રહ્યા. એક ઓડિયો ક્લિપમાં, તેમને મજરૂહ સુલતાનપુરી દ્વારા નીચેનું સૂત્ર સંભળાવતા સાંભળી શકાય છે, જોકે થોડી અલગ રીતે. ઘણી રીતે, આ તેમની જીવન યાત્રાનું પ્રતીક પણ છે.

**મેં તો અકેલા હી ચલા થા જાનીબ-એ-મંઝીલ મગર, લોગ સાથ આતે ગયે ઔર કારવાં બનતા ગયા**

**(હું મારા ગંતવ્ય તરફ એકલો જ નીકળ્યો હતો પણ, લોકો સાથે આવતા રહ્યા અને તે જૂથમાં ફેરવાઈ ગયું)**

બેગ પુસ્તકોના શોખીન હતા, ખાસ કરીને ઈસ્લામિક ઈતિહાસ અને ઉર્દૂ કવિતાના પણ હતા. અસદે આ લેખકને જણાવ્યું કે તેમના પિતા વારંવાર પુસ્તક મેળાઓ અને પ્રદર્શનોની મુલાકાત લેવા માટે નહીં પરંતુ પોતાના વાંચન માટે પુસ્તકો ખરીદવા માટે જતા હતા કારણ કે વર્ડ બુક ફેરમાં ઘણી વાર ઉર્દૂ પુસ્તકો વેચવામાં આવતા હતા જે ભારતમાં ભાગ્યે જ ઉપલબ્ધ હોય છે. બેગને આ દુનિયાને અલવિદા કર્યાને બે વર્ષ થઈ ગયા છે, પરંતુ તેમનો વારસો જીવંત છે અને માત્ર તેમના પુત્રો જ નહીં પરંતુ ત્રીજી પેઢી પણ આ બુક શોપ ચલાવે છે કારણ કે તેમના ઘણા પૌત્રો આ કાફલામાં જોડાયા છે, જેનો પાયો તેમના દાદાએ નાખ્યો હતો.

**- મહતાબ આલમ (સૌ. : ધ વાયર)**

# દિલ્હીના દરેક ઘરમાં મુઘલો, ભાગલા અને સ્થળાંતરની એક ભવ્ય વાર્તા છે

દક્ષિણ દિલ્હીમાં એક બેરોક સ્પેનિશ-આધારિત ઘર મોટી મિલકત માટે જગ્યા ઊભી કરવા માટે તોડી પાડવામાં આવશે. પુરાતત્વવિદ્, ક્યુરેટર અને કલા ઈતિહાસકાર અનિકા માન માટે તેનું અદૃશ્ય થવું એ દિલ્હીમાં આર્કિટેક્ચરના મૃત્યુ તરફનું એક અન્ય પગલું છે અને તે ડેવલપર-બિલ્ટ હાઉસનો ઉદય છે.

આ મહિનાની શરૂઆતમાં કિરણ નાદર મ્યુઝિયમ ઑફ આર્ટ ખાતે 'એક્સવેટિંગ અર્બનિટી' સત્ર દરમિયાન શહેરના જૂના ઘરો પ્રત્યે પ્રેમ અને ઝંખના એ તેમની રજૂઆતનો મુખ્ય ઉદ્દેશ હતો. તેણી આ પરિવર્તનને દિલ્હીના આધુનિક સ્થાપત્ય વારસાની ખોટ તરીકે માને છે. તેણીએ કહ્યું કે, આજે સ્મૃતિ વિસરાઈ રહી છે, જેમ કે વિભાજનની સ્મૃતિ હતી. તેઓ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ, દિલ્હી હાઉસ પર આર્કિટેક્ચરના લેન્સમાંથી શહેરના ઈતિહાસનું આર્કાઈવિંગ અને દસ્તાવેજીકરણ કરી રહ્યાં છે, તે એક પ્રોજેક્ટનો એક ભાગ છે જે વિલીન થતી યાદોને અને તેને આકાર આપનાર લોકોની ઉજવણી કરે છે અને સાચવે છે. આ ઈવેન્ટ, KNMAના ફેબ્યુલેશન પ્રોજેક્ટનો ભાગ હતો, તેમાં સામાજિક નૃવંશશાસ્ત્રી સરોવર ઝૈદી અને આર્કિટેક્ટ રફીક કિડવાઈ સાથે ચર્ચાનો સમાવેશ થાય છે. તેમણે શોધી કાઢ્યું કે કેવી રીતે દિલ્હીનું આર્કિટેક્ચર સમયની જરૂરિયાતોને અનુરૂપ વિકસિત થયું છે. દિલ્હીના ઘરોના આર્કિટેક્ટ્સે ત્યાં રહેતા પરિવારોના સામાન માટે જગ્યા બનાવી હતી. આ મકાનો સ્ત્રીઓને અનુરૂપ બનાવવામાં આવ્યા હતા કારણ કે તેઓ સૌથી વધુ ઘરમાં રહેતી હતી. તેથી, તેમની પાસે મોટી સ્ટોરેજ જગ્યાઓ, જમવાની જગ્યાઓ અને ધૂળને છૂપાવી દે તેવા ડાઘાવાળા માળ હતા. પરંતુ હવે, ઘરો પરવડે તેવી રીતે રહેવા માટે બનાવવામાં આવે છે, તે નાની જગ્યાઓ છે જે મકાન અને ઘર વચ્ચેની રેખાને અસ્પષ્ટ કરે છે. કાર્યક્ષમતા અને નફા માટેનો આ વેપાર જૂના ઘરો માટે નુકસાનકારક છે.

દરેક ઘરની એક વાર્તા હોય છે - કેટલાક તેમના આર્કિટેક્ચર દ્વારા તે દર્શાવે છે, જ્યારે અન્ય લોકો તેમને જોનારાઓની ધારણાઓ દ્વારા અર્થઘટન કરવામાં આવે છે. તેમના ફોટો પ્રેઝન્ટેશનમાં દર્શાવવામાં આવેલ ઘરોમાંથી એક જૂની દિલ્હીમાં મુઘલ કાળનું ૧૭મી સદીનું અલંકૃત અને ભવ્ય ઘર હતું. તેની કમાનવાળી બારીઓ અને દરવાજા, જટિલ કોતરણી અને એકંદરે ઘસાઈ ગયેલી સ્થિતિ એ સમય પસાર થવાનો સંકેત આપે છે અને તેનું એક ઐતિહાસિક મહત્વ છે. આંગણામાં ઉગાડેલું વૃક્ષ માટેની ભાવનામાં વધારો કરે છે.

આ ઘર તમને વાઈબ્રન્ટ અને જીવંત કલ્પના કરવા માટે મજબૂર કરે છે જે આપણે ફિલ્મોમાં જોઈએ છીએ. આ ઘરોના વિશિષ્ટ પ્રાંગણ અને પ્રવેશદ્વારો સ્થાપત્યની ભવ્યતાને પ્રતિબિંબિત કરે છે. આંગણાઓ આ ઘરોમાં કેન્દ્રસ્થાને હતા, જે ખુલ્લી, હવાદાર જગ્યાઓ હતી જે ગરમીથી રાહત આપતી હતી અને સામાજિક મેળાવડા માટેનું સ્થળ હતું. તેઓ કહે છે કે, અમે દિલ્હીના ઘરોના આંગણા ગુમાવ્યા છે, જે એક સમયે શહેરના પાત્ર માટે અભિન્ન અંગ હતા. તેણીએ હનુમાન રોડ પરના એક જૂના ઘરની તેણીની મુલાકાતનું વર્ણન કર્યું જ્યાં એક વૃદ્ધ દંપતી તેમને આપવામાં આવેલી પરંપરાઓને જાળવી રાખે છે. તેઓ તેમના ઘરમાં હિંદુ દેવી-દેવતાઓની મૂર્તિઓ માટે ફૂલો મૂકે છે. તે તેમની સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રથાઓ સાથે ઊંડા જોડાણને પ્રતિબિંબિત કરે છે, જે તેમના ઘરની ભૌતિક જગ્યામાં ગૂંથેલા છે. આજે આંગણાઓ અદૃશ્ય થઈ રહ્યા છે અને મકાનો વધુ સઘન બની રહ્યા છે તેનું એક કારણ સંયુક્તમાંથી વિભક્ત કુટુંબોમાં થતું સ્થળાંતર છે. નવું આર્કિટેક્ચર વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરે છે. મિલકતના કાનૂની વિભાજનને કારણે એસ્ટેટનું વિભાજન થયું છે, પરિવારો ઉપનગરોમાં મોટા ઘરો બાંધવા જતા રહ્યા છે.



**આંગણા અને છાપરું દિલ્હીના ઘરોનું અભિન્ન અંગ હતું. તે સ્ટાઈલ બોલિવૂડમાં પણ લોકપ્રિય છે. આજે, દિલ્હીની બારસાતીમાં, એક સમયે આ બાંધકામ સામાન્ય હતું ત્યાં હવે વૈભવી વિશેષતા સાથે બિલ્ડીંગો બની ગઈ છે.**

ઝૈદીએ કહ્યું કે, દિલ્હીને સારી રીતે સમજવા માટે તમારે તેની છત પર શું થાય છે તે જોવાની જરૂર છે. આંગણાની જેમ, છત પણ દિલ્હીના ઘરોનું અભિન્ન અંગ હતું. તે બોલિવૂડમાં પણ પ્રખ્યાત છે. તેણીએ ફિલ્મ દિલ્હી ૬નું ઉદાહરણ આપ્યું જ્યાં પડોશીઓ અભિષેક બચ્ચન અને સોનમ કપૂર પોતપોતાની છત પરથી એકબીજાને મળે છે. આજે, દિલ્હીની બારસાતી, જે એક સમયે સામાન્ય છતવાળી જગ્યા હતી, તે એક વૈભવી સુવિધા બની ગઈ છે. જૂની દિલ્હીમાં ઘરો સાંકડી ગલીઓમાં બાંધવામાં આવ્યા હતા, જે ઉનાળા માટે મુઘલ શહેર આયોજકો દ્વારા ઈરાદાપૂર્વકની પસંદગી હતી. આ છાયાવાળા ઠંડા રસ્તાઓ બહુવિધ દરવાજાવાળા ઘરો તરફ દોરી જાય છે. તે બધામાં એક સામાન્ય લક્ષણ હતું - અને તે પ્રવેશદ્વારની રચના કરતી બે બેઠકો હતી. આ આઉટડોર બેઠકો સમુદાયની ભાવનાને ઉત્તેજન આપે છે, અને પડોશીઓ સાથે શાંત વાતચીત કરવા માટેનું સ્થાન હતું. વિભાજન દરમિયાન વિસ્થાપિત પરિવારો તેમના ભૂતકાળના અવશેષો, ફર્નિચર અને અન્ય સામાન સહિત પાકિસ્તાનમાંથી કેવી રીતે લાવ્યા તે તરફ વાતચીત ઝડપથી આગળ વધી. દિલ્હીની વિશિષ્ટતા એ છે કે તેનું આર્કિટેક્ચર સમગ્ર ભારતના લોકોની જરૂરિયાતો અને ડિઝાઈનની સંવેદનશીલતાને પ્રતિબિંબિત કરે છે. તે દર્શાવે છે કે કેવી રીતે રાષ્ટ્રીય રાજધાની દરેકને સ્વીકારે છે. મર્યાદિત સંસાધનો હોવા છતાં વિભાજન પછી પરિવારોએ જે સમર્પણ સાથે પોતાનું ઘર બનાવ્યું તે પ્રશંસનીય છે. તેઓ આવી સ્થાયી રચનાઓ બનાવવામાં ખૂબ ગર્વ દર્શાવે છે.

ઑસ્ટ્રિયન આર્કિટેક્ટ, કાર્લ માલ્ટેવોન હેઈન્ઝ આ નવા સ્થાયી થયેલા પરિવારો માટે ઘરો ડિઝાઈન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હતા. કિડવાઈએ ધ્યાન દોર્યું કે જામિયાની ઐતિહાસિક શાળાની ઈમારતોમાં તેમનો પ્રભાવ હજુ પણ જોઈ શકાય છે. વિવિધ સમુદાયો કુદરતી રીતે ચોક્કસ પડોશમાં સ્થાયી થયા છે, જે સમગ્ર શહેરને વાઈબ્રન્ટ બનાવે છે. દાખલા તરીકે, પશ્ચિમ બંગાળના લોકોએ સીઆર પાર્ક જેવા વિસ્તારોમાં પોતાને સ્થાપિત કર્યા છે, જ્યારે ઉત્તરપૂર્વના લોકોએ મજનુ કાટિલ્લાને પોતાનું ઘર બનાવ્યું છે. આ પેટર્ન માત્ર વિવિધ જૂથોને સમાવવાની શહેરની ક્ષમતાને જ પ્રતિબિંબિત કરતી નથી, પરંતુ વિવિધ સંસ્કૃતિઓ અને વ્યવસાયો એકબીજા સાથે જોડાયેલા હોય તેવા મેલ્ટિંગ પોટ તરીકે તેની ભૂમિકાને પણ દર્શાવે છે.

તેમણે નોંધ્યું કે વિશાળતા અને ગીચતા હોવા છતાં, દિલ્હી બધા માટે આવકારદાયક છે અને વધુ જગ્યા માટે ક્યારેય ભીડ થતી નથી. તે ઘરથી દૂર ઘર જેવું સ્થળ છે. પ્રેક્ષકોની ક્રિયાપ્રતિક્રિયા દરમિયાન, એક સભ્યએ ભૂતિયા ઘરનો વિચાર રજૂ કર્યો, જેમાં ઘરવિહોણા અને વોલ્ટર બેન્જામિનના ઘરો અમને ત્રાસ આપતા હતા તેની કલ્પના સાથે તેના સંબંધ વિશે વાત કરી હતી. તેઓએ જવાબ આપ્યો કે, જાપાનમાં, એવી માન્યતા છે કે વસ્તુઓ, જ્યારે વ્યાપકપણે કાળજી લેવામાં આવે છે, ત્યારે તે એક પ્રકારની આધ્યાત્મિક હાજરી વિકસાવી શકે છે. ઈતિહાસથી સમૃદ્ધ કોઈપણ જૂનું ઘર ભૂતકાળના અનુભવો સાથે જીવંત અનુભવ આપી શકે છે તે તેના જેવું જ છે. બેઘર લોકો માટે એ માત્ર ભૌતિક જગ્યાની અછત તરીકે જ નહીં, પરંતુ વ્યક્તિના જીવનમાંસતત ત્રાસદાયક અનુભવ તરીકે પણ જોવામાં આવે છે.

**-સાક્ષી મેહરા (સૌ. : ધ પ્રિન્ટ)**

# નવેમ્બર ૨૯, ૧૯૪૭ : પેલેસ્ટીનીઓ સાથે વિશ્વાસઘાત અને ઈઝરાયેલની રચના

૧૯૪૮ પહેલા ઈઝરાયેલ નામનો કોઈ દેશ ન હતો અને ત્યાં માત્ર પેલેસ્ટીન હતું. જે છ સદીઓથી વધુ સમયથી તુર્કીના ઓટ્ટોમન સામ્રાજ્ય હેઠળ હતું. વિશ્વયુદ્ધ ૧ દરમિયાન તુર્કીનો પરાજય થયો અને મધ્ય પૂર્વ બ્રિટિશ-ફ્રાન્સના નિયંત્રણ હેઠળ આવ્યું હતું. મે ૧૯૧૬ના રોજ હસ્તાક્ષર કરાયેલ ગુપ્ત સાયક્સ-પીકોટ કરાર હેઠળ, બ્રિટન અને ફ્રાન્સે આરબ વિશ્વને બ્રિટિશ અને ફ્રેન્ચ પ્રભાવના ક્ષેત્રોમાં વિભાજિત કર્યું અને પશ્ચિમની કઠપૂતળી જેવું શાસન સ્થાપિત કર્યું હતું. આ કઠપૂતળી શાસન યુ.એસ.-યુરોપ ઈઝરાયેલના હિતો માટે કામ કરે છે.

૧ જુલાઈ, ૧૯૨૦ના રોજ, કુખ્યાત બ્રિટિશ ઝિઓનિસ્ટ, સર હર્બર્ટ સેમ્યુઅલ, જેમણે બાલફોર ઘોષણા માટે વિનંતી કરવામાં અગ્રણી ભૂમિકા ભજવી હતી, તેને બાલફોર ઘોષણાને અમલમાં મૂકવા માટે પેલેસ્ટીનમાં બ્રિટીશ હાઈ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

બ્રિટિશ મેન્ડેટરી પાવર યહૂદી એજન્સીએ યહૂદીઓને લાવવાની અને બ્રિટિશ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ યુદ્ધ કૌશલ્યમાં તાલીમ આપવાની પરવાનગી આપી, અને ત્યારે આરબ ઘરો અને મસ્જિદોમાં પણ બ્રિટિશ સત્તાવાળાઓ દ્વારા શસ્ત્રોની શોધ કરવામાં આવી. અંગ્રેજોએ ઝિઓનિસ્ટોને અત્યાધુનિક શસ્ત્રો અને તાલીમ પણ પૂરી પાડી હતી અને આરબોની ધરપકડ કરી હતી અને સજા પણ કરી હતી.

યહૂદી વસાહતીઓના આગમન સામે વિરોધ દર્શાવવાની હિંમત કરનારા આરબોને લેમ્પ પોસ્ટ પર લટકાવવામાં આવ્યા હતા. દરમિયાન, ઝિઓનિસ્ટ આતંકવાદી ટોળકીઓ પેલેસ્ટીનીઓને બહાર કાઢવા અને તેમની જમીનો હડપ કરવા માટે હત્યાઓ કરવાનું શરૂ કર્યું, અને આંતરરાષ્ટ્રીય ઝિઓનિસ્ટ પ્રચાર મશીને આ ગુનાઓને ન્યાયી ઠેરવીને વિશ્વને છેતર્યા હતા. બ્રિટિશોએ પેલેસ્ટીનમાં આતંકવાદની શરૂઆત કરનાર મીચમ બેગિન અને યિત્ઝાક શમીરના નેતૃત્વ હેઠળ હગાના, સ્ટર્ન ગેંગ અને ઈર્ગુન જેવી યહૂદી આતંકવાદી બ્રિગેડની સ્થાપનાને ટેકો આપ્યો હતો. ૨૨ જુલાઈ, ૧૯૪૬ના રોજ મેનાકેમ બિગિન આતંકવાદીઓનું નેતૃત્વ કરતા જેરુસલેમમાં કિંગ ડેવિડ હોટેલ પર બોમ્બ વિસ્ફોટ કર્યો હતો અને કુલ ૯૧ લોકો - ૨૫ બ્રિટન, ૪૧ આરબો અને ૧૭ યહૂદીઓની હત્યા કરી હતી. મેનાકેમ બિગિને આ હત્યાનો દોર ચાલુ રાખ્યો અને એક અઠવાડિયાની અંદર સેંકડો નિર્દોષ પેલેસ્ટીની પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની હત્યા કરી હતી. હાઈફા કૈરો એક્સપ્રેસના પાટા પરથી ઉતરી જતાં ૧૦૦ લોકો અને જેરુસલેમથી થોડા માઈલ દૂર આવેલા ગામ દેર યાસીનમાં ૨૫૪ લોકોનો હત્યાકાંડ એ માનવતા સામે અત્યાર સુધીના સૌથી બર્બર ગુનાઓમાંનો એક છે અને તેને કુખ્યાત "વિયેતનામમાં માય લાઈ હત્યાકાંડ" સાથે જોડી શકાય છે. ૭૭૫ લોકોના નાનકડા આરબ ગામ પર મેનાકેમ બિગિન દ્વારા સાત બોમ્બ ફેંક્યા પછી, તેના ૨૫૪ નિઃશસ્ત્ર પુરુષો, સ્ત્રીઓ અને તમામ ઉંમરના બાળકો, જેમાં નેવું વર્ષના ઈસ્માઈલ અત્તિય અને અઢાર મહિનાના મોહમ્મદનો પણ સમાવેશ થાય છે, તેમને ગોળી મારીને મારી નાખ્યા હતા. પીડિતોના વિકૃત મૃતદેહોને કૂવામાં ફેંકી દેવામાં આવ્યા હતા. જે સ્ત્રીઓ, છોકરીઓ અને બાળકો બચી ગયા હતા તેઓને મેનાકેમ બેગિન અને તેની ટોળકી દ્વારા પરોઢિયે ઘેરી લેવામાં આવ્યા હતા અને જેરુસલેમમાં લોરીઓમાં લોડ કરવામાં આવ્યા હતા જ્યાં તેઓને યહૂદી શેરીઓમાં પરેડ કરવામાં આવી હતી, તેમની મજાક ઉડાડવામાં આવી હતી. આરબો, નિઃશસ્ત્ર અને અસંગઠિત હતા, અને તેઓ ગભરાટમાં બૂમો પાડતા ભાગવા




લાગ્યા. મેનાકેમ બિગિન અને બેન ગુરિયોને ૧૫ મે, ૧૯૪૮ પહેલા પેલેસ્ટીનના વિભાજન પર યુનાઈટેડ નેશન્સ દ્વારા મતદાન થયું ત્યારે પેલેસ્ટીનમાં ઈઝરાયેલ રાજ્ય બનાવવા માટે શક્ય તેટલા આરબોથી છૂટકારો મેળવવા અને શક્ય તેટલી વધુ જમીન પર કબજો કરવાનો હતો.

આ હત્યાકાંડ પર ટિપ્પણી કરતા, પ્રખ્યાત ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બીએ તેમના પુસ્તક "એ સ્ટડી ઑફ હિસ્ટ્રી"માં કહ્યું હતું કેઃ પેલેસ્ટીની આરબો વિરુદ્ધ ઝિઓનિસ્ટ યહૂદીઓ દ્વારા કરવામાં આવેલા દુષ્ટ કાર્યો નાઝીઓ દ્વારા યહૂદીઓ વિરુદ્ધ કરવામાં આવેલા ગુનાઓ સાથે તુલનાત્મક હતા. ઈર્ગુન, સ્ટર્ન અને હગનાહે નિયમિતપણે અન્ય ગામોમાં પણ લોકોની હત્યા કરી. તેમાં ૧૪ એપ્રિલ, ૧૯૪૮ના રોજ નસીરુદ્દીન ગામનો સમાવેશ થાય છે જ્યાં ચાલીસ લોકો ભાગી જવામાં સફળ રહ્યા હતા, તે સિવાય બધા લોકોની ઈર્ગુન-સ્ટર્ન ફોર્સ દ્વારા હત્યા કરવામાં આવી હતી. બીજા દિવસે, ૫ મે ૧૯૪૮ના રોજ, હગાનાહ આતંકવાદીઓએ તિબેરિયાની મઝરાત અલ ખુરી વિસ્તારમાં હત્યાકાંડ કર્યો હતો. સ્ત્રીઓ અને બાળકોના મૃતદેહોને વિકૃત કરવામાં આવ્યા હતા અને સંખ્યાબંધ વૃદ્ધોના માથા કાપી નાખવામાં આવ્યા હતા અને તેમના અંગો કાપી નાખવામાં આવ્યા હતા. યુવાનોને જીવતા શેકવામાં આવ્યા હતા અને હગનાહે તેમને એક ઘરની અંદર બંધ કરી દીધા હતા અને તેને આગ લગાવી દીધી હતી તે પહેલાં થોડા વૃદ્ધોને આખરે મુક્ત કરવામાં આવ્યા હતા અને તેમને તેમની વાર્તા આરબ વિશ્વને કહેવાની સલાહ આપી હતી અને વ્યંગાત્મક રીતે આરબ રાજ્યોને તેમના બચાવમાં આવવા કહ્યું હતું. ૯ મે, ૧૯૪૮ના રોજ સફાદના અલ ઝીટૂન ખાતે ઝાયોનિસ્ટો દ્વારા ગ્રામજનોથી ભરેલી એક મસ્જિદ ઉડાવી દેવામાં આવી હતી. ૧૩ મે, ૧૯૪૮ના રોજ દેઈર યાસીન જેવા જ ઝિઓનિસ્ટો દ્વારા બીજા ક્રૂર હુમલામાં ગાઝામાં બીટ દ્રાસની સમગ્ર વસ્તીનો નાશ કરવામાં આવ્યો હતો. ત્યાં સગર્ભા સ્ત્રીઓને ગર્ભાશય ચીરી નાખવામાં આવ્યા હતા અને અન્ય લોકોના મૃતદેહોને અત્યાચારી રીતે વિકૃત કરવામાં આવ્યા હતા. બ્રિટનમાંથી પૂરતા પ્રમાણમાં યહૂદીઓ અહી લાવવામાં આવ્યા પછી ઈઝરાયેલનો મુદ્દો યુએસને સોંપવામાં આવ્યો અને પ્રમુખ હેરીએ યુએનને પેલેસ્ટીનને ઈઝરાયેલ અને પેલેસ્ટીનમાં વિભાજીત કરવાનો ઠરાવ પસાર કરવા દબાણ કર્યું. છ દેશોએ આ ઠરાવનો ઉગ્ર વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે પેલેસ્ટીનીઓને હાંકી કાઢવા અને યહૂદી વસાહતીઓ માટે રાજ્ય બનાવવું ગેરકાયદેસર છે. વિભાજનના ઠરાવને મત આપવા માટે તેઓને લાંચ આપવામાં આવી હતી અને બ્લેકમેલ કરવામાં આવ્યા હતા. યુ.એસ.માં લગભગ સમગ્ર વહીવટીતંત્રો ઈઝરાયેલની રચના અને પેલેસ્ટીનીઓને તેમની જમીનોમાંથી હાંકી કાઢવાનો વિરોધ કર્યો હતો. પરંતુ પ્રમુખ હેરી ટ્રુમેને તેમને આ પગલાને સમર્થન આપવા દબાણ કર્યું. ઘણા ટોચના અધિકારીઓએ રાજીનામું આપ્યું હતું. વિશ્વ ઝાયોનિસ્ટ ઓર્ગેનાઈઝેશનના કાર્યકારી વડા ડેવિડ બેન-ગુરિયને બ્રિટિશ આદેશની મુદત પૂરી થવાના બીજા દિવસે, ૧૫ મે ૧૯૪૮ના રોજ ઈઝરાયેલની સ્વતંત્રતાની ઘોષણા કરી અને થોડી જ મિનિટોમાં યુએસ અને સોવિયત યુનિયન તરફથી માન્યતા મળી હતી. યહૂદીઓ માટે રાજ્ય સ્થાપ્યા પછી પણ ઈઝરાયેલની અત્યાચારની નીતિ બંધ થઈ નથી. અહેવાલો અનુસાર, ઈઝરાયેલે અમેરિકા અને યુરોપના રાજકીય, સૈન્ય, નાણાકીય સહાયથી પેલેસ્ટીનીઓ વિરુદ્ધ ૬૦થી વધુ નરસંહાર કર્યા છે. વિડંબના એ છે કે યિત્ઝાક શમીર અને મેનાકેમ બેગિન ઈઝરાયેલના વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા અને મેનાકેમ બેગિનને ઓસ્લોમાં પ્રખ્યાત નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલે ગાઝામાં પેલેસ્ટીન વિરુદ્ધ વારંવાર નરસંહાર કર્યા. ગાઝાને ઈઝરાયેલ સાથે જોડવા માટે પેલેસ્ટીનીઓ સાથે વંશીય શુદ્ધ કરવા માટે વર્તમાન નરસંહાર, ગ્રેટર ઈઝરાયેલ બનાવવા માટેનું નવીનતમ પગલું છે. પેલેસ્ટીનીઓની હત્યાની આ પરંપરાને જાળવી રાખીને, ઈઝરાયેલે યુએસ, બ્રિટન અને યુરોપના ખુલ્લા સમર્થન સાથે હમાસના ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયેલીઓ પરના હુમલાનો જવાબ આપવાની આડમાં ગાઝામાં પેલેસ્ટીની નાગરિકોનો નરસંહાર કરવાનું શરૂ કર્યું છે.

યુએસ પ્રમુખ હેરી ટ્રુમેનથી લઈને જો બાઈડેન સુધીના તમામ યુએસ પ્રમુખોએ સમગ્ર મુસ્લિમ મધ્ય પૂર્વને અસ્થિર બનાવવા માટે ગ્રેટર ઈઝરાયેલ બનાવવાની તેમની રચનાના ભાગરૂપે તેના તમામ ગુનાઓમાં સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. તેમની સાથે આરબ નેતાઓ જોડાયા છે જેઓ તેમના અસ્તિત્વ માટે યુએસ પર નિર્ભર છે.

**- લેથર ફારૂક**

**(સૌ. : મુસ્લિમ મિરર)**

# કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં અનુસૂચિત જાતિ/જનજાતિના વિદ્યાર્થીઓ સલામત છે ખરા ?

## સંસદના શિયાળુ સત્રમાં ઉઠાવવામાં આવેલા પ્રશ્નમાં, ભારત સરકારે અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓ સામેના ગુનાઓ અંગેનો કોઈ ડેટા જાળવવામાં આવતો ન હોવાનું સ્વીકાર્યું હતું

JD(U)ના સાંસદ ડૉ. આલોકકુમાર સુમન દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નના જવાબમાં જણાવવામાં આવ્યું હતું કે, કેન્દ્રીય યુનિવર્સિટીઓ, આઈ.આઈ.ટી.એસ, એઈમ્સ અને અન્ય જાહેર ક્ષેત્રના એકમોમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિમાંથી આવતા વિદ્યાર્થીઓ સામેના ભેદભાવના કેસોની સંખ્યા સંબંધિત કોઈ ડેટા કેન્દ્રીય સરકાર જાળવતી નથી. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૩થી ૨૦૨૨ના દાયકામાં, અનુસૂચિત જાતિ અને જનજાતિ વિરુદ્ધના અત્યાચાર સંબંધિત ઘટનાના ૫.૨૪ લાખથી વધુ કેસ નોંધાયા હતા. જે ૨૦૧૩ની તુલનામાં, ૨૦૨૨માં ૪૬ ટકા વધુ કેસો હતા.

જો કે, કેન્દ્ર સરકાર 'ફેલાયેલી જાગૃતિ, વ્યાપક પ્રચાર અને પોલીસ કર્મચારીઓની ક્ષમતા નિર્માણ'ને SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ વધુ કેસ નોંધવાના કેટલાક કારણો તરીકે ગણે છે. ધ વીક સાથે વાત કરતી વખતે, સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI)ની સેન્ટ્રલ એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય રામદાસ પ્રિની શિવાનંદને ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારની ટીકા કરતાં આક્ષેપ કર્યો હતો કે, સમાજના સામાજિક રીતે હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગો પ્રત્યેનો તેનો અભિગમ 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિને પ્રતિબિંબિત કરે છે. તેમના કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરવું અને અત્યાચારનો ભોગ બનેલા વિદ્યાર્થીઓનો ડેટા પણ જાળવી ન રાખવો તેને અલગ બાબત તરીકે જોવી જોઈએ નહીં. શિવનંદને જણાવ્યું હતું કે, "મોદી સરકારના પ્રથમ કાળ દરમિયાન, દેશભરમાં દલિત સમુદાયો પરના અત્યાચારોની ઘટનાઓ ઘણીવખત હેડલાઈન્સ બની હતી. જો કે, તાજેતરના સમયમાં આવી ઘટનાઓની આ પેટર્ન ઓછી થઈ હોય તેવું લાગે છે. મને આ બાબતે ગંભીર પ્રશ્ન થાય છે કે, યા તો આવા અત્યાચારો ઘટ્યા છે અથવા તો તેને અવગણવામાં આવે છે." તેમણે ઉમેર્યું કે, દશ્યતા અને કાર્યવાહીનો અભાવ માત્ર પ્રણાલીગત ભેદભાવ અંગેની ચિંતાઓને વધારે છે.

● **શું આ SC/ST સામે પ્રણાલીગત ભેદભાવનો મામલો છે ?**
ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ, મુંબઈના દલિત સંશોધન વિદ્વાન શિવનંદનને જાન્યુઆરીમાં સંસદની કૂચમાં તેમની ભાગીદારીને કારણે અને તેમની સક્રિયતા બદલ આ વર્ષની શરૂઆતમાં બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. શિવાનંદને કહ્યું હતું કે, "શિક્ષણ મંત્રાલય, સામાજિક ન્યાય મંત્રાલય અને આદિજાતિ મંત્રાલયના આ વર્ષના કેન્દ્રીય બજેટની ફાળવણીમાં ભંડોળમાં મુકાયેલો કાપ સ્પષ્ટ પ્રણાલીગત ભેદભાવ દર્શાવે છે. આ મંત્રાલયો, ખાસ કરીને



SC, ST અને OBC વિદ્યાર્થીઓ માટે નિર્ણાયક શિક્ષણ કાર્યક્રમોનું સંચાલન કરે છે. આ કાપને લીધે વિદ્યાર્થીઓને તેમના શિક્ષણને આગળ ધપાવવા માટે જરૂરી એવી અનેક શિષ્યવૃત્તિઓ અને ફેલોશિપમાં ભારે ઘટાડાનો સામનો કરવો પડ્યો છે. મૌલાના આઝાદ ફેલોશિપને બંધ કરવામાં આવી જે ગયા વર્ષે હેડલાઈન્સ બની હતી, ત્યારે આ બજેટમાં અન્ય અસંખ્ય કાર્યક્રમોમાં શાંતિપૂર્વક ઘટાડો કરવામાં આવ્યો છે. મેં TISS, UGC, ભારત સરકાર, સામાજિક ન્યાય મંત્રાલય અને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ વિકાસ નિગમને પ્રતિવાદી તરીકે નામ આપીને, બોમ્બે હાઈકોર્ટમાં મારા સસ્પેન્શનને પડકાર્યું હતું. શરૂઆતમાં, સરકારે દલીલ કરી હતી કે, સસ્પેન્ડ કરાયેલા વિદ્યાર્થીઓ ફેલોશિપ માટે યોગ્ય ન હતા. જો કે, કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, સંસ્થા મનસ્વી રીતે રોકી શકે નહીં અને તેણે ફેલોશિપનું નવીકરણ કરવું." કોર્ટના આદેશ બાદ, તેમની ફેલોશિપ રિન્યૂ કરવામાં આવી હતી, પણ તેમનો કેસ ન્યાયિક સમીક્ષા હેઠળ હોવાને કારણે તેમનું સસ્પેન્શન યથાવત છે. તેમણે કહ્યું, "સરકારે પાછળથી દાવો કર્યો હતો કે, ફેલોશિપ વિતરણમાં વિલંબ ભંડોળના અભાવને કારણે થયો હતો. નાણાકીય અવરોધોના સમર્થનને અટકાવતો આ તર્ક, જવાબદારી અંગે ગંભીર ચિંતાઓ ઊભી કરે છે. કેન્દ્ર સરકારનું વલણ એ છે કે પછાત વર્ગમાંથી આવતા વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ અટકાવવા માટે પર્યાપ્ત સુરક્ષા વ્યવસ્થાઓ છે. તેમના સંસદીય પ્રતિભાવમાં, સામાજિક ન્યાય અને સશક્તિકરણના કેન્દ્રીય પ્રધાન ડૉ. વીરેન્દ્રકુમારે નોંધ્યું હતું કે, બે કાયદાઓ ઉપરાંત, નાગરિક અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૫, અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ ૧૯૮૯- અનુસૂચિત જાતિ માટેનું રાષ્ટ્રીય આયોગ અને અનુસૂચિત જનજાતિ માટેનું રાષ્ટ્રીય આયોગ શોષણ સામે રક્ષણ પૂરું પાડે છે.

● **મોટાભાગની સંસ્થાઓમાં સમાન તક એકમ માત્ર કાગળ પર જ સીમિત રહે છે** સરકારે એવું પણ નોંધ્યું છે કે, કેન્દ્રીય યુનિવર્સિટીઓ અને અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં, SC/ST વિદ્યાર્થી એકમ, સમાન તક એકમ, વિદ્યાર્થી ફરિયાદ એકમ, વિદ્યાર્થી ફરિયાદ નિવારણ સમિતિ, લાયઝન ઓફિસર્સ વગેરેની સ્થાપના કરવામાં આવી છે. સરકારે એ પણ નોંધ્યું છે કે, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશને પણ ભેદભાવપૂર્ણ ઘટનાઓને પ્રતિબંધિત કરવા માટે કડક ધોરણો ઘડ્યા છે. હાલમાં જ્ઞાતિ પર સંશોધન કરી રહેલા શ્રુતિ હરિલાલે જણાવ્યું હતું કે, વાસ્તવમાં, ભારતમાં મોટાભાગની સંસ્થાઓમાં સમાન તક એકમ (EOC) હોવા છતાં, તેઓ અસરકારક રીતે કાર્ય કરવામાં નિષ્ફળ જાય છે. વિદ્યાર્થીઓ સાથેની ચર્ચાઓ એક સામાન્ય સમસ્યાને ઉજાગર કરે છેઃ ઘણી સંસ્થાઓ પાસે SC/ST સેલ નથી. આવા સેલને યોગ્ય રીતે ચલાવવા માટે, તેને હાંસિયામાં ધકેલાઈ ગયેલા પશ્ચાદભૂના ફેકલ્ટી સભ્યોની રજૂઆતની જરૂર છે. તેમણે કહ્યું, "જો કે, આવું ભાગ્યે જ બને છે. દાખલા તરીકે, સવર્ણ ફેકલ્ટી મેમ્બર ચેરપર્સન તરીકે સેવા આપી શકતા નથી અથવા SC/ST સેલનો ભાગ બની શકતા નથી. માત્ર બહુજન સમુદાયમાંથી જ કોઈ વ્યક્તિ આવા હોદ્દા પર રહી શકે છે. તકનીકી રીતે IIT જેવી સંસ્થાઓ, જ્યાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોમાંથી ફેકલ્ટી પ્રતિનિધિત્વ પહેલેથી જ ન્યૂનતમ છે, SC/ST એકમોની ગેરહાજરી ઘણીવાર અસ્પષ્ટ ખુલાસાઓ દ્વારા વાજબી છે. આ એકમો વિના, હાંસિયામાં ધકેલાઈ ગયેલા પશ્ચાદભૂના વિદ્યાર્થીઓ પાસે ભેદભાવ અથવા ફરિયાદની જાણ કરવા માટે કોઈ સમર્પિત જગ્યા નથી."

● **શિવાનંદને તેના પોતાના સસ્પેન્શનને ઉદાહરણ તરીકે ટાંકીને નોંધ્યું હતું કે, તેમનું સસ્પેન્શન એમ્પાવર્ડ કમિટીના અહેવાલને પગલે હતું**
શિવાનંદને કહ્યું, "આદેશ મુજબ, જો સામેલ વિદ્યાર્થી SC/ST કેટેગરીના હોય, તો સમિતિએ SC/ST સેલના સંપર્ક અધિકારી તેમજ વિદ્યાર્થી સંઘના પ્રમુખનો સમાવેશ કરવો આવશ્યક છે. જો કે, તેમાંથી કોઈ પણ મારો કેસ સંભાળતી સમિતિના ભાગ ન હતા. વિદ્યાર્થી સંઘે જાહેરમાં વાંધો ઉઠાવીને કહ્યું હતું કે, તેમને કાર્યવાહી વિશે જાણ કરવામાં આવી ન હતી અને આ બાબતની તપાસ કરવાની માંગણી કરી હતી. દરમિયાન, SC/ST સેલ સંપૂર્ણપણે નિષ્ક્રિય રહ્યું હતું અને આજદિન સુધી તેણે કોઈ પગલાં લીધાં નથી. આ પરિસ્થિતિ એક વ્યાપક મુદ્દાને પ્રકાશિત કરે છે કે, ભારતીય યુનિવર્સિટીઓમાં આ એકમો મોટાભાગે માત્ર નામના જ અસ્તિત્વ ધરાવે છે અને વાસ્તવિક સત્તા અથવા હેતુનો સંબંધિત ડેટા એકત્ર કરવામાં અને જાળવવામાં તેમની ભૂમિકા માત્ર રબર સ્ટેમ્પ જેવી જ હોય છે."

**- નિર્મલ જોવિયલ (સૌ. : ધ વીક.ઈન)**

# આપણે આપણાં બાળકો માટે કેવા પ્રકારના ભવિષ્યનું નિર્માણ કરી રહ્યાં છીએ ?

## બાળકો પ્રત્યે જાહેર લગાવનું મહત્વ હોવા છતાં આપણો લગાવ હંમેશા ઓછો શ્રેષ્ઠ રહ્યો છે



નવેમ્બરને બાળકોનો મહિનો ગણવામાં આવે છે. ૧૪ નવેમ્બરે પંડિત જવાહરલાલ નહેરુની જન્મજયંતી હોવાથી ભારતમાં આ દિવસને બાળ દિવસ તરીકે અને ૨૦ નવેમ્બરને આંતરરાષ્ટ્રીય બાળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ૧૯૮૯માં આ દિવસે યુ.એન. જનરલ એસેમ્બલીએ બાળ અધિકારો પરની પ્રણાલી (યુએન-સીઆરસી) અપનાવી હતી. આ જ મહિનામાં યુનિસેફ વિશ્વના બાળકોની સ્થિતિ (SoWC) પર તેનો મુખ્ય અહેવાલ પણ બહાર પાડે છે. આ વર્ષનો SoWC ૨૦૨૪ રિપોર્ટ ૨૦૫૦માં જીવનારા બાળકો માટે સમર્પિત છે અને ત્રણ 'મેગાટ્રેન્ડ્સ'ને ઓળખીને તેમના ભવિષ્યને આકાર અપાયો છે. આ ત્રણેય વલણ ભારત માટે સુસંગત છે અને તે બાળકો અને તેમના અધિકારોને તાત્કાલિક અગ્રિમતા આપવાનું જણાવે છે.

**૨૦૫૦ : વિશ્વનું દરેક ત્રીજું બાળક ચાર દેશોમાં રહેતું હશે**

પહેલું, વસ્તી વિષયક સંક્રમણ સાથે છે. ભારત સહિત વિશ્વના વિવિધ ભાગોમાં, ગતિ અને તબક્કા નોંધપાત્ર રીતે બદલાયા છે. તેથી, મોટાભાગના વિકાસશીલ દેશોની વસ્તીમાં બાળકોનું પ્રમાણ ઘટ્યું હોવા છતાં, વિશ્વના બાળકોની મોટી ટકાવારી આફ્રિકા અને દક્ષિણ એશિયાના પ્રદેશોમાં કેન્દ્રિત થવાની અપેક્ષા છે. રિપોર્ટમાં એવો અંદાજ છે કે, ૨૦૫૦ સુધીમાં વિશ્વનું દરેક ત્રીજું બાળક, ભારત, ચીન, નાઈજીરિયા અને પાકિસ્તાન એમ માત્ર ચાર દેશોમાં વસવાટ કરતું હશે. એકલા ભારતમાં જ વૈશ્વિક બાળકોની વસ્તી લગભગ ૧૫% હશે. ભારત સહિત ઘણાં વિકાસશીલ દેશો, વૃદ્ધોની વધતી જતી વસ્તીની સંભાળના પડકારનો સામનો કરી રહી છે તેમજ બાળપણ અને યુવાની દરમિયાનના ઉણપની ભરપાઈ કરીને તેમની સંભવિતતાને સાકાર કરી શકવાના પ્રયાસ કરી રહ્યાં છે. રિપોર્ટમાં આ વસ્તી વિષયક સંક્રમણની સાથે સાથે, નાના કુટુંબના કદ અને ભાઈ-બહેન ઓછા હોય અથવા ન હોય તેવા રૂપમાં આવતા ફેરફારો તરફ નિર્દેશ કરવામાં આવ્યો છે. વૃદ્ધો માટે સહાય અને સંભાળની નવી સિસ્ટમો મૂકીને બાળકોમાં રોકાણ ચાલુ રાખવું પડશે.

**આબોહવા કટોકટી :** બીજું મોટું વલણ, જે બાળકોના જીવનને અપ્રમાણસર અસર કરે છે તે આબોહવા અને પર્યાવરણની કટોકટી છે. જેના કારણે આરોગ્ય અને સુખાકારીને ઘણી રીતે અસર થાય છે. સરેરાશ તાપમાનમાં વધારો થવાથી મચ્છરો અને મેલેરિયા, ડેન્ગ્યુ, ઝિકા વાયરસ જેવા મચ્છરજન્ય રોગોમાં વધારો થયો છે. સ્વચ્છ અને સુરક્ષિત પીવાના પાણીની પહોંચ એક પડકાર બની રહી છે. બાળકો માટે હવાનું પ્રદૂષણ હાનિકારક હોવાનું દર્શાવવામાં આવ્યું છે. આપણે દિલ્હી અને ઉત્તર ભારતના અન્ય શહેરોમાંના હવાના પ્રદૂષણથી પરિચિત છીએ. દિલ્હી શહેરમાં વાયુ પ્રદૂષણ માત્ર સ્વાસ્થ્ય પર જ અસર કરતું નથી, પરંતુ બાળકોના શિક્ષણ અને રમતને પણ અસર કરી રહ્યું છે. જે તેમના ભણતર, માનસિક સ્વાસ્થ્ય અને વિકાસ પર કાયમી અસર કરી શકે છે. આબોહવાના જોખમોની અસર અત્યંત અસમાન છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા આર્થિક અને સામાજિક પૃષ્ઠભૂમિના બાળકોને આની વધુ અસર થવાની શક્યતા છે. આબોહવા અને પર્યાવરણીય જોખમોને કારણે વિસ્થાપન પણ વધી રહ્યું છે. યુનિસેફે તેના ચિલ્ડ્રન્સ ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ (CCRI)માં ક્લાઈમેટની કટોકટીને 'બાળ અધિકારોની કટોકટી' તરીકે ગણાવી છે, જે દર્શાવે છે કે એક અબજ બાળકો (તમામ બાળકોમાં અડધા) આબોહવા પરિવર્તનની અસરોના 'અત્યંત ઊંચા જોખમ' પર છે. આ માત્ર બાળકો સંવેદનશીલ નથી, પરંતુ રહેવા માટે આપણો ગ્રહ જોખમી સ્થળ બની જવાથી તેમના ભાવિ પર વધારે ખરાબ અસર થઈ શકે છે. આબોહવા સંકટમાં સંક્રમિત થનારા વિકાસશીલ વિશ્વના બાળકોનું પ્રમાણ વધુ છે. CCRIના આધારે, ૧૬૩ દેશોમાંથી ભારત ૨૬માં ક્રમે છે અને 'અત્યંત ઉચ્ચ જોખમ' શ્રેણીના ૩૩ દેશોમાં આવે છે. જોકે, મોટે ભાગે, વિકસિત દેશો પણ આબોહવા પરિવર્તનના કારણોમાં ફાળો આપતા હોવા છતાં, તે જવાબદારી લેવા અને ક્લાયમેટ ફાઈનાન્સ તરફ વાજબી હિસ્સો આપવા માટે આગળ આવ્યા નથી. બાકુમાં તાજેતરના COP૨૯ના પરિણામમાં આ જોવા મળ્યું છે. આબોહવા પરિવર્તન ઘટાડવા અને અનુકૂલન તરફ સંસાધનોના ન્યાયી વિતરણ માટેની આંતરરાષ્ટ્રીય લડાઈ લડતી વખતે, ગ્લોબલ સાઉથના ઉચ્ચ જોખમ ધરાવતા દેશોની સરકારો તેમના વિકાસ આયોજનમાં બાળકો માટેના આ જોખમોને અવગણી શકે નહીં.

**ડિજિટલ વિભાજન :** જે SOWC રિપોર્ટમાં ત્રીજા વલણની વાત કરવામાં આવી છે તે ડિજિટાઈઝેશન છે. ડિજિટલ ટેક્નૉલૉજીની ભૂમિકા વધતી જ રહેવાની છે. રિપોર્ટમાં અદ્યતન દેશો અને ઓછી આવક ધરાવતા દેશો વચ્ચે હાલમાં અસ્તિત્વમાં રહેલા ડિજિટલ વિભાજનને પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ ડિજિટલ વિભાજન માત્ર અસમાનતાને વધુ ટકાવી રાખવામાં ફાળો આપશે. તે જ સમયે, બાળકોમાં ડિજિટલ સંબંધિત વ્યાપક જોખમો અને નુકસાન માટે પણ ચિંતા છતી કરે છે. ફ્રન્ટિયર ટેક્નોલોજીઓ અને AI બાળકો માટે મોટી તકો પૂરી પાડે છે તેમ છતાં તે પડકારો અને અસમાનતાને કાયમી રાખવાનું પણ યોગદાન આપે છે. અહીં પણ સરકારી નીતિ અને જાહેર રોકાણની ભૂમિકા મહત્વની બની જાય છે. આ તમામ ભારત માટે પણ સૌથી વધુ સુસંગત છે. ભારતીય પરિપ્રેક્ષ્યમાં આપણે દેશની અંદર રહેલી અસમાનતાઓને પણ સ્વીકારવાની જરૂર છે. જ્ઞાતિ, વર્ગ, ભૂગોળ અને લિંગ મોટા પ્રમાણમાં નિર્ધારિત કરે છે કે નાના બાળકને ભારતમાં કયા પ્રકારનું મૂળભૂત શિક્ષણ, આરોગ્ય, પોષણ અને સંભાળ આપવાની જરુર છે. ખાસ કરીને શિક્ષણ અને આરોગ્યમાં નબળી જાહેર સેવાઓ સાથે, વિભાજન માત્ર વધી રહ્યું છે. બાળ વિકાસ સાથે સંબંધિત આમાંના સંખ્યાબંધ મુદ્દાઓ માટે ભારતમાં વધુ રોકાણની જરૂર છે.

**કાર્યવાહી માટે પોકાર :** જ્યારે મોટા ભાગના શાળામાં ભણતા બાળકોના પૂર્ણતા દરોમાં હજુ પણ સુધારણાનો મોટો અવકાશ છે અને સર્વેક્ષણોમાં તેમના અભ્યાસના પરિણામો સામાન્ય રીતે નબળા હોય છે. સરકારી શાળાઓ અને ઊંચી ફી ચૂકવતી ખાનગી શાળાઓ વચ્ચે શાળાઓમાં શિક્ષણ અને માળખાકીય સુવિધાઓની ગુણવત્તામાં ઘણો તફાવત છે. બાળપણથી પુખ્તાવસ્થા સુધીના પ્રારંભિક સમયગાળા દરમિયાન માનસિક અને શારીરિક સુખાકારીનો પાયો નાખવાનો સૌથી મહત્વપૂર્ણ સમય માનવામાં આવે છે જેની અવગણવા કરવામાં આવી રહી છે. દેશમાં પૂર્વ-શાળામાં નાના બાળકોની ગુણવત્તામાં વિશાળ ભિન્નતા છે, જેમાં ઘણાને પૂર્વશાળાકીય શિક્ષણ પણ મળતું નથી. યુનિસેફના અહેવાલ મુજબ, ભારતમાં ત્રણથી પાંચ વર્ષની વય જૂથના માત્ર ૪૮% બાળકો જ પ્રિ-સ્કૂલમાં જાય છે. તેથી, અસમાનતા શરૂઆતથી જ છે. ખૂબ જ ચિંતાની વાત એ છે કે બાળકોના વિકાસ અને બાળકો પ્રત્યે જાહેર રોકાણના મહત્વને સમજવામાં પ્રગતિ થઈ હોવા છતાં, બાળકોમાં આપણું રોકાણ હંમેશા સબઓપ્ટિમલ નથી પણ ઘટતું પણ રહ્યું છે. 'બાળકો માટેનું બજેટ' એક દાયકામાં સૌથી નીચું છે. કુલ કેન્દ્રીય બજેટમાંથી, ૨૦૧૫-૧૬માં ૩.૩%ની સરખામણીએ ૨૦૨૪-૨૫માં ૨.૩% જ છે. બજેટ ૨૦૨૫ માટે પરામર્શની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અહીંયા બાળકો પાસે ન તો વોટ છે કે ન તો અવાજ. તેમના વતિ બોલવા માટે એ બીજા પર નિર્ભર છે.

**- દીપા સિન્હા (સૌ. : ધ વાયર)**

# જાતિની વસ્તી ગણતરી આપણને વગર જાતિના ભારત તરફ કેવી રીતે દોરી શકે

## અનામત એ જાતિનું કારણ નહી પણ તેનું પરિણામ છે. જાતિ-આધારિત ભેદભાવને દૂર કર્યા વિના, અનામત પણ એક સમાન રમતનું ક્ષેત્ર બનાવી શકશે નહીં




અગાઉના લેખમાં, મેં ચર્ચા કરી હતી કે કેવી રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સૂત્ર, 'એક રહેંગે તો સેફ રહેંગે'એ મુખ્ય વિપક્ષી નેતા રાહુલ ગાંધીના જાતિ વસ્તી ગણતરીના વિચારનો વિરોધ કરે છે. જવાહરલાલ નહેરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના વંશમાંથી પ્રથમ વખત એક નેતાએ જાતિ આધારિત આરક્ષણો અને જાતિ ડેટાની ગણતરીનો વિરોધ કરીને ઐતિહાસિક રીતે જાતિના પ્રશ્ન પર મક્કમ વલણ અપનાવ્યું છે. રાહુલ ગાંધી હવે આંબેડકરવાદીની જેમ વારંવાર બી.આર.આંબેડકર, જ્યોતિરાવ ફુલે અને પેરિયારના નામ તેમના જાહેર ભાષણોમાં લે છે. તેમની જાતિની વસ્તી ગણતરીની માંગને કારણે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ-ભારતીય જનતા પાર્ટી સરકાર માટે પડકાર ઊભો થયો છે.

રાહુલ ગાંધીએ ભારતમાં જાતિ પ્રથાને ૨૦મી સદીની શરૂઆતમાં ટાઈટેનિક જહાજને ડૂબાડવામાં કારણભૂત છુપી હિમશિલા સાથે સરખાવી હતી. જેમ સમુદ્રની નીચે છુપાયેલી હિમશિલાએ વિશાળ વહાણનો નાશ કર્યો હતો, તેવી જ રીતે ભારતીય સમાજના સામાજિક વંશવેલોમાં સમાવિષ્ટ જાતિ પ્રથાએ એક રાષ્ટ્ર તરીકે ભારતની ક્ષમતાને નબળી પાડી છે. અગાઉની સરકારો ભારતીય સમાજના માળખા પર આવી 'છુપી હિમશિલા'ની વિનાશક અસરને ઓળખવામાં નિષ્ફળ રહી હતી.

ગાંધી કોંગ્રેસ પાર્ટીના પ્રથમ એવા નેતા છે જેમણે આ પ્રણાલીગત સમસ્યાને સ્વીકારીને તેનો સામનો કર્યો છે.

વડાપ્રધાન મોદી, પોતે અન્ય પછાત જાતિ (ઓબીસી) સમુદાયમાંથી આવે છે અને શુદ્ર ઓબીસી મતો મેળવવા માટે તેમની જાતિ ઓળખનો ઉપયોગ કરે છે. જો કે, તેમનો દાવો છે કે જ્ઞાતિની વસ્તી ગણતરી, હિન્દુ સમાજને વિભાજિત કરશે. RSS અને કેટલાક ઉચ્ચ જાતિના બૌદ્ધિકો પણ આ જ પ્રકારની માન્યતા ધરાવે છે. આ જૂથો બ્રાહ્મણ, વાણીયા, કાયસ્થ, ખત્રી અને ક્ષત્રિય જેવી ચોક્કસ જાતિના નામ આપવાનું ટાળે છે, તેમના સામાજિક જૂથનું વર્ણન તે અસ્પષ્ટ 'હિંદુ' શબ્દ તરીકે કરે છે. આ અવગણના કહેવાતા હિંદુ સમુદાયમાં ઊંડી અસમાનતા અને વંશવેલાને ઢાંકી દે છે.

ઉચ્ચ જાતિઓ, 'હિન્દુ' શબ્દને એક રહસ્યવાદી લેબલ બનાવીને તેનો ઉપયોગ દલિતો, શુદ્રો અને આદિવાસીઓના ઐતિહાસિક શોષણને અસ્પષ્ટ કરવા માટે કરે છે. જો કે, જ્ઞાતિની વસ્તી ગણતરીમાં જાતિ આધારિત અસમાનતાની વાસ્તવિકતાઓને ઉજાગર કરવાની ક્ષમતા છે અને તે વિભાજનની નહીં પરંતુ એકતાને પ્રોત્સાહિત કરે છે. જાતિની વસ્તી ગણતરી વ્યક્તિઓને તેમના પરંપરાગત સામાજિક જૂથો દ્વારા ઓળખશે, જે ઘણી વખત ચોક્કસ વ્યવસાયો સાથે જોડાયેલી હોય છે અને તેમની વસ્તીની ચોક્કસ ગણતરી પૂરી પાડે છે. જ્યારે વિવેચકો દલીલ કરે છે કે આનાથી જ્ઞાતિની ઓળખ પ્રવર્તશે, વાસ્તવિકતા એ છે કે જાતિ આધારિત ભેદભાવ પહેલાથી જ અસ્તિત્વમાં છે. વસ્તી ગણતરી ફક્ત તેને ઉજાગર કરશે. નિર્ણાયક રીતે, ડેટા એ પણ બતાવશે કે કેટલા લોકો તેમના પરંપરાગત જાતિના વ્યવસાયોથી આગળ નીકળી ગયા છે, જે સામાજિક અને વ્યવસાયિક ગતિશીલતા દર્શાવે છે. દાખલા તરીકે, બ્રાહ્મણો પરંપરાગત રીતે પુરોહિત (ગોરપદા)ના વ્યવસાય સાથે સંકળાયેલા છે અને આ વ્યવસાયને 'શુદ્ધ' માનવામાં આવે છે, જ્યારે ચમાર ચામડાના કામ સાથે જોડાયેલા છે, જેને 'અશુદ્ધ' ગણવામાં આવે છે. આ લેબલોએ સદીઓથી અસ્પૃશ્યતા અને ભેદભાવને કાયમ રાખ્યો છે. તેથી જાતિ આધારિત અસમાનતાઓને ઘટાડવા માટે વ્યવસાયિક પરિવર્તન આવશ્યક છે. જો વસ્તીગણતરીમાં એવું જાણવા મળે કે, આજકાલ ચમાર શિક્ષણ અથવા વહીવટ જેવા વ્યવસાયોમાં આવી રહ્યા છે અથવા બ્રાહ્મણો ચામડાના કામમાં આવી ગયા છે, તો તે જાતિવિહીન સમાજ તરફની પ્રગતિ જણાય છે. જોકે આનો અંતિમ ધ્યેય જાતિ આધારિત ભેદભાવ અને અસમાનતાને દૂર કરવાનો છે. આ હાંસલ કરવા માટે, જાતિના નામો સમાન આદર ધરાવતા હોવા જોઈએ અને આંતર-જ્ઞાતિ વ્યવસાયિક ગતિશીલતાનું ધોરણ બનવું જોઈએ. શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓએ તમામ વ્યવસાયોના ગૌરવને પ્રોત્સાહન આપવું જોઈએ અને વ્યવસાયિક વિવિધતાને પ્રોત્સાહન આપવું જોઈએ. જ્યારે વ્યક્તિઓ આવા નવા વ્યવસાયોમાં આવીને નવી કુશળતા પ્રાપ્ત કરે છે અને આંતર-જ્ઞાતિ લગ્ન કરે છે ત્યારે ખરેખર જ્ઞાતિવિહીન સમાજનો વિકાસ થાય છે. આંતર-જ્ઞાતિ લગ્ન સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહન આપે છે અને જાતિ દ્વારા લાદવામાં આવેલી કઠોર સીમાઓને ઓછી કરે છે. છેવટે, જાતિએ ખાદ્ય આદતો, ધાર્મિક વિધિઓ અને સામાજિક વ્યવહારોમાં પણ નોંધપાત્ર વિભાજન સર્જ્યું છે. બી.આર.આંબેડકરે એનિહિલેશન ઓફ કાસ્ટ' (જાતિઓના વિલય)નો વિચાર રજૂ કર્યો હતો, પરંતુ ત્યારથી થોડા સૈદ્ધાંતિક માળખા બહાર આવી ગયા છે. ચુનંદા બૌદ્ધિક લોકો, મુખ્યત્વે દ્વિજ (ઉચ્ચ જાતિ)એ જાતિઓ જાણે અસ્તિત્વમાં ન હોય તે રીતે આ મુદ્દાને મોટાભાગે અવગણ્યો છે. ૧૯૯૦ના દાયકાની મંડલ ચળવળ દરમિયાન પણ, જાતિને પ્રણાલીગત સમસ્યા તરીકે સંબોધવાને બદલે અનામતના ગુણ અને ગેરફાયદાની ચર્ચાઓ મર્યાદિત કરવામાં આવી હતી.

આ દરમિયાન સામ્યવાદીઓએ, જાતિના વર્ગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જે તેમના રાજકીય પતન તરફ દોરી ગયું. તેનાથી વિપરીત, આરએસએસ અને ભાજપે ચૂંટણીમાં સફળતા માટે જાતિ આધારિત પ્રતિનિધિત્વનો ઉપયોગ કર્યો છે. જો કે, સનાતન ધર્મની આરએસએસની દ્રષ્ટિ સ્વાભાવિક રીતે જ્ઞાતિ પદાનુક્રમને સમર્થન આપે છે અને આધ્યાત્મિક લોકશાહીને નકારી કાઢે છે, જે સમાનતા તરફની કોઈપણ વાસ્તવિક પ્રગતિને અટકાવે છે. ઐતિહાસિક રીતે, કોંગ્રેસ જ્ઞાતિને માળખાકીય મુદ્દા તરીકે ઓળખવામાં નિષ્ફળ રહી હતી. જેના કારણે RSS-ભાજપને સત્તા પર આવવાનો મોકો મળી ગયો હતો. નિદાનના સાધન તરીકે જ્ઞાતિની વસ્તી ગણતરી માટે રાહુલ ગાંધીની 'એક્સ-રે' સામ્યતા જ્ઞાતિની અસમાનતાઓને દૂર કરવા તરફનું એક પગલું છે. જ્ઞાતિની વસ્તી ગણતરી ભારતીય સમાજના એક્સ-રે તરીકે કામ કરશે, ત્યારબાદ ઊંડા વિશ્લેષણ (સ્કેન) અને હસ્તક્ષેપ (બાયોપ્સી) થશે. વસ્તી ગણતરી વ્યાપક સામાજિક-આર્થિક ડેટા પ્રદાન કરશે, જે અસમાનતાના ક્ષેત્રોને પ્રકાશિત કરશે. જ્યારે જ્ઞાતિની ઓળખ થોડા સમય માટે ચાલુ રહી શકે છે, ત્યારે તાત્કાલિક ધ્યાન જાતિ આધારિત ભેદભાવ અને વ્યવસાયિક કલંકને નાબૂદ કરવા પર હોવું જોઈએ. ઉદાહરણ તરીકે, બ્રાહ્મણના બાળકે ચામડાના કામમાં જોડાવું જોઈએ નહીં અથવા દલિત મંદિરના પૂજારી ન બની શકે તેવી માન્યતાઓને પડકારવી જોઈએ. ચોક્કસ જાતિના ડેટાના અન્ય ફાયદાઓ પણ હશે. વસ્તી વિશેની ફાલેલી ધારણાઓ ધરાવતી જાતિઓ વાસ્તવિકતા તપાસનો સામનો કરી શકે છે, જ્યારે ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા જૂથો સંસાધનો અને તકોના યોગ્ય હિસ્સા માટે એકત્ર થઈ શકે છે. શિક્ષણ, જે વ્યવસાયિક પરિવર્તન અને આંતર-જ્ઞાતિય લગ્નોનું મહત્ત્વપૂર્ણ પ્રેરક છે, તે નવેસરથી ધ્યાન કેન્દ્રિત કરશે.

જાતિની વસ્તી ગણતરી એ માત્ર અસમાનતાઓને ઓળખવા માટેનું સાધન નથી પરંતુ વધુ સમાનતાપૂર્ણ સમાજના નિર્માણ માટેનો નકશો છે. જાતિ-આધારિત અસમાનતાને સમજીને અને સંબોધિત કરીને, ભારત એવા સમાજના આંબેડકરના વિઝનની નજીક જઈ શકે છે જ્યાં ગૌરવ, સમાનતા અને તક જાતિથી આગળ વધે છે.

**- કાન્ચા ઈલૈયા શેફર્ડ (સૌ. : ધ વાયર.ઈન)**